
ભૂગોળ
અથવા
રચનાર
અલાદીન શરીફ સાલેમહંમદ.

MYSTERY OF THE UNIVERSE
or
INDIA 12,000 YEARS BEFORE.

"વિશ્વભેદ"

અથવા

૧૨૦૦૦ વર્ષ પૂર્વે હિંદુસ્થાન

સ્વતંત્ર, ઐતિહાસિક, અપૂર્વ નવલકથા.

પ્રથમ પ્રકાશ ॥ ૧ ॥

રચનાર

અલાદીન શરીફ સાલેમહંમદ.

("મેકર" અથવા નીતિનો જય. "સૉક્રેટિસનું જીવનચરિત્ર અને પ્લેટોનાં પ્રશ્નોત્તર." "વકીલોની ફતેહનાં છૂપાભેદ" આદિક ગ્રંથોના ભાષાંતર કર્ત્તા.)

મુંબઈમધ્યે

નિર્ણયસાગર છાપખાનામાં છાપ્યો.

વિ. સં. ૧૯૫૩—ઈ. સ. ૧૮૯૭.

મૂલ્ય રૂ૦ ॥।

"India is the world's cradle; thence it is that the common mother in sending forth her children even to the utmost West, has in unfading testimony of our origin bequeathed us the legacy of her language, her laws, her morale, her literature and her religion."

"Traversing Persia, Arabia, Egypt, and even forcing their way to the cold and cloudy north, far from their sunny soil of birth; in vain they may forget their points of departure; * * * * But time and ruin united fail to obliterate the ever legible stamp of origin."

M. LOUIS JOCOLLIOT.
(vide—La Bible Dàns L'Inde.)

સકલ સદ્ગુણાલંકૃત રાજ્ય-
માન રાજ્યશ્રી પુરુષો-
ત્તમરાય સુંદરજી ઝાલા,
સંસ્થાન જૂનાગઢના
નાયબ દિવાનજી
સાહેબ.

આપની રાજ્ય કાર્યભારમાં કુશળતા, પ્રજાહિતમાં તત્પરતા, સુકાર્યોમાં દૃઢતા, અને તત્ત્વજ્ઞાનમાં પ્રિયતા જોઈ, અતિ આદરપૂર્વક આપને આ અર્પણ કરૂં છું.

વિદ્વજ્જનોનાં અભિપ્રાય.

રા. રા. મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી તરફથી.

"'વિશ્વભેદ' નામે પ્રસ્તુત પુસ્તક પણ ઉપર ઉપરથી જોઈ શકાયું તે ઉપરથી જણાય છે કે તેમાં સારા બોધ-સહિત નીતિની અને રહસ્યની એક વાર્તા લખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આપના વર્ગના લેખકો સામાન્ય રીતિએ લખે છે તે કરતાં તેમાં શુદ્ધ અને સારી ભાષા લખવામાં આવી છે. તે ગુજરાતી વાચકો-ને રુચિકર થશે એમ આશા છે.

રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ તરફથી.

"'વિશ્વભેદ' નો તમે પાઠવેલો ભાગ હું જોઈ ગયો છું. એ નવલકથાની ભાષા પ્રાયઃ શુદ્ધ અને છટાદાર છે અને વર્ણનશૈલી મનોહર છે. એના પ્રસંગો રહસ્યવિધાના રસિકને વિનોદદાયી અને ચમત્કારી છે.

દિવાન બહાદુર મણિભાઈ જશભાઈ તરફથી.

આ પુસ્તક વાંચતાં મને અતિઆનંદ થયો હતો. પુસ્તકની વસ્તુસંકળના બહુ ગંભીર અને સરસ છે. અને ગુજરાતી ભાષા એટલી સારી છે કે એક મૂ-સલમાન ગૃહસ્થને ખરેખર માનપ્રદ છે. આવાં પુ-સ્તકો લખાય તો ગુજરાતી ભાષામાં નવલકથાની ખોટ છે તે બહુ અંશે પૂરી પડશે એમ ધારૂં છું. આવું સારૂં પુસ્તક મિસ્તર અઝાદીને લખ્યું છે તેને માટે હું તેમને અંતઃકરણપૂર્વક અભિનંદન આપું છું અને તેનો સંપૂર્ણ જય ઇચ્છુંછું.

શ્રીમન્મહારાજ શ્રીનથુરામશર્મા તરફથી.

તે નવલકથાનું અવલોકન કરતાં જણાય છે કે તે કથા તત્ત્વવિદ્યામાં પ્રવેશ કરવા ઇચ્છતા વાચકવૃન્દને બોધકારક, ને તેમના કર્તવ્યમાં જાગૃતિ આપનારી છે. ભાષા એકંદરે સારી, છટાદાર ને રસિલી છે.

પ્રસ્તાવના.

આજકાલ સાક્ષરપ્રજાનું વલણ વાર્તાગ્રંથો તરફ વિશેષ જોવામાં આવે છે, અને તેને અનુસરી અંગ્રેજી ઉપરથી ભાષાંતરરૂપે કે અનુકરણરૂપે અનેક વાર્તાઓ પ્રકટ થાયછે, પરંતુ તેમાં ઘણીક તો કેવળ નિરસ, સારવિનાની, અને વાચક સમુદાયની વાર્તાગ્રંથ પ્રત્યેની પ્રીતિ અને અભિરૂચિને મંદ કરનારી હોયછે; જે કેટલીક સારી ગણાયછે, તેમાં પણ ઉત્તમ સારાંશનો અભાવ અને માત્ર વાર્તા-રસની પ્રધાનતા જોવામાં આવેછે. સંકળનાની શ્રેષ્ઠતા અને વિષયની ઉત્તમતા એ ઉભયનો સંયોગ તો ક્વચિતજ કોઈક નવલ કથામાં દેખાય છે.

જેમ બાળકોને એકલી કેલવણી શુષ્ક લાગે છે, તેમ બહિર્મુખ જનોને એકલું શાસ્ત્ર કે શાસ્ત્રાર્થનો ઉપદેશ શુષ્ક લાગે છે. આવું સ્વાભાવિક વલણ હોવાથીજ મહાત્મા પુરુષોએ જનસમૂહને શાસ્ત્રાર્થ-

માં પ્રેરિત કરવાઅર્થે વાર્ત્તારૂપવાળાં પુરાણો અને કથાઓની કલ્પના કરી હોય, એવું જણાય છે; ખરેખર, ઉપદેશ આપવાની એ એક ઉત્તમ રીતિ છે. જેમ બાળકોને શુષ્ક લાગતી કેલવણી શિશુ શિક્ષણ (Kindergarten—રમતગમતવાળી કેલવણી) દ્વારા સુગમતાથી આપી શકાય છે, અને જેમ સારાગુણવાળું પણ અનિષ્ટ સ્વાદવાળું ઔષધ, મધુર-પદાર્થમાં મિશ્ર કર્યાથી ઝટ અને પ્રીતિપૂર્વક ગળી શકાય છે, તેમ વાર્ત્તારસની સાથે શ્રેષ્ઠ એવું ઉપદેશામૃત પાઈ દેવું, એ આ ગ્રંથનો પ્રધાન ઉદ્દેશ છે.

આ નવલ કથાની કેટલીક મૂળરચના મારા પૂજ્ય પિતાજીએ મને દર્શાવી છે, તેમાં મે કાંઈક સ્મૃતિ, કાંઈક અનુકરણ, કાંઈક શાસ્ત્રો, કાંઈક ઈતિહાસ, અને કાંઈક કલ્પના, એ પાંચને યોગે પૂર્ણતા કરી છે; તોપણ જે છૂપી મંડળીનું વૃત્તાંત આ ગ્રંથવિષે આપ્યું છે તેવી છૂપી મંડળી સહસ્રો વર્ષ-પૂર્વે હિંદુસ્થાનમાં અસ્તિત્વ ધરાવતી હતી, એ વાત **ડૉક્ટર ઑલિવર, કૅપ્ટન વિલ્ફૉર્ડ, ઑલ્બર્ટ. જી. મૅકે, લી પ્લૉન્જીયન,** આદિક છૂપી મંડળી-

ના પ્રખ્યાત ઈતિહાસકારોના ગ્રંથોથી નિર્વિવાદ સ્થાપિત થાય છે.

આધુનિક કાળમાં "ફ્રીમેશનરી" નામથી જગદ્વિખ્યાત થયેલી એક છૂપી મંડળી ચાલે છે, તેમાં યુરોપીયનો, હિંદુઓ, મુસલમાનો, પારસીઓ, અને યહુદીઓ આદિક અનેક જ્ઞાતિના અસંખ્ય સદ્દ્-ગૃહસ્થો દાખલ થયેલા છે, અને મુંબઈ, કલકત્તા, કરાચી, મધરાસ, ન્યુર્યૉર્ક, બાર્લિન તથા લન્ડન આદિક ધણાં ખરાં સર્વ મુખ્ય શહેરોમાં તેનાં ક્રિયા-સ્થાનો (Lodges) સ્થાપેલાં છે. આ "ફ્રીમેશ-નરી" સમાજનું મૂળ શોધીએ તો તે પુરાતન-હિંદુસ્થાનની ગુપ્ત મંડળી છે; આ વાત ડૉક્ટર ઑલિવર કે જેણે "ફ્રીમેશનરી"ની પરંપરા શોધવા પાછલ અથાગ્ શ્રમ લીધો છે, અને જે છૂપી મંડળી-ઓના વિષયમાં પ્રમાણરૂપ ગણાય છે, તે પણ અંગીકાર કરે છે. ઑલ્બર્ટ. જી. મૅકેકૃત "ફ્રીમેશ-નરીનો કોશ" (Laxicon of Freemasionary) નામક ગ્રંથમાં એ મંડળીની પરંપરા સંબંધે અને પ્રાચીન હિંદુસ્થાનના મહાત્મ્યસંબંધે કેટલોક છૂટો-

છવાયો ખુલાસો જોવામાં આવે છે, તે વાચકવૃંદની જાણ માટે અંત્ર ઉતારી લેવો ઉચિત છેઃ—

"જો કે યુનાન અને રોમની છૂપી મંડળીઓ મિસરની છૂપી મંડળીઓનું અનુકરણ કરીને સ્થાપેલી હતી, તોપણ મિસરની મંડળી હિંદુસ્થાનની છૂપી મંડળી ઉપરથી રચવામાં આવી હતી."

"સર્વ ગુપ્ત સમાજોના મૂળ તરીકે આપણે હિંદુસ્થાનના મહાત્માઓને ગણવા જોઈએ, કે જે મહાત્માઓ પાસેથી એ ગુપ્ત મંડળીઓની રચનાનું જ્ઞાન ઈરાનમાં, ત્યાંથી મિસરમાં, ત્યાંથી યુનાનમાં, ત્યાંથી રોમમાં, ત્યાંથી સ્કેન્ડીનેવિયામાં, ત્યાંથી યુરોપના ઉત્તર ભાગમાં અને ત્યાંથી બ્રિટનમાં લાવવામાં આવ્યું હતું."

"ઈરાનમાં 'મિથરસ,' મિસરમાં પ્રખ્યાત પિરેમિડરૂપ ક્રિયાસ્થાનવાળી 'ઓરિસિસ' અને આઈસિસ,' તથા યુનાનમાં 'ઈલિસિસ' નામક છૂપી મંડળીઓ ચાલતી હતી."

"મુંબઈની સમીપમાં આવેલી 'ધારાપુરીની' અને 'અનેરીકનેરીની' ગુફાઓ કે જે સૃષ્ટિની

સપાટી ઉપરની સર્વથી પ્રાચીન ગુફાઓ છે (અને જે હજીપણ અસ્તિત્વ ધરાવે છે) તે હિંદુસ્થાનની છૂપી મંડળીનાં મુખ્ય ક્રિયાસ્થાનો હતાં."

"ફ્રીમેશનરીની વિદ્યા, મિસર અને સીરિયામાંથી પાઇથેગોરસ યુનાનમાં લઈ ગયો હતો, અને ત્યાંથી કાળે કરી ઇંગ્લાન્ડ જવા પામી હતી."

"બ્રાહ્મણો, યોગીઓ, ઇરાનના મહાત્માઓ (magi), ડ્રુઇડ. અને મિસરના પાદરીઓ એકાંતવાસ તથા ગુફાઓમાં રહેતા હતા, અને તેઓ ખગોળ શાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર, યંત્ર શાસ્ત્ર અને ધારા શાસ્ત્રની શોધને માટે તથા નીતિનાં ઉચ્ચ ધોરણને માટે પંકાયલા હતા."

"પાશ્ચાત્ય ફિલ્સુફોએ પોતાના જ્ઞાનનો સર્વભાગ નહીં, તો મોટો ભાગ અવશ્ય હિંદુસ્થાનના યોગીઓ અને મહાત્માઓ પાસેથી મેળવ્યો છે."

"પરમેશ્વરના અસ્તિત્વનું અને આત્માના અમરપણાનું વિજ્ઞાન અન્ય દેશોના ફિલસુફો હિંદુસ્થાનના મહાત્માઓ પાસેથી પામ્યા હતા, કે જે વિજ્ઞાન

હિંદુસ્થાનમાં મહાવિકટ પરીક્ષાઓને અંતેજ માત્ર પાત્રજનોને આપવામાં આવતું હતું."

"પુનર્જન્મનો સિદ્ધાંત પાઇથેગોરસ હિંદુસ્થાનનાં બ્રાહ્મણો પાસેથી શીખ્યો હતો."

"પશ્ચિમ દિશાના દેશો તે વખતે કેવળ અંધારામાં (અજ્ઞ) હતા અને તેથી જેઓને પ્રકાશ (જ્ઞાન) જોઈતો, તેઓને પૂર્વ દિશાના દેશો (હિંદુસ્થાન) તરફ પ્રવાસ કરવો પડતો."

આ ઉક્તિઓથી સ્પષ્ટ જણાશે કે તે જમાનામાં હિંદુસ્થાન સર્વથી ચડતી સ્થિતિમાં હતું, એટલુંજ નહીં પણ અન્ય દેશોને અનુકરણ કરવાના આધારરૂપ હતું.

જનોઈ ધારણ કરવાની અને કપાળવિષે ભિન્ન ભિન્ન પ્રકારનાં ટીલાં કરવાની રૂઢી પણ હિંદુસ્થાનની છૂપી મંડળીમાંથી જન્મ પામી છે, એવું પણ ઉક્ત ગ્રંથકારનું લખવું છે.

છૂપી મંડળીઓ સંબંધે ઉપર આપેલા વર્ણનથી એમ સમજવાનું નથી કે આ ગ્રંથમાં બોધન કરેલી 'વિશ્વભેદ' મંડળી અને તેની છૂપી ક્રિયાઓ-

ને, વર્ત્તમાન કાળની 'ફ્રીમેશનરી' મંડળી કે તેની ક્રિયાઓ સાથે લેશ પણ સંબંધ કે સમાનતા છે. તેવો કોઈ પણ તાત્પર્ય આ ગ્રંથથી રાખેલો છેજ નહીં.

આ વાર્ત્તાને અંગે બ્રહ્મા, વિષ્ણુ, અને મહાદેવના સાક્ષાત્ દર્શનની વાત આદિક કેટલીક બાબતો પ્રથમ દૃષ્ટિથી અસંભવ દોષને પાત્ર જણાશે, પણ તેવો નિશ્ચય કરવામાં ઉતાવળ નહીં કરતાં ગ્રંથ સમાપ્તિપર્યંત ધૈર્ય રાખવા વિજ્ઞાપન છે, કારણ કે પ્રસંગાનુસાર સર્વ ભેદ ભરેલી વાતોના પ્રકાશની સાથે સર્વ અસંભવિત્ દેખાતી બાબતો પણ સંપૂર્ણ રીતે સંભવિત્ કરવામાં આવશેજ.

ફેબ્રુઆરી ૧૮૯૭.

અલાદીન શરીફ સાલેમહંમદ.

"વિશ્વભેદ"

અથવા

૧૨૦૦૦ વર્ષ પૂર્વે હિંદુસ્થાન.

પ્રથમ પ્રકાશ.

પ્રકરણ ૧ લું.

બંધીખાનું.

આપણી વાર્તાનું મંડાણ મણિપુર નગરવિષે થાયછે. તેની શોભા અને મહાત્મ્યનું વર્ણન કરવા બેસવું એ કેવળ અસાધ્યને સાધવા સમાન છે. રસ્તાઓ સ્વચ્છ, સીધા અને વિશાળ હતા. તેની બેઉ બાજુએ ઉંચા વૃક્ષો અને સુંદર હવેલીઓની હારો દૃષ્ટિએ પડતી હતી. અનેક બારીઓમાંથી મધુર-ગાયન કરનારાં પક્ષીઓના ઉત્તમ કારીગરીવાળાં

સુવર્ણમય પાંજરાંઓ અને ભાતભાતના પડદાઓ લટકતા હતાં. સંખ્યાબંધ મનુષ્યોની અને ગાડી, ઘોડા, હાથી આદિક વિવિધપ્રકારનાં વાહનોની દોડાદોડ થઈ રહી હતી. પાઠશાળાઓ આર્યવિદ્યાનો ઘોષ કરતી હતી. દેવમંદિરોના સુવર્ણકળશો જાણે પાપોને વેગથીજ બાળી ભસ્મ કરવાને તત્પર થયા હોય તેમ પોતાનાં તેજસ્વી કિરણો ચોમેર ફેંકતા હતા. ઊંચા ઊંચા મિનારાઓની ટોચો જાણે મણિપુરની શોભાને દેવલોકની શોભાસાથે સરખાવતી હોય તેમ આકાશમાં પહોંચી ગઈ હતી. જીવબ્રહ્મની ઐક્યતાનું પ્રતિપાદન કરનારા પંડિતો અને વિદ્વાનોના સદ્ભાવથી બ્રહ્મવિદ્યાનું ઊપત્તિસ્થાન હોય એવું ભાસતું હતું. સ્થળે સ્થળે કોમળ કંઠે ગવાતાં ગાયનો અને વીણાદિક વાદિત્રોના શબ્દો શ્રવણઇંદ્રિયને તૃપ્તિ આપતા હતા. ગાયનશાળા, પાઠશાળા, અંગબળશાળા, નાટકશાળા, પુસ્તકશાળા, યુદ્ધશાળા, ઔષધશાળા, અને સભાઓ આદિક તન-મનને વિનોદ અને શિક્ષણ આપનારાં અનેક સ્થાનકો સ્થાપેલાં હતાં. ચક્ષુને શીતળતા આપનાર, હૃદયને પ્રફુલ્લિત કરનાર અને બુદ્ધિને વિશ્રામ

આપનાર, એવા અસંખ્ય બગીચાઓ પોતાના ચિત્ર-વિચિત્ર વૃક્ષોને લીધે, સ્વાદિષ્ટ ફળોને લીધે, અને સુગંધયુક્ત ફૂલોને લીધે દેશવિદેશવિષે પંકાયેલા હતા. સંક્ષેપમાં ઇંદ્રપુરી જાણે પૃથ્વીવિષે પવન થઈ ન હોય તેવું ભાસતું હતું.

આ મણિપુરના બંધીખાનાવિષે પ્રથમવર્ગમાં એક યુવાન પુરૂષ બે વર્ષના બંધનની શિક્ષા ભોગવતો હતો. તે કદે મધ્યમ અને બાંધે સબળ હતો. વદને શ્વેત અને કેશે શ્યામ હતો. તેની પ્રકાશિત અને વિકાશિત ચક્ષુઓ તેના અંતઃકરણની નિર્મળતા અને ઉદારતા આદિક ઉત્તમગુણો દર્શાવતી હતી. સરસ્વતિદેવીના મુખ્યસ્થાનરૂપ તેના વિશાળ કપાળથી તેની બુદ્ધિની સ્વચ્છતા અને વિદ્યાવિષે પ્રીતિનું અનુમાન થઈ શકતું હતું. શુકચંચુસમાન ગોળ અને અણિયાળા નાકથી સ્પષ્ટ જણાતું હતું કે તે ગંભીર અને પ્રવૃત્ત થયેલા કાર્યમાં પાછો ન પડે તેવો હતો. દેખાવે સ્વરૂપવાન હોવા ઉપરાંત સ્વભાવે સરલ અને મળતાવડો હતો. વાણીવિષે સત્ય અને મધુર હતો. સંક્ષેપમાં એટલુંજ કે તન અને

મન ઉભયવિષે સર્વ પ્રકારે યોગ્ય અને પ્રિયકર હતો. તેણે ગણિત, ભૂમિતિ, વ્યાકરણ, જ્યોતિષ, ગાયન, અને કસરત આદિકનો સારો અભ્યાસ કર્યો હતો.

આ યુવાન બે વર્ષની કેદ ભોગવતો બંધનગૃહના એક અર્ધ અંધારા ઓરડામાં પડયો હતો. ઊંચી અને લોહના જાડા સળિયાવતી જડેલી માત્ર એકજ બારીએથી જે થોડું ઘણું અજવાળું પડતું હતું તેથી જોઈ શકાતું હતું કે ખૂણામાં પાથરેલી એક સ્વચ્છ શય્યા ઉપર તે બેઠો હતો. સમીપમાં કેટલાંક પુસ્તકો અને જળકુંભ આદિક અગત્યની વસ્તુઓ પડી હતી. પોતાના વિખરાયલા વિચારોને એકસ્થ કરવાને તે વારંવાર ઉભો થઈ ઉતાવળે પગલે ઓરડામાં ચાલતો, ઘડીકમાં હાસ્ય કરતો અને ઘડીકમાં ઊંડો નિશ્વાસ મૂકી પાછો બેસતો. મનની આવી અસ્થિર સ્થિતિમાં તેણે પોતાનું માથું ઘૂંટણ ઉપર ટેકી દીધું અને સ્વતઃ બોલવા લાગ્યો—"આ તો બે વર્ષની કેદ છે, પણ જન્મપર્યંતની કાં નથી હોતી! શું એટલેથી બ્હી ગયા! અરે! પણ કદાચ હું મારા યત્નમાં પાર ન પડી શકું તો! તેઓ તો મને સહસ્ર-

વાર ના કહી ચુક્યા અને છેવટ આ ખોટો આરોપ મૂકી મને બે વર્ષને માટે આ બંસતો કર્યો. હવે કદાચ હું હઠ કરૂં અને મારો ઘાત કરે, તો પછી મારી આશા તો મારી સાથેજ રહી! બસ, થઈ રહ્યું કે! ના, ના, માયામાં સર્વ સંભવિત હોય તો શું હું ધારૂંછું તે સંભવિત નથી? સંભવિત છેજ, માટે હું તો મથીશ. તેમાં પાર ઉતરીશ કાં મરીશ. પાર ઉતરીશ તો મારો ભાગ્યોદય ગણીશ અને મરીશ તો આ અસારસંસારમાંથી હમણાં તો છૂટીશ. મારે તો ઉભય પ્રકારે લાભ છે. મારા શ્રેયનું આ જગત્માં માત્ર એકજ સાધન છે તો તે કેમ મૂકું? હમણાં તો નિરાશારૂપ વાદળું મારા આશારૂપી ચંદ્રની આડે આવી ગયું છે, પણ ત્યાં કેટલોક સમય ટકી રહેશે. સુભાગ્યરૂપ વાયુનો વેગ વધે એટલી વાર છે."

આ પ્રમાણે અનેક સંકલ્પ-વિકલ્પોથી ઘેરાયેલો તે બેઠો હતો, એટલામાં તેના ઓરડાનું દ્વાર હળવેથી ઉઘડ્યું અને એક વૃદ્ધ પુરૂષે પ્રવેશ કર્યો. ખેદ અને આશાયુક્ત ચેહેરે તે વૃદ્ધ આગળ વધ્યો

અને વિચારવિષે લીન થયેલા તે યુવાનના ખભા ઉપર હાથ મૂકી બોલ્યો—"હરિદાસ, તું હવે કાંઈ નાનો નથી. તારી બાવીશ વર્ષની વય થવા આવી છે. તારા જેવડાએ તો સંસારવ્યવહાર અને કેળવણીમાં નામ કાઢી વિખ્યાતિએ પહોંચવું જોઇએ, તેને બદલે તને આવી દુર્દશાએ પહોંચેલો જોઈ મારૂં હૃદય વિંધાઈ જાયછે. તેં તારાં અયોગ્ય આચરણોથી મારા સુપ્રસિદ્ધ નામને અપજશનો ડાઘ લગાડયોછે. હરિદાસ, મારા વહાલા પુત્ર, તું તારા દુરાગ્રહનો ત્યાગ કરી મારૂં માન.તું સર્વવાતે સુપાત્ર અને સુપૂતની સંજ્ઞાને યોગ્ય છો. પણ તારો એક, હા, માત્રએકજ અને મહાન દુર્ગુણ તારા સર્વ ગુણને ઢાંકી મૂકેછે. તારા જેવા કુલીનને આ છાજતું નથી. તું જાણેછે તેમ મેં અને મારા મિત્રોએ તને સુમાર્ગે મૂકવા અર્થે સમજાવવામાં કોઈ પ્રયત્ન બાકી રાખ્યો નથી, અને તે નહિં માનવાના પરિણામમાં આ બંધન તને પ્રાપ્ત થયું છે. આજે માર્ગશીર્ષ શુદ્ધ પાંચમ થઈ, આવતીકાલે તારી અપીલ છે; જોઉં હવે ઈશ્વર શું કરે છે. તારા છૂટવાનો સર્વ આધાર પેલી

માલણની જુબાનીઉપર રહ્યો છે. અત્ર તને એક અઠવાડિયું થવા આવ્યુંછે, તેથી ધારૂંછું કે તારાં હૃદયચક્ષુ ઉઘડ્યાં હશે અને હવે કાંઈ પશ્ચાત્તાપ થતો હશે."

આ સાંભળી હરિદાસે દૃઢતાથી ઉત્તર દીધો—"શું, પસ્તાવો! પસ્તાવો! ના, ના. હું જે કાર્યમાં પ્રવૃત્ત થયોછું તે કાર્યને તમે સર્વ નીચ ગણોછો, પણ મારી મતિઅનુસાર તે અત્યુત્તમ છે અને તેથીજ પસ્તાવો થવાનું મને લેશપણ કારણ નથી. મારૂં કાર્ય સંપૂર્ણ કરતાં કદાચિત્ મારા પ્રાણનો પણ ભોગ આપવો પડે તો તે આપવા હું તત્પર છું."

"હરિદાસ,"—તેના પિતાએ ક્રોધમાં કહ્યું—"આ નિર્લજ્જપણું તને ક્યાંથી આવ્યું! આ કુબુદ્ધિ તને ક્યાંથી હાથ લાગી! અરે, તારા વિવેકનો ક્યાં લોપ થયો! તારી વિદ્યાનું શું થયું!"

"ખરે, મારી વર્ત્તણુકથી તમને અસહ્ય પરિતાપ થાયછે તે હું સારી રીતે જાણુંછું. તમે કહોછો તેમ નથી મને નિર્લજ્જતા પ્રાપ્ત થઈ, કે નથી મેં સુબુદ્ધિનો ત્યાગ કર્યો. નથી હું વિવેકભ્રષ્ટ થયો, કે

નથી મારી વિદ્યા વિનાશ થઈ. એટલુંજ છે, પૂજ્ય પિતા, કેવળ એટલુંજ છે, કે હું ઉપાયરહિત છું, પરાધીન છું, મારા તન અને મનઉપર મારૂં રાજ્ય ચાલતું નથી."

"શું!"—જયદેવજે આશ્ચર્ય દર્શકચેહેરે પૂછયું—"તારા કહેવાનો શું એવો તાત્પર્ય છે કે તારા તન-મન ઉપર તારૂં સ્વામિત્વ નથી? હું એ અસંભવિત વાત કેમ માનું?"

"ફરીવાર કહુંછું કે હું સ્વતંત્ર નથી. આ હરિદાસનું તન-મન હવે હરિદાસનું નથી, એ સત્ય જાણશો."

"પણ આ નીચ કાર્યમાં પ્રવૃત્ત થવાનું તારા ઉપર કોણે દબાણ કર્યુંછે, એ સત્વર બોલ અને તારા પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કર મા."

"પૂજ્ય પિતા, હું તેવિષે ઉત્તર આપવાની માનપૂર્વક ના પાડુંછું અને તે વિષે પુનઃ ન પૂછવા માટે કર જોડી વિનતિ કરૂંછું. સંક્ષેપમાં હું એટલુંજ કહુંછુ કે પ્રારબ્ધ મહા બળવાન છે અને તે અ-

નિવાર્ય થકી ઘેરાયેલો હું, બ્રહ્મદેવ આવીને સમજાવે તોપણ હવે બીજો થનાર નથી.”

આ ઉત્તરથી જયદેવજને બહુજ માઠું લાગ્યું અને એક પણ પ્રતિશબ્દ ઉચ્ચાર્યા વગર ક્રોધાવેશમાં તે ઉઠી ચાલતો થયો. ઉતાવળે પગલે તે ઘરે આવી પહોંચ્યો અને બારી આગળ પાથરેલી એક ગાદી ઉપર ઉષ્ણ નિશ્વાસ મૂકી બેઠો.

“સ્વામિરાજ,”—તેની સ્ત્રી બોલી—“આમ શોકગ્રસ્ત કેમ થયા છો? શું આપણો હરિ છૂટી શકે તેમ નથી?”

“બળ્યો તારો હરિ, ગમે તો છૂટે ને ગમે તો મરે; હું તો થાક્યો. અહા! આ વિનાપ્રયોજનની હોળી તેં સળગાવી છે અને તેમાં દાહ મને થાયછે.”

“મેં શી હોળી સળગાવી? મેં તે એવો શો અપરાધ કર્યોછે?”

“એક અપરાધ નહીં પણ બે.”—જયદેવજ સહજ ક્રોધમાં આવી ગયો—“તેમાં પ્રથમ અપરાધને આજ લગભગ વીશ——

“પણ તેમાં મારો એકલીનોજ વાંક હતો?”

"હા, હા,"—તેના પતિએ ઉસકેરાઇને જવાબ દીધો—"માત્ર તારો અને તારોજ એકલીનોજ વાંક છે. તે વાતને તો મેં કહ્યું તેમ વીશ—ના, બાવીશ, હાં બરાબર બાવીશ વર્ષ થયાં. તે દિવસે મેં તને થોડી સમજાવી? શું થોડી ના પાડી? પણ તે માન્યું નહિ અને તેમાંથી આ વિપત્તિનો વેલો ઉગ્યો છે. મેં તને નહોતું કહ્યું કે એવા દુષ્ટ પ્રપંચમાં હું નહિ પ્રવૃત્ત થાઉં! એવી નીચ યુક્તિનો હું નહિ ઉપયોગ કરૂં! ઈશ્વરે આપણે ત્યાં પુત્ર——

"પ્રાણનાથ! પ્રાણનાથ! આ શું બોલોછો!"—ગુણવતી વચમાંજ ચોંકીને બોલી ઉઠી—"ભીંત-આદિક જડ પદાર્થોને પણ કાન હોયછે, એ મહા-પુરૂષોનું વચન શું તમે ભૂલી ગયા? આ વાત તે ઉચ્ચા-રવા જેવી છે? હશે, થયું કાંઈ અણુથયું થવાનું છે?"

"ગુણવતી, તારા રૂદન અને કકળાટથી હું પીગળી ગયો, અને અંતે તારી ધારણા અનુસાર કરવાને મેં હા પાડી એટલો મારો પણ વાંક થયોછે. મેં તે દિવસે રાત્રે નવ વાગ્યા સુધી તારી સાથે માથાફોડ કરી, પણ તું એક ટળીને બીજી

થઈ નહિ. અંતે મધ્યરાત્રનો સમય થવા આવ્યો હશે ત્યારે આપણા દિવાનખાનાનું બારણું કોઈકે ઠોક્યું અને તેં હળવેથી——"

"પ્રાણપતિ! તમને શું થયુંછે!"—ગુણવતી હાથ જોડી કહેવા લાગી—"આ પુનરાવર્તન શું કામ લઈ બેઠાછો? મારી ભૂલ થઈ અને તે માટે હું ક્ષમા માગુંછું. બીજું શું કહું! આ વાત કોઈ ત્રીજાને કાને પડે તો આપણી શી વલે થાય, તેનો આંતરવિષે વિચાર કરો."—આ અણગમતી વાત ફેરવવા અર્થે તે વળી બોલી—"પણ સ્વામિરાજ, તમે કહ્યું તેમ મારો બીજો અપરાધ શો થયોછે?"

"તને તો આ પ્રથમ અપરાધ પણ ક્યાં સ્મૃતિમાં હતો? તું નહોતી જાણતી કે વિશ્વભેદ મંડળીવિષે મારો ઘણો હલકો મત છે? તેમાં સ્ત્રી-પુરૂષો મળીને લાખો જણ દાખલ થયેલા છે, તોપણ તેમાં પ્રવેશ જેઓએ કર્યો નથી એવા લાખો જણ તે મંડળીની નિંદા પણ કરેછે. ૧૯ વર્ષની વયે જ્યારે હરિદાસે તે મંડળીમાં પ્રવેશ કરવાની આપણી પાસે આજ્ઞા માગી, ત્યારે મેં ક્રોધસહિત ના પાડી

હતી અને તે વખતે પણ હરિદાસની દયા ખાઈ તું વચ્ચે પડી અને અંતે તેને દાખલ થવા દેવાની મારી મરજીવિરૂદ્ધ તેં હા પડાવી. આ વિશ્વભેદ મંડળીમાં પ્રવેશ કર્યા અગાઉ હરિ કેવો આજ્ઞાપાળક હતો?"

"ખરૂં છે."—તેની સ્ત્રી બોલી—"હરિદાસની હાજરી તમને હમણા દુઃખરૂપ થઈ પડી છે, પણ તે અગાઉ તમને તે કેવો પ્રિય લાગતો? તમારૂં નામ ભવિષ્યમાં પ્રખ્યાત થાય એવી આશાથી તમે તેને કેળવણી આપવા પાછળ ઘણું ધન ખરચ્યું. હરિદાસ સુપાત્ર છે, એમ તમે મને વારંવાર કહેતા. અનેક વિદ્યાઓમાં તેણે નિપુણતા મેળવી છે, અને ગામમાં એક નાના પંડિત લેખે ખપેછે, એવું તમે મારી આગળ કેવા હર્ષ અને ગર્વથી બોલતા. વિશ્વભેદની છૂપી મંડળીમાં પ્રવેશ કર્યા પછી તો તે સર્વ વાર્તે સુધર્યો હતો; ભાષણમાં સત્ય, વાદમાં અજીત અને નીતિશાસ્ત્રમાં કુશળ થયો હતો. હું એની માતા થવામાં અને તમે એના પિતા થવામાં આજપર્યંત ભાગ્યોદય માનતા હતા."

"ગુણવતી, તારૂં કથન યથાસ્થિત છે. હરિદાસનાં એ શ્રેષ્ઠ લક્ષણોનો હું હજી પણ જ્યારે વિચાર કરૂંછું ત્યારે એવા પુત્રના પિતા તરીકે હું પોતાને ધન્ય માનુંછું. વિશ્વભેદની ત્રણ ભૂમિકાઓ પૂર્ણ કરી ત્યાંસુધી તે સર્વ વાતે પ્રસન્ન આચરણોવાળો હતો, પણ છ મહિના થયા ઈશ્વર જાણે તેની બુદ્ધિને શું થયું છે! હરિદાસ તેની વર્ત્તણુકમાં કેવળ બદલાઈ ગયોછે અને તેથી એ છૂપી મંડળીવિષે દિન પ્રતિદિન બીજાઓની પેઠે મારો વિચાર પણ ઘણો હલકો થતો જાયછે."

"સ્વામિરાજ, એ મંડળીવિષે તો મેં પણ ઘણી વાતો સાંભળી છે. કેટલાકો તો તેમાં દાખલ થયા પછી ગાંડા થઈ ગયેલા આપણે જાણ્યા છે. વળી એ મંડળીના સભ્યજનો મંડળીમાં શું થાયછે તેની કોઈ પ્રત્યે વાત પણ કરતા નથી. ભલા એવું તે શું હશે કે છાનું રાખવાની તેમને જરૂર પડેછે!?"

"ભલા જાણે, ભેળા થઇને શું કરેછે. હું તો હવે વકીલને ત્યાં જાઉંછું. કાલે હરિદાસની અપીલ

છે."—એમ કહી, પાઘડી અંગરખો પહેરી, જયધ્વજ નીચે ઉતર્યો.

પ્રકરણ ૨ જું.

વિશ્વભેદ સંવત્ ૮૦૧૫, અથવા ઇ. સ. પૂર્વે ૧૦૫૭૦.

જે જમાનામાં સૃષ્ટિની સપાટીઉપરનો કોઈપણ દેશ હિંદુસ્થાનની સાથે સરખામણી કરવાને સમર્થ નહોતો, અને જે જમાનો સુધારાના સંપૂર્ણ પગથિયાં ચડી ગયો હતો, તેનું વિસ્તૃત નહિં તો સંક્ષિપ્ત વર્ણન જાણવાને વાચકસમુદાય ઉત્સુક હોય એ સ્વાભાવિક છે.

વિશ્વભેદ સંવત્ ૮૦૧૫ અથવા ઇ. સ. પૂર્વે ૧૦૫૭૦ ના વર્ષમાં પ્રજાસત્તાક રાજ્ય ચાલતું હતું અને તે રાજ્યની સંકળના વિચિત્ર હોવા ઉપરાંત અનુકરણીય હતી. રાજ્યમંડળ ૫૦૦ સભાસદોનું બનેલું હતું, તેમાં ૪૦૦ પ્રતિનિધિઓ

પ્રજાતરફથી ચુંટીને મોકલવામાં આવતા, અને ૧૦૦ વિશ્વભેદ નામક છૂપી મંડળી તરફથી નિર્માણ થતા હતા. રાજ્યમંડળીનું પ્રમુખસ્થાન પ્રત્યેક વખતે વિશ્વભેદ મંડળીના મહાગુરૂજીઓમાંથીજ એકને આપવું એવું દેશના ધારાઓમાં વિધાન કરેલું હતું. આ ઉપરાંત પણ બીજા કેટલાક અધિકાર એ છૂપી મંડળીને પ્રાપ્ત થયેલા હતા,* તે ઉપરથી રાજ્યસભા વિશ્વભેદ મંડળીના કાંઈક અંકુશ તળે રહેતી હોય એવું અનુમાન થતું હતું.

૧૫ વર્ષ પછી સ્ત્રીને તથા ૧૮ વર્ષ પછી પુરૂષને યથેચ્છા લગ્ન કરવા આદિક કેટલાક કાર્યોમાં સ્વતંત્ર ગણવામાં આવતો, અને તેવી વયે પહોંચી તેઓ રાજ્યસભાના પ્રતિનિધિઓને ચૂંટી કાઢવાના કાર્યમાં મત આપવાને યોગ્ય ગણાતા હતા.

સ્ત્રીઓને સર્વ પ્રકારની છુટ આપવામાં આવતી. તેઓ જાહેર મેલાવડામાં પુરૂષોની સાથે ભેળી મળતી, પ્રસિદ્ધમાં વ્યાખ્યાનો આપતી, અને બીજા ઘણા વિષયોમાં પુરૂષના જેટલાજ હક ભોગવતી, તોપણ રાજ્ય અને ન્યાયકાર્યભારમાં સામેલ

થવાની તેમને દેશધારાનુસાર સત્તા આપવામાં આવી નહોતી. સ્ત્રીઓની હાજરીથી પુરૂષોનાં ચિત્ત વિકારને પામેછે, તેથી તેમની હાજરી સમદર્શીપણે રાજ્ય ચલાવવામાં અને નિષ્પક્ષપાતપણે ન્યાય આપવામાં મહા વિઘ્નરૂપ છે, એમ તેઓ માનતા હતા. આવા કાર્યોમાં સ્ત્રીઓને અનુસ્યૂત કરવી એ કેવળ ઈશ્વરી નિયમની વિરૂદ્ધ છે, એમ તેઓ ગણુતા હતા.

અપરાધને માટે શિક્ષા ભોગવનારાઓવિષે પ્રથમ વર્ગ કરેલા નહોતા, પણ આ જમાનામાં તેમ કરવું ઉચિત ગણાયું હતું. મનુષ્યમાત્રને સમાન ગણવા જોઈએ એવા પ્રાચીન અભિપ્રાય વિરૂદ્ધ કેટલાંક વર્ષો સુધી વાદયુદ્ધ ચલાવી "મનુષ્ય મનુષ્યમાં ભેદ છે," એવું સિદ્ધ કરી, અંતે એક હજાર વર્ષ થયાં તે સિદ્ધાંત તેઓએ સ્થાપિત કર્યો હતો, અને તે અનુસાર શિક્ષા વ્યવહાર કરવામાં આવતો. એક વૃક્ષ જેવું બીજું વૃક્ષ નહિ, એક ફૂળ સમાન બીજું ફૂળ નહિ, અને એક પક્ષી સમાન અન્ય પક્ષી નહિ, એમ સૃષ્ટિના સર્વ પદાર્થો ક્વચિત્ પણ પ્રત્યેક પ્રકારે મળતા આવતા નથી, તો મનુષ્યો પરસ્પર

મળતા આવે એ કેવળ અસ્વાભાવિક, અસંભાવિક અને સૃષ્ટિના નિયમાનુસાર અગ્રાહ્ય છે, એવું તેઓ અડિગ્ગરીતે માનતા હતા. કોઈ દુઃખી તો કોઈ સુખી, કોઈ વિદ્વાન કોઈ મૂર્ખ, કોઈ રોગી કોઈ નિરોગી, કોઈ ધનવાન કોઈ નિર્ધન, કોઈ સેવ્ય તો કોઈ સેવક, એમ અનંત પ્રકારના ભેદ સર્વત્ર દૃશ્યમાન થાયછે, તે ઉપરથી "સમાનતાનો ભંગ કરવો," એજ જગત્કર્ત્તાનો નિયમ છે એવી તેમની નિઃશંક માન્યતા હતી. મનુષ્ય પણ માયાનું કાર્ય હોવાથી તેને પણ ઉક્ત નિયમો લાગુ પડેછે એ તેમનો સિદ્ધાંત હતો.

સમાન અથવા એકજ અપરાધમાં પકડાયેલા એકથી વધારે માણસોને એકજ પ્રકારની શિક્ષા કરવી એ જંગલી દેશોનાજ ન્યાયને છાજે એમ તેઓ કહેતા હતા. ઉદાહરણ તરીકે ધારો કે ત્રણ માણસોએ મળીને એક અપરાધ કર્યોછે, અને કાયદા અનુસાર તે ત્રણે સખ્ત મજુરીની શિક્ષાને યોગ્ય ઠરેછે. આ ત્રણમાંથી એક તો મધ્યાન્હકાળે ખેતરમાં હળ હાંકવાનું કામ કરેછે, બીજો શ્રીમંત હોવાથી શીતળ

છાયામાં બેશી સુખશાંતિકર ઉદ્યોગ કરેછે તથા થોડા શ્રમથી પણ ઘણા થાકને પાત્ર છે, અને ત્રીજો બાંધે નિર્બળ હોવા ઉપરાંત રોગગ્રસ્ત છે, કરજથી કંટાળેલો છે અને તેથીજ તેને એ અપરાધ કરવાની બુદ્ધિ પ્રગટ થઇ છે. શું આ ત્રણ પ્રકારના ત્રણ જણને એકજ પ્રકારના અપરાધમાટે એકસરખી અને એકજ પ્રકારની શિક્ષા થવી જોઇએ? થવી જોઈએ એવું માનનારાઓની સંખ્યા અતિઅલ્પ હતી, અને તેથીજ ન્યાયાધિકારીઓ ગુનાહિત માણસોના ધંધા, સ્થિતિ, વય અને શક્તિ આદિક લક્ષમાં લઈ તેને ત્રિવર્ગમાંના એક વર્ગને માટે યોગ્ય ગણતા. આમ થવાથી એકજ માણસ એક સમયે ત્રીજા વર્ગમાં તો બીજી વખત પ્રથમ વર્ગમાં અને ચોકસ સ્થિતિને લીધે બીજા વર્ગમાં ગણાતો.

ખુનના બદલામાં ફાંસી દેવી એ કેવળ મનુષ્યત્વ રહિત છે એમ તેઓ ઘણીક સદીઓથી માની બેઠા હતા. જે વસ્તુ આપવાની અમારામાં શક્તિ નથી તે વસ્તુ લઈ લેવાની અમને કેમ સત્તા હોય? મૃતકને સજીવન કરવાને અમે અશક્ત છઇયે માટેજ

દેહાંત કરવાનો અમને અધિકાર નથી. ખુન કરનાર માણસ મુખ્યકરી સાક્ષી-પુરાવાનો અભાવ હોય, એવે સ્થળે અને સમયે પોતાનો કર્ણિણુ અપરાધ કરેછે, તેથી તેનો અપરાધ ચાક્ષુસ આદિક પ્રત્યક્ષ-પ્રમાણદ્વારા સિદ્ધ થઈ શકતો નથી, પણ આસ-પાસના સંજોગો અને પ્રસંગોદ્વારા તે ખુની હોય એવું લાગેછે. શું આવા અનુષંગિક પુરાવા અને સ્વરૂપમાત્રમાં સમાન દેખાતા કેટલાક બનાવો ઉપર આધાર રાખી, કેવળ અનુમાન પ્રમાણને આશ્રય કરી, બંધુજનના દેહાંતની આજ્ઞા આપવી એ ન્યાય કહેવાય!!! કેટલીક વાર એવું બનેલું જાણવામાં આવ્યું છે કે જે માણસના ખુનને માટે ખુનીને દેહાંત દંડ થયો હોય, તે માણસ કોઈ દૂર દેશાંતરથી ઘણેક વર્ષે પાછો આવેછે. કહો હવે ખુનીનો લીધેલો પ્રાણ શી રીતે પાછો આપશો!? તેના કુટુંબપરિવારને તેની હસ્તીનો અભાવ કર્યા બદલ શું આપશો!? મનુષ્ય, કે જે ઈશ્વરની કૃતિનો મહાઉત્તમ નમુનો છે, તેનો અનુમાનિક સિદ્ધિકરણોને આધારે વિનાશ કર્યો તે બદલ શો પશ્ચાત્તાપ કરશો!? ખુનનો અપ-

રાધ કરનારાઓ ક્રોધ, ભય આદિક મનોવિકારથી અંધ થઈ, બુદ્ધિની અસ્થિર અને મલિન સ્થિતિમાં ખુન કરેછે, પણ ન્યાયાધીશ તો પવિત્ર ન્યાયાસન ઉપર બેસી, દીર્ઘ વિચાર કરી, બુદ્ધિની શાંત અને નિર્મળ સ્થિતિમાં ખુનીનું ખુન કરેછે. આવા અનેક સુતર્કોથી તે જમાનામાં ખુનને માટે દેહાંતની શિક્ષા કરતા નહોતા.

આ જમાનામાં દેશની ભાષા સંસ્કૃત અને ધર્મ વેદોક્ત પાળવામાં આવતો હતો. સર્વત્ર તોલ, માપ, અને ચલણનું ધોરણ એકસરખું રાખેલું હતું.

વર્ત્તમાન જમાનાના શોધકોને હાથ પણ લાગી નથી એવી અનેક શોધ તે જમાનામાં થઈ ચુકી હતી. મ્હોટા ઉપયોગી શોધનાં દૃષ્ટાંત તરીકે પ્રહાર આદિકથી ભાંગે નહિ અને ધાતુની પેઠે કોઈપણ ઘાટમાં ઘડી તથા વાળી શકાય, એવી વિચિત્ર પ્રકારની કાચ સમાન મેળવણી તેઓએ શોધી કાઢી હતી. આ કાચને તેઓ પારદર્શક ધાતુના નામથી ઓળખતા હતા અને જ્યાં વજનના હલકાપણાની, પારદર્શકપણાની અને સ્વચ્છતાની અગત્ય હોય ત્યાં

તેને વાપરતા હતા. આમાંથી રાંધવા જમવાનાં વાસણો ઘણા શ્રેષ્ઠ પ્રકારનાં થઈ શકતાં હતાં, એટલુંજ નહિ પણ કેટલાક શ્રીમંતો તો છાપરાં માટે પણ તેનો ઉપયોગ કરતા હતા. આ પારદર્શક ધાતુ શ્વેત, રક્ત આદિક અનેક રંગોવાળી બનાવવામાં આવતી હતી, તેથી બારી બારણાંઓ શણગારવા અર્થે પણ એજ કાચ વપરાતો હતો.

જેમ વરાળમાં યંત્રને ગતિ આપવાની શક્તિ છે, તેમ વાયુમાં પણ છે. આ ઉપરથી તેઓએ ધમણોની ગોઠવણવાળી "પવનગાડી" બનાવી હતી. આ ગાડી કાષ્ઠ કે લોહની બનાવવાને બદલે રંગ-બેરંગી પારદર્શક ધાતુની બનાવતા હતા.

સુગમતાથી ઉડી શકે એવું આકાશવાહન પણ તે જમાનામાં વપરાતું જોવામાં આવતું હતું, તેને ગતિ આપનાર પંખાઓ વિજળીથી ચલાવવામાં આવતા હતા. આ ભવ્ય વાહન, વાયુના વેગની વિરૂદ્ધ પણ ઇચ્છિત દિશામાં ગમનાગમન કરી શકતું હતું, એટલુંજ નહિ પણ કલાકના ૧૦૦ ગાઉની ઝડપ ધરાવનાર હોવા ઉપરાંત મરજી પડે ત્યારે હેઠે

ઉતરી શકતું હતું. આ આકાશવાહનમાં વજનનું હલકાપણું આવશ્યક હોવાથી પારદર્શક ધાતુ વાપરેલી હતી.

તે જમાનામાં ઘણાં ખરાં સર્વ ઘરો ત્રણથી બાર માળાનાં હતાં, અને તે માળ ઉપર ચડવા ઉતરવાનો વ્યવહાર દાદરને બદલે લાકડાના ત્રાપાદ્વારા થતો હતો. આ ત્રાપા દરેક ઘરને લગતા વાયુચક્ર અથવા પવનચક્કીના ફરવા થકી ચડઉતર કરતા હતા. ઘરમાં લોટ દળવાનું, શીવવાનું, કુવામાંથી જળ સીંચવાનું, દૂધમાંથી માખણ કાઢવાનું, અને તે ઉપરાંત બીજાં અનેક ઘર સંસારી કાર્યો એ વાયુચક્રની સહાયતાથી પોતાની મેળે થતાં હતાં.

"શબ્દલેખક" નામની મહા ચમત્કૃતિક અને અલૌકિક પેટી તેઓએ બનાવી હતી. તેના છિદ્ર આગળ જે શબ્દો થાય તે સર્વ શબ્દો કાગળ ઉપર છપાઈ નિકળતા હતા, એટલુંજ નહિ પણ તે છપાઈ નિકળેલો કાગળ તેજ અથવા તેવા બીજા યંત્રમાં મૂકિયે તો તે યંત્ર પોતાની મેળે પુનઃ વાંચી સંભળાવતું હતું.

આ ઉપરાંત એક પૈડાથી ચાલતી ગાડીઓ-આદિક વિવિધપ્રકારની જે જે શોધોમાં તેઓએ પૂર્ણતા મેળવી હતી, તે સર્વેનું વર્ણન આગળ જતાં સ્વતઃ જાણવામાં આવશે.

આ એટલે ઈ. સ. પૂર્વે ૧૦૫૭૦ ના જમાનામાં "વિશ્વભેદ" નામની છૂપી મંડળી ચાલતી હતી તેમાં સ્રીપુરૂષો મળી અસંખ્ય જનો દાખલ થયા હતા. આ દાખલ થયેલાઓનેમાટે અથવા પર્યાયમાં કહિયે તો દિક્ષિતોનેમાટે સર્વ મળી સાત ભૂમિકાઓ નિર્માણ કરેલી હતી, તેમાં ચોથી ભૂમિકા પછી "ચીટીમાર્ગ" અને "વિહંગમમાર્ગ" નામયુક્ત બે વિભાગ થતા હતા, અને ત્યાંથી પ્રત્યેક માર્ગની ૫ મી, ૬ ઠી, અને સાતમી, એમ ત્રણ ત્રણ ભૂમિકાઓ થતી હતી. તે આ રીતેઃ—

૧–૨–૩–૪– { વિહંગમમાર્ગ ૫–૬–૭
ચીટીમાર્ગ ૫–૬–૭ }

પ્રત્યેક વર્ષે પ્રત્યેક ભૂમિકાની જૂદે જૂદે સમયે પરીક્ષા લેવામાં આવતી અને જેઓ તે પરીક્ષામાં નિપુણ જણાતા તેઓને ચઢતી ભૂમિકામાં દાખલ

કરી તે ભૂમિકાનો ઉપદેશ દેવામાં આવતો. એમાંથી કોઈ પણ એક માર્ગની ઉત્તરોત્તર સાતે ભૂમિકામાં જેઓ પૂર્ણતા મેળવતા તેઓ "ગુરૂજી"ના નામથી ઓળખાતા હતા, અને જેઓ ઉભય માર્ગની સાતે ભૂમિકાઓ પરિપૂર્ણ કરતા તેઓને "મહા-ગુરૂજી" ની સંજ્ઞા પ્રાપ્ત થતી હતી.

રાજ્ય તરફથી "મહાગુરૂજી" નું ઘણું સન્માન કરવામાં આવતું. તેનું કોઈ કારણસર ન્યાયગૃહમાં આગમન થાય તો તે વખતે ન્યાયાધીશો પણ પોતાના ન્યાયાસન ઉપરથી ઉઠી તેનો આદરપૂર્વક સત્કાર કરતા. રાજ્યની ઉપજમાંથી એક દશાંશ એ "ગુપ્તમંડળી" ને આપવાનું દેશના ધારાઓનું વિધાન હતું.

એ ગુપ્તમંડળીની ૪ થી ભૂમિકામાં શો ઉપદેશ આપવામાં આવેછે અને શું શું થાયછે તેની પહેલી, બીજી, અથવા ત્રીજી ભૂમિકાવાળાઓને લેશ માત્ર પણ ખબર પડી શક્તિ નહીં. તેમજ ત્રીજીમાં શું થાયછે તેની બીજીવાળાને કિંચિત્ પણ ગમ પડતી નહિ. આ પ્રમાણે ચઢતિ ભૂમિકાના ઉપદેશ આદિક

ઉતરતી ભૂમિકાવાળાઓ તેમાં પ્રવેશ કર્યાવગર જાણી શકતા નહિ. આ મંડળીમાં સ્ત્રી અને પુરૂષ, યુવાન અને વૃદ્ધ મળીને અસંખ્ય જનો દાખલ થયા હતા, તોપણ તે મંડળીમાં શું કરવામાં આવેછે તેનો અદિક્ષિતોને એટલે કે જેઓએ એ ગુપ્ત સમાજમાં પ્રવેશ કર્યો નહોય તેઓને આભાસ માત્ર પણ આવી શકતો નહિ. વિશ્વભેદના મર્મમાં દાખલ થયો ન હોય એવો કોઈ માણસ તે "ગુપ્ત-મંડળીમાં શું થાયછે" એ જાણવા અર્થે કાંઈ છળ-તંત્રથી તે ગુહ્ય સમાજના સ્થાનકમાં હાજર થયેલો પકડાય, તો તેને દેહાંતશિક્ષા કરવાનો આ મંડળીને પ્રાચીન કાળથી અધિકાર મળેલો હતો.

સંક્ષેપમાં એટલુંજ કે આ ગુપ્તમંડળીનું ઘણું પરિબળ હતું અને તેમાં દાખલ થયેલાઓ એ સમાજનો ગુહ્યમર્મ પોતાના સગા સ્નેહી કે મિત્ર આગળ, લોભ ભય કે નિદ્રાને વશ થઈ કદી પણ પ્રગટ કરતા નહિ.

પ્રકરણ ૩ જું.

ન્યાયગૃહ.

લગભગ દશ વાગ્યા હશે ત્યારે સમદ્વાર નામના રસ્તા ઉપર સ્ત્રીપુરૂષોની આજે હમેશ કરતાં વિશેષ ભીડાભીડ જોવામાં આવતી હતી. આ રસ્તાના મધ્યમાંથી બીજા સાત રસ્તા ફૂટતા હતા અને તે દરેકમાં પવનગાડી વગેરે વાહનોની દોડાદોડ દૃષ્ટિએ પડતી હતી. રસ્તાના મધ્યમાં ઘણીક પવનગાડીઓ ઉભી હતી અને જનસમુદાયના નાનાં નાનાં ટોળાં થોડે થોડે અંતરે પરસ્પર વાતો કરતાં ઉભાં હતાં.

આ સમદ્વાર રસ્તાના બરાબર મધ્યમાં સુંદર રચનાયુક્ત અને મહાદેદિપ્યમાન બે ન્યાયમંદિરો આવેલાં હતાં. તેમાં એક દિવાની અને બીજું ફોજદારી મુકદમાઓમાટે હતું. ફોજદારી ન્યાયમંદિરના ઓટલા અને પગથિયાં ઉપર અનેક સ્ત્રીપુરૂષો બેઠા હતા. કેટલાક તો સામે આવેલા મોટા વૃક્ષોની શીતળ છાયા તળે બેશી કાંઈક વાતો કરતા હતા.

"હરિદાસની ઠીક વલે થઈ હો."—એક જણ

જે પાંચ સાતના ટોળામાં પગથિયાં ઉપર બેઠા હતો તે બોલ્યો—"એક તો બંધન પ્રાપ્ત થયું અને બીજું વર્તમાનપત્રોમાં તેના દુષ્ટ વર્તનની પ્રસિદ્ધિ થઈ. આજે તેની અપીલ છે એમ સર્વ પત્રોએ છાપ્યું. છે, તેથી લોકોની પણ ભારે ઠઠ જામી છે. હરિદાસનો અપરાધ કાંઈ નાનો સુનો નથી."

"પણ તમે કેમ જાણ્યું કે તેણે અપરાધ કર્યોજ છે?"—તેના મિત્રે સહજ કચવાઈને પૂછ્યું.

"કેમ જાણ્યું!"—તેણે જવાબ દીધો- "હરિદાસની પ્રથમ તપાસ થઈ તે વેળાએ તમે પણ ન્યાયકચેરીમાં આવ્યા હતા. સદાશિવ બાગના સિપાઈઓએ હરિદાસનું આચરણ નજરોનજર દીઠું હતું અને તેઓએ પવિત્ર ધજાની પ્રતિજ્ઞા લઈ નહોતું કહ્યું કે—

"હારે હા; પણ અભણ અને દ્રવ્યના લોભથી લલચાઈ જાય એવા સિપાઈઓના કહેવાથી શું થયું?"—ત્રીજો માણસ વચમાં બોલી ઉઠયો— "હું તો એવા નિર્બળ પુરાવા ઉપર આધાર રાખું નહીં."

"ખરૂં છે."—બીજાએ ટેકો આપ્યો—"હરિદાસ એવા નીચ કુળનો નથી. ઉપરાંત વિશ્વભેદમાં તે દાખલ થયેલો છે તેથી તેનાવિષે મને એવો હલકો વિચાર સ્વપ્નમાં પણ આવતો નથી. જેણે વિશ્વભેદની ચાર ભૂમિકા પૂર્ણ કરી છે તે એવું નિર્લજ્જ કૃત્ય કરેજ નહિ. એ ગુપ્તમંડળીમાં દાખલ થયેલાઓ તો એવી વાત પણ કદી માન્ય રાખે નહિ."

"ઠીક, તો હવે અપીલમાં શું નિર્ણય થાયછે તે જોજો."—પ્રથમ બોલનારે ઉત્તર દીધો—"જોયું, કર્ણ અને વિરોચન પણ સામેના વૃક્ષતળે બેઠા છે"—એમ કહી તેણે આંગળી ચીંધી સામે બતાવ્યું અને બોલ્યો—"અરે! પણ વૃક્ષની પાછળ પેલો કોણ ઉભો છે? તેના હાથમાં નાની પેટી જેવું શું છે?"

"હશે તેનું આપણે શું? તેનો કોઈ મિત્ર હશે."—બીજાએ બેઉ ન્યાયગૃહના વચમાં આવેલા ઘડીઆળસ્તંભ ગમ દૃષ્ટિ કરી કહ્યું—"હજી તો દશ થયા છે. એક કલાક બાકી છે એટલામાં હું એક આંટો મારી આવુંછું."

વાચકવૃંદ આપણે હવે જરા આગળ વધિયે અને બીજાઓ શી વાત ચેષ્ટા કરેછે તે પણ જોઇએ.

"આજ **હરિદાસ** પોતાની અપીલમાં મુક્ત ન થઈ જાય, તો મને નિરાંત થાય."—કર્ણ આતુરતાથી કહેવા લાગ્યો—"**વિરોચન**, તને શું ભાસેછે? આપણી યુક્તિ પકડાઈતો નહિ આવે?"

"કર્ણ,"—તેના મિત્ર **વિરોચને** તેને ધીરજ દીધી—"પેલા સિપાઈઓની જુબાની આગળ કોઈનું ચાલવાનું નથી; તું શુંકામ ભય રાખછ! સિપાઈઓએ સ્પષ્ટ કહ્યું છે કે **હરિદાસે** બળાત્કારથી હાથ પકડી રાખ્યો હતો, અને——

"હા, હા; તેઓ બોલે તેવા તો નથી;"—કર્ણ નિશ્ચયાત્મકપણે બોલી ઉઠયો—"સુવર્ણના પ્રકાશથી તેમની ચક્ષુઓ અંજાઈ ગઈ છે. **વિરોચન**, એ સિપાઈઓને લાંચ આપવાની યુક્તિ તેં મને દર્શાવી તેમાટે તારો ખરેખરો ઉપકાર થયો છે."

"ઉપકાર શાનો? સહાયતા આપવી એ મિત્રનો ધર્મ છે; પણ કર્ણ, આપણે સંકેત અનુસાર તે બે સિપાઈઓને લઈ બાગમાં દાખલ થયા, અને તેં

પ્રત્યેકને વીશ સુવર્ણ મુદ્રા આપી તે વખતે બીજું કોઈ સમીપમાં તો નહોતું ને?"

"ના, ના."—કર્ણે દૃઢતાથી ઉત્તર દીધો—"બાગનો દ્વારપાળ તે વખતે દરવાજા આગળ ઉભો હતો, પણ તેણે જોયું હોય એવું હું માનતો નથી; કારણ કે તે વખતે આપણે દ્વારપાળને પસાર કરી ગયા હતા, અને તેથી તેનીતરફ આપણી પીઠ હતી."

આ પ્રમાણે કર્ણે પોતાનું વાક્ય પુરૂં કર્યું ત્યાં તો વૃક્ષની પાછળથી મહાવેગમાં દોડી જતી એક પવન-ગાડીનો શબ્દ તેમને કાને પડ્યો. તેમણે પાછું ફરી જોયું પણ ગાડીના પડદા ઉતારેલા હોવાથી તેમાં કોણ હતું તે તેઓ જોઈ શકયા નહિ.

"પવનગાડીથી પણ મહાસુખ થયું છે."—વિરોચન દોડી જતી ગાડીતરફ દૃષ્ટિ રાખી બોલ્યો.

"હા, પણ કદાચ હરિદાસ અપીલમાં છુટી જાય તો પછી શી યુક્તિ રચીશું?"—કર્ણે નેત્રનો વિકાસ કરી પૂછ્યું.

"તું હૈયે ધૈર્ય રાખ, હું તને બધું ઠીક કરી દ-ઈશ. તેને સદાનેમાટે વેગળો કરી દઉં તો?"

"અહા! પ્રિયમિત્ર, અમારા શ્રેયનેમાટે તને કેટલું લાગેછે?"—એમ કહી કર્ણે હર્ષથી તેનો હસ્ત ગ્રહણ કર્યો.

આ પ્રમાણે એક કલાક થઈ ગયો અને ઘડી-આળમાં ૧૧ ના ટકોરા થતાંજ ન્યાયમંદિરનાં વિશાળદ્વાર પ્રજાપ્રવેશમાટે ઉઘાડવામાં આવ્યાં.

ન્યાયગૃહની આંતરશોભા અને રચના તે જમાના-ના સુધારાને અનુસરતી આવે તેવી હતી. ઉપરનું છાપરૂં વાદળિયા રંગની પારદર્શક ધાતુનું બનાવેલું હોવાથી તડકાવગરનો શીતળ પ્રકાશ પડતો હતો. તે ઉપર મહાપ્રવીણ ખગોળશાસ્ત્રીઓની સંમતિ-અનુસાર આખું સૂર્ય અને ગ્રહમંડળ તેઓની પૃથક્ પૃથક્ ગતિઓસહિત ચિતારવામાં આવ્યું હતું. વિજળી, ગડગડાટ, ધુમકેતુ, ગ્રહણ, વરસાદનું ધનુષ્યબાણ આદિક શા કારણથી થાયછે તેની સ્પષ્ટ ચિત્રિત સમજણ આપેલી હતી, અને શુક્ર, સની, બૃહસ્પતી વગેરે તારાઓ પરસ્પર કેટલે અંતરે છે તે સ-પ્રમાણ દર્શાવેલું હતું. પૃથ્વી સૂર્યની આસપાસ કેવા નિયમથી, કેવી રીતે, કેટલી ઝડપથી પ્રદક્ષિણા કરેછે

તે બુદ્ધિગોચર કરવામાં મહાચાતુર્ય વાપર્યું હતું. સૂર્ય-ચંદ્રની ગતિ, તેમનો ઉદય અસ્ત, શુક્લ તથા કૃષ્ણ પક્ષ, ચંદ્રની સાથે સમુદ્રની ભરતી–ઓટનો સંબંધ આદિક સમજાવનારાં રંગિત ચિત્રોથી સંપૂર્ણ ખગોળ-શાસ્ત્ર મૂર્તિમાન કરી બતાવ્યું હતું.

હેઠે પણ ગાલીચાઓને બદલે વિવિધ પ્રકારના રંગોયુક્ત ચિત્રો દોરેલાં હતાં, તેમાં પૃથ્વીના ઉભય ગોળાર્ધનું ચિત્ર પ્રધાન અને ચિત્તાકર્ષક હતું. આમાં સર્વ દેશો, નદીઓ, પર્વતો, સરોવરો, અને તીર્થ-સ્થાનો કુશળતાપૂર્વક દૃશ્યમાન કર્યાં હતાં. આ ઉપરાંત ભૂમિતીના પણ સર્વ નિયમો ચિત્રદ્વારા સિદ્ધ કરેલા હતા. આ ચિત્રના રંગો એવા પ્રકારના રસાયણી પદાર્થોના મિશ્રણથી બનાવેલા હતા કે તે ઉપર દીર્ઘકાળ પર્યંત સહસ્ત્ર મનુષ્યોનું ગમનાગમન થવા છતાં ઘસાઈ કે ભુંસાઈ ગયા નહતા; એટલુંજ નહિ પણ જળમાત્રથી બાહ્યમળ ધોઈ નાખતાં જાણે ચિત્ર પાડનાર હમણાજ ચિતારીને ગયો કેમ હોય, તેવા પ્રકાશિત લાગવાથી, નિર્વિકારપણાના દૃષ્ટાંત-રૂપ ગણાતા હતા.

ઉત્તરદિશાતરફ ન્યાયાધીશોમાટે સાત ફૂટ ઊંચું ન્યાયાસન બનાવેલું હતું. તે ઉપર ઉત્તમ વર્ણાટની હીરની ધજા લટકતી હતી. તેમાં સુવર્ણતંતુઓથી એ ત્રિકોણાકાર અને તેના મધ્યમાં ૐ ગુંથેલો હતો. (જુઓ ચિત્ર ૧ લું.) આ ધજા પવિત્ર ધજાના નામથી



(ચિત્ર ૧ લું.)

ઓળખાતી હતી. ન્યાયાધીશના ઉચ્ચ આસનની પાસે રાજ્યવકીલની બેઠક હતી, અને બરાબર સમક્ષ બંધવાને માટે ઉભા રહેવાની જગ્યા હતી. વાદીના વકીલો માટે જમણી તરફ અને પ્રતિવાદીના વકીલો માટે ડાબી તરફનાં સ્થાનો નિર્માણ કરેલાં હતાં. તેઓની પાછળ તેમના કારકુનો માટે લેખક સામગ્રી સહિતની બેઠકો આવેલી હતી, અને દક્ષિણ તરફ જે બે હજાર બેઠકો દૃષ્ટિએ પડતી હતી તે પ્રજાસમુદાય માટે ગોઠવેલી હતી.

ઘણી ખરી સર્વ બેઠકો ભરાઈ ગઈ હતી. વકીલો પોતપોતાને સ્થાને આવી બેઠા હતા. ઘડીઆળમાં ૧૧ નો ઘંટ થયો કે પાંચે ન્યાયાધીશો સ્વઆસન ઉપર વિરાજમાન થયા. નિમેષ માત્રમાં પૂર્વ તરફના એક અંધકારયુક્ત ઓરડાનું બારણું ઉઘડયું, અને તેમાંથી બે સિપાઇઓની સાથે એક ગાડી ગગડાટ કરતી ન્યાયકચેરીની વચમાં આવી ઉભી. પ્રિય વાચકવૃંદ, તેમાંથી હરિદાસ નીચે ઉતર્યો, અને બંધવાને માટે નિર્માણ કરેલે સ્થળે શાંત મુદ્રાથી ઉભો રહ્યો.

ન્યાયગૃહના અંધારા ઓરડામાં હરિદાસ જન-સમુદાયની દૃષ્ટિએ પડ્યાવગર, અલૌકિક રીતે ક્યારે અને કેમ આવ્યો, તે અત્રે દર્શાવવું જોઇએ.

જે બંધીખાનામાં હરિદાસ પડ્યો હતો, તે બંધીખાનાનું નામ ઇંદ્રજાળ હતું. તેની રચના મહા-અદ્‌ભુત અને ચાતુર્યયુક્ત હતી. બંધનગૃહને મધ્યમાં રાખી ફરતી એક જાડી અને ૫૦ ફુટ ઉંચી દિવાલ ચણી લીધેલી હતી. બંધીખાનાની ગોળાકાર હારની મધ્યમાં એક વિશાળ ચોક હતો તેમાં કેટલીક

ઉદ્યોગશાળાઓ સ્થાપેલી હતી જેમાં અપરાધિઓને મનવાંચ્છિત ઉદ્યોગ શીખવવામાં આવતો હતો. આ ચોકના મધ્યમાં એક ઊંચો મિનારો બાંધેલો હતો તેના ઉપલા ભાગ વિષે કેટલાક પોહરેગીરો અહર્નિશ ચોકી ભરી અપરાધિઓ ઉપર દેખરેખ રાખતા હતા, અને નીચલા ભાગમાં એક મહાનયંત્ર વાયુ-ચક્રની સહાયતાથી ચાલતું હતું. આ યંત્રના ગતિમાન થવાથી વિજળી ઉત્પન્ન થતી હતી અને તે વિજળી બંધનગૃહને ફરતી આવેલી ભીંતમાં પ્રવેશ કરતી હતી. આમ થવાથી કોઈ બંધીવાન ભીંત ઉપર ચઢી નાસી જવાનો પ્રયત્ન કરે તો તે વિજળીના દુ:સહ આંચકાથી ભાનરહિત થઈ પાછો હેઠેના ચોકમાં આવી પડે એવો ઉદ્દેશ રાખેલો હતો. આ પ્રમાણે અનેક વાર બનેલું હતું તેથી એ પ્રકારે નાસી જવાની યોજના કોઈ બંધીવાન સ્વપ્નમાં પણ કરતો નહિ. બંધનગૃહને ફરતી ચણેલી ભીંતમાં માત્ર એકજ દ્વાર મૂકેલું હતું, અને તે વિનાપ્રયોજન ખુલ્લું રાખવામાં આવતું નહિ. આ દ્વારની પાછળ છ પોહરેગીરો રાતદિવસ બેસી રહેતા હતા. અપરાધિ-

ઓને તેના સગા સ્નેહીઓ જ્યારે મળવા આવતા ત્યારે વડીઅદાલતેથી પોતાની સાથે પ્રવેશપત્ર લઈ આવતા હતા. આ પ્રવેશપત્ર વગર કોઇને પ્રવેશ કરવા દેવામાં આવતા નહિ. બંધીખાનાને લગતો કોઈ સિપાઈ અથવા અમલદાર અંદરથી બહાર જવા, અથવા બહારથી અંદર આવવા ઇચ્છતો, ત્યારે તેને એક ચોક્કસ શબ્દ દ્વારપાળને કહી સંભળાવવો પડતો હતો. જે ગુપ્તશબ્દના ઉચ્ચારવગર દ્વાર ખોલવામાં આવતું નહિ, તે શબ્દ બંધીખાના સાથે સંબંધ રાખનારા સિપાઈ તથા અમલદારોજ માત્ર જાણતા હતા અને તે વારંવાર એકાએક ફેરવવામાં આવતો હતો. આમ થવાથી કોઈ ત્રાહિત પુરૂષ પ્રવેશપત્રવગર દાખલ થઈ શકતો નહિ, તેમ અંદરથી સંકેત અનુસાર શબ્દ ઉચ્ચાર કર્યા-વગર કોઈ બહાર જઈ શકતું નહિ.

દશ વાગ્યા હશે ત્યારે બંધીખાનાના દરોગાએ હરિદાસના ઓરડાનું બારણું ઉઘાડયું અને તેને ચોકના મધ્યમાં આવેલા મિનારાને ભોંયતળિયે લઈ ગયો. હરિદાસને ઉભો રાખી તેણે એક કળ દાબી

અને મિનારાના બાજુના ઓરડામાં ઘંટીનો ઘણઘણાટ થયો. તરતજ બે બળયુક્ત બાંધાના સિપાઈઓ હાજર થયા. તેમણે દરોગાની આજ્ઞાનુસાર જમણી બાજુએ આવેલું એક ચક્ર ફેરવવા માંડયું એટલે ઓરડાના તળિયાનો કેટલોક ભાગ ખસી ગયો. હરિદાસે વિસ્મય પામી જોયું તો એક અંધારો પણ ઊંડો કૂવો તેની દૃષ્ટિએ પડયો. તરતજ ઉપર લટકાવેલો એક પાટલો ઉતારી તે ઉપર હરિદાસ અને પેલા બે સિપાઈઓ બેઠા. હવે પાટલો હેઠળ કૂવામાં ઉતારવામાં આવ્યો. ૫૦ ફુટ નીચે ઉતર્યા પછી કૂવાનું તળિયું આવ્યું. અહિં હરિદાસ અને પેલા બે સિપાઈઓ પાટલા ઉપરથી ભોંયે ઉતરી ઉભા રહ્યા અને પાટલો ઉપર ખેંચી લેવામાં આવ્યો. હજી ઉપરથી થોડું થોડું અજવાળું આવતું હતુ, પણ એકાએક ઉપલા ભાગમાં ખસી ગયેલી ભોંય સંધાઈ ગઈ અને સર્વત્ર અંધકારરૂપી શ્યામ પડદો પથરાઈ રહ્યો. તેઓ હવે એક બીજાને જોઈ પણ શકતા નહોતા.

હરિદાસ આ અંધકારમાં બહુ અકળાવા લાગ્યો. તેણે પોતાના મનસાથે વિચાર કર્યો કે " કદાચ

અપરાધિઓને. મુખેથી તેમનો અપરાધ અંગીકાર કરાવવા અર્થે આ અંધારા કૂવામાં તેમને ભય પમાડીને પૂછવામાં આવતું હશે, અને તેથી હવે થોડી વારમાં તેનો પણ વારો આવશે." આ પ્રમાણે તે સંકલ્પ-વિકલ્પ કરતો હતો, એટલામાં મેઘગર્જના સમાન શબ્દ તેને કાને પડયો. દરેક પળે તે શબ્દ વધારે મોટો થતો ગયો અને થોડીકવારમાં સામે પણ ઘણે દૂર દીવાનો પ્રકાશ દેખાણો. હરિદાસે તે તરફ દૃષ્ટિ ટાંકી રાખી તો તે પ્રકાશ વધારે ને વધારે સમીપ આવતો હતો.

"આ પ્રકાશ શાનો છે?"—હરિદાસે અધિરજથી પેલા સિપાઇઓને પૂછયું.

"પવનઝાડીના વિજળીક દીવાનો પ્રકાશ છે."—તે સિપાઇએ ઉત્તર દીધો

નિમેષમાત્રમાં તો તે પવનગાડી તેઓના પગ આગળ આવી ઉભી, અંદર કોઈ હતું નહીં. હરિદાસ અને પેલા બે સિપાઇઓ અંદર બેઠા અને ગાડી જે તરફથી આવી હતી તે તરફ પાછી મહાવેગથી દોડવવામાં આવી.

"આ ભોંયરામાં મને શામાટે લાવ્યા છો?"—

હરિદાસે વળી પૂછયું—"આ ગાડીમું બેસાડી મને ક્યાં લઈ જવો ધાર્યો છે?"

"તે સર્વ થોડીવારમાં તમે જાણશો."—સિપાઈએ ઉત્તર દીધો.

પવનગાડી આ લાંબા ભોંયરામાં મહાવેગથી ચાલી જતી હતી અને હરિદાસ અધિકાધિક વિસ્મય થતો હતો, અંતે અર્ધ કલાકે ગાડી એક સ્થળે ઉભી રહી. એક સિપાઇએ હેઠે ઉતરીને ઉપરથી લટકતી બે સાંકળોના છેડા ગાડીને મથાળે આવેલા બે કડામાં ભરાવ્યા અને તરતજ અંદર બેઠો. જરાકવારમાં તો ગાડી ઉપર ચડવા માંડી. હરિદાસે ગાડીની બહાર ડોકું કાઢી દૃષ્ટિ કરી તો સાંકળદ્વારા એ ગાડીઉપર ખેંચાતી હતી. તેઓ ગાડીસહિત એક અંધારા ઓરડામાં આવી પહોંચ્યા. આ સર્વ બનાવને પોતાની અપીલ સાથે શો સંબંધ હશે તેના અનેક તરંગો હરિદાસના વિચારસમુદ્રમાં ઉછળતા હતા, એટલામાં ઘડીઆળમાં ૧૧ નો ઘંટ વાગ્યો. તરતજ તે અંધારા ઓરડાનાં દ્વાર ઉઘાડવામાં આવ્યાં અને હરિદાસની ગાડી ગડગડ કરતી ન્યાયકચેરીના

મધ્યમાં આવી ઉભી. તે નીચે ઉતર્યો અને બંધવાને માટે નિર્માણ કરેલી જગ્યાએ સિપાઈઓએ તેને ઉભો રાખ્યો.

પ્રકરણ ૪ થું.

હરિદાસની અપીલ.

ન્યાયાધીશો સ્વઆસન ઉપર વિરાજમાન થયા હતા, વકીલમંડળ હાજર હતું, વાદી-પ્રતિવાદીઓ આવેલા હતા અને જનસમુદાય આ ચિત્તાકર્ષક મુકદ્દમાનું શું છેવટ આવેછે તે જાણવાને અધીરૂં બની રહ્યું હતું.

સર્વ શાંત હતું. મુકદ્દમાના આરંભઅર્થે વાદી-પ્રતિવાદીઓ હાજર છે કે કેમ તે પૂછવામાં આવ્યું. બેઉ પક્ષના વકીલોએ ઉભા થઈ નમન કરી હા પાડી, એટલે મુકદ્દમાનો આરંભ થયો. ન્યાયાધીશની આજ્ઞાથી રાજ્યવકીલ ઉભો થયો, અને એક કાગળ ઉપાડી આ કેસના સંબંધમાં અગાઉ જે ચુકાદો આપવામાં આવ્યો હતો તે વાંચવા મંડ્યો:—

ગૌતમ ગજાનંદ વિરૂદ્ધ હરિદાસ જયદ્ધ્વજ.

વિ૦ બે૦ સંવત્ ૯૦૧૫ ના કાર્તિક શુદ્ધ ૧૫ ને શુક્રવારે મણિપુર નિવાસી ગૌતમ ગજાનંદની પુત્રી જયંતિ સંધ્યાકાળે પોતાનાં માતપિતા સાથે સદાશિવ બાગમાં ફરવા ગઇ હતી. ત્યાં તેમનીસાથે થોડીવાર ફર્યાપછી તે એકલીજ આગળ ચાલી હતી. જયદ્ધ્વજનો પુત્ર હરિદાસ પણ ત્યાં ફરવા આવ્યો હતો, તેણે જયંતિને એકલી આગળ વધતી જોઈ, અને તે તેની પાછળ ગયો. આ પ્રમાણે જયંતિ આગળ અને હરિદાસ પાછળ, એમ થોડેકસુધી ચાલ્યા, ત્યાં હરિદાસ તેની પાછળ• ધસી ગયો, અને તેનો હાથ પકડી તેને અટકાવી. જયંતિએ નાસી જવાનો બહુ પ્રયત્ન કર્યો, પણ હરિદાસના બળ આગળ તેનું કાંઇ ચાલ્યું નહીં. તેણે તેને પોતાના શરીર સાથે મજબુત દાબીને પકડી રાખી હતી તથા તેની પાસે કાંઇ નીચ માગણી કરતો હતો.

આ વખતે જયંતિનો ભાઈ કર્ણ અને તેનો વિરોચન નામનો એક મિત્ર, એ બેઉજણ એક મોટા વૃક્ષતળે એક બાંકડા ઉપર બેઠા હતા, તેઓએ

આ સર્વ દીઠું, અને જયંતિને મુક્ત કરવા દોડ્યા. મહાશ્રમથી તેઓએં તેને હુરિદ્દાસના હાથમાંથી છોડવી. જયંતિએ લજ્જાયુક્ત થઈ પોતાની બેઉ ચક્ષુ આડા હાથ દીધા હતા, અને કાંઈ પણ ઉત્તર દેતી નહોતી. આ સર્વ બનાવ થોડે દૂર રસ્તાના ખૂણા આગળથી પસાર થતા પોલિસના બે સિપાઈઓએ જોયો પણ આ, કોઈ પ્રીતમોનું જોડું હશે એવું ધારી તે ઉપર તેઓએ લક્ષ આપ્યું નહિ. કર્ણ અને વિરોચને તરતજ બૂમ પાડી પેલા બે સિપાઈઓને બોલાવ્યા, અને હુરિદ્દાસને પકડવામાં આવ્યો. આ સર્વ વાત કર્ણ, વિરોચન, અને પેલા બે સિપાઈઓની જુબાની દ્વારા સિદ્ધ થાયછે.

હુરિદ્દાસે અમારી સમક્ષ આ સર્વ વાતનો ઈ-નકાર કર્યોછે, પણ જયંતિની પાછળ પાછળ જવાની વાત તેણે અંગીકાર કરી છે. ત્યાં ફરવા આવનાર કેટલાક સદ્ગૃહસ્થોની જુબાની ઉપરથી પણ હુરિ-દ્દાસ, જયંતિની પાછળ પાછળ ગયેલો માલમ પડ્યો છે.

"હું જયંતિની પાછળ પાછળ ગયો હતો. મેં તેને

મારી સાથે પરણુવાની હા પાડવામાટે મહાનમ્રતા, કાલાવાલા અને રૂદન•સહિત કહ્યું હતું. મેં તેનો હાથ પકડ્યો નથી. હું તેના શરીરને અડયો નથી. કર્ણ કે વિરોચન કોઈ તે વખતે આવ્યુંજ નહિ હતું. સિપાઈઓ પણ નહોતા. જયંતિએ મારી વિનતિઓનો કાંઈ પ્રત્યુત્તર દીધો નહિં, તેથી અંતે હું પાછો ફર્યો, અને જયંતિ તો આગળજ ચાલી ગઈ. ત્યાંથી તે ક્યાં ગઈ તે હું જાણુતો નથી. હું થોડુંક ચાલ્યો હોઈશ એટલામાં કર્ણ અને વિરોચન બે સિપાઈઓ સહિત આવી પહોંચ્યા અને મને પકડ્યો. હું વિશ્વભેદ મંડળીમાં દાખલ થયેલો છું અને હમુણા ચોથી ભૂમિકામાં છું. ગૌતમનું કુટુંબ વિશ્વભેદ મંડળી પ્રત્યે શત્રુભાવ રાખેછે અને તેથીજ તેઓએ મને હેરાન કરવાની ધારણાથી આ હડહડતો આરોપ મારા ઉપર મૂકયો છે. થોડાક દિવસ અગાઉ હું જયંતિના પિતાને રસ્તામાં મળ્યો હતો ત્યારે તેની પુત્રી જયંતિને મારી સાથે પરણાવવાનું વચન આપવાની મેં તેને વિનતિ કરી હતી. ઉત્તરમાં "વિશ્વભેદની દુષ્ટ મંડળીસાથે જો તું તારો સંબંધ તોડી

નાખે, અને તેમાં શું શું થાયછે તે સર્વ કહી દે, તો હું મારી પુત્રી તને આપવા તત્પરજ છું." એમ તેણે કહ્યું હતું. વિશ્વભેદ મંડળીમાટે તેણે નીચ શબ્દ વાપર્યો તેથી મને અત્યંત ક્રોધ ચડયો. હું તેને એક તમાચો મારત, પણ તે વૃદ્ધ હોવાથી મારે પૂજ્ય છે એમ ગણી, તથા વધારે વાર ઉભો રહીશ તો કદાચ બીજાં પણ હલકાં વચન સાંભળવાં પડશે એમ ધારી, હું બીજો શબ્દ પણ ઉચ્ચાર્યા વગર તેની આગળથી જતો રહ્યો હતો. સંક્ષેપમાં હું એટલુંજ કહું છું કે "તેઓએ વૈરબુદ્ધિથી આ પ્રપંચ રચ્યો છે, અને હું કેવળ નિર્દોષ છું."

આ પ્રમાણે હરિદાસે પ્રતિજ્ઞાપૂર્વક ન્યાયસમક્ષ કહ્યું છે, પણ જયંતિ સાથે મલિન નિષ્ઠાપૂર્વક અમર્યાદપણે વર્ત્તવાનો તેના ઉપર જે આરોપ છે, તેનું અસત્યપણું સિદ્ધ કરવાને તે સમર્થ થયો નથી. **ગૌતમને** "વિશ્વભેદ"વિષે વૈરબુદ્ધિ છે એ વાત કર્ણ તથા **ગૌતમની** જુબાની ઉપરથી સ્પષ્ટ રીતે જાણી શકાય છે પણ તેથી હરિદાસે અપરાધ કર્યો નથી એમ સિદ્ધ થતું નથી. કર્ણ, વિરોચન, અને

પેલા બે સિપાઈઓ જેઓએ આ બનાવ નજરે-નજર જોયાનું પવિત્ર ધર્માની પ્રતિજ્ઞાંપૂર્વક કહ્યું છે, તેઓની જુબાનીનું ખંડન પ્રતિવાદીનો વકીલ કરી-શક્યો નથી. જયંતિ સાથે અમર્યાદપણે તે વર્ત્યો નથી, એવો પ્રતિવાદી તરફથી કોઈ સાક્ષી કે બીજો પુરાવો નથી. હરિદાસ ઘણી સારી ચાલનો છે, સત્યવાદી, અને વિવેક બુદ્ધિવાળો છે, એવું દેખાડ-નારી કેટલીક જુબાની પડી છે, પણ તેથી આ અપરાધ તેણે કર્યો નથી, એમ હું કહી શકતો નથી. ગૌતમ અને બીજા કેટલાક સદ્ગૃહસ્થોની જુબાની ઉપરથી સિદ્ધ થાયછે કે આજ છ મહિના થયા હરિદાસ, ગૌતમના ઘરની સામે રાત્ર દિવસ બેસી રહેછે, અને જ્યારે જ્યારે જયંતિ બહાર આવેછે, ત્યારે ત્યારે તેની આગળ પોતાને પરણવાની સવિવેક માગણી કરેછે. તેને ત્યાં બેસવામાટે સહસ્ત્રવાર ગૌતમ તરફથી ના કહેવામાં આવી છે પણ તેણે પો-તાની હઠ મૂકી નથી. આ સર્વ વાતથી હરિદાસે કરેલા અપરાધને પુષ્ટિ મળેછે. મને નિશ્ચિત્ ભાસેછે કે હરિદાસ હવે વિશેષ ધૈર્ય રાખી શક્યો નહિ,

અને તેથીજ, આમ નિર્લજ્જપણે વર્ત્યાં છે. છેવટમાં હરિદાસ જયંતિ સાથે મલિન નિષ્ઠાથી અમર્યાદપણે વર્ત્યો છે, એ સિદ્ધ થયેલું ગણી તેને પ્રથમ વર્ગમાં બે વર્ષના બંધનની શિક્ષા હું વિધાન કરૂંછું."

ચુકાદો વંચાઈ રહેતાં લોકસમૂહમાં ભારે હળમળાટ મચી રહ્યો. તેઓએ નિર્વિવાદ માન્યું કે આવા દૃઢ પુરાવા આગળ હરિદાસ છૂટી જાય એ દુર્ઘટ છે. આ વખતે એક સુંદર દેખાવનો તરૂણ ન્યાયગૃહમાં દાખલ થયો, અને હરિદાસના વકીલની સમીપ આવી બેઠો. તેઓએ કેટલીક વારસૂધી એક બીજાના કાનમાં વાતો કરી અને પરિણામે તે બેઉનાં મુખકમળ હર્ષથી પ્રફુલ્લિત થયાં.

હવે બચાવ તરફના સાક્ષીઓ બોલાવવાની આજ્ઞા આપવામાં આવી. પ્રથમ સાક્ષી તરીકે એક ઘરડી સ્ત્રી પાંજરામાં આવી ઉભી. આ ડોસી અદાલતમાં પહેલીજવાર આવેલી હોવાથી ન્યાયાધીશ વગેરેનો ઠાઠ જોઈ સહજ ભય પામી અને તેનું શરીર કંપવા લાગ્યું. ગૌતમનો વકીલ, આ ડોસી શી જુબાની આપશે તેની કલ્પના કરી શકયો નહીં. કર્ણ અને

વિરોચન આતો કાંઈક નવો ફાર્સ છે, એમ વિચારી અંતરમાં હસવા લાગ્યા. તે વૃદ્ધ સ્ત્રીએ પવિત્ર ધજાને નમન કરી કેવળ સત્ય બોલવાની પ્રતિજ્ઞા લીધી, અને હરિદાસનો વકીલ તેને પ્રશ્ન પૂછવા ઉભો થયો.

"તમારૂં નામ શું?"

"હીરૂ ગોવિંદ"

"તમે શો ધંધો કરોછો?"

"સદાશિવ બાગમાં હું કેટલાક વર્ષ થયા માલણ છું."

આ ઉત્તર સાંભળી ગૌતમનો વકીલ ચોંકયો અને તેણે કર્ણને હળવેથી કાંઈક પૂછયું.

"તમે જયંતિને ઓળખો છો?"—હરિદાસના વકીલે જરા વિચાર કરીને પૂછયું.

"હા, હું તેમને સારીરીતે ઓળખું છું. તેઓ ગૌતમ ગજાનંદનાં પુત્રી થાયછે."—ડોસીએ ઉત્તર વાળ્યો.

"આ બંધવા ગમ દૃષ્ટિ કરો તેને તમે ઓળખો છો?"

"હા, હું તેને પણ ઓળખુંછું. તે જયધ્વજનો પુત્ર હરિદાસ છે."

"તમને તેઓની સાથે કેમ ઓળખાણ થઈ?"

"હું આજ લાંબી મુદ્દત થયાં, ગૌતમ શેઠને ત્યાં દરરોજ સંધ્યાકાળે ફૂલ વેચવા જાઉંછું, અને તેઓના ઘરની સામે હરિદાસને પણ બેઠેલો જોઉંછું. આજ કેટલાક દિન થયા મેં તેને દીઠો નથી."

"તમારે કોઈવાર ગૌતમની પત્નીસાથે હરિદાસના સંબંધમાં કાંઈ વાતચીત થઈ છે?"

"મને તેવું કાંઈ યાદ આવતું નથી."

"હરિદાસને તમે છેલ્લે ક્યાં દીઠો હતો?"

જરાકવાર સુધી તો ડોસીએ કાંઈ ઉત્તર દીધો નહિ પણ, જાણે કાંઇક સ્મરણ કરતી હોય તેમ સ્તબ્ધ બની ગઈ. પ્રશ્ન ફરીથી પૂછવામાં આવતાં તે બોલી—"મને લાગેછે કે મેં તેને છેલ્લી વખત સદાશિવ-બાગમાં ફરતો દીઠો હતો."

"કયે દિવસે?"

"મને એટલીબધી ખબર નથી, તેમ મને બહુ યાદ પણ રહેતું નથી."

"કયે દિવસે તમે તેને દીઠો તે યાદ આવતું ન હોય તો ચિંતા નહિ, પણ વાર જે દિવસે હરિદાસને

તમે સદાશિવ બાગમાં દીઠો તે દિવસે જયંતિને બાગમાં ફરતી તમે ભાળી હતી?"

ડોસી હમણા સુધી તો વારંવાર આસપાસ જોતી હતી, પણ હવે જાણે ગમે તે થાય તોપણ સત્ય બોલવાથી ડરવું નહિ એવો તેણે નિશ્ચય કર્યો હોય, તેમ ન્યાયાધીશો સામે દૃષ્ટિ રાખી બોલી—"હા, તે દિવસે જયંતિને બાગમાં ફરતી મેં જોઈ હતી. તે વખતે હરિદાસ તેની પાછળ પાછળ ચાલ્યો આવતો હતો. કેટલીકવાર હરિદાસ હાથ જોડી કાંઈક કહેતો અને જયંતિ તેને કાંઈકિ ઉત્તર દેતી જણાતી, પણ તે મારા સાંભળવામાં આવ્યું નથી.

"ત્યાર પછી શું થયું?"

"જયંતિ આગળ ચાલી અને હરિદાસ જ્યાંથી આવ્યો હતો તે તરફ પાછો ફર્યો. થોડીજ વાર પછી કાંઈ ગડબડાટ થતી સાંભળી મેં ડોક ફેરવી જોયું તો હરિદાસને બે સિપાઈઓએ પકડયો હતો. સાથે કર્ણ અને એક બીજો ગૃહસ્થ હતો."

"તમે તે વખતે શું કરતાં હતાં?"

"હું તે વખતે ડોલરનાં ફૂલ વીણતી હતી."

આટલા પ્રશ્ન પૂછી હરિદાસનો વકીલ બેસી ગયો, અને ગૌલમનો વકીલ તેને ઉલટપાલટ તપાસવા ઉભો થયો. તેણે ગંભીર મુખમુદ્રાથી પૂછ્યું:—

"તમે જયધ્વજને ત્યાં ફૂલ વેચવા જાઓછો?"

"હા, કોઇકવાર જાઉંછું."

"સદાશિવ બાગમાં જેટલા જણ ફરવા આવેછે તે સર્વ ઉપર તમે ધ્યાન આપોછો?"

"નહિ. હું મારા કાર્યમાં મંડેલી હોઉંછું અને તેથી બીજા ઉપર લક્ષ આપવાની મારી ટેવજ નથી."

"ત્યારે હરિદાસ અને જયંતિ સંબંધે આટલું બધું સૂક્ષ્મધ્યાન આપવામાં શું પ્રયોજન હતું?"

"હરિદાસને જયંતિની પાછળ પાછળ આવતો જોઈ તે શું કરેછે તે માત્ર જોવાની મારી જિજ્ઞાસા થઈ હતી."

આ થોડાક પ્રશ્નો પૂછવાથી પોતાના કુળને લાભને બદલે હાની થયેલી જોઈ આ ડોસીને વિશેષ પૂછવામાં સાર નથી એમ વિચારી ફરિયાદીનો વકીલ બેસી ગયો. તરતજ બીજા સાક્ષીનું નામ બોલવામાં આવતાં એક આધેડ વયનો પણ કદાવર

અને ભલા દેખાવનો પુરૂષ સાક્ષીના પાંજરામાં હાજર થયો. આ પુરૂષને દેખતાંજ કર્ણ ધ્રૂજવા લાગ્યો અને વિરોચનનું વદન કરમાઈ ગયું. તેઓ એકમેકની સામે સ્તબ્ધપણે જોઈ રહ્યા. આ નવા આવનાર સાક્ષીએ પવિત્ર ધજાને મસ્તક નમાવી સત્ય બોલવાની પ્રતિજ્ઞા લીધી. એટલે હરિદાસનો વકીલ અભિજીત તેને પ્રશ્ન પૂછવા ઉભો થયો.

"તમારૂં નામ શું?"

"રામદૂત"

"તમે ક્યાં નોકરી કરોછો?"

"હું સદાશિવ બાગનો દ્વારપાળ છું."

અભિજીતે કર્ણ તથા વિરોચન તરફ આંગળી કરી કહ્યું—"આ કર્ણ અને વિરોચનને બે સિપાઈઓ સહિત બાગમાં પેસતાં તમે જોયા હતા?"

"હા સાહેબ."

"કર્ણ અને વિરોચને તે બે સિપાઈઓને કાંઈક આપ્યું હોય એવું તમારા જોવામાં આવ્યું હતું?"

"હા સાહેબ. તેમણે બેઉ સિપાઈઓના હાથમાં

સુવર્ણ સિક્કાઓની એક એક નાની થડી મૂકી તે મેં જોઈ હતી."

"પ્રત્યેક થડીમાં કેટલા સિક્કા હતા?"

"તેઓએ આ કામ એટલી તો ત્વરાથી કર્યું હતું કે "કેટલા સિક્કા હશે" તે અનુમાન કરવાનો મને અવકાશ મળ્યો ન હતો."

આટલા પ્રશ્ન પૂછી સંતોષદર્શક ચહેરે હરિદાસનો વકીલ બેસી ગયો. હરિદાસ જે પોતાનું નિરપરાધિપણું સિદ્ધ થનાર નથી, એવા વિચારથી નિરાશ થતો આટલા વખત પર્યંત એક ચૈતન્યરહિત પૂતળાની પેઠે ઉભો હતો, તે હવે આ જુબાની સાંભળી સચેતન થયો. તેણે પોતાના વકીલગમ અને તેનીપાસે બેઠેલા પોતાના પિતા તથા મિત્રગમ આનંદની દૃષ્ટિથી જોયું. તેની ખાતરી થઈ કે હવે હું છૂટીશ. અનેક સુખદાયી સંકલ્પ વિકલ્પના પ્રભાવે તેનું મુખારવિંદ વધારે પ્રકાશમય થયું. ચક્ષુનાં પોપચાં જે અર્ધ બીડેલ કમળની પેઠે રહેતાં હતાં, તે હવે વિકાસિત થયાં, અને હૃદય ઉપરથી જાણે

કાંઈ બોજો ઉપાડી લેવામાં આવ્યો હોય, તેમ તે વગર અડચણે શ્વાસ લેવા લાગ્યો.

એકાએક જનસમુદાયની દૃષ્ટિ દ્વાર ભણી દોડી. એક વૃદ્ધ પુરૂષ અંદર દાખલ થતો હતો. તેના મસ્તકના કેશ તદન શ્વેત થઈ ગયા હતા. મુખમુદ્રા મહાગંભીર અને બુદ્ધિમાન હતી. તેના વિશાળ અને તેજસ્વી લલાટ ઉપર ધસેલા ચંદનની ચંદ્રાકાર રેષાઓ પાડેલી હતી, તેથી જાણે ત્યાં સાક્ષાત્ ચંદ્રજ વિરાજમાન થયો હોય તેવું લાગતું હતું. તેનાં નેત્રો તેની આંતર્વૃત્તિનું ભાન કરાવતાં હોય તેમ શરદ્ઋતુના આકાશનીપેઠે સ્વચ્છ હતાં. તેની દીર્ઘ નાસિકા દૃઢપણું દર્શાવતી હતી. તેના મસ્તકનો મધ્યદેશ ક્ષમા દયા આદિક ઉત્તમ ગુણોના ભરાવાનેલીધે ઊંચો થયો હતો. આ મહાજ્ઞાની અને વિદ્વાન પુરૂષનું સન્માન કરવા સર્વ કોઈ ઉભું થયું. ન્યાયાધીશો ન્યાયાસન પરથી ઉતરી તેને સામા લેવા ગયા અને તેને એક ઉચ્ચ આસન આપી સ્વઆસને પાછા બેઠા. હરિદાસે તો સાષ્ટાંગ નમસ્કાર કર્યો.

સર્વ સમાધાન થયું, એટલે ન્યાયસભાનું કામ

આગળ ચાલ્યું. પ્રતિપક્ષીના વકીલે દ્વારપાળને ઉલટ-પાલટ તપાસવાની ના પાડતાં બચાવ તરફના સાક્ષી ચંદ્રકાંતનું નામ બોલાવવામાં આવ્યું. તરતજ એક તરૂણ વયનો અને સુંદર દેખાવનો પુરૂષ જે થોડીજવાર અગાઉ હરિદાસના વકીલની બાજુમાં આવી બેઠો હતો તે સાક્ષીના પાંજરામાં આવી ઉભો. તેણે નિયમાનુસાર કેવળ સત્ય બોલવાની પવિત્ર ધજાને નમન કરી પ્રતિજ્ઞા લીધી અને **અભિજીતે** તેને પ્રશ્ન કરવા માંડ્યા.

"તમે હરિદાસને ઓળખો છો?"

"હા, હું તેનો એક પરમમિત્ર છું."

"તમારે તેની સાથે ક્યારની ઓળખાણ છે?"

"મેં વિશ્વભેદની પાંચ ભૂમિકાઓ પૂર્ણ કરી છે, અને હરિદાસ જ્યારથી એ મંડળીમાં દાખલ થયો ત્યારથી હું તેને ઓળખુંછું."

"ઠીક. હરિદાસને તમે છેલ્લે ક્યારે મળ્યા હતા?"

"છ દિવસ અગાઉ હું તેને બંધીખાનામાં મળવા ગયો હતો."

"તે વખતે હરિદાસે તમને શું કહ્યું?"

"લો. હું તેના શબ્દે શબ્દ તમને કહી સંભાળાવીશ." તેણે કહ્યું—"હું સદાશિવબાગમાં જયંતિની પાછળ પાછળ જતો હતો, ત્યારે ત્યાં હીરૂ નામની માલણ કાંઈક ફૂલો વીણતી હતી. તેણે અમને જોયા હશે એમ હું ધારૂંછું, પણ પ્રથમ તપાસવેળા તે વાત મને યાદ આવી ન હતી, માટે તમે મારા પિતાશ્રીને અપીલ દાખલ કરવા અને તેમાં હીરૂની સાક્ષી નોંધાવવા કહેજો." તેણે આ પ્રમાણે કહ્યું કે તરતજ હું તેના પિતા જયદેવજને મળ્યો અને સર્વ વાત કહી. ત્યારપછી હરિદાસનું નિર્દોષપણું સાબેત કરનારા કેટલાક પુરાવા મેં પણ સંગ્રહ કર્યા છે."

"અને તે શા પુરાવા છે?"—અભિજીતે પોતાની મૂછ પસવારતાં પૂછ્યું.

"કાર્તિક શુદ્ધ ૧૩ શુક્રવારે વિદુર સૂર્યપ્રભા નામના મારા મિત્રને મળવા અર્થે હું ચંદ્રનગર ગયો હતો. ત્યાં સોળ દિવસ રહી અહીં આવ્યો, ત્યારે હરિદાસને બે વર્ષના બંધનની શિક્ષા થઈ છે, એ શોચનીય સમાચાર મારા જાણવામાં આવ્યા. હું

તરતજ તેને મળવા ગયો. તે કેવળ નિર્દોષ છે એવી મારી નિઃશંક માન્યતા હતી, તેમાં હરિદાસે પણ એજ કહ્યું ત્યારે મારી નિઃશંકતા દુપટ થઈ. તે એક નીચ કાવતરાંનો ભોગ થઈ પડયો છે, એવી મારી ખાતરી થઈ, અને તેને મારા તન-મન-ધનથી સહાયતા આપવાનું વચન આપી હું ત્યાંથી ચાલતો થયો. સદાશિવ બાગમાં જઈ હું હીરૂ માલણને મળ્યો, અને હરિદાસે જયંતિને સ્પર્શ સરખો પણ કર્યો નથી, એ તેને મુખે જાણી અત્યંત હર્ષને પામ્યો. હું ત્યાંથી નિકળી ઉતાવળે ચાલતો હરિદાસના વકીલ અભિજીતને ત્યાં ગયો, અને હરિદાસની અપીલ વખતે હીરૂના સાક્ષી નોંધાવવાનું કહી ચાલતો થયો. ત્યારપછી આજપર્યંત હું અનેક ઠેકાણે ભાટકયો, અનેક ખોળ કરી, પણ હરિદાસની તરફેણ કરનારી વિશેષ બાબતો હું મેળવી શકયો નહિ. આજે હરિદાસની અપીલ છે, તેમાં તે છૂટશે કે નહિં, એ સંશયયુક્ત વિચારોથી મને પૂરી ઉંઘ પણ આવી નહિ. હું ઘણો વહેલો ઉઠયો, અને મારા વિખરાયેલા વિચારો એકસ્થ

કરવા અર્થે નીચે ઉતરી ખુલ્લી હવામાં ફરવા લાગ્યો. મને એક નવીન યુક્તિ સૂઝી. તે વખતે નવ વાગ્યા હતા. હું ત્વરાથી ઉપર ગયો, અને બહાર જવાનાં વસ્ત્રો પહેરી નીચે ઉતર્યો. ત્યાંથી એક પવનગાડી ભાડે કરી સમ્રદ્ધાર રસ્તા ઉપર આવી પહોંચ્યો. આ વખતે પંદર વીશ માણસો ન્યાયગૃહની સમીપમાં કોઈ ફરતાં, કોઈ બેઠાં હતા. હું જે માણસોની ખોળ કરતો હતો તેઓ ત્યાં હજી આવ્યા નહોતા. હું અર્ધ કલાકસુધી આમ તેમ ફર્યો, એટલામાં સામેથી બે જણને પવનગાડીમાં આવતા મેં દીઠા. થોડીક વારમાં તેઓ આવી પહોંચ્યા, અને વાહનમાંથી ઉતરી અદાલતની સામે આવેલા વૃક્ષની શીતળ છાયામાં બેઠા. આ બે જણ તે બીજા કોઈજ નહિ પણ કર્ણ અને વિરોચન હતા. મારી નવીન યુક્તિ એટલીજ હતી કે તેઓ પરસ્પર શી વાતો કરેછે, તે સાંભળવાની તક મેળવું, અને તેમાંથી હરિદાસના કેસઉપર જે નવો પ્રકાશ પડે તેનો લાભ લઉં. તેઓ મને ન્યાય સમક્ષ ખોટો પાડી ન શકે માટે મારી સાથે હું આ "શબ્દલેખક" પેટી લઈ ગયો હતો, તેમાં

એ ઉભયની વાતચીતનો અગત્યનો વિભાગ પકડાઈ રહ્યો છે." "

આ જુબાની સાંભળી જનસમુદાય મહાઆશ્ચર્ય પામ્યું, અને હરિદાસના મિત્ર ચંદ્રકાંતની સ્તુતિ કરવા લાગ્યું. હરિદાસના નિર્દોષપણાની તેઓને નિઃશંક ખાતરી થઈ. હરિદાસને તો જાણે પોતે મુક્ત થયો હોય, અને બહારની ખુલ્લી હવામાં યથેચ્છા ફરતો હોય, એવું ભાસવા લાગ્યું. જયદેવજે જાણ્યું કે હવે મારી આબરૂને લાગેલો કાળો ડાઘ ધોવાઈ ગયો છે. કર્ણ આદિક પ્રતિપક્ષી જનોનાં વદન શ્યામતા યુક્ત થઈ ગયાં, અને ગૌતમ કોઈ મહાકષ્ટના ભારતળે દબાતો હોય તેમ, અર્ધ નમી પડ્યો.

ન્યાયાધીશોએ આજ્ઞા કરી એટલે તે શબ્દલેખક પેટી તેમની સન્મુખ ધરી કળ દાબવામાં આવી. તરતજ કર્ણ અને વિરોચન વચ્ચે થયેલી વાતચીત કે જેથી વાંચનાર અજાણ્યો નથી તેનો શબ્દ તેમાંથી નિકળવા લાગ્યો. સમીપ બેઠેલાઓએ પેટીમાંથી નિકળતો અવાજ કર્ણ અને વિરોચનનોજ છે એમ ઓળખી કાઢ્યું.

"હવે કોઈ નવીન સાક્ષી છે?"—ન્યાયાધીશોએ હરિદાસના વકીલને પૂછ્યું.

"હા સાહેબ. વિશ્વભેદ મંડળીના મહાગુરૂજી હરનાથ મહારાજ હરિદાસના સદ્‌વર્ત્તનની ખાતરી આપશે."

તરતજ ન્યાયાધીશોની બાજુમાંજ ઉચ્ચ આસને બેઠેલા વૃદ્ધ હરનાથજીએ કહ્યું—"વિશ્વભેદ મંડળીમાં દાખલ થયે હરિદાસને અનુમાન ચાર વર્ષ થવા આવ્યાં છે, ત્યારથી હું તેને સારી રીતે ઓળખું છું. તે સદાચાર પાળનારો, નીતિવિષે પ્રીતિમાન, સત્ય બોલવામાં સુદૃઢ, અને આજ્ઞા પાળવામાં અડિગ્ગ જણાયો છે."

ચંદ્રના દર્શનથી જેમ સમુદ્ર પોતામાં ને સમાય, તેમ હરનાથજીએ કરેલી પ્રસંશા સાંભળી હરિદાસનો આનંદ હરિદાસમાં સમાતો નહોતો. થોડીજવાર અગાઉ જે વદન કૃષ થઈ ગયું હતું, તે હવે સૂર્યને દેખી કમળ પ્રફુલ્લિત થાય તેમ પ્રફુલ્લિત થયું. પૂર્ણ વિકાસને પામેલા તેનાં નેત્રોમાંથી આનંદનાં કિરણો નિકળતાં હતાં.

હવે મુકદ્દમો પૂર્ણ થયો, એટલે ન્યાયાધીશોએ પડેલી જુબાની ઉપર કેટલીક વાર વિચાર કરી ચુકાદો સંભળાવવા માંડયો:—

"ગઈ વખતે પડેલી જુબાની કરતાં આ વખતની જુબાની કેવળ જુદા પ્રકારની નિવડી છે. સદાશિવ બાગમાં **હરિદાસ જયંતિ**ની પુંઠે પુંઠે ગયો હતો પણ **જયંતિ** સાથે અમર્યાદપણે વર્ત્યો નથી, એ વાર્તા **હીરૂ** માલણની જુબાની ઉપરથી સિદ્ધ થાયછે. **હરિદાસ** સદ્વર્ત્તનવાળો છે એવી મહાગુરૂજીએ આપેલી જુબાનીમાં યત્કિંચિત્ પણ સંશય આણવાનો અવકાશ નથી. અંતે સત્યનો જય અને અસત્યનો ક્ષય, એ મહાનપુરૂષોના કથનાનુસાર એક નિર્દોષ બંધુનું દોષરહિતપણું સિદ્ધ થયેલું જોઈ, અમને આનંદ થાયછે. **હરિદાસ**ને થયેલી શિક્ષામાંથી અમે મુક્ત કરિએ છિએ, અને એક નિર્દોષઉપર ખોટો આરોપ મૂકવા તથા સરકારી નોકરોને લાંચ આપવા બાબત **કર્ણ ગજાનંદ** ઉપર રીતસર કામ ચલાવવાને અમે રાજ્ય વકીલને સૂચન કરિયે છિયે."

લગભગ સંધ્યાકાળ થવા આવ્યો હતો, એટલે

અદાલતનું કામ સમાપ્ત કરવામાં આવ્યું. પ્રજાજન એકપછી એક ન્યાયગૃહમાંથી બહાર જવા મંડયું. હરિદાસ પણ હરનાથ મહારાજને દંડવત્ પ્રણામ કરી પોતાના પિતા, વકીલ અને ચંદ્રકાંત સહિત બહાર નિકળ્યો. અહિં તેના કેટલાક મિત્રો તેને હર્ષથી ભેટયા. અભિજીતનો તથા ચંદ્રકાંતનો ઉપકાર માની, તથા પોતાના પિતાને સવિનય નમસ્કાર કરી, તેઓની સાથે ઘેર જવાને બદલે હરિદાસ કેવળ જૂદેજ માર્ગે ચાલ્યો.

પ્રકરણ ૫ મું.

ટપાલનો કાગળ.

ગયા પ્રકરણના બનાવને આઠ દિવસ થઈ ગયા, અને હનુમાનચોક નામક રસ્તાની સામેથી એક પવનગાડી સાધારણ વેગથી ચાલી આવતી હતી. દશ માળયુક્ત એક સુંદર ઘર આગળ તે ગાડી ઉભી રહી, અને તેમાંથી લગભગ ૧૪ વર્ષની વયની એક કુમારિકા હેઠે ઉતરી.

તેણે પીળા રંગની સાડી પહેરી હતી. વદન પૂર્ણિમાના ચંદ્રસમાન ઉજ્વળ હતું. કેશ ભ્રમરોની પાંખ જેવા કાળા, અને ચળકાટયુક્ત હતા. નેત્રો કમળ ફૂલની શોભાને, અને હોઠ પરવાળાના રંગને વિસરાવતા હતા. હંસસમાન તેની ડોકમાં પહેરેલો મોતીનો હાર જાણે તેના દંતની શ્વેતતા, સ્વચ્છતા, અને એકસરખાપણાથી લજાતો હોય, તેમ સાડીના પડતળે અર્ધ સંતાઈ રહ્યો હતો. વીણાસમાન મધુર સ્વરવાળી અને અનેક આભૂષણોના યોગથી સાક્ષાત્ લક્ષ્મી જેવી લાગતી આ કુમારિકા મનોહર ઝંકારયુક્ત ગમન કરતી આગળ વધી, અને વાયુચક્રની સહાયતાથી ચડઉતર કરતા ઘરના પાટલા ઉપર આવી ઉભી. તરતજ તે પાટલો ઉપર ચડયો, અને આ સ્વરૂપવાન કન્યા ચોથા માળના દ્વાર આગળ ઉતરી અંદર પેઠી.

પ્રિય વાંચકવૃંદ આ **જયંતિ** હતી. દિવાનખાનામાં તેની મા અને ભાભી એક સગડીપાસે બેશીને તાપતાં હતાં. સમીપમાં એક વૃદ્ધ દાસી ઉભી હતી.

ગૌતમને તેના પિતાતરફથી વારસામાં ઘણું ધન

મળ્યું હતું અને ત્યારપછી વ્યાપાર ઉદ્યોગથી તેમાં ઘણી વૃદ્ધિ થઈ હતી. તે લક્ષાધિપતિમાં ખપતો હતો. ઘરનું રાચરચીલું તેના શ્રીમંતપણાની સાખેતી આપતું હતું.

ભોંય ઉપર ઉંચા પ્રકારનો ગાલીચો પાથરેલો હતો. દિવાનખાનાના મધ્યમાં એક સુંદર કારિગરીનો મેજ હતો, તેની આસપાસ મખમલની ગાદીવાળી કુરસીઓ ગોળાકાર ગોઠવેલી હતી. ઉપરથી પારદર્શક ધાતુનું એક શોભાયમાન ઝુમ્મર લટકી રહ્યું હતું, તેમાં રાત્રે વિજળીની રોશની કરવામાં આવતી હતી. દિવાનખાનાની પ્રત્યેક ભીંત આગળ એક નાનો મેજ અને તે ઉપર સુગંધમય ફૂલોથી ભરેલાં ફૂલદાન રાખેલાં હતાં. ગાયન કરનારાં પક્ષીઓનાં પાંજરાં અને હીરના રંગ બેરંગી પડદાઓ બારીઓમાંથી લટકતા હતા. ભીંતઉપર ટાંગેલાં વિવિધ પ્રકારનાં ચિત્રો, સામે આવેલી આરસીઓમાં પ્રતિબિંબિત થતાં હોવાથી દિવાનખાનાનો દેખાવ મહાભવ્ય થઈ રહ્યો હતો.

જયંતિની માતાનું નામ કુબ્જા અને ભાભીનું

નામ **ચંચળા** હતું. સાસુવહુનો સ્વભાવ મળતો હોવાથી પરસ્પર આનંદ વર્ત્તતો હતો. તેઓ સાધારણ લખતાં વાંચતાં શીખ્યાં હતાં.

કુબ્જાની ઉમર ચાળીશ વર્ષની થવા આવી હશે. તેને ધનનો મદ ઘણો હતો, તેથી પોતાથી ઉતરતા જનો સાથે તે તોછડાઈથી અને દુષ્ટસ્વભાવથી વર્ત્તતી હતી.

ચંચળાને પોતાની ખુબસુરતીનો ગર્વ હતો. મુખ ગૌર અને ગાલ ગુલાબી રંગના હતા. કાળા હીરસમાન કેશની લટો ઘણી સંભાળથી ગોઠવેલી હતી. આંખો પ્રકાશિત પણ તેના નામ અનુસાર ચંચળ હતી. આસપાસ ટાંગેલી આરસીઓમાં વારંવાર પોતાને નિહાળીને તે સંતોષ પામતી હતી. વસ્ત્રાલંકારો સંબંધમાં બહુ કાળજીવાળી અને ખરચાળુ હતી. સ્વભાવે કેટલીકવાર ઉતાવળી અને ચિરડાઉ હતી. તેની વાતચીત અને ચાલહાલમાં પણ ગર્વ સમાયેલો હતો. સંક્ષેપમાં એટલુંજ કહીશું કે તે ગર્વની પ્રતિમા હતી.

જયંતિ ઉમરે નાની પણ સમજશક્તિમાં મોટી

હતી. સ્ત્રીઓએ કેળવણી લેવાની અગત્ય તે સારી રીતે જાણતી હતી અને તેથીજ તેણે સારો વિદ્યાભાસ કર્યો હતો. અવકાશના સમયે નિરૂપયોગીપણે બેસી રહેવા કરતાં કાંઈ શીવવા–ભરવાનું અથવા ઉત્તમ પ્રકારનાં પુસ્તકો વાંચવાનું તે વધારે પસંદ કરતી હતી. સ્ત્રી-ધર્મ-બોધક અનેક પુસ્તકોનું તેણે અવલોકન કર્યું હતું; તેથી સ્વભાવે શાંત, મળતાવડી, અને સત્ય બોલવામાં પ્રીતિવાળી થઈ હતી. અર્થાત તેનું અંતઃકરણ અનેક સદ્ગુણરૂપી રત્નોના ભંડારરૂપ હતું. તે પ્રસન્ન સ્વભાવવાળી અને માયાળુ હોવાથી ઘરની દાસીઓ અને ચાકરો તેને બહુ ચાહતા હતા. માબાપની તે બહુ લાડકી હતી, પણ તેમના લાડનો તે કદી પણ ગેરઉપયોગ કરતી નહિં.

જયંતિ તરતજ પાસે આવીને બેઠી એટલે તેની માએ તેને પૂછ્યું—"કેમ, નર્મદા સાથે ન આવી?"

"ના માતાજી, મારા માસા ઘરમાં નહોતા એટલે થોડીવાર રહીને આવીશ એમ મને કહ્યું."

"માસીજી તો મોટા સુધારાવાળાં થયાં એટલે પતિની આજ્ઞાવગર બહાર કેમ નિકળે? બળ્યું વાતની

વાતમાં પતિની આજ્ઞા તે શી લેવાની હોય!"—ચંચળા ટકોરમાં બોલી.

"ભાભીબાઈ, માસીની એ ચાલ સ્ત્રીધર્મને અનુસરતી છે. પતિની આજ્ઞા લેવાને પત્ની બંધાએલી છે."—જયંતિએ કહ્યું—"સ્ત્રીધર્મદર્શન નામનું માસિક ચોપાનિયું આપણે ત્યાં આવેછે, તેના કાર્તિક-મહિનાના અંકમાંજ એ વિષય બહુ વિસ્તારથી ચરચેલો છે, તમારે વાંચવું હોય તો લાવી આપું."

"નારે બાઈ, મને તો વાંચવાનું કે કાંઈ સૂઝતું નથી."—ચંચળા આ અણગમતી વાત પડતી મૂકવા બોલી.

"મુવા લાજ વગરના હરિદાસ ઉપર ખોટો આરોપ મૂકવા માટે તારા ભાઈને કેદખાનું મળ્યું છે, ત્યારથી તારી ભાભીના ચિત્તને શાંતિ નથી."—કુબ્જાએ જયંતિ પ્રત્યે કહ્યું.

"હા માતાજી, એ બનાવથી તો મારા પિતાજીને, તમને, અને મને પણ ક્યાં ઓછું લાગેછે? બાર દિવસના બંધનની શિક્ષા થઈ છે. તેમાંથી આઠ તો ગયા, હવે માત્ર ચાર દિન રહ્યા. પણ માતુઃશ્રી,

ભાઈની શરીરપ્રકૃત્તિ ગઈ રાત્રે બગડી આવ્યાના સમાચાર મળ્યા પછી તેમની ખબર કાઢવા કોઈ ગયું છે?"

"હા. તારા પિતા ક્યારના ગયા છે. હવે આવવા જોઈએ."

આ વખતે દરવાજો ઉઘડ્યો અને હાથમાં કાગળ લઈ એક ચાકર ઉપર આવ્યો.

"શું લાવ્યો? ગોપાળ!"—શેઠાણીએ ઉંચે સાદે પુછ્યું.

"બાઈસાહેબ, ટપાલનો સિપાઈ આ કાગળ આપી ગયો છે."—ગોપાળ પ્રત્યુત્તર આપી જતો રહ્યો.

"જો તો, એ પત્ર કોના ઉપરનો અને કયા ગામથી આવ્યો છે?"—કુબ્જાએ તે પત્ર જયંતિને આપતાં કહ્યું.

"સરનામું પિતાશ્રીના નામનું છે, અને ટપાલની છાપ માયાપુરીની છે."—જયંતિ અવલોકન કરી બોલી.

"ઠીક, તારા કાકાનો લખેલો હશે."—કુબ્જાએ અનુમાન કર્યો.

"ના માતાજી, સરનામું મારા કાકાશ્રીના હસ્તાક્ષરનું નથી, પછી તો કોણ જાણે."

"હશે, રાખ. શેઠ આવે ત્યારે આપજે. હજી તારા પિતા કેમ આવ્યા નહિ. રખેને કર્ણો વધારે માંદો તો નહિ થયો હોય?"—એમ કહી કુબ્જા ઉભી થઈ અને બારીએ ડોકાઈ જોવા લાગી.

"શેઠ હજી તો આવતા દેખાતા નથી."—તે નિશ્વાસ નાખી બોલી—"જ્યારે જોઉં છું ત્યારે બેશરમો હરિયો સામે ને સામેજ બેઠો છે. મુવો ત્યાંથી ખસતોજ નથી, જાણે તપ માંડીને બેઠો છે."

"જુઓ તો ખરા! કેદમાં જઈ આવ્યો તોએ તેને નાક ન આવ્યું, તે વળી છૂટયો તે દિનથી પાછો અહિંને અહિંજ. એમ શું મારી નણંદ રેઢી પડી છે તે તેને આપીશું?"—ચંચળા બોલી ઉઠી—"રીતસર માગું મોકલતો હોય તોય કાળું માથું."

"માગું તો એના બાપે ઘણીવાર મોકલ્યું,"—કુબ્જા નસકોરાં ફૂલાવી દમામમાં બોલી—"હરિદાસે પોતે પણ વારંવાર એ સંબંધી માગણીઓ કરી, પણ આપેછે કોણ! નામ દેતાં પણ પાપ લાગે

એવી નીચ 'વિશ્વભેદ' મંડળી સાથે સંબંધ રાખનારા-ઓ ઉપર તો શેઠને બહુ દાઝ છે. અનુમાન ચાર વર્ષ અગાઉ મારો જ્યેષ્ઠ પુત્ર—

"હા, મને પણ જ્યારે એ વાત યાદ આવેછે,"—**ચંચળા** વચમાંજ બોલી ઉઠી—"ત્યારે મને કંપારી છૂટેછે. આવી દુષ્ટ અને ક્રૂર સમાજનું સત્યાનાશ વળજો."

"એ ગુહ્યમંડળી પ્રત્યે પિતાશ્રીને પૂર્વથીજ તિરસ્કાર હતો, તેમાં **દુઃશાસન**ના બનાવ પછી અભિવૃદ્ધિ થઈ છે,"—**જયંતિ**એ ખુલાસો કર્યો—"બલકે તે મંડળીવિષે એમને વૈરબુદ્ધિ થઈ છે એમ કહિયે તો પણ ચાલે."

આ વખતે **ગંગાદાસી** બારીએ ઉભી હતી તે શેઠાણી પાસે આવી ધીમા સાદે બોલી—"બાઈ સાહેબ, **નર્મદાબાઇ** ચાલ્યાં આવેછે. થોડીવાર તો તેમણે ઉભા રહી **હરિદાસ** સાથે કાંઈ વાતો કરી, અને—

"શી વાતો કરી?"—**ચંચળા**એ પૂછ્યું.

"શી વાત કરી તે અહિંથી તે કેમ સંભળાય,

પણ તેને જોઈને કાંઈક ખુશી થયાં હોય એવું તેમના મોઢાઉપર દેખાતું હતું."

"હરિદાસ છૂટયો એથી તો માસીજીએ આધણી પેઠે શોકગ્રસ્ત થવું જોઈએ, તેને બદલે ખુશી થયાં એ કેમ બને! વળી—

ચંચળા હજી આગળ બોલવા જતી હતી ત્યાં તો આસરે ત્રીશેક વર્ષની વયની એક સુંદર અબળાએ ઉંબરામાં પગ મૂકયો. તે મધ્યમ કદની અને દેખાવે તથા બોલવે સકોમળ હતી. કપાળ સ્વચ્છ અને ઊંચું હોવાથી સરસ્વતીદેવીના આસનરૂપ લાગતું હતું. તેનાં નિર્મળ નેત્રો સભ્યતા, પ્રસન્નતા, અને પતિવ્રતતાદિક શ્રેષ્ઠ ગુણોનું ભાન કરાવતાં હતાં. તે હસતી મુખાકૃતિ સહિત આગળ વધી, અને બોલી—"પૂજ્ય બેન, આજ તમારા દર્શન થયે ઘણા દિન થયા. હું કયારની આવવાનો સંકલ્પ કરતી હતી, ત્યાં તો આજે **જયંતિ** બોલાવવા આવી. હું ત્વરિત આવત પણ લગાર વિલંબ થયો તે ક્ષમા કરશો. વારૂ કર્ણને હવે કેમ છે?"

"કાંઈ ખબર પડી નથી."—**કુબ્જા** સહજ ઉદાસ

અવાજે બોલી—"હજી તેના પિતા આવ્યા નથી; આવે ત્યારે ખબર પડે."

"**ચંચળા,**"—**નર્મદા** તેની ગમ દૃષ્ટિ કરી બોલી—"રામેશ્વરથી કાગળપત્ર આવેછે કે કેમ?"

"હા માસીજી. પાંચ દિવસ અગાઉ મારા પિતાનો પત્ર હતો."

"સર્વ છે તો ક્ષેમ કુશળ કે?"

"હા, ઈશ્વરકૃપાથી બધાં આનંદમાં છે."

"પણ **નર્મદા,** મારે તને એક અગત્યની વાત પૂછવી છે. મારી સાથે અંદરના ઓરડામાં આવ."—**કુબ્જાએ** ઉભા થતાં કહ્યું.

"ચાલો બેન,"—એમ કહી **નર્મદા** પણ સતરંગી ઉપરથી તરતજ ઉભી થઈ.

"માતાજી,"—**જયંતિએ** નમ્રતાથી કહ્યું—"તમારે પરસ્પર કાંઈ ખાનગી વાતો કરવી હોય તો હું અને ભાભી અહિંથી અંદર જતા રહિયે. તમે સુખે અહિંજ બેસીને વાત કરો."

"ના, ના. અમને ત્યાં વધારે ઠીક પડશે."—એમ બોલતી **કુબ્જા નર્મદાને** લઈ પોતાના ઓરડા-

માં પેઠી. 'લોહચુંબકની સહાયતાથી ગતિમાન થતા એક હીંડોળા ઉપર બન્ને બેઠાં.'

"નર્મદા, તું ધનંજયને ઓળખેછે, નહીં વારૂ?"-કુબ્જાએ ધીમા સાદે પૂછયું.

"તમે કયા ધનંજયવિષે પૂછોછો?"

"આટલા ટુંક સમયમાં જ વિસરી ગઈ? પેલો ચંદ્રનગરનો નગરશેઠ—

"હા, હા, મને હવે સ્મરણ થયું. ક્રોડાધિપતિ ધનંજય શંખમુખવિષે તમે પૂછોછો, ખરૂં કે?"— એમ કહીને આ ક્રોડાધિપતિનું તે શું કામ પડયું 'હશે,' એવા વિચારથી આશ્ચર્ય પામતી નર્મદા પોતાની મોટી બેન ગમ જોવા લાગી.

"હા, એજ. નર્મદા, મારા આ પ્રશ્નથી તું બહુ વિસ્મય પામી લાગેછે!"

"હા બેન, એ મહાનીચ માણસનું તમારે શું પ્રયોજન હોય તે હું સમજી શકતી નથી."

"પણ મારી સંપૂર્ણ વાત તો સાંભળ. ઉતાવળી કાં થાયછે? આપણે તેની સાથે ક્યાં કામ છે. મારે

એટલુંજ પૂછવું છે કે એ કોડાધિપતિ કહેવાયછે એ વાત સત્ય છે કે નહીં?."

"એ વાત યથાસ્થિત છે. બીજું?"

"**જયંતિ** હવે યોગ્ય ઉમરની થઈ છે, અને તેથી **ધનંજય**ના પુત્ર **પ્રભાકર** જોડે તેનું સગપણ કરવા મેં સંકલ્પ કર્યો છે."

"અરરર! વ્હાલી બેન, એ વિચાર તમારે સ્વપ્ને પણ કરવો જોઈતો નથી."—**નર્મદા** મહા ખેદ સહિત બોલી—"**જયંતિ**નું જીવતર તમે સ્વહસ્તે બગાડવા ધારો છો એ મહા શોચનીય છે."

"પણ **નર્મદા**, તેં લાંબો વિચાર કર્યો લાગતો નથી. તું નથી જાણતી કે તે દેખાવે સુંદર છે, ઉમરે યુવાન છે, અને વળી એક કોડાધિપતિનો વારસ છે? પછી બીજું શું જોઈએ!—આ છેલ્લા શબ્દો **કુબ્જા** વિશેષ ભાર સહિત બોલી, કારણકે તેના વિચારપ્રમાણે ધન એ સર્વ ગુણોમાં પ્રધાન ગુણ હતો.

"પૂજ્ય બેન, હું **જયંતિ**નો અવતાર ધૂળધાણી કરવાની તરફેણમાં નથી."—**નર્મદા** ગદગદ કંઠે બોલી—"બે વર્ષ અગાઉ મારી સુપાત્ર નણંદના

લગ્ન પ્રસંગે હું **ચંદ્રનગર** ગઈ હતી, ત્યાં અમે **ધનંજય**ની પાડોશમાં એક આખો મહિનો રહ્યાં હતાં, તેથી **ધનંજય**, **પ્રભાકર**, અને તેમના સર્વ કુટુંબ સંબંધી હું પૂર્ણ માહિતી ધરાવું છું. **પ્રભાકર**, **જયંતિ**ને યોગ્યનો વર નથી. વ્હાલી બેન, ખરૂં જાણજો કે એ સંબંધમાંથી વ્યથાનાં વૃક્ષો સિવાય બીજું કાંઈ ઉત્પન્ન થનાર નથી. **જયંતિ** જેવી કુલીન, મર્યાદશીળ, અને વિદ્યાસંપન્ન કુમારિકાનો હાથ એક નીચ કુળના, અમર્યાદ, વ્યભિચારલંપટ, અને વિદ્યાશૂન્ય પુરૂષને આપશો ! નહીં, નહીં. એવું અનર્થ કરશો નહીં. સત્ય જાણજો કે માત્ર દ્રવ્યસમૂહ સુખનું સાધન નથી. માત્ર શ્રીમંત પતિ પ્રાપ્ત થયાથી **જયંતિ** કૃતકૃત્ય થશે, એવો દોષયુક્ત વિચાર સંગ્રહશો નહીં. એવા એક મૂઢ, દુરાચરણી, અને કુપાત્ર પુરૂષ કરતાં તો વિવેકમાન, બુદ્ધિમાન, અને કુળદીપક, એવો **હરિદાસ** સહસ્ત્રવાર, ના, એક લક્ષ ગણો વધારે—

"બસ, બસ,"—**કુબ્જા** સહજ ક્રોધાવેશમાં બોલી ઉઠી—"મારે તારા બોધની કે વ્યાખ્યાનની

ઇચ્છા નથી. 'વિશ્વભેદ' મંડળીસાથે સંબંધ રાખનાર પુરૂષનું નામ તારે આજપછી મારી આગળ ક્વચિત્ પણ ઉચ્ચારવું નહિં. **હરિદાસ** જેવા નિર્લજ્જને હું **જયંતિ** આપું, એ કેવળ અસંભવિત છે. હા, હું હવે સમજી. અહિં આવ્યા અગાઉ તું **હરિદાસ** સાથે વાતચીત કરવા ઉભી હતી તેનો ભાવાર્થ હવે મારા લક્ષમાં આવ્યો."

"જ્યેષ્ઠ બેન, આમ ક્રોધ શાખાતે કરોછો?"—**નર્મદા** નમ્રતાથી બોલી—"તમે મારી સંમતિ પૂછી અને તે મેં નિષ્પક્ષપાતપણે આપી. ઉપરાંત પણ મારા કહ્યા અનુસાર ચાલવાને તમે ક્યાં બંધાયેલાં છો? તમારી સાથે આ વાત કરવાનું મેં **હરિદાસને** હમણા વચન આપ્યું હતું, તેથી—

"તે તો હું ક્યારની સમજી ચુકી છું. તું અને તારો પતિ વિશ્વભેદમાં દાખલ થયેલાં છો, એટલે તમને બધા વિશ્વભેદવાળાજ ગમેછે."—આ પ્રમાણે બોલતાં **કુબ્જા** હિંડોળા ઉપરથી ઉઠી અને હસતે ચહેરે બોલી—"**નર્મદા**, મને તારા ઉપર લેશપણ ક્રોધ ચડયો નથી. આજની વાત તું **જયંતિ**

આગળ કહીશ મા હો. હરિદાસ તને પૂછે તો તેને કહી દેજે કે જયંતિની આશા રાખવી નહિ. જયંતિને વિષપાન કરવા દઈશ પણ હરિદાસની પત્નિ કદીપણ થવા દેનાર નથી, માટે તેનામાં બુદ્ધિનો જરાપણ અંશ હોય તો તેણે આ દુરાગ્રહ અને નિર્લજ્જપણું મૂકી, આ ગૃહની સામે રાત્રદિવસ બેસી રહેવાનું માંડી વાળવું. ચાલ, હવે આપણે દિવાનખાનામાં જઈએ, જેથી જયંતિના પિતા આવ્યા હોય તો કર્ણની શરીરપ્રકૃતિના ખબર મળે."

આ બેઉ બેનોના સ્વભાવમાં કેટલો અંતર હતો! એક દ્રવ્યને સર્વસ્વ ગણતી ત્યારે બીજી સદ્‌ગુણને ચહાતી હતી. એકનો જ્યારે ઉછાછળો સ્વભાવ હતો ત્યારે બીજી ધૈર્યવાન હતી. એક ક્રોધી ત્યારે બીજી નમ્ર હતી. એક અભિમાનથી ભરેલી ત્યારે બીજી નિર્અભિમાનપણાની મૂર્ત્તિ હતી. જ્યેષ્ઠબેન અસત્ય ભાષણ કરવામાં લેશપણ સંકોચને પામતી નહિ, ત્યારે નાની બેન સત્યનું સેવન કરવામાં સદા તત્પર હતી. વિદ્યા અને સત્સંગ શું શું કરી શકેછે તેનો આ એક જીવતો અને ઉત્તમ દૃષ્ટાંત છે.

કુબ્જા અને **નર્મદા** તરતજ ઓરડીમાંથી બહાર નિકળી, અને તેઓ વચ્ચે જાણે કોઈ પણ ગંભીર પ્રકારની વાતચીત થઈજ નહોય, તેમ સ્વસ્થ મુખમુદ્રાથી દિવાનખાનામાં આવી બેઠી. હજી **ગૌતમ** આવ્યો નહોતો, તેથી થોડીવાર સૂધી સાધારણ પ્રકારના ગપાટા મારી, "હવે અગિયાર વાગવા આવેલા હોવાથી ભોજન સમય થયોછે" એમ કહી **નર્મદા** ઉભી થઈ, અને જવાની આજ્ઞા માગી. તે તરતજ હેઠે ઉતરી.

હરિદાસ જે તેની વાટ જોતો આમ તેમ ફર્યા કરતો હતો, તે **નર્મદાને** આવતી જોઈ તેની આગળ ગયો અને મહા નમ્રતા સાથે પૂછ્યું—"**નર્મદા** બેન, તમારી વાતનું આનંદજનક પરિણાંમ આવ્યું નથી, એમ હું તમારી મુખાકૃતિ ઉપરથી અનુમાન કરૂંછું. મારી વિનતિનો જે ઉત્તર મળ્યો હોય તે સર્વ મને કહો."

"**હરિદાસ,** હું તમારા ઉત્તમ ગુણોથી ધણી પ્રસન્ન છું. હું તમને મારા ભાઈ સમાન ગણુંછું અને તેથી પ્રત્યેક પ્રકારે સહાયતા આપવામાં બંધાએલા

ધર્મઅનુસારૂ વર્ત્તુંછું. મેં કુબ્જાને બહુ બહુ સમજાવી, પણ તે એક ટળીને બે થાય તેમ નથી. આપણું શ્રેય સાધનારી અને મનુષ્ય માત્રનું કલ્યાણ કરનારી, એવી આપણી વિશ્વભેદ મંડળી પ્રત્યે તેને મહા તિરસ્કાર હોવાને લીધે તે **જયંતિ**ના વિવાહ તમારી સાથે કરનાર નથી. અજ્ઞાનથી અંધ થયેલી **કુબ્જા** શ્રેષ્ઠ અને નેષ્ટ વચ્ચેનો ભેદ કલ્પિ શકતી નથી. ભાઈ **હરિદાસ**, મારૂં માન્ય કરો તો **જયંતિ** ઉપરથી ચિત્તને ખેંચી લ્યો. જેમ જળમથનથી ધૃતની આશા નિષ્ફળ છે, તેમ તમારો આ પ્રયત્ન મને વ્યર્થ લાગેછે. મારી સંમતિ એવી છે, કે તમારે **જયંતિ** મેળવવાનો આગ્રહ મૂકી દેવો, નહિં તો નીચ અને પાપી વિચારનો કર્ણ તમારૂં કોઈ કાળે મહા ભૂંડૂં કરશે, એવો મને ભય રહેછે. "

" **નર્મદા** બેન, **જયંતિ** પરણવાનો વિચાર હું વેગળો કરી શકું તેમ નથી. મારો મુખ્ય પુરુષાર્થ માત્ર **જયંતિ** છે. તેને મેળવીશ નહિ તો તેને મેળવવાના યત્નમાં મરીશ. નિશદિન અહિં બેસી રહેવાથી મારાં માત પિતાની આબરૂને બહુ હીણું

લાગ્યું છે, પણ તેની મને દરકાર નથી. કોઈ મને ગાંડો કહેછે, કોઈ મૂર્ખ કહેછે, કોઈ નિર્લજ્જ કહેછે, એમ જનસમુદાય નાના પ્રકારે મારી હાંસી કરેછે, પણ તેની મને એક અણુ સરખી એ ગણના નથી. માયા ! હા, માયામાં કાંઈ પણ અસંભવિત નથી એવી મારી નિઃશંક માન્યતા છે. હું છેવટ એટલુંજ કહુંછું કે સૂર્ય કદાચિત્ પોતાનું અસ્તોદય સ્થાન બદલશે પણ **હરિદાસ** આ કાર્યમાંથી ચલાયમાન થશે નહિં. તમારા લીધેલા શ્રમ માટે હું ઉપકાર માનુંછું. તમે હવે સુખે જાઓ. સામેથી **ગૌત્તમ** પણ આવેછે."

"ઈશ્વર તમારૂં કલ્યાણ કરો."— એમ કહી **નર્મદા** ચાલતી થઈ.

જરાક વારમાં તો **ગૌતમ** સમીપમાં આવી લાગ્યો. **હરિદાસે** તેને સવિનય સલામ કરી, પણ **ગૌતમ** તે સલામ પાછી ન વાળતાં ઘરમાં પેઠો. તેણે તરતજ ખબર આપ્યા કે કર્ણને જ્વરની હરકત થઈ હતી, તે હવે શાંત થઈ છે.

"જયંતિ,"—કુબ્જાએ કહ્યું—"પેલો કાગળ આવ્યો છે તે તારા પિતાને આપ."

જયંતિએ તરતજ ઉભા થઈ તે પત્ર મેજ ઉપરથી ઉપાડી પોતાના પિતાને, આપ્યો. ગૌતમે વગર વિલંબે પડખીડિયું ફાડી વાંચવા માંડ્યું. વાંચતાં વાંચતાં તેની મુખાકૃતિ બદલાવા લાગી. નેત્રો સહજ રાતાં થઈ આવ્યાં, તેણે ઉસ્કેરાઈને મેજ ઉપર જોરથી હાથ અફાળ્યો, અને ક્રોધયુક્ત સાદે બોલ્યો—"મને પણ ત્યારેજ નિરાંત વળશે."—આમ બોલી લીધા પછી એકવાર ફરીથી તેણે પત્રગમ દૃષ્ટિ કરી, અને તરતજ તેના ફાડીને સૂક્ષ્મ-કટકા કરી, બાજુમાં સળગતી સગડીમાં નાંખી દીધા. નિમેષમાત્રમાં તો તે કાગળના કટકા ભસ્મરૂપ થઈ ગયા.

પ્રકરણ ૬ ઠું.

ત્રિમૂર્ત્તિનું દેવાલય.

મણિપુરની દક્ષિણે ગામ બહાર એક વિશાળ બગીચો હતો. આ બગીચાની ઉગમણુ આથમણે બે ભવ્ય ઈમારતો બાંધેલી હતી; તેમાં એક

'રસાયણ શાળા' અને બીજી 'વનસ્પતિ વિદ્યાલય' હતી. આ શાળાઓમાં અનેક વિદ્યાર્થિઓએ દીર્ઘ-કાળસૂધી અભ્યાસ કરી નિપુણતા મેળવી હતી અને હમણાં પણ સંખ્યાબંધ યુવાનો તેમાં ઉત્સાહ સહિત અભ્યાસ કરતા દેખાતા હતા. જૂદા જૂદા ફૂલોના પુંકેસર અને નારીકેસરોના સંયોગ આદિક પ્રકારે કરી તેઓએ કેવળ નવીજ પ્રકારનાં ફૂલો અને ફળો ઉત્પન્ન કર્યાં હતાં; તેમાં કેટલાંક ફૂલોની સુગંધ તો એવી પ્રબળ હતી કે ઘણે દૂર સૂધીનો વાયુ તેથી સુગંધમય થઈ જતો હતો. ફૂલોના રંગ અને આકાર પણ વિવિધપ્રકારના દૃષ્ટિએ પડતા હતા; કેટલાંક વૃક્ષોનાં ફૂલો, પક્ષી આકારનાં હોવાથી ખરે-ખર પક્ષીજ બેઠું હોય એવી વારંવાર ભ્રાંતિ થતી હતી. તેજ પ્રમાણે ફળોમાં પણ અનેક જાતિઓ દેખાતી હતી, અને તે સ્વાદ તથા સુગંધ માટે પ્રસંશાના ઉદ્ગાર કઢાવતી હતી. આ વનસ્પતિ વિદ્યાલય એટલી તો વિખ્યાતિ પામી હતી કે દૂર દેશાંતરોથી કેટલાક તો ખાસ જોવાને અને કેટલાક અભ્યાસ કરવાને મણિપુર આવતા હતા. ગ્રંથવૃદ્ધિના

ભયથી વિશેષ વર્ણન નહિં કરતાં એટલુંજ કહીશું કે વનસ્પતિ વિદ્યામાં તેઓએ લગભગ પૂર્ણતા મેળવી હતી.

રસાયણ શાળાનો દેખાવ વનસ્પતિ વિદ્યાલયથી કેવળ નિરાળા પ્રકારનો હતો. ભીંતોને લગાડેલું પ્લેસ્ટર, કેટલાક રસાયણ પદાર્થોના મિશ્રણથી એવું તો ઉચ્ચ પ્રકારનું બનાવેલું હતું, કે દર્પણનીપેઠે પ્રકાશમય લાગતું હતું, અટલુંજ નહિં, પણ તે ઉપર પાડેલાં વૃક્ષ, પશુ, પક્ષી, આદિકનાં ચિત્રો, દૂરથી જોતાં જાણે ચિત્રેલાં ન હોય, પણ બાહ્યવસ્તુનાં પ્રતિબિંબ કેમ હોય તેવું ભાસતું હતું. વળી રંગોની વિચિત્રતા એ હતી કે જળની અને વાયુના પ્રહારની અસર થકી તે રહિત ગણાતાં હતાં અને તેથીજ જો કે તે ચિત્રો ચિતાર્યાને કેટલીક સદિઓ થઈ ગઈ હતી, તોપણ તે હમણાજ ચિતાર્યાં હોય એવો વિભ્રમ થતો હતો. ભયંકર રોગોમાટે રામબાણ ઔષધો તેઓએ શોધી કાઢયાં હતાં. પારાની પ્રવાહી સ્થિતિ મટાડી તેને નક્કર કરી ઘડી શકતા હતા. પારદર્શક ધાતુ પણ મહાશ્રમથી તેઓએજ ખોળી

કાઢી હતી. આ સિવાય બીજી જે અનેક બાબતો રસાયણશાળા સાથે સંબંધવાન છે, તેનું વર્ણન ભવિષ્ય પ્રસંગમાટે પડતું મૂકી, આરંભમાં જે બગીચાવિષે બોલવામાં આવ્યું છે, તે સંબંધી બે શબ્દ અત્રે કહેવા ઉચિત ધારૂં છું.

બગીચાનો આકાર ષટ્ખૂણાકાર હતો. પ્રત્યેક ખૂણે મહા સુદર બાંધણીનો અને અનેક પૂતળાંઓની રચનાવાળો એક એક ફુવારો ગોઠવેલો હતો. કેટલાક ફુવારાઓ રંગ–બે–રંગી પાણીની ધારાઓ ઉડાડી ચિત્તનું આકર્ષણ કરતા હતા, ત્યારે એક ફુવારો પોતાની ધારાઓને વારંવાર ભિન્ન ભિન્ન આકારમાં ઉડાડીને જનસમૂહને રંજન કરતો હતો. કોઈ તો જાણે જળપતિ વરણનું અભિમાન ધરાવતો હોય તેમ અસંખ્ય સૂક્ષ્મ જળબિંદુઓને આસપાસની હરિયાળી ઉપર ફેંકતાં મેઘવૃષ્ટિનું અનુકરણ કરતો હતો, ત્યારે બીજો પોતાની પ્રસંશા ગગને પહોંચાડવાને ઉત્સુક થયો હોય તેમ પોતાની જળધારાઓ આશ્ચર્યકારક ઉંચાઈએ ચઢાવતો હતો. આ બગીચાના કેટલાંક મોટાં વૃક્ષો હસ્તી, અશ્વ અને મનુષ્ય-

આદિક નાના પ્રકારના આકારમાં કાપેલાં હોવાથી તેમનાં મસ્તકો જ્યારે પણ વાયુની લહરીથી હલતાં હતાં, ત્યારે ચૈતન્યવાન હોવા ઉપરાંત્ જાણે લોકસમૂહને પોતાસમીપ આવવાનું નિમંત્રણ કરતાં હોય એવાં લાગતાં હતાં. આ "આનંદસાગર" બાગ સુંદર ફુવારાઓની રચનાથી, વિવિધ પ્રકારનાં નાનાં મોટાં વૃક્ષોથી, નેત્રેંદ્રિયને તૃપ્ત કરનારા અનેક રંગ અને આકારવાળા ફૂલોના અગણિત ક્યારાઓથી, મધુર કલ્લોલ કરતાં પક્ષીઓના સદ્ભાવથી, અને જોવા માત્રથીજ ક્ષુધાને પ્રદિપ્ત કરે એવાં ફળોના ઝુમખાઓથી સ્વર્ગની શોભાનું સહજે અનુમાન કરાવતો હતો.

આખાં હિંદુસ્થાનમાં અદ્વિતીય એવા આ આનંદસાગર બાગની બરાબર મધ્યમાં એક દેદિપ્યમાન દેવમંદિર દૃષ્ટિએ પડતું હતું. તેની બાંધણી મહાઉત્તમ પ્રકારની ગણાતી હતી. શિલાકાષ્ટઆદિમાં સ્થળે સ્થળે અતિસુંદર પ્રકારનું કોતરકામ દેખાતું હતું. આંતર તેમજ બહિર ભીંતોની ઉપરનાં ચિત્રો અનેક પ્રકારની ધર્મક્રિયાને દર્શાવતાં હતાં. મંદિરના

પ્રવેશદ્વાર ઉપર હસ્તમુદ્રાનું એક ચિત્ર પાડેલું હતું, (જુઓ ગ્રંથના પૂંઠાનું ચિત્ર) પણ તે તરફ જનસમુદાયનું વિશેષ લક્ષ ખેંચાતું નહતું. માત્ર વિશ્વભેદવાળાજ તે ચિત્રને સન્માન સહિત જોતા, અને તેમાં પણ વળી જેઓએ ચાર ભૂમિકાઓ પૂર્ણ કરી હતી તેઓ તો એ ચિત્ર જોતાંજ સાષ્ટાંગ નમસ્કાર કરતા. દેવાલયના મધ્યમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ, એ ત્રણેના મુખવાળી એકજ મૂર્ત્તિ હતી, તેમાં બ્રહ્માનું મુખ પૂર્વ ગમ, વિષ્ણુનું દક્ષિણે અને મહાદેવનું પશ્ચિમદિશા તરફ હતું. જો કે બીજાં પણ ત્રિમૂર્ત્તિનાં મંદિરો ગામમાં હતાં, તો પણ આ મંદિરનો મહિમા મોટો હોવાથી તે મહામંદિરના ઉપનામથી ઓળખાતું હતું.

આજે પૌષ શુદ્ધ ૮ બુધવારને દિવસે મકરસંક્રાતિનો મહોત્સવ હોવાથી અહિં વાર્ષિક મેળો ભરાણો હતો, અને તેથી અસંખ્ય સ્ત્રી-પુરૂષો ત્રિમૂર્ત્તિભગવાનના દર્શન કરવા આવ્યાં હતાં. વિવિધ પ્રકારની વસ્તુઓ, ફૂળો, મિષ્ટાન્નો વાસણો, અને રમકડાં આદિકની અગણિત દુકાનો દષ્ટિએ પડતી

હતી. શ્રીમંત પુરૂષો ભાતભાતની પવનગાડીઓમાં બેસી આવ્યાં હતા. કેટલાક તો એક પૈડાંની ગાડીમાં બેસી બગીચામાં દોડાદોડ કરતા હતા. સ્થળે સ્થળે રમત ગમત થઈ રહી હતી. આસપાસના ગામડામાંથી પણ ઘણું લોક અહિં ભેળું મળ્યું હતું. ટૂંકામાં એટલુંજ કે આ આનંદસાગર બાગ આજે તો ખરેખર આનંદનો સાગરજ લાગતો હતો. જન-સમુદાયની મુખાકૃતિ હસમુખી અને શોકરહિત જણાતી હતી.

સૂર્યાસ્ત થવાને માત્ર અર્ધકલાક બાકી રહ્યો હશે, તે વખતે એક યુવાન પુરૂષ મેળાની ખૂબ મોજ માણી શ્રીપુર જવાના બગીચાના પશ્ચિમ દરવાજા આગળ આવ્યો. તે ઉમરે યુવાન અને મધ્યમ કદનો હતો. તેની આંતરવૃત્તિ, તેના મુખ અને મુખ્ય કરીને મસ્તકના આકાર ઉપરથી સ્પષ્ટ વર્ત્તાઈ આવતી હતી. કાનની બરાબર પાછળનો માથાનો ભાગ વિષયલંપટ પુરૂષોને હોયછે તેમ બહાર વધી નિકળ્યો હતો. ઘડીઆળ, વીંટી અને ઉંચા પ્રકારનાં તેનાં વસ્ત્રો ઉપરથી તે કોઈ શ્રીમંત માણસનો પુત્ર

જણાતો હતો. બુદ્ધિના સ્થાનરૂપ કપાળ નાનું અને સાંકડું હતું. તે ગાલે ભરેલો અને શરીરે પુષ્ટ હતો. તેણે થોડીવારતો દરવાજામાં ઉભા રહી આસપાસ દૃષ્ટિ કરી, પણ અંતે ત્યાંથી ખસ્યો અને દરવાજાની બહાર નિકળ્યો. તે ત્રણચાર પગલાં વધ્યો નહિ ત્યાં તો કોઈકે "જટાસૂર, જટાસૂર" કરીને પછવાડેથી બૂમ પાડી. પોતાનું નામ સાંભળતાંજ તેણે ડોક ફેરવી નજર કરી તો પોતાના ચાકરને દોડતો આવતો દીઠો. તે તરત ઉભો રહી ગયો.

"ભલા માણુસ,"—ચાકર આવી પહોંચતાં જટાસૂરે કહ્યું—"મેં તને પ્રથમથીજ નહોતું કહ્યું કે મેળામાં આપણે એક બીજાથી છૂટા ન પડી જઈએ તેનું ધ્યાન રાખજે. અંતે તેમજ થયું, અને પાકા બે કલાક થયા હું તને શોધતો ફરતો હતો."

"હું તો બીજે ક્યાંય ઉભો રહ્યો નથી, શેઠ. મોઢા ઉપર પેહેરવાના બે સારી જાતનાં મોહરાં ખરીદવાને તમે મને આજ્ઞા આપી પેલી દુકાને મોકલ્યો, ત્યાંથી આ મોહરાં લઈ હું તરતજ પાછો ફર્યો, પણ તમને ક્યાંય ભાળ્યા નહિ. મેં તમને

બગીચામાં બધે ઠેકાણે ગોત્યા, પણ અંતે સાંજ થવા આવી હોવાથી તમે શ્રીપુર તરફનો માર્ગ લીધો હશે, એમ ધારી હું આ તરફ વળ્યો, ત્યાં તો ઘણે આઘેથી મેં તમને દરવાજા બહાર નિકળતા જોયા. મેં ઘણી બૂમો પાડી પણ તમે સાંભળી નહિ, એટલે મારામાં જેટલું જોર હતું તેટલા જોરથી હું દોડ્યો, અને વળી બૂમ પાડી. સુભાગ્યે તે તમારા સાંભળવામાં આવી. મને માત્ર એટલીજ ચિંતા થવા લાગી કે અંધારૂં થવા આવ્યું છે અને શ્રીપુરના ઝાડીવાળા એકાંત રસ્તા ઉપરથી એકલાં જતા તમને કદાચ ભય લાગશે, પણ હવે ઠીક થયું, કે આપણે ભેળા થઈ ગયા."

"બળદેવ, તું દોડવાના શ્રમથી બહુ હાંફી ગયોછો,"—જટાસૂરે પોતાના ચાકરને કહ્યું—"માટે લે આપણે પેલા સમીપના ઝાડ તળે વિશ્રામ લઈએ."—એમ કહી તે બન્નેજણ આગળ ચાલ્યા અને રસ્તાની બાજુમાં આવેલા ઝાડ તળે પડેલા એક મોટા પથ્થર ઉપર બેઠા.

"શ્રીપુરનાં ઝાઝું માણસ મેળામાં આવ્યું લાગતું

નથી."—જટાસૂરે રસ્તાગમ દૃષ્ટિ ફેંકી કહ્યું.

"હા શેઠ, અને જે થોડાં ઘણાં આવ્યાં હશે તે અંધારૂં થયાં પેહેલાં ઘરે પહોંચી જવાની ધારણાથી વ્હેલા પાછાં વળ્યાં હોય એવું અનુમાન થાયછે, પણ જુઓને, પેલી બે કુમારિકાઓ કોણ આવેછે? શું તેઓ શ્રીપુર જતી હશે?"

"તેમ હોય તો તો સથવારો પેહેલા નંબરનો સમજવો."—જટાસૂરે સહજ ચેષ્ટાથી ઉત્તર દીધો—"તે બન્ને જણીઓ પોતાની વાતચીતમાં બહુ તલ્લીન થયેલી જણાયછે."

"હા,"—બળદેવે પોતાના શેઠની વાતને ટેકા આપ્યો—"અને તેથીજ તેઓ આગળ કે પાછળ જોયા વગર આપણી ગમ ચાલી આવેછે."

"બળદેવ, પેલી જમણીગમ ચાલનાર કુમારિકા કેવી સ્વરૂપવાન છે? મારી ૨૮ વર્ષની વયં થઈ ત્યાં સૂધીમાં એવી તેજસ્વી કન્યા મેં જોઈ નથી. તેનું વદન કેવું ચંદ્રમા જેવું ઉજ્વળ છે! અહો! શું તેની ડોક છે! નેત્રો પણ કેવાં વિકાસિત અને પ્રકાશિત છે! તેની ચાલવાની મરોડ, હંસ જેવી ડોક, અને

અનુપમ કેશની લાંબી લટોથી હું તો મોહિત થયો છું. સ્વર્ગની અપ્સરા મેનકાનું ચિત્ર મેં જોયું છે, પણ આ કુમારિકાનું સૌંદર્ય તો બસ અવધિજ છે. મારે જો એવી અર્ધાંગના હોય તો હું સ્વર્ગની પણ ઇચ્છા ન કરૂં. ઈશ્વર જાણે કોના ભાગ્યમાં એ કન્યા લખી હશે!"

"કોના ભાગ્યમાં તે શું! તમારા ભાગ્યમાં!"—**બળદેવ** તરતજ બોલી ઉઠયો—"જે વસ્તુની તમને અભિલાષા થાય તે તમારાજ ભાગ્યમાં લખેલી સમજવી. તમારી આજ્ઞા હોય તો તેને હમણા ઉપાડી લાવું. હજી તેઓની આપણા ઉપર દૃષ્ટિ પડી નથી."

"પણ તેની સાથે તેની સાહેલી છે તે?"—**જટાસૂરે** ગંભીરપણે ઉચ્ચાર કર્યો.

"તેનું તમારે કાંઈ છે? ઉઠો, આપણે ઝાડની પછવાડે સંતાઈ રહિયે, અને કોઈ ઓળખે નહિ તે માટે ખરીદેલા મોહરાં પણ પેહેરી લઈયે. જેવી તે બે જણીઓ પાસે આવી લાગે કે તરતજ તમારૂં ચિત્ત હરણ કરનારી કુમારિકા ઉપર ધસી જઈ, તેને એક હાથથી ઉપાડી, બીજો હાથ મુખ ઉપર

દાબી, તમે ઝાડીની ઘટામાં નાસી જજો, અને હું તેની સાહેલીને ઉપાડી તમારાથી વિરૂદ્ધ દિશાગમ ભાગી જઈશ. કેટલેક દૂર પહોંચ્યા પછી, તેને ત્યાંજ પડતી મૂકી હું વિજળીને વેગે પાછો તમારી આગળ આવી પહોંચીશ. દરમિયાન તમે તમારી ભવિષ્ય-પત્નિના મોઢામાં ડૂચો નાંખી, તે ડૂચો નિકળી ન જાય તે માટે તે ઉપર વસ્ત્રનો ચીરો બાંધી તૈયાર રહેજો, એટલે હું આવતાંજ વગર વિલંબે તેને ઉપાડી આપણે ઘરે લઈ જઈશું. તમારા પિતાપણ હાલ ગામમાં નથી એટલે લાગ સારો છે. બે ચાર દિવસ ઓરડીમાં પૂરી રાખશો ત્યાં પોતે પરણવાની હા પાડશે. આ જગત્‌માં એવું કોઈ નથી કે જે દ્રવ્યના ચળકાટથી અંજાઈ ન જાય. મોટા મુનિઓ પણ દ્રવ્યવૈભવના દાસ થઈ ગયા છે, તો આ અબળાનો શો ભાર? મને તો ભાસેછે કે તમને જોતાંજ તે તમારામાં મોહવશ થશે. તમે પણ યૌવન અને રૂપમાં ક્યાં ઓછા છો?"

"પણ ધનની લાલચથી તે વશ ન થાય તો!"—જટાસૂરે પૂછ્યું.

"તો પછી જોઈ લેશું. પછીની વાત પછી."—તેના ચાકરે ઉત્તર દીધો.

જટાસૂરને આ યુક્તિ પસંદ પડી, અને તરત તે બેઉ જણ મોહરાં પેહેરીને ઝાડ પાછળ સંતાઈ ઉભા. નિમેષમાત્રમાં તો તે બે નિર્દોષ કુમારિકાઓ વાતચીત કરતી આવી પહોંચી.

"સખી,"—તે બેમાંથી સહજ મોટી હતી તે બોલી—"તને કહ્યું તેવી મારી સ્થિતિ છે. તેમાંથી કેમ છૂટવું તેની કાંઈ ગમ પડતી નથી. મારી માતુઃશ્રીના વિચાર તારી માતુઃશ્રીજેવા હોત તો હું ઇચ્છિત—

"પણ પ્રિય સખી, એમ ખેદ શું કામ કરછ."—બીજી વચ્ચમાંજ બોલી ઉઠી—"તારી સંમતિ વિરૂદ્ધ તો તેઓ નહિ કરે."

"તે કેમ ખબર પડે!"—પહેલીએ કાંઈક નિરાશ થઈ ઉત્તર દીધો—"પણ **ચંદ્રભાગા**, આપણે વાતમાં ને વાતમાં બગીચાથી બહુ આઘે નિકળી આવ્યા છિએ. માટે ચાલો, પાછા ફરીએ. નહીં તો આપણા સ્નેહીઓ આપણી વાટ જોશે. વળી—

અહિં તે એકાએક ચોંકીને ઉભી રહી ગઈ તથા અત્યંત ધીમે સાદે બોલી—"પણ પેલા ઝાડ પાછળ બિહામણા દેખાવના કોઈ બે પુરૂષ સંતાઈને ઉભા રહ્યાછે.

"ભલે ને ઉભા. તે આપણને શું કરવાના હતા?"—બીજી હિમ્મતથી બોલી—"તો પણ ચાલ, આપણે ઉતાવળે પાછા ફરીએ."

તરતજ તે બંને અબળાઓ પાછી ફરી, અને ઉતાવળે પગલે બગીચા ગમ ચાલવા માંડયું. બે ત્રણ પગલાં ભર્યાં નહિં ત્યાં તો પોપટોની પાછળ બાજ-પક્ષી થાય, તેમ તેઓ ઉપર જટાસૂર અને બળ-દેવ એકદમ ધસી આવ્યા. એકને જટાસૂરે ઉપાડી ઉત્તર તરફ ઝાડીનો માર્ગ લીધો, ત્યારે બીજીને બળદેવે ઉચકી દક્ષિણદિશા તરફ દોડવા માંડયું. આ વખતે અંધારૂં સહજ વધ્યું હતું અને સમીપ કે દૂર કોઈ મનુષ્ય દેખાતું નહતું. બળદેવ કેટલેક દૂર પહોંચી ઉભો રહ્યો અને પોતાના હસ્ત વિષેનો કોમળ બોજો ભોંયે મૂકી, ધનુષ્યમાંથી બાણ છૂટે તેમ અતિવેગથી પોતાના શેઠપાસે આવ્યો.

આવીને જોયછે, તો તે કોમળાંગી પોતાના શેઠના ચરણુપાસે નિર્જીવપણે પડી હતી.

"બળદેવ, આ સુંદરીને મેં અહિં મૂકી ત્યારથી એ લગાર પણ હલતી નથી, કાંઈ શબ્દ પણ કરતી નથી, અને નેત્રપણ ઉઘાડતી નથી. મેં તેને ઉચકી ત્યારે તો તેણે બહુએ તરફડિયાં માર્યાં હતાં, પણ હમણાં તો ઈશ્વર જાણે તેને શું થયું છે. ક્યારનો બોલાવું છું પણ ઉત્તર દેતી નથી. ભલા એ ઢોંગતો નહિં કરતી હોય? નહિ, નહિ; હજી એ ખીલતા પુષ્પને છળ ક્યાંથી આવડે!"

"ખરૂં છે શેઠ, એ ઢોંગ નથી કરતી. આ અણચિંત્યા બનાવથી તે ભાનરહિત થઈ ગઈ છે. પણ તે તો આપણા કાર્યને એક રીતે ઉત્તેજન જેવું છે. હવે ડૂચો મારવાની જરૂર રહી નહીં. ઉઠો, તેને ઉચકી ચાલવા માંડિયે. ઘરે પહોંચતાં સૂધીમાં વાયુની શીતળ લહરીથી તે પોતાની મેળે જાગ્રત થશે."

એમ કહી બળદેવે તે મૂર્છિત કન્યાને સકોમળતાથી પોતાના હાથમાં લીધી, અને બેઉજણે ઘર તરફનો માર્ગ લીધો. બહુ ત્વરાથી ચાલતાં અને

વચમાં લેશપણ વિશ્રાંતિ ન લેતાં તેઓ ડોઢ કલાક-માં ચાર ગાઉનો પંથ કાપી શ્રીપુર આવી પહોંચ્યા. રસ્તાઓમાં અંધકાર વ્યાપી રહ્યો હતો, એટલે કોઈના જાણવામાં ન આવે તેમ તે કુમારિકા સહિત ઘરમાં પ્રવેશ કરતાં કાંઈ પણ અડચણ પડી નહિ.

જટાસૂરનું ઘર સારી બાંધણીનું અને ત્રણ માળવાળું હતું. ઘરનું રાચ–રચીલું સુવ્યવસ્થિત અને શોભાયમાન હતું. તેને નિર્વાહઅર્થે કમાવાની ચિંતા નહોતી. ઉંચા પ્રકારનું વંચક કરવું તેને રૂચતું નહિ, પણ શૃંગાર–રસવાળી નવલકથાઓનું અવલોકન કરવામાં તે પોતાના કાળનો વ્યય કરતો. તેની મનોવૃત્તિની પ્રતિમારૂપ અનેક શૃંગારસૂચક ચિત્રો સ્થળે સ્થળે ટાંગેલાં હતાં.

તે ભાનરહિત સુંદરીને તરતજ ત્રીજે માળે લઈ જઈ એક સ્વચ્છ શય્યા ઉપર સુવરાવવામાં આવી અને ઘરના મધ્યમાં ટાંગેલા વિજળીક દિવાને પ્રકટ કરવામાં આવ્યો. તરતજ જટાસૂરે પોતાના ચાકરને જતા રહેવાની આજ્ઞા આપી અને પોતે તે કુમારિકાને શુદ્ધિમાં આણવાના ઉપચાર કરવા માંડ્યા.

શીતળ જળ આણી થોડુંક તેના પ્રિયવદન ઉપર છાંટયું, એટલે જેમ જળના સ્પર્શથી અંબુજ પ્રફુક્ષિત થાય, તેમ તેના સુંદર કમળાક્ષ દ્વિતીયક્ષણે વિકાસિત થયા. ગભરાટ અને આશ્ચર્યસહિત તે કુમારિકાએ ચોમેર જોવા માંડયું, પણ તેટલેથી પોતાના મનનું સમાધાન ન થવાથી, અને એક અજાણ્યા પુરૂષની સન્મુખ પોતાને એકલીજ પડેલી જાણી તે ભયભિત સાદે બોલી—"હે ભાઈ, હું ક્યાંછું? કેમ આવી? અને તમે કોણછો?"

"સુંદરી, તારે ચિંતાનું લેશ પણ પ્રયોજન નથી. અહિ તારો એક વાળ સરખો પણ વાંકો વળવાનો નથી, માટે શાંત થા પછી આપણે વાત કરીશું."

"ના, ના, હું શાંતજ છું. મારા માતપિતાથી વખુટી પાડી મને અહીં કોણ લાવ્યું તે સત્વર કહો."—તે કુમારિકાએ અધિરજથી પૂછયું.

"તે તું સર્વ જાણીશ. તત્કાળ જાણવાની તારે શી ઉતાવળ છે."—જટાસૂરે હસતાં હસતાં ઉત્તર દીધો.

"હું તમને હાથ જોડી વિનતિ કરૂંછું, કે મને

ત્વરિત કહો, અને અહીંથી મારે ઘેર જવા દ્યો."

"આ ઘર પણ તારૂંજ છે ને ? ક્યાં કોઈનું છે?" જટાસૂરે ટકોરથી કહ્યું.

"હા, તમે મારા વડીલ ભ્રાત છો, એટલે એક રીતે આ ઘર મારૂંજ છે, તોપણ તમે કોણછો અને મને અહિં શું કામ અને કોણ લાવ્યું છે, તે કૃપા કરી કહો."

"લે ત્યારે સાંભળ: તને આનંદસાગર બાગના દરવાજા બહારથી ઉપાડી લાવનાર બીજો કોઈજ નહિ પણ હું છું. હું તારા રૂપ અને યોવનવિષે આસક્ત થયોછું, અને તને મારી અર્ધાંગના કરી કૃતકૃત્ય થવા ઇચ્છું છું. મારૂં સર્વ ધન આજથી તારૂં છે. તે હું તને અર્પણ કરૂંછું; માટે હે પ્રાણસમાન પ્રિય, મારી સાથે લગ્ન કરવાનું વચન આપ."—એમ બોલતાં જટાસૂર તેની બાજુમાં જઈને બેઠો.

તરતજ તે નિર્દોષ અબળા શય્યા ઉપરથી નીચે કૂદી પડી, અને વેગળે જઈ મહાક્રોધમાં બોલી—"હે દુષ્ટ ! હે નિર્લજ ! હે દયાશૂન્યા તું શું એમ

ધારેછે કે તારા ધનના ઢગલાથી હું લલચાઈ જઈશ! નહિ નહિ. એમ તારે પળવાર પણ સમજવું નહિ. તારા જેવા નીચ સાથે વિશેષ ભાષણ કરી મારી જીભને દુષિત કરવા હું માંગતી નથી, માટે સંક્ષેપમાં એટલુંજ કહુંછું કે હું તને મારા અંતઃકરણથી ધિક્કારૂં છું."

આ પ્રમાણે જુસ્સામાં બોલતી તે કુમારિકા ઓરડાના દ્વારભણી દોડી, પણ અફ્સોસ! દરવાજાને તાળું મારેલું હતું. તે નિરાશ થઈ ત્યાંજ ઉભી, અને વળી બોલી—"પાપી! મને જવા દે છે કે નહિ?"

"જઈશ ક્યાં! હજી તો તારે મારી સાથે ખુશીથી અથવા તેમ નહિ તો બળાત્કારથી પણ લગ્ન કરવાં પડશે. હું તને બે દિવસ વિચાર કરવાનો અવકાશ આપુંછું; શુક્રવારની મધરાત્રે હું પાછો તારી પાસે આવીશ, ત્યાંસૂધીમાં તારા મનને સમજાવી રાખજે, અને યાદ રાખજે કે મારી સાથે પરણવામાંજ તારૂં શ્રેય સમાયલું છે, અને મારી સાથે પરણ્યાવગર તારો છુટકો પણ નથી."—દૃઢપણે આટલા શબ્દો ઉચ્ચારી જટાસૂર ઓરડામાંથી બહાર

નિકળ્યો, અને દરવાજાને બહારથી સાંકળી મારી જતો રહ્યો.

"હે પ્રભુ! મને સહાય થા."—એમ મહા-વેદનાયુક્ત સાદે બોલતાંજ તે દુઃખી અબળા એકવાર ફરીથી બેશુદ્ધ થઈ દરવાજા આગળજ પડી ગઈ.

પ્રકરણ ૭ મું.

દુર્જયનો વિજય.

જે દિવસે ઉપલો બનાવ બનતો હતો. તેજ દિવસે સવારના સાત વાગતે એક ચંચળ દેખાવનો પુરૂષ મણિપુરની વિજળીક રેલ્વેના સ્ટેશન ઉપર આવી લાગ્યો. તેની ઉમર અનુમાન ચાળીશ વર્ષની હશે. તેના ઠીંગણા કદ, જાડી ડોક, અને નાની પણ મલિન આંખો ઉપરથી તેનામાં લુચ્ચાઈનો ગુણ પ્રધાન હોય એમ સહજે જણાતું હતું. વળી તેનું માથું પહોળાઈમાં પણ વિશેષ હતું, તેથી તે ક્રોધિ, સાવચેત અને ગુહ્યવાત છાની રાખવી હોય

તો રાખી શકે તેવો જણાતો હતો. તેના ઠાઠમાઠ ઉપરથી તે કેવી સ્થિતિનો માણસ છે તેનું અનુમાન થઈ શકતું નહોતું; કારણ કે તેનાં વસ્ત્રો આદિક જેમ બહુ કીમતી નહતાં તેમ બહુ હલકા પ્રકારનાં પણ નહતાં.

ગાડી ઉપડવાનો ઘંટ થતાંજ તે ગાડીમાં ચડી બેઠો. ગાડી મહાવેગથી દોડવા લાગી, તે સાથે આ દીંગણા પુરૂષના વિચાર પણ વેગ સહિત દોડવા લાગ્યા. તેની સાથે બીજા પણ કેટલાક ઉતારૂએ બેઠા હતા, તેમાં એક વૃદ્ધ પુરૂષ સામેના બાંકડા ઉપર બેઠો માળા ફેરવ્યા કરતો હતો. ચાલતી ગાડીએ આસપાસનો રમણીય દેખાવ જોવામાં કે સ્ટેશનો આવતાં ગાડી ઉભી રહેતી, ત્યારે ઉતારૂઓની ચડ–ઉતર જોઈ રમુજ મેળવવામાં આ ભાઈનું લક્ષ નહોતું; તે તો પોતાના તર્ક–વિતર્કમાં વિલીન થઈ, નીચી નજર રાખી, સ્થિરપણે બેઠો હતો. ઘણી વારે તેણે પોતાની જગ્યાએથી ઉભા થઈ, કમરે બાંધેલો પટો છોડયો અને તેના આંતરભાગમાં બનાવેલ ગજવામાં આંગળી નાંખી એક નાની ઘડ

વાળેલો કાગળ ખેંચી કાઢયો. તરતજ તે કાગળ પોતાની હથેળીમાં સંતાડી તેણે આસપાસ દૃષ્ટિ ફેરવી અને "બીજા ઉતારૂઓનું પોતા ઉપર લક્ષ નથી" એમ નિશ્ચય થતાંજ તેણે તે કાગળની ઘડ ઘણી સંભાળથી ઉઘાડવા માંડી. આ વખતે કોઈએ તે કાગળ જોયો હોત તો તેને માલમ પડત કે તે કાગળ જાડો પણ દેખાવે જુનો, અને ઘડના સળ આગળથી ક્યાંક ક્યાંક ફાટેલો હતો. એક નિમેષ-માત્ર વાર તે કાગળ ઉપર દૃષ્ટિ કરી પાછી તેની ઘડી વાળી, અને કમરપટામાં મૂકી પટો પેહેરી લીધો. હા, હવે તેની મુખાકૃતિએ ગંભીરતાનો. કાંઇક ત્યાગ કર્યો અને હર્ષના આભાસયુક્ત થઈ. તેણે પોતાનું ઘડિયાળ કાઢી જોયું, અને પાછું મૂકયું.

આ સર્વ ક્રિયા તેજ બાંકડા ઉપર બેઠેલો પેલો માળા ફેરવનાર વૃદ્ધ પુરૂષ જે મણિપુર સ્ટેશનેથી ચડયો હતો, જેનાં વસ્ત્રો નિર્ધનપણું સૂચન કરતાં હતાં, અને જેનું શરીર રોગથી ગ્રસ્ત થયું હતું, તે બહુ સાવચેતીથી બીજાને ખબર ન પડે તેમ જોયા કરતો હતો. આ બનાવ જોઈને અથવા તો તે

ઉપરથી કાંઈ અનુમાન બાંધીને, કિંવા કાંઈ સ્મરણ થઈ આવ્યાથી, ગમે તેમ હોય પણ વારંવાર તેની ફીકી પડી ગયેલી આંખોમાંથી એકાદ આંસુ ટપકી આવતું હતું. આ ઠીંગણા પુરૂષ સાથે વાત કરવાની તેને ક્યારની ઇચ્છા થતી હતી, પણ સંશયાત્મક-પણાને લીધે કે હિંમત ન હોવાને લીધે તે મૌન-ધારીપણે આટલા વખત સૂધી બેઠો હતો. હવે હિંમત ધરી તે સહજ ટટાર બેઠો, અને વાત છેડવા અર્થે તેણે પૂછ્યું—"હમણાં કેટલા વાગ્યા છે ભાઈ?"

"નવમાં થોડીક મિનિટો ઓછી છે."—તે ઠીંગણા પુરૂષે તેની સામે દૃષ્ટિ કરી ઉત્તર દીધો.

"હવે કયું સ્ટેશન આવશે?"—તે ઘરડા પુરૂષે વળી પૂછ્યું.

"માયાપુરીનું."

"અને તમે કયે સ્ટેશને ઉતરનાર છો?"—તે બુઢાએ નમ્રતાથી પ્રશ્ન ચાલુ રાખ્યો.

"તેનું તમારે શું કામ છે? મને કહેશો કે તમારે ક્યાં ઉતરવાનું છે!"—તે ઠીંગણાએ સહજ કચ-વાટમાં અને સહજ હસતાં હસતાં પૂછ્યું.

"હા, મારે તે પ્રત્યુત્તર આપવાને લેશપણ વાંધો નથી. લો હું માયાપુરી ઉતરીશ."—તે બુઢ્ઢાએ જરા પણ અચકાયા વગર ઉત્તર દીધો—"હવે તમારા ઉતરવાનું સ્ટેશન કહેશો ?"

"હા, આપણે બેઉ એકજ સ્ટેશને ઉતરનાર છિએ."—તે ઠીંગણાએ કહ્યું અને થોડી વાર તો કાંઈ પણ શબ્દ ઉચ્ચાર્યા વગરજ બેઉ જણ એક-બીજાને કાંઈક સૂક્ષ્મતાથી નિહાળવા મંડયા.

"તમારૂં નામ કહેવાની કૃપા કરશો ?"—તે વૃદ્ધે થોડીવાર પછી ફરી વાત ચાલુ કરી.

"મારૂં નામ, મારૂં નામ ? તે જાણવામાં તમારો શો તાત્પર્ય છો"—તે ઠીંગણાએ સહજ વાર વિચાર કરીને ઉત્તર દેવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

"તાત્પર્ય તેમાં શો હોય ! માત્ર એટલુંજ કે તમારૂં મોઢું મને કાંઈક ઓળખીતું—

"ના, ના, તમારી ભૂલ હશે."—તે ઠીંગણો વચમાંજ બોલી ઉઠયો.

"ના સાહેબ, હું ભૂલતો નથી. મને ખાતરી છે કે મેં તમને પૂર્વે કયાંક જોયાછે."

"ક્યારે અને ક્યાં?"—તે ઠીંગણાએ અધિરજથી પૂછ્યું.

"તે હું સર્વ કહીશ, પણ તે અગાઉ મને તમારૂં નામ કહેશો?"—તે બુઢાએ પોતાનો પ્રથમ પ્રશ્ન પાછો મૂક્યો.

"મારૂં નામ દુર્જય છે."—તે ઠીંગણાએ સહજ આનાકાનીથી કહ્યું—"હવે તમારૂં નામ, અને આપણો સંબંધ કેવો છે તે કહો."

તે વૃદ્ધપુરૂષ પોતાની જગ્યાએથી ખસી સહજ પાસે આવ્યો, અને તિરસ્કારથી બોલ્યો—"જો કે તારૂં નામ મને સ્મૃતિમાં આવતું નહોતું, તોપણ અનુમાન પંદર કે વીશ, અથવા તેથી પણ વધારે વર્ષો પૂર્વે મને પેલા દુષ્ટ કાર્યમાં જોડનાર પુરૂષ તુંજ, એમ તને જોતાંજ મને સ્ફુરણ થઈ આવ્યું હતું.

હું તે વખતે **માયાપુરીની આમ્રશેરીમાં** રહેતો હતો. મારૂં નામ **કુંભ** છે. અહો, **જમદગ્નિ!** તારાઉપર ઇશ્વરનો મહાદારૂણ કોપ ઉતરજો. અરે **રઘુનાથ!** મને ક્ષમા કરજે."—આ છેલ્લા શબ્દો બોલતાંજ તેણે પોતાનું માથું જોરથી કૂટ્યું અને તેનાં નેત્રોમાંથી એકવાર ફરીને અશ્રુપાત થયો.

દુર્જય પણ ઉપલા શબ્દ સાંભળી સ્તબ્ધ થઈ ગયો, પણ એટલામાંજ, **માયાપુરી**નું સ્ટેશન આવી પહોંચ્યું, અને ગાડી ઉભી રહી. **દુર્જય** સ્વસ્થ મુખાકૃતિ રાખી નીચે ઉત્તર્યો, અને **કુંભ**ને પૂછ્યું— "કેમ ઉતરતો નથી?"

"ના, મારૂં નિકંદન કાઢનાર તારા જેવા એક નીચની સાથે હું આવનાર નથી."—તે વૃદ્ધ પુરૂષે ધિક્કારયુક્ત સાદે કહ્યું.

"હં, હં, હું નીચ! કેમ! જરા અંતરમાં વિચાર કર, કે નીચ તું કે હું!"—એમ કહેતાં કહેતાં **દુર્જય** આગળ વધ્યો, અને ટિકિટ આપી સ્ટેશનદ્વારમાંથી બહાર નિકળ્યો. વિવિધ પ્રકારનાં ભાડે ફરનારાં વાહનો ઉભાં હતાં, તેમાંથી એક પવનગાડી તેણે ભાડે કરી, અને **જમદગ્નિ**ને બંગલે હાંકી ચાલવાનો હુકમ આપી, પોતે અંદર બેઠો.

રસ્તાની બેઉ બાજુએ ઊંચાં અને સરખાં વૃક્ષોની હારો આવેલી હતી, તેથી દેખાવ બહુ મનોહર લાગતો હતો, તેમાં પણ વૃક્ષોની ટોંચો ઉપરથી મળી ગયેલી હોવાથી જાણે કોઈ શીતળતાયુક્ત માંડવા

તંબે ચાલતા હોઇએ તેવું લાગતું હતું. ખેતીવાડીની સ્થિતિ બહુ શ્રેષ્ઠ પ્રકારની જણાતી હતી, એટલુંજ નહિ પણ "ઉત્તમ ખેતી" એ કહેવત શબ્દે શબ્દ ખરી પડેલી દેખાતી હતી; કારણ કે ખેડુતો શ્રીમંત હોવા ઉપરાંત શરીરે રૂષ્ટપુષ્ટ, અને બુદ્ધિવિષે તીવ્ર તથા નિર્મળ જણાતા હતા. જમીન ખેડવાનું, બીયાં વાવવાનું, અને પાક લણવાનું, આદિક ઘણાંક કાર્યો તો યંત્રોની સહાયતાથીજ કરવામાં આવતાં હતાં, એટલુંજ નહિ પણ ખાતર વગેરે, ચોકસ નિયમોને અનુસરી આપવામાં આવતું હોવાથી પાકનું પ્રમાણ બહુજ મ્હોટું ઉતરતું હતું.

આસરે અર્ધ કલાકમાં તો દુર્જયવાળી પવનગાડી એક બગીચાના દ્વાર આગળ ઉભી રહી. ગાડીવાળાને રવાને કરી દુર્જય અંદર પેઠો, અને એક સુંદર તથા શોભાયમાન બાંધણીના બંગલાના દરવાજા બહાર ઉભેલા માણસને તેણે પૂછ્યું—"**જમદગ્નિ** શેઠ અંદર છે?"

"હા છે."—તે માણસે ઉત્તર દીધો.

"અને બીજું કોઈ સાથે છે?"—તેણે વળી પ્રશ્ન કર્યો.

"હા તેમના નાનાભાઈ વજ્રાક્ષ અને પુત્ર દૃઢ-વર્મા બેઠેલા છે."—તે માણસે ઉત્તર દીધો.

"ઠીક. તું શેઠને ખબર આપ કે દુર્જય આવ્યો છે, અને તમને મળવા ઇચ્છેછે."

તે માણસ તરત અંદર ગયો, અને દુર્જયે કહેલા શબ્દો કહી સંભળાવ્યા. જરાકવાર પછી તે બહાર આવ્યો અને બોલ્યો—"શેઠ કામમાં રોકા-યેલા છે, તેથી હમણું મળી શકશે નહિ."

"હેં! કામમાં રોકાયેલા છે, અને તેથી મળી શકશે નહિ, કેમ! પણ ચિંતા નહિ. મળશે નહિ તો ક્યાં જશે."—એમ સ્વગત વિચારતાં અને કાંઈક બડ-બડતાં તેણે પેલા માણસ ગમ ફરી વળી કહ્યું—"તું એકવાર ફરીથી તારા શેઠને કહે કે " દુર્જયને બહુ અગત્યના કામ અર્થે તમારી સાથે અવશ્ય કાંઈ વાત કરવી છે. તમે કહેશો તો થોડીકવાર ખોટી થવા તે તૈયાર છે, પણ તે મળ્યાવગર જનાર નથી, એમ આગ્રહપૂર્વક કહેછે."

તે નોકર ઉપલા સમાચાર કહી તરતજ બહાર

આવ્યો, અને બાજુના એક ઓરડાનું બારણું ખોલી તેમાં દુર્જયને બેસાડી જતો રહ્યો.

"હા, હવે બધું ઠીક થશે."—તે અંતરવિષે વિચારવા લાગ્યો—"જમદગ્નિ! આટલી આટલી વાર તારી ખાતરી થયા છતાં શું તું એમ ધારેછે કે દુર્જય ઉપર તું જય મેળવીશ? ના, એવું ખોટું અભિમાન રાખીશ નહિ. સૂર્યને દેખી જેમ હીમ પિગળે તેમ મને દેખી તારે પિગળવુંજ જોઇએ."—આ પ્રમાણે તેના વિચારરૂપી સાગરમાં સંકલ્પ-વિકલ્પરૂપ અનેક તરંગો ઉછળતા હતા, અને એમ કરતાં અનુમાન અર્ધ કલાક નિર્ગમન થઈ ગયો.

"હજી જમદગ્નિ આવ્યો નહિ,"—એમ તે વિચાર કરેછે, એટલામાં તો એક વૃદ્ધ પુરૂષ ઓરડમાં દાખલ થયો. તેની ઉમર આસરે પંચાવન વર્ષની હશે. તેના માથાના કેશ લગભગ શ્વેતવર્ણું થઈ ગયા હતા. તેનું લાંબું નાક કોઈ પણ કાર્યમાં અગ્રેસર થવાની તેની તત્પરતા દર્શાવતું હતું. દૃઢતાથી બીડી રાખેલા હોઠ તેના દૃઢપણાની સાક્ષી પુરતા હતા. ઉદારતા દાનવૃત્તિ અને ધર્મ નીતિ વિષે

પ્રીતિને સૂચન કરનાર મસ્તકનો વચલો ભાગ ઉંચાઈ વિષે ન્યૂન હતો. જે ઠેકાણે શિખા રાખવામાં આવેછે, તે સ્થળ લંધારે ઊંચું હોવાથી તેને આત્મ-શ્લાઘા બહુ રૂચીકર હોય અને હુંપદનું અભિમાન કાંઈ વિશેષ હોય, એમ સહજે અનુમાન થતું હતું. કપાળ અને આંખો અધ્યમ કદનાં હતાં. તેનાં વસ્ત્રો ઉંચા પ્રકારનાં અને મધુર સુગંધના પમરાટયુક્ત હતાં. આ વૃદ્ધ પુરૂષે જેવો ઉંબરમાં પગ મૂક્યો કે **દુર્જય** ઉભો થયો, અને તેને માનપૂર્વક સલામ કરી.

ઓરડાના મધ્યમાં એક ટેબલ, અને તેની આસપાસ કેટલીક સુંદર કારિગરીની કુરસીઓ ગોઠવેલી હતી. સામે એક સુશોભિત ઘડિયાળ ટાંગેલું હતું તે તેની ચાતુર્યયુક્ત બનાવટ માટે બહુ વખણાયેલું હતું. પ્રત્યેક કલાકનો આરંભ થતાં તેમાં થોડીકવાર કાંઈક મનોહર વાદિત્ર વાગતું, અને ત્યાર પછી તરતજ મનુષ્યઆકૃતિનું એક નાનું પૂતળું ઘડિઆળના આંતરભાગમાંથી બહાર આવી, જાણે ઓરડામાં કોણ કોણ બેઠું છે તે જોતું હોય તેમ આસપાસ પોતાની ડોક અને ચક્ષુ ફેરવી " સાહેબ,

આઠ વાગ્યા છે. સાહેબ, દશ વાગ્યા છે" આદિક જેટલા વાગ્યા હોય તે નમનસહિત મોટે સાદે સૂચન કરતું હતું. થોડીવાર અગાઉજ દશ વાગ્યા છે, એમ તે પૂતળું કહી ગયું હતું.

વૃદ્ધ **જમદગ્નિ** એક કુરસી લઈ બેઠો, અને **દુર્જય** તેનાથી થોડેક દૂર સ્વસ્થપણે ઉભો રહ્યો.

"**દુર્જય**, ફરી કેમ આવવું થયું ?"—**જમદગ્નિ**એ વાત ઉપાડી. તેના અવાજમાં ક્રોધનો સૂક્ષ્મ આભાસ જણાતો હતો, પણ તે આભાસ છુપાવવાનો તે યત્ન કેમ કરતો હોય તેમ સહજ હસતું વદન કરી તેણે વળી કહ્યું—"તે દિવસે તેં વચન નહોતું આપ્યું કે હવે ફરીથી કોઈ દિવસ નહિ આવું ?"

"હા શેઠ, તમારી વાત સત્ય છે."—દુર્જયે વગર શરમાયે અને તે વૃદ્ધ પુરૂષના આંતર વિચાર તેની મુખાકૃતિના ફેરફાર ઉપરથી વાંચતો હોય તેમ, સન્મુખ દૃષ્ટિ રાખી ઉત્તર દીધો—"હું લગભગ પાંચ વર્ષ અગાઉ આવ્યો હતો, અને તે વખતે મેં ઉપર કહ્યું વચન આપ્યું હતું ખરૂં, પણ તે વખતે મને એવું ભાસ્યું નહતું કે, તમારૂં આપેલું દ્રવ્ય આટલી

ટુંક મુદ્દતમાં વપરાઈ જશે. મારે હમણા ખરેખરી અગત્ય પડી છે અને તે લીધા વગર—

"બસ કર દુર્જય, બસ કર."—તેનું હઠીલું વાક્ય પૂરું ન કરવા દેતાં જમદગ્નિ ઉસ્કેરાઈને બોલી ઉઠયો—"તું મારો બરોબરિયો હોય તેવી રીતે વાત કરવાની કેમ હિંમત ધરેછે? બાવીશ વર્ષ પૂર્વે તું મારો રસોયો-હા એક નોકર માત્ર હતો, તે વાત શું તું આજ ભૂલી જાયછે? તું લગભગ ૧૪ વર્ષ મારે ત્યાં રહ્યો ત્યાં સુધીમાં હું તારા પ્રત્યે કેવી માયાથી વર્ત્યો છું તે શું આ સમયે તને યાદ નથી આવતું? મારા સગા ભાઇઓ કરતાં પણ તારા ઉપર મેં અધિક વિશ્વાસ રાખ્યો હતો તે શું તારી સ્મૃતિમાંથી જતું રહ્યું છે? જોકે મારા બીજા ચાકરોસમાન તું પણ એક ચાકરજ હતો, તોપણ મેં તને ચાકર નહિ પણ એક ખરા મિત્ર તરીકે ગણ્યો હતો એ વાત શું તારા હૃદયમાંથી ભૂંસાઈ ગઈ છે? મારી ચાકરીમાંથી નિકળી ગયા પછી પ્રથમ વાર પાંચ હજાર, બીજી વાર ત્રણ હજાર અને ત્યારપછી ત્રણ વાર એક એક હજાર સુવર્ણ સિક્કાઓની પાદશાહી

બક્ષેસ મેં તને કરી હતી, તે બધું શું તને વિસ્મરણ થયું છે? તારા જેવા કૃતઘ્ન—.

"ના. હું કૃતઘ્ન થયો નથી."—દુર્જય એક પગલું આગળ વધીને બોલ્યો—"તમે દીર્ઘ વિચાર કરી જોશો તો માલમ પડશે કે, તમારી જે પ્રકારની ગંભીર, જોખમથી ભરેલી, અને અમૂલ્ય સેવા મેં બજાવી છે, તેવી સેવા બીજા થોડાજ બજાવી શકે અને તોપણ તે અમૂલ્ય સેવાના બદલામાં તમે સર્વ મળી અગ્યાર હજાર સિક્કાની નજીવી ભેટ કરીછે, તે શું તમે વધારે ગણો છો ? તેમ ગણતા હો તો હું ખાતરીથી કહી શકુંછું કે તમે મોટી ભૂલ કરોછો. તમે આજ પર્યંત મને જે દ્રવ્ય આપ્યું છે, તેથી દશગણું દ્રવ્ય પણ મારી સેવાનો બદલો વાળવાને સમર્થ થશે નહિ તે નિશ્ચિત જાણશો. શું તમે એમ ધારોછો કે તમારા કાર્યમાં મેં સહાયતા આપી તે કેવળ નિઃસ્વાર્થપણે આપી હતી? નહિ, નહિ, સ્વાર્થ ઉપર તો આ સૃષ્ટિનું મંડાણ થયુંછે, અને સ્વાર્થથીજ આ સૃષ્ટિનો વ્યવહાર ચાલેછે, તે તમે સારી રીતે જાણો છો. તમારૂં છૂપું અને

જોખમભર્યું કાર્ય તમારાથી સ્વતઃ ન થઈ શકે તેવું હોવાથી તેમાં તમને મારી અગત્ય પડી હતી, અને તમે જાણો છો તેમ મેં કેવી ચતુરાઈથી અને છૂપાછૂપ સર્વ ગોઠવણ કરી હતી. મારા લાભનો વિચાર કર્યા વગર શું એક મૂઢનીપેઠે હું આ સર્વ શ્રમ ઉપાડતો હતો? ખચિત નહિં. તમારૂં કાર્ય કરવાથી હું મારી દજીંગીપર્યંતનો લાભ સાધતો હતો, એટલુંજ નહિ પણ તમારા જેવા એક ધનવાન પુરૂષને હું મારા તાબામાં લેતો હતો. હું સંક્ષેપમાં દૃઢપણે અને સ્પષ્ટતાથી એટલુંજ કહુંછું કે તમારી છૂપી વાત સંબંધે જો તમારે મને મૌન ધારણ કરાવવું હોય તો મારા આયુષ્યપર્યંત તમારે મને દ્રવ્ય પૂરૂં પાડવું પડશે."—આ પ્રમાણે લંબાણ વ્યાખ્યાન કરી **દુર્જય** ઉત્તરની વાટ જોતો ઉભો રહ્યો.

જમદગ્નિ થોડી વાર તો દિગ્મૂઢ બની ગયો. પણ તરતજ હિંમતથી બોલ્યો—"**દુર્જય**, તારી હદપારની નીચતા હું સફળ થવા દઈશ નહિ. તેં મને ઘણીવાર નિચવ્યો છે, પણ હવે હું વધારે નિચોવાનો નથી. મેં અડિગ્ગ ઠરાવ કર્યોછે, અને તે અનુસાર

હમણા તેમજ હવે પછી એક ખોટી મુદ્રાસરખું પણ તું મારી પાસેથી પામનાર નથી."

"તમારા અવિચારી ઠરાવનું મહાવિકટ પરિણામ આવશે, એ હું તમને આગળથી કહી રાખુંછું."—જમદગ્નિની આ પ્રથમવારની હઠ જોઈ આશ્ચર્ય પામતાં દુર્જય બોલ્યો—"અને—

"બસ. મેં તને કહ્યું તેમ હું તારાથી લેશમાત્ર પણ હવે બ્હીવાનો નથી."—જમદગ્નિએ દુર્જયની વાત આગળ સાંભળ્યા વગરજ ઉત્તર દીધો.

"ત્યારે પૈસા આપવાની તમે ના પાડોછો ?"

"હા. એક વાર નહિ, પણ સહસ્ત્રવાર ના પાડુંછું."

"જુઓ જમદગ્નિ, આ છેલ્લી વાર હું ચેતવણી આપુંછું."—દુર્જય સહજ મોટા સાદે બોલ્યો—"તમે મને હજી બરાબર ઓળખતા નથી. મને પજવવામાં સાર કાઢશો નહિ. તમારી આ વૃદ્ધાવસ્થામાં હું તમારી ફજેતી કરીશ, તમારી છૂપી વાતનો ભેદ હું જગપ્રસિદ્ધ કરીશ, તમારી અને તમારા કુટુંબ પરિવારની પ્રતિષ્ઠાનો હું નાશ કરીશ, તમને ધિક્કાર અને તિરસ્કારનો અદ્યાપિ સુધી કોઈ

થયો નથી એવો ભોગ કરીશ, પોલિસરૂપી ભૂખ્યા કૂતરાઓને હું તમારી પૂંઠે કરીશ, અને છેવટ બંધનઃ ગૃહની સેહેલ કરાવી તમારા અવિચારી ઠરાવમાટે પ્રાયશ્ચિત્ત કરાવીશ:"

"લુચ્ચા! પ્રપંચી! તારી આંતરદુષ્ટતા હવે તારા શબ્દોમાં સ્પષ્ટ તરી આવેછે. તું અવો નીચ છે એમ તે દહાડે હું જાણુતો નહતો, પણ હવે ચિંતા નહિ. મારી જે છૂપી વાત તું પ્રગટ કરીશ, તે ગમે તેટલી સત્ય હશે, તોપણ સજ્જનસમુદાય તારી અને મારી સ્થિતિની સરખામણી કરી તે ઉપર કોઈ કાળે વિશ્વાસ રાખશે નહિ. તારા જેવો એક કંગાળ રસોયો ક્યાં અને મારા જેવો એક શ્રીમાન, યશમાન, અને વિખ્યાતિને પામેલો પુરૂષ ક્યાં!! પોલિસ પણ તારી છૂપી વાત સાંભળી એમજ માનશે કે ભય પમાડી નાણું કઢાવવાની તેં આ એક ચપલ યુક્તિ રચી છે. તારા જેવા લુચ્ચા અને હલકા પુરૂષો સિંવાય બીજા કોઈ પણ તારી વાતને વજન આપશે નહિ. જા, દુર્જય, જા, તારાથી થાય તે કરં, હું હવે બ્હીવાનો નથી"—એમ તિરસ્કાર સહિત બોલતાં

જમદગ્નિ કુરસી ઉપરથી ઉભો થયો, અને દરવાજા બહાર જોવા લાગ્યો.

"શેઠ જરા ધૈર્ય રાખો, અને જતા રહેવામાટે આટલી ઉતાવળ કરો નહિ."—દુર્જય દ્વારના મધ્યમાં આડો ઉભો રહી જાણે પોતાના વિજયની પૂર્ણ ખાતરી ધરાવતો હોય તેમ કાંઈક હાસ્ય કરતો બોલ્યો—"આગલો ગંભીર બનાવ શું તમે ભૂલી ગયાછો? વિશ્વભેદ સંવત્ ૭૯૯૩ ના વર્ષમાં પેલા શિવપરાંના યુવાન રઘુનાથને તમે કેવો દુઃખી કર્યો હતો, વિશ્વભેદ મંડળીનો છૂપો ભેદ જાણવા અર્થે તમે તે બિચારા ઉપર કેવાં કેવાં સંકટો પાડ્યાં હતાં, વિશ્વભેદમાં શું થાયછે તે પોતાની મેળેજ પોલીદે એવા હેતુથી તેને કેફી વસ્તુઓનું પાન કરાવી કેવી જોખમ ભરેલી રીતે તમે બેશુદ્ધ કર્યો હતો, એક અંધારા ઓરડામાં તેને કેટલા દિવસ સૂધી પૂરૂં પાધરૂં ભોજન પણ આપ્યા વગર તમે પૂરી રાખ્યો હતો, તેના નિર્બળ શરીર ઉપર લાકડીવડે પ્રહારો કરાવી કેવું ઘાતકીપણું દર્શાવ્યું હતું, અને જ્યારે આટલા બળાત્કાર છતાં પણ તેણે

તે છૂપી મંડળીનો ગુહ્ય ભેદ કહી દેવાની ના પાડી, ત્યારે તેના પ્રાણુ લેવાની તમે કેવી ક્રૂર ધમકી આપી હતી, તે સર્વ જ્યારે હું જનસમૂહને પ્રસિદ્ધ કરીશ, ત્યારે દુઃખનો પાર નહિ રહે, હો !"

"જા, જા, કાલે પ્રસિદ્ધ કરતો હો તો આજે કર."—જમદગ્નિએ તેને હડસેલી કાઢવા જતો હોય તેમ આગળ ધસી મહાક્રોધમાં કહ્યું—"તારા જેવા ચંડાળની કથાને કાન કોણુ ધરશે ! જા, નિકળ, અને ફરીવાર અહિં આવીશ નહિ."

"અરે ! પણુ એવું વ્યર્થ અભિમાન રાખશો નહિ. મારી વાત કોઈ માનશે નહિ એવું સ્વપ્ને પણુ વિચારશો નહિ."—એમ બોલતાં બોલતાં દુર્જયે પોતાની કમર ઉપરનો પટો છોડયો અને તેમાંથી પેલો જુના દેખાવનો કાગળ કાઢી, દૂરથી જમદગ્નિની સન્મુખ ધર્યો, અને સંતોષદર્શક ચેહેરે બોલ્યો—"જુઓ મારા શેઠ ! મારા શબ્દો કદાચ અવિશ્વાસને પાત્ર ગણાશે પણુ હું નિઃશંકપણે કહુંછું કે તમારા પોતાના હસ્તાક્ષરનો આ પત્ર પ્રજા સમસ્તને અને તે સાથે પોલિસને પૂર્ણ રીતે માન્ય થશે."

"પણ તે કયો પત્ર છે?"—જમદગ્નિએ ગભરાટસહિત પૂછ્યું.

"તે બિચારા ગરીબ રઘુનાથના તમે કેવા કેવા હાલ કર્યા, તે વિષે તમે તમારા મણિપુર નિવાસી ભાઈ ગૌતમ ગજાનંદ ઉપર વિ. ભે. સંવત ૭૯૯૩ ના જ્યેષ્ઠ માસની સાતમી તારીખે વિસ્તારથી જે પત્ર લખ્યો હતો, તેજ પત્ર હાલ તમારી સમક્ષ છે. તમે મને ટપાલમાં નાંખવા આપ્યો અને મેં તે પત્રને ટપાલમાં નાંખવા બદલ મારી આગળ એક અમૂલ્ય રત્નની પેઠે સાચવી રાખ્યો."

આ શબ્દ સાંભળી જમદગ્નિનું હૃદય કંપવા લાગ્યું. તેની હવે ખાતરી થઈ કે "હું દુષ્ટ દુર્જયના અંકુશ તળે સંપૂર્ણ રીતે આવી ગયોછું." શો પ્રત્યુત્તર વાળવો તેની પણ તેને સૂઝ પડી નહિ. મહાશ્રમથી ચિત્તને શાંત કરી અન્તે તે મંદ સાદે બોલ્યો—"દુર્જય, એ પત્ર મને આપે તો મોઢે માગ્યું દ્રવ્ય આપવાને હું તત્પર છું."

"એ પત્ર હું કોઈપણ કિંમતથી આપનાર નથી."—દુર્જયે જવાબ દીધો—"એક અદ્ભુત ચમત્કાર

ઉત્પન્ન કરવાની ચાવી તમને આપી દઉં, એવો હું મૂર્ખ નથી. વળી એ પત્ર તમારી પાસે આવ્યાથી પુરાવાનો નાશ થશે, એવી તમારી ધારણા નિરર્થક છે; કારણકે તમારા બીજાં ઘોર કૃત્યનો સાક્ષી **કુંભ** હજી જીવતો છે."

"શું! શું! તે જીવતો છે!"—આ વૃદ્ધ પુરૂષ બ્હીક અને ગભરાટથી નિસ્તેજ થયેલી ચક્ષુનો વિકાસ કરી બોલ્યો—"અરે, પણ એ મરી ગયોછે એવું મેં સાંભળ્યું હતું તે?"

"ના સાહેબ, તે જીવતોજ છે. **મણિપુરના** સ્ટેશનથી ગાડીમાં તે મારી સાથેજ બેઠો હતો. તેને હવે બહુ પશ્ચાત્તાપ થાયછે."

"હેં! **મણિપુરથી**! પણ તે **મણિપુર** શું કામ ગયો હતો?"—**જમદગ્નિ** વિનતિ કરતો હોય તેવા સાદે પૂછવા લાગ્યો—"**દુર્જય**, મને કહે તે શું કામ ગયો હતો. મારેમાટે દુઃખનું વૃક્ષ રોપવા તો તે નહોતો ગયો?"

"તે હું જાણતો નથી. તે સંબંધે એક શબ્દ પણ તેણે ઉચ્ચાર્યો નહોતો."

"ત્યારે તારી સાથે શી શી વાતચિત થઈ, તે મને કહેવાની કૃપા કર."

દુર્જયે આ સ્થળે ગાડીમાં થયેલી સર્વ વાત કહેવા માંડી, અને જમદગ્નિએ મુંગે મોઢે સાંભળી લીધી. તેના ચહેરા ઉપરથી રૂધિર ઉડી ગયું, અને આંખે અંધારાં આવી ગયાં. આધાર અર્થે બારણું થોભી તે ઉભો રહ્યો. તે અવશ્ય બેશુદ્ધિમાં પડી જાત, પણ દુર્જયે તેનો હાથ પકડી એક કુરસી ઉપર બેસાડયો. થોડી વાર પછી તે સ્વસ્થ થયો, એટલે દુર્જયે કહ્યું—

"જમદગ્નિ શેઠ, તમારૂં આપેલું દ્રવ્ય, વગર શ્રમે એકદમ શ્રીમંત થવાના લોભમાં હું જુગાર રમતાં હારી ગયો છું. મારે હાલમાં ૩૦૦૦ સુવર્ણ સિક્કાની જરૂર છે, તે મને આપો, અને હું ઉત્પન્ન કરનારની પ્રતિજ્ઞા લઈ કહું છું કે તમારી છૂપી વાત મારા મુખમાંથી બહાર પડવા દઈશ નહિ."

"અને પેલો પત્ર?"—જમદગ્નિએ પૂછ્યું.

"અને તે પત્ર હું કોઈ મનુષ્ય ચક્ષુને બતાવીશ નહિ, તેવિષે પણ નિશ્ચિંત રહેજો."

આ વખતે ચાકર અંદર આવ્યો અને તેણે કહ્યું—"શેઠ, એક યુવાન પુરૂષ આપને મળવા આવ્યો છે. મેં તેને બાજુના ઓરડામાં બેસાડયો છે, માટે આપ આજ્ઞા કરો તો—"

"જા, તેને કહે કે શેઠની શરીરપ્રકૃતિ હાલ બરાબર નથી, માટે એક બે દિવસ રહીને આવજો. તેનું નામ પૂછી રાખજે."—જમદગ્નિએ તેને ધીમે સાદે કહી રવાને કર્યો.

ચાકર તરતજ દરવાજો બંધ કરી જતો રહ્યો.

"દુર્જય, હું એક વાર ફરીથી તારા ઉપર વિશ્વાસ રાખું છું."—એમ કહી જમદગ્નિએ બાજુમાં ઉભેલી તીજોરી ઉઘાડી તેમાંથી હજાર હજાર સિક્કાની ત્રણ કોથળીઓ કાઢી દુર્જયને આપી. દુર્જયે તે કોથળીઓ પોતાના વસ્ત્રમાં બાંધી લીધી, અને ઉપકારના બે ચાર શબ્દો કહી હર્ષ પામતો જતો રહ્યો.

પ્રકરણ ૮ મું.

વિશ્વભેદનો વાર્ષિક મહોત્સવ.

પ્રિય વાંચકવૃંદ, આપણે એક વાર ફરીને મણિપુર ગમ દૃષ્ટિ કરીયે. ગત પ્રકરણને બીજે દીને એટલે પૌષ શુદ્ધ ૯ ને ગુરૌને દિવસે આખી નગરીમાં ધામધૂમ થઈ રહી હતી. ઘરો વિગેરે બહુ સ્વચ્છ કરેલાં અને શણુગારેલાં દેખાતાં હતાં. વિવિધ રંગનાં વસ્ત્રો અને નાના પ્રકારનાં આભૂષણો સજી બાળક, યુવાન, અને વૃદ્ધ, એમ સર્વ વયના સ્ત્રી-પુરૂષોનાં ટોળે ટોળાં દેવ-દર્શનાર્થે જતાં જોવામાં આવતાં હતાં. જ્યાં દૃષ્ટિ કરો ત્યાં સર્વત્ર આનંદમય અને ઉત્સાહમય દેખાતું હતું. રાત્રે આખી નગરીમાં અને આસપાસના નાનાં મોટાં ગામોમાં રોશની થવાની હતી. આમ થવાનું કારણ એટલુંજ હતું કે આજે નવા વર્ષનો દિવસ હતો. રાજ્યનું વર્ષ પણ આજેજ બદલાતું હતું, અને વ્યાપારીઓ પણ વહી પૂજન આજેજ કરતા હતા.

નવા વર્ષ કરતાં પણ વધારે અગત્યતા ધરાવનારી બાબત તો એ હતી કે આજે "વિશ્વભેદ મંડળીનો" વાર્ષિક ઉત્સવ હતો. આ ઉત્સવમાં સમગ્ર પ્રજા ભાગ લઈ શકતી નહિ, તેથી તે સાર્વજનિક ઉત્સવ ગણાતો નહોતો, પરંતુ વિશ્વભેદ સાથે સંબંધ રાખનારાઓનો તે મહાજબરો તહેવાર ગણાતો હતો; તેમાં પણ વિશ્વભેદમાં દાખલ થવાની અભિલાષા રાખનાર નવીન ઉમેદવારોને મનથી તો આજનો દિવસ તેમના જીવન સાર્થકના મૂહૂર્ત્તરૂપ હતો; કારણકે તેઓને માત્ર નવા વર્ષને દિવસેજ તેમાં દાખલ કરવામાં આવતા હતા.

વિશ્વભેદ સંબંધી વિશેષ વર્ણન આ પ્રકરણમાટે રહેવા દઈ કેટલુંક સંક્ષિપ્ત વર્ણન આગલા પ્રકરણોમાં આવી ગયું છે, તે ઉપરથી "વિશ્વભેદ મંડળીનું" કેવું પરિબળ હતું, રાજ્ય ઉપર પણ તેઓની કેવી સત્તા ચાલતી હતી, ઉત્તરોત્તર ભૂમિકાઓ કેવી રીતે નિર્માણ કરેલી હતી, તેના ગુરૂજીઓ અને મહાગુરૂજીઓનો ભેદ કેવા પ્રકારનો હતો, તેમાં દાખલ થયેલાં સ્ત્રી–પુરૂષોની સંખ્યા કેવી જબરી હતી, તેમ

અસંખ્ય જનો તેથી વિરૂદ્ધ હોવાને લીધે તે મંડળી પ્રત્યે કેવો શત્રુભાવ અને તિરસ્કાર રાખતા હતા, એ છૂપી મંડળીના સભાસદો દુઃસહ પરિતાપ વેઠવા છતાં અને અપાર સંકટોના ભાર તળે કચડાવા છતાં પણ એ મંડળીનો ગુહ્યભેદ કોઈ કારણથી કહેતાં નહોતાં, તે આદિક કેટલીક બાબતો આ વાર્તાને અંગે આપણે જાણી ચુક્યા છિએ.

સર્વ મહાગુરૂજીઓ ધુરંધર જ્ઞાનીઓ હોવા ઉપરાંત અણિમા, ગરિમા, આદિક અષ્ટસિદ્ધિવાન હતા. વિશ્વભેદના સર્વ દિક્ષિતો પાસેથી તેમના ગજા પ્રમાણે વાર્ષિક લવાજમ લેવામાં આવતું હતું, અને જે દિક્ષિતો પોતાની ભૂમિકાની પરીક્ષા વેળાએ કોઈ અનિવાર્ય કારણ વગર ગેરહાજર રહે તો તેની પાસેથી ચોકસ દ્રવ્યદંડ લેવામાં આવતો હતો. આ પ્રમાણે એકઠી થતી રકમ એક મોટા રાજ્યની ઉપજ જેટલી થતી હતી; કારણકે લવાજમ આપનારની સંખ્યા કાંઈ બે ચારની નહોતી, સો કિંવા હજારની નહોતી, પણ અપરિમિત હતી. આ ઉપરાંત રાજ્ય ઉપજમાંથી પણ એક દશાંશ ભાગ તેને મળતો હતો. જેટલા

પ્રમાણમાં ઉપજ વિશાળ હતી તેટલાજ પ્રમાણમાં ખરચ પણ બહોળો હતો.

દેશ ધારાનુસાર ખુનીને પણ દેહાંત શિક્ષા થઈ શક્તિ નહોતી, તો પણ વિશ્વભેદ મંડળીમાં દાખલ ન થયેલો કોઈ પુરૂષ અથવા સ્ત્રી તે મંડળીના છૂપા સ્થાનકમાં છળથી અથવા અજાણતાં પ્રવેશ કરે તો તેને દેહાંત શિક્ષા કરવાનો એ મંડળીના મહાગુરૂજીઓને બહુ પુરાતન કાળથી અધિકાર મળેલો હતો. આવો સખ્ત કાયદો હોવા છતાં પણ કેટલાક દુષ્ટ-જનો એ મંડળીમાં શું થાયછે તે જાણી લઈ જન-સમુદાયમાં પ્રગટ કરવાની નીચ ઉત્કંઠાને આધિન થઈ, મંડળીના ક્રિયાસ્થાનમાં છળયુક્તિથી પ્રવેશ કરી, પરિણામે દેહાંત દંડને પામતા હતા. એવું કોઈકજ વર્ષ ખાલી જતું કે જે વર્ષમાં એક બે જણને પણ એ કારણસર પકડ્યા ન હોય.

વિશ્વભેદના સભ્યજનો પરસ્પર એક બીજાને "આ માણસ વિશ્વભેદમાં દાખલ થયોછે," એમ ઓળખી શકે તે માટે ચોકસ હાથની નિશાની (ઈશારત) ગોઠ-વેલી હતી, અને તે નિશાની નવા ઉમેદવારોને મંડ-

ળીમાં દાખલ કર્યા પછી શીખવવામાં આવતી હતી. મંડળીના સર્વ સભ્યજનો ક્રિયાસ્થાનમાં પ્રવેશ કરતી વખતે ચોકીદારને એ નિશાની કરી બતાવતા હતા, અને ત્યાર પછીજ તેમને આગળ પગલું ભરવા દેવામાં આવતું હતું. આ ઉપરાંત પ્રત્યેક ભૂમિકાને માટે જૂદી જૂદી છૂપી નિશાનીઓ પણ યોજેલી હતી, કે જે નિશાનીથી દિક્ષિતો પોતપોતાની ભૂમિકાવાળાઓને ઓળખી શકતા હતા. આ નિશાનીઓ તેઓને તે તે ભૂમિકામાં પ્રકટ કરવામાં આવતી હતી.

વિશ્વભેદના પુરૂષ અને સ્ત્રી દિક્ષિતો પરસ્પર ભાઈ બેન કહેવાતા હતા. તેઓમાં જે નિરાશ્રિત હોય તેમને માટે સર્વ પ્રકારની સગવડતાયુક્ત અનેક ધર્મ-શાળાઓ, અને નિરાશ્રિત હોવા ઉપરાંત પોતાનું ઉદરપોષણ કરવાને અશક્તિમાન હોય તેઓનેમાટે ભિન્ન ભિન્ન સ્થળે અનેક ભોજનગૃહોની સ્થાપના આ મંડળી તરફથી કરવામાં આવી હતી.

વિશ્વભેદમાં દાખલ થનાર માટે નીચલા ચાર પ્રતિબંધ રાખેલા હતા. (૧) પ્રથમ તો એ, કે દાખલ

થનાર સ્ત્રીની વય ઓછામાં ઓછી પંદર વર્ષની અને પુરૂષની વય અઢાર વર્ષની હોવી જોઈએ. (૨) બીજું એ, કે સારી રીતે વાંચતાં અને લખતાં આવડતું હોવું જોઈએ. (૩) ત્રીજું એ, કે ઈશ્વરના અસ્તિત્વને તથા સ્વર્ગ–નર્કના સદ્‌ભાવને તે સત્ય માનતો હોવો જોઈએ. (૪) હવે ચોથો અને છેલ્લો પ્રતિબંધ એ હતો, કે ચોથી ભૂમિકા પૂર્ણ કરેલ પાંચ સભાસદો તરફથી તેને દાખલ કરવાની ભલામણ થઈ હોવી જોઈએ અને તે પાંચે સભાસદો તેને પ્રવેશ કરાવતી વખત તેની આગળ હાજર હોવા જોઈએ. આટલી શરતો જે ઉમેદવારો તરફથી પાળવામાં આવતી તેને એ મંડળીમાં દાખલ થવા દેતા હતા. પ્રવેશ કર્યા પૂર્વે તેમને કેટલીક ક્રિયાઓ તળે પસાર થવું પડતું હતું અને તેમ કર્યા પછી તેમને પ્રથમ ભૂમિકાનો ઉપદેશ આપી, પ્રથમ ભૂમિકાના દિક્ષિત તરીકે ગણવામાં આવતા હતા.

આ પ્રમાણે દાખલ થવાની શરતો બહુ સુગમ હોવાથી પ્રત્યેક વર્ષે હિંદુસ્થાનના જુદા જુદા ભાગોમાંથી અને ઈરાન, યુનાન, તથા મિસર આદિક

બીજા દૂરના પ્રદેશોમાંથી પણ સર્વ મળી લગભગ ૧૦૦૦થી અધિક ઉમેદવારો એ મંડળીમાં પ્રવેશ કરવાને હાજર થતા હતા, અને તેમ થવાથી આજે પ્રથમ ભૂમિકાના દિક્ષિતોની સંખ્યા થોડાક લાખની થવા આવી હતી. પ્રથમ ભૂમિકામાં આટલો બધો ભરાવો થઈ જવાનું કારણ એટલુંજ હતું, કે ઘણાક તો "એ મંડળીમાં શું થાયછે." "તેમાં દાખલ થયેલાઓ એ છૂપો ભેદ શા કારણથી પ્રગટ કરતા નથી." આદિક જાણવામાત્રની તીવ્ર જીજ્ઞાસાને આધીન થઈનેજ દાખલ થયેલા હોવાથી, આગળ વધવાનો પ્રયાસ કરતા નહોતા. ઘણાક આળસને લીધે, તો ઘણાક સંસારવ્યવહારમાં અત્યંત રચ્યા-પચ્યા હોવાથી, અને ઘણાક તો "ઉત્તરોત્તર ભૂમિકાઓ ચઢવા માટે નિર્માણ કરેલો વિદ્યા આદિકનો અભ્યાસ બહુ કઠિન છે, અને તેમાં સફળતા મેળવવી એ કેવળ અશક્ય છે," એવા એવા વિચારથી પોતાને અશક્ત માની બીજી ભૂમિકામાટે યોગ્ય થવાને મથન કરતા નહિ. વળી ઘણાક તો એ મંડળીને "લકડેકા લડુ, ખાય સો પસ્તાય, ઔ ન

ખાય સો બી પસ્તાય." વગેરે કહેવતોની પેઠે "કેવળ સાર વિનાની, અને ઢોંગ માત્ર છે," એવું ગણી દ્વિતીય ભૂમિકામાં ચઢવામાટે અભ્યાસ કરવાને બદલે પ્રસંગોપાત એ મંડળીની નિંદા કરવામાં તત્પર થતા હતા. બીજી કરતાં ત્રીજીની, અને ત્રીજી કરતાં ચોથીની, એમ ઉત્તરોત્તર ભૂમિકાની પરીક્ષાઓ વધારે ને વધારે ગહન થતી હતી, તે એટલે સૂધી કે ચોથી ભૂમિકા પૂર્ણ કરી પાંચમીમાં જવું એ અસંભવિત ને સંભવિત કરવા સમાન હતું, અને છઠ્ઠી પૂર્ણ કરી સાતમીમાં જવું એ તો ખરેખર નવો અવતાર લેવા જેવું હતું. આ પ્રમાણે જેમ જેમ ભૂમિકા ચડતી જતી, તેમ તેમ તેની પરીક્ષાઓ વધારે દુઃસાધ્ય થતી હતી, અને તેથી બીજી ભૂમિકાવાળાઓની સંખ્યા પહેલી ભૂમિકા-વાળાઓ કરતાં ઓછી હતી, ત્રીજી ભૂમિકાના અભ્યાસીઓની તેથી વધારે ઓછી, અને ચોથીની તેથી પણ અત્યંત ઓછી, એમ છઠ્ઠી ભૂમિકા તરી સાતમીમાં આવનાર તો કોઈ વિરલાજ હતા.

શ્રીકૃષ્ણ ભગવાને પણ શ્રીમદ્ભગવદ્ગીતામાં આ પ્રમાણે કહ્યું છેઃ—

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः॥१॥

(અર્થ:—મનુષ્યોમાં સહસ્રોમાં કોઈક જ્ઞાનની ઉત્પત્તિ-માટે પ્રયત્ન કરેછે અને પ્રયત્ન કરનારા અધિકારીઓ-માં પણ કોઈકજ મને યથાસ્થિત ઓળખેછે.)

આપણે કહી ગયા છિએ તેમ ચોથી ભૂમિકા પછી "વિહંગમ માર્ગ" અને "ચીટી માર્ગ" એવા બે વિભાગ થતા હતા, અને તે પ્રત્યેકમાં ૫ મી, ૬ ઠી, અને ૭ મી, એમ ત્રણ ત્રણ ભૂમિકા યોજેલી હતી. જેઓને બ્રહ્મજ્ઞાન મેળવવું હોય તેઓ ચોથી ભૂમિકા પૂર્ણ કરી "વિહંગમ માર્ગમાં" પ્રવેશ કરતા. જેઓ હઠયોગની સાધના કરી *સિદ્ધિઓ મેળવવા ઇચ્છતા

---

* હઠયોગની સિદ્ધિઓ અનેક છે, તેમાં આઠ મહાસિદ્ધિઓ છે, તે નીચે પ્રમાણે.

૧ અણિમાઃ—શરીરને અણુ (સૂક્ષ્મ)રૂપ કરવાની શક્તિ.
૨ મહિમાઃ—શરીરને અત્યંત મ્હોટું કરવાની શક્તિ.
૩ લઘિમાઃ—શરીરને અત્યંત ન્હાનું કરવાની શક્તિ.
૪ ગરીમાઃ—શરીને અત્યંત ભારી કરવાની શક્તિ.
૫ પ્રાપ્તિઃ—ઇંદ્રિયોના સર્વ ભોગ પ્રાપ્ત કરવાની શક્તિ.

હોય તેઓ "ચીટી માર્ગ" નો ગ્રહણ કરતા, અને જેઓને ઉભયની ઉત્કંઠા હોય તેઓ એક પછી એક એ ઉભય માર્ગનો ઉપદેશ લેતા હતા.

વિશ્વભેદ મંડળીનું સ્થાન લગભગ આઠ ચોરસ-માઇલની જમીન રોકતું હતું, અને તે મણિપૂરથી ચાર ગાઉ દૂર પૂર્વદિશા તરફ આવેલું હતું. તે ઉપર ઘણું ધન ખરચી ચાર દિશાએ ચાર વિશાળ દ્વાર-વાળો એક મજબૂત ઊંચો ગઢ બાંધેલો હતો, કે જે ગઢના રક્ષણાર્થે જાણે યમ રાજાના અસંખ્ય-પ્રતિનિધિઓ સુવિરાજમાન કેમ થયા હોય, તેમ ભય પમાડનાર આકારવાળી, ઘણે દૂરથી અને ઘણી ત્વરાથી પ્રહાર કરી શકે તેવી, અને વિનાશ કરવામાં સદા તત્પર, એવી સંખ્યાબંધ તોપો તે ઉપર

---

૬ પ્રાકામ્ય:—એક સ્થળે બેઠાં છતાં બધું સાંભળવાની અને જોવાની શકિત.

૭ ઈશિત્વ:—ઇચ્છા અનુસાર બીજાઓના દેહ, ઇંદ્રિય, બુદ્ધિ, મન, અને પ્રાણને પણ પ્રેરણા કરવાની શકિત.

૮ વશિત્વ:—જે કાંઈ ઇચ્છા થાય તે તેજ ક્ષણે પ્રાપ્ત કરવાની શકિત.

ગોઠવવામાં આવી હતી. આટલેથી પણ ગઢના રક્ષણનો ઉદ્દેશ પાર પડતો ન હોય તેમ તેની બહાર ફરતી એક ઘણી પહોળી ખાઈ ખોદેલી હતી, તેમાં પાણીનો પ્રવાહ નિરંતર વહેતો રાખવામાં આવતો હતો.

ગઢના આંતર ભાગમાં ચિત્ર-વિચિત્ર બાંધણીનાં બીજાં પણ અનેક ઘરો દૃષ્ટિએ પડતાં, તેમાં કોઈ ગૃહમાં પક્ષીઓનો, તો કોઈ ગૃહમાં જંગલી પ્રાણીઓનો, કોઈમાં ખેતીવાડીનાં હથિયારોનો, તો કોઈમાં યુદ્ધના વિનાશકારક અને રક્ષણ કરનાર અસ્ત્ર-શસ્ત્રના સમૂહનો, કોઈમાં અસંખ્ય શોધોનો, તો કોઈમાં રસાયણી પદાર્થોનો, કોઈમાં ધાતુનો, કોઈમાં ધાન્યનો, અનેક પ્રકારના વાદિત્રોનો, પુરાતન-ચિત્રોનો અને ભિન્ન ભિન્ન કાળના સિક્કાઓનો, એમ સૃષ્ટિમાં દેખાતા લગભગ સર્વ પદાર્થોનો સુવ્યવસ્થિત સંગ્રહ જોવામાં આવતો હતો. આ ઉપરાંત એક ગંજાવર પુસ્તકાલય બાંધેલું હતું, તેમાં તે જમાનામાં છપાએલા સર્વગ્રંથોની એક એક પ્રતિ રાખવામાં આવી હતી. આ વિશાળ જમીનના બરાબર મધ્યમાં એક ચોરસમાઈલ વિસ્તારનું, અંડ-

સમાન ગોળાકાર બાંધણીનું, અનેક પ્રકારના કોતરકામથી ભવ્ય કરેલું, વિવિધ પ્રકારના રંગોથી દેદિપ્યમાન થયેલું, અને ઘડિયાળવાળા ઉંચા મિનારાવાળું એક આરસપહાણનું ગૃહ બાંધેલું હતું. આ આરસપહાણના ક્રિયાગૃહની આસપાસ મોટો બગીચો હતો, તેમાં સર્વપ્રકારની વનસ્પતિ અને ફૂલફળનાં ઝાડ દૃષ્યમાન થતાં હતાં. સંક્ષેપમાં કહિયે તો આ સ્થાનકની રચના બહુ મોટા પાયા ઉપર અને અગણિત ખરચના યોગે કરવામાં આવી હતી.

આપણે હમણાજ કહી ગયા તેમ વિશ્વભેદ મંડળીનો આજે વાર્ષિક મહોત્સવ હતો, અને તેની છૂપીક્રિયાઓનો સમારંભ જોકે સાંજરે પાંચ વાગ્યા પછી થવાનો હતો, તોપણ તેના સભ્યજનોનાં ટોળેટોળાં સૂર્યોદય થતાં આવવા માંડયાં હતાં. સર્વેએ નિયમાનુસાર આજે ઉપવાસ કર્યા હતા. વિશ્વભેદ મંડળીની, વિજળીની સહાયતાથી ગતિમાન થતી હોડીઓ અને બોટો, જેને ખાઈને પેલે પાર જવું હોય તેને મૂકી આવતી હતી. ગઢના ચારેદરવાજા જે આજે ખુલ્લા મૂકેલા હતા, તે ઉપર એ

મંડળીના નિર્ધન પણ વિશ્વાસપાત્ર ભાઈઓ કોઈ પારકું માણુસ પ્રવેશ ન કરી જાય તેની સંભાળ રાખવાઅર્થે નાગી તરવારો લઈ ચોકી ભરતા ઊભા હતા, એટલુંજ નહિં, પણ છળથી કોઈ અંદર પ્રવેશ કરી ચુક્યું હોય, તો તેને પકડી પાડવાઅર્થે રકમબંધ છૂપા જાસુસો ગઢના આંતર ભાગમાં ફરતા હતા. વળી દરવાજાના આરકા ઉપર રંગેલા નીચલા મ્હોટા અક્ષરો પણ ઘણે દૂરથી વાંચી શકાતા હતા.

"વિશ્વભેદ મંડળીના ભાઈ બેન સિવાય બીજું જે કોઈ પ્રવેશ કરશે તેને દેહાંત દંડ કરવામાં આવશે."

ચારે, દરવાજેથી સ્ત્રી પુરૂષોનાં નાનાં મોટાં ટોળાં ચોકીદાર સમક્ષ સંકેત અનુસારની નિશાની કરી અંદર આવવા મંડ્યાં, તેમાં જે નવીન ઉમેદવારો હતા તેમને અંદર ન જવા દેતાં દરવાજા તળેના વિશાળ દિવાનખાનાઓમાં બેસાડવામાં આવ્યા.

મધ્યમાં આવેલા આરસપહાણુની બાંધણીના ક્રિયાગૃહના મિનારામાં સૂર્યોદય થતાંજ એક મહા-અગત્યનું કાર્ય થવા માંડ્યું હતું, અને તે એ હતું,

કે દ્વારમાં પ્રવેશ કરનાર સર્વ જણના ત્યાં ફોટોગ્રાફ પાડી લેવાતા હતા. ફોટોગ્રાફની વિદ્યા આ જમાનામાં એટલી તો પૂર્ણતાને પામી હતી કે વસ્ત્રો અને વદનઆદિકના તદ્દરૂપ રંગ તથા સર્વપ્રકારની સૂક્ષ્મતા ફોટોગ્રાફમાં ઉઠતી હતી. આ ફોટોગ્રાફોને મંડળીના સભ્ય જનોના ફોટોગ્રાફની ફાઈલ સાથે સરખાવવામાં આવતા હતા, અને તેથી કયા સ્ત્રી-પુરૂષોએ છળથી પ્રવેશ કર્યું છે, તે તત્કાળ જાણી શકાતું હતું.

મિનારાના ઘડિયાળમાં પાંચ વાગ્યાનો ઘંટ થતાંજ ગઢનાં દ્વાર બંધ કરવામાં આવ્યાં, અને સર્વ સ્ત્રી-પુરૂષો જેઓ હમણા સુધીમાં થોડાક લાખની સંખ્યામાં ભેળા થયા હતા, અને જેઓ બગીચા, સંગ્રહસ્થાન-આદિક સ્થળોમાં યથેચ્છા ફરતા હતા, તેઓ તરતજ સ્વસ્થ થયા. તેઓએ પોતાનાં ઉપલાં વસ્ત્રોની તળે પહેરેલાં પોતાની ભૂમિકાદર્શક ચિન્હ અને રંગવાળા સુંદરગુંથણીના પટા બહાર કાઢી ઉપલા ભાગમાં છાતી ઉપર ધારણ કર્યા, અને પોતપોતાની ભૂમિકા અનુસાર જૂદા જૂદા વિભાગમાં ઉભા રહ્યાં.

પ્રત્યેક વિભાગના અગ્રમાં તે તે ભૂમિકાના ચિન્હ-વાળી અને તે તે ભૂમિકાના ચોકસ રંગની એક એક મ્હોટી ધજા પકડી રાખવામાં આવી. આ સર્વ-ધજાઓમાં "વિહંગમમાર્ગ"ની સાતમી ભૂમિકાની ધજા બહુ ચિત્તાકર્ષક લાગતી હતી. તેના ઉપરનું ચિન્હ જોકે ન્યાયાધીશોની પાછળ રાખવામાં આવતી ધજા ઉપરના ચિન્હ જેવુંજ હતું, તોપણ ધજા બહુ ઉચ્ચ પ્રકારના મખમલની હોવાથી, અને તે ઉપરનાં ચિન્હો સુવર્ણ તંતુઓની ગુંથણીવાળાં, તથા મણિ-માણિક્ય આદિક રત્નોના સદ્ભાવવાળાં હોવાથી, એક અલૌકિક વસ્તુ ગણાતી હતી.

આ સર્વ તૈયારી થતાં પૂરો પાકલાક ગયો નહિં, ત્યાં તો મહાશાંત પ્રકૃતિવાળા, નીતિ અને ન્યાય-યુક્ત આચરણોવાળા, તેજસ્વી અને પ્રસન્ન કાંતિ-વાળા, સમાનપણાની દૃષ્ટિવાળા, વિદ્યાદિક અલૌકિક-સંપત્તિવાળા, જ્ઞાનનિષ્ઠામાં હિમાલય પર્વત જેવી દૃઢતા અને અડિગ્ગતાવાળા, અમૃત જેવી મધુર-વાણીવાળા, આકાશસમાન નિર્મળ અંતઃકરણવાળા, ગંગાસમાન ગાંભીર્યવાળા, સમુદ્રસમાન ધૈર્યવાળા,

અને અત્યંત સૂક્ષ્મ વિષયમાં પણ તત્કાળ પ્રવેશ કરી શકે એવી વિચક્ષણ બુદ્ધિવાળા, સંખ્યાબંધ-મહાગુરુજીઓ ક્રિયાસ્થાનમાંથી ઉઘાડે ચરણે બહાર આવ્યા. સર્વ મહાગુરુજીઓના અગ્રમાં હુરનાથ-મહારાજ, પવિત્રવેદને પોતાના હાથમાં ધારણ કરી ચાલતા હતા, ત્યારે કૃપાચાર્ય મહારાજ, કે જે તેની બરાબર પાછળ હતા, તેઓએ એક સુવર્ણમય તકીયા ઉપર વિશ્વભેદના પુરાતન, અનઉલ્લંઘનીય અને ન્યૂનાધિક થવાને અપાત્ર એવા પવિત્ર ધારાઓનું પુસ્તક ઘણાજ સન્માનથી ઉપાડયું હતું. તેની જમણી બાજુએ ક્ષેમંકર મહારાજ અને ડાબી-બાજુએ હરિકેશ મહારાજ ઉઘાડી તરવારો સહિત ધીમે પગલે ચાલતા હતા. તેઓનું આગમન થતાંજ સર્વ-દિક્ષિતોએ પોતાના જોડા કાઢી નાખી સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કર્યા, અને એકવાર ફરીથી સ્વસ્થ થયા. મહાગુરુજીઓની આજ્ઞા થતાંજ સર્વ અધિકારીઓ પોતાની ભૂમિકાના ક્રમઅનુસાર સાતમી પછી છઠ્ઠી, તેની પાછળ પાંચમી, એમ હારબંધ ગોઠવાઈ ગયા, અને મહાગુરૂજીઓના પ્રમુખપણા હેઠળ આ આખી

સ્વારી પવિત્ર વેદવાક્યોના ઉચ્ચાર કરતી, અગર, ચંદન આદિક સુગંધી પદાર્થોના ધૂપ કરતી, અને આ ગંભીર ક્રિયાને અનુસરતાં અનેક વાદિત્રો વગાડતી ગઢની અંદરજ આવેલા "ૐમંદિર"ની પ્રદક્ષિણા કરવા ત્યાંથી ઉપડી. આસરે અર્ધ કલાકમાં તેઓ મંદિર સમીપ જઈ પહોંચ્યા, અને વિધિઅનુસાર ત્રણવાર પ્રદક્ષિણા કરી ત્યાંથી પાછા ફર્યા. આ પ્રથમ ક્રિયામાં લગભગ એક કલાક વ્યતીત થઈ ગયો, અને હમણા છ વાગવા આવ્યા હતા. બે કલાકસુધી મરજી પડે ત્યાં ફરવા–હરવાની મહાગુરુજીઓએ તેમને રજા આપી, એટલે આ સ્વારીનાં સ્ત્રીપુરૂષે ચારે દિશા તરફ વિખરાઈ ગયાં. વિજળીના દીપકો જે સ્થળે સ્થળે ગોઠવેલા હતા, તે હવે પ્રદિપ્ત કરવાની આજ્ઞા આપવાનું, અને નવા ઉમેદવારો કે જે આટલી વારસુધી કાંઈ પણ જોઈ શક્યા નહોતા, અને ગઢદ્વારની નીચેના દિવાનખાનામાં આતુરપણે વાટ જોતા બેઠા હતા, તેઓને માટે જે કરવું ઘટે તે કરવાનું હરિકેશ મહારાજ જે સર્વથી નહાના હતા તેને સોંપી, બાકીના મહાગુરુજીઓ આંતરભાગમાં જતા રહ્યા.

નિમેષમાત્રમાં તો વિજળીક દીપકોના પ્રગટ થવાથી પૂર્ણિમાના ચંદ્રસમાન શીતળ અને આનંદદાયક પ્રકાશ થઈ ગયો, અને જે અંધારૂં અસ્ત્ર-શસ્ત્રના પ્રહારવડે અને બલિદાન આદિક અન્ય ઉપચારોવડે નિવારણ ન થઈ શકે, તે જાણે હોયજ નહિ તેમ ક્યાંય જતું રહ્યું. જ્ઞાન અને અજ્ઞાનનો સંબંધ પણ તેવોજ છે; કારણકે અજ્ઞાનનો વિનાશ કરવામાં કર્મ, ઉપાસના કે યોગ, એ કોઈ પણ સ્વતંત્ર શક્તિમાન નથી, પણ અજ્ઞાનનો ખરેખરો વિરોધી જે જ્ઞાન, તેજ માત્ર તેનું નિવારણ કરવાને સમર્થ છે. પણ હાલ આ વાતનો અહિં પ્રસંગ નથી; માટે આટલેથીજ બસ.

હરિકેશ મહારાજ આગળ વધ્યા અને નવા-ઉમેદવારો બેઠા હતા ત્યાં આવ્યા. સર્વ મળી ૬ સ્ત્રી અને ૫૭૪ પુરૂષ ઉમેદવારો હાજર થયા હતા. તેઓ હરિકેશ મહાગુરુજીનું આગમન થતાંજ દીર્ઘ નમસ્કાર કરી તથા ઉભય કર જોડી તેની સન્મુખ ઉભા રહ્યા.

"તમે સર્વએ ઉપવાસ કર્યા છે?"–હરિકેશ મહારાજે આવતાં વખતજ પૂછ્યું.

"હા મહારાજ."—સર્વએ એકજ અવાજે નમન-સહિત ઉત્તર દીધો.

"અને ગઈ કાલની આખી રાત્રી તમે દેવમંદિરમાં વ્યતીત કરી છે?"— તેણે વળી પૂછયું.

"હા મહારાજ!"—તેઓએ પૂર્વનીપેઠેજ પ્રત્યુત્તર વાળ્યો.

"ઠીક. હે અધિકારીઓ,"—હરિકેશ ગંભીર અવાજે બોલ્યા—"આ પવિત્ર મંડળીમાં અનુસ્યૂત થવાનો તમારો નિશ્ચય જાણી અમને સર્વને આનંદ થાયછે, તોપણ મારે તમને પ્રથમ કહેવું જોઈએ, કે આ મંડળી જનસમુદાયને પ્રવેશ કરવામાં ઉત્તેજન આપતી નથી. થોડા પણ શ્રેષ્ઠ અને પાત્ર જનો પ્રવેશ કરે, એવી અમારી ઇચ્છા છે. ગુપ્તવાત ગમે તેવી નિર્જીવ હોય, તોપણ તે જાણુવાની મનુષ્યોને સ્વભાવિક ઉત્કંઠા થાયછે, અને તેથી આ મંડળીમાં "શું થાયછે" આદિક ગુહ્ય બાબતોજ માત્ર જાણુવાની જીજ્ઞાસાને લીધે જેઓ અહિં પ્રવેશ કરેછે, તેઓ આ મંડળીના સહવાસથી કાંઈપણ લાભ મેળવી શકતા નથી, પણ પરિણામે પસ્તાવાના


ભાગી થાયછે. આ મંડળીમાં દાખલ થયાથી આપણું અવશ્ય કલ્યાણ થશે, એવી કોઈ સુધારણાને લીધે જેઓ આ મંડળીના આશ્રયે આવેછે, અને આગળ વધવાનો પરિશ્રમ ચાલુ રાખેછે, તેઓ સત્ય જાણજો કે પોતાની સુધારણામાં નિર્વિવાદ સફળ થાયછે, અખંડ એવા સુખનું આસ્વાદન કરેછે, અને અંતે મહાશ્રેષ્ઠપદને પામેછે. હું તમને વિશેષ ચેતવણી આપુંછું કે જેઓનાં હૃદય બિકણાં હોય તેઓએ પ્રવેશ કરવાના વિચારનો પરિત્યાગ કરવો, અને અહિંથી જતા રહેવું; કારણ કે એકવાર દાખલ થયા પછી અન્યથા થવાનું નથી. આ સ્થળ મૂકી આગળ વધ્યા પછી કોઈ ભય ભરેલો બનાવ જોઈને તમે પાછા ફરવાની ઇચ્છા દેખાડશો, તો તે સ્વીકારવામાં આવશે નહિ; માટે હું એક વાર ફરીથી કહુંછું કે જેઓને જવું હોય તે તત્કાળ જતા રહો."

આ આજ્ઞાપક શબ્દો સાંભળી કેટલાક જણ ત્યાંથી જતા રહ્યા. બાકી રહેલા સર્વ ઉમેદવારોના ફોટોગ્રાફ લેવાણા પછી, અને તેઓનાં નામ, ગામ, અને વય-આદિક વિગતોની સંપૂર્ણ નોંધ થઈ રહ્યા પછી

હરિકેશ મહારાજ સમીપમાં આવેલા એક વિશાળ-તળાવ આગળ તેઓને લઈ આવ્યા. ત્યાં દર્શાવેલી વિધિ અનુસાર સર્વેએ ત્રણવાર સ્નાન કર્યું. સ્નાન કરી લીધા પછી સર્વને ડોકથી પગસુધી લાંબો સ્વેત વસ્ત્રનો માત્ર એક એક ઝભોજ પેહેરાવી, જમણા હાથમાં તુળસીની એક એક ડાંખળી આપી, અત્યંત સુગંધમય ધૂપના ધૂમાડાથી પવિત્ર કરવામાં આવ્યા. આ વખતે ઘડીઆળમાં સાત વાગતાનો ઘંટ થયો, અને તે સાથે તરતજ ક્રિયાગૃહના દરવાજા ઉઘડી ગયા. હરિકેશ મહાગુરુજીની પાછળ બધા ઉમેદવારો ઉઘાડે ચરણે અને ઉઘાડે મસ્તકે અંદર પેઠા, અને દરવાજા પોતાની મેળે પાછા બંધ થઈ ગયા.

આ એક ચોરસ માઈલ વિસ્તારના ક્રિયાગૃહની ભીંતો, ભોંય, અને બારી-બારણાં, સભ્યજનોને બેસવાના અસંખ્ય બાંકડાઓ, અને કેટલાંક ઉચ્ચ-આસનો, એ સર્વ નિર્મળ અને દર્પણસમાન પ્રતિબિંબિત કરેલા આરસપહાણના બનાવેલા હતા. ભીંતો ઉપર મનુષ્યહાડપિંજર, મધમાખ, દર્પણ,

શંખ, અંડ, કમળપુષ્પ, માળા, હંસ, કાંટો, પૂતળાં, અને ભૂમિતીના ત્રિકોણ આદિક અનેક પ્રકારનાં ઉંડી સમજવાળાં ચિન્હો ટાંગેલાં હતાં; ક્રિયાગૃહના મધ્યમાં એક સુવર્ણમય આસન ઉપર પવિત્ર વેદ પડ્યાં હતાં, અને તેની બરાબર બાજુમાં આવેલા એક ત્રિકોણાકાર પણ સહજ નીચા ટેબલ ઉપર વિશ્વ-ભેદના નિર્વિકાર નિયમોનું દળદાર પુસ્તક રાખેલું હતું, કે જે ઉપર "એ પવિત્ર નિયમોનું ઉલ્લંઘન કરનારાઓને તાત્કાલિક દેહાંતદંડ થશે" એવું મહાઅસરકારક રીતે સૂચન કરનારી એ નાગી અને તીક્ષ્ણ ધારવાળી



(ચિત્ર ૨ જું.)

તરવારો વારંવાર ચમકારા મારી જોનારના હૃદયમાં ત્રાસ ઉત્પન્ન કરતી પડી હતી. (જુઓ ચિત્ર ૨ જું) છાપરૂં આકાશ જેવા નીલ રંગની પારદર્શક ધાતુનું

હતું, અને તેના મધ્યમાં અર્ધ ચંદ્રકાર ધાતુનો એક કટકો મહાપ્રબળ વિજળીથી પ્રકાશિત કરેલો હોવાથી, સાક્ષાત્ ચંદ્રમાજ આ મહોત્સવને પ્રકાશવા હેઠે ઉતરી આ મંડપમાં સ્થિત થયા હોય, એવું લાગતું હતું. જ્યાં દૃષ્ટિ ફેરવો ત્યાં સર્વ પ્રકાશમયજ દેખાતું હતું.

આ વખતે સર્વની અજાયેબી વચ્ચે સામેના ખૂણા તરફની ભોંયનો કેટલોક ભાગ એકાએક ઉંડાણમાં ખસી ગયો, અને આસરે પચાસ ફુટ પહોળાઈનો એક જબરો દાદરો તેમની દૃષ્ટિએ પડયો. હરિકેશ-મહારાજ સહિત સર્વ ઉમેદવારો નીચે ઉતર્યા, અને જેવી ચમત્કૃતિક રીતે ભોંયનો ભાગ ખસી ગયો હતો તેવીજ ચમત્કૃતિથી પાછો ત્યાં સંધાઈ ગયો; તોપણ વિસ્મયકારક એ હતું કે ત્યાં અંધારૂં થયું નહિ. પ્રકાશ કયાંથી આવેછે તે શોધી કાઢવાઅર્થે ઘણાઓએ પોતાની દૃષ્ટિ આસપાસ અને ઉંચે ફેરવી જોઈ. અનેક તર્ક–વિતર્કોની સહાયતા લીધી, પણ એ પ્રકાશ-નું મૂળ તેમના જાણવામાં આવ્યું નહિ. તેઓ માત્ર એટલુંજ જાણી શકયા કે તે દાદરો સંખ્યા-

બંધ પગથિયાંવાળો છે, પહાડમાં કોતરેલો છે, અને નીચે એક લાંબો તથા અંધકારમાં લીન થતો રસ્તો આવેછે. એક પછી એક પગથિયાં ઉતરતાં તેઓ નીચેની સપાટ ભૂમિ ઉપર આવી પહોંચ્યા, અને ત્યાંથી આગળ ચાલવા માંડયું. જોકે વાયુની આવ-જાવનો કોઈ માર્ગ દેખાતો નહતો, તોપણ વાયુનું ગમનાગમન થતું હતું. જેમ જેમ તેઓ આગળ વધતા ગયા તેમ તેમ પ્રકાશની ન્યૂનતા અને અંધકારની અધિકતા થતી ચાલી. અર્ધકલાકને અંતે તેઓ એક જબરા દરવાજાની સન્મુખ આવી પહોંચ્યા.

હરિકેશ મહારાજ જે આગળ આગળ ચાલતા હતા તેમના હસ્તનો સ્પર્શ થતાંજ તે દરવાજાનાં બારણાં ઉઘડી ગયાં. અંદર ઘોર અંધકાર સિવાય બીજું કાંઈ પણ દેખાતું નહતું. હરિકેશ મહારાજ ઉમેદવારોના સમૂહને આ અંધારા દિવાનખાનામાં મોકલી પોતે બહાર ઉભા રહ્યા. દરવાજો ઘણા જોર-થી અફળાતો એકદમ બંધ થયો, અને ઉમેદવારો-એ ધાર્યું કે કાંઈ અચાનક બનાવ બનવાનો હશે. ચોમેર વ્યાપિ રહેલું અંધારૂં એટલું તો ગાઢ હતું

કે તેઓ પરસ્પર ઘણાજ પાસે ઉભેલા હોવા છતાં એક બીજાને લેશમાત્ર પણ જોઈ શકતા નહતા. "આવે એકાંત સ્થળે આપણને શું કામ લાવ્યા હશે?" આદિક અનેક ત્રાસજનક વિચારોનેલીધે કેટલાકનાં શરીર કંપવા લાગ્યાં, અને છાતી જોરમાં ધબકવા લાગી. આ વખતે એકાએક આખા ઓરડામાં અલૌકિક અજવાળું થઈ ગયું,અને ત્યારપછી તરતજ સમીપમાં થતી સિંહગર્જનાનો શબ્દ તેમને કાને પડ્યો. નિમેષમાત્રમાં તો સામેનો દરવાજો ઉઘડી ગયો, અને મહાહિંમતવાનને પણ એક વાર તો ભયની પ્રાપ્તિ કરે એવી, સિંહ ઉપર વિરાજમાન થયેલી એક મહાવિકાળ અને ભયાનક સ્વરૂપવાળી આકૃતિ ધસારાબંધ અંદર આવી ઉભી. તેને જોતાંજ ઘણાક તો નાસી જવા અર્થે બંધ થઈ ગયેલા દરવાજા ભણી દોડ્યા, ઘણા તો એક બીજાને વળગી પડ્યા, કેટલાકોએ વેદનાની હૃદયભેદક ચીસો પાડી, કોઈકે પોતાની ચક્ષુ આડા હાથ દઈ દીધા, અને ઘણાક તો મૂર્છિત થઈ ભોંયે પડી ગયા.

પ્રકરણ ૯ મું.

વિશ્વભેદની પ્રથમભૂમિકા.

આઠ હાથયુક્ત આ ભયંકર આકૃતિએ પોતાના એક હાથમાં ત્રિશુળ, બીજામાં ખડ્ગ, ત્રીજામાં ગદા, ચોથામાં મૂશળ, પાંચમામાં ઢાલ, છઠ્ઠામાં અંકુશ, સાતમામાં ભાલું, અને આઠમામાં પરિગ, એમ સંહાર કરવામાં શ્રેષ્ઠ એવાં આઠ શસ્ત્રો ધારણ કરેલાં હતાં. મસ્તક ઉપર મુગટ અને કપાળવિષે તિલક હતું. નેત્રો અંગાર સમાન પ્રકાશિત રક્ત રંગનાં હતાં.

"હે અધિકારીઓ!"—તે ભયંકર આકૃતિ ત્રાસદાયક નાદ કરી બોલી—"તમારે મારાથી ભય પામવાનું કિંચિત્ માત્ર પણ કારણ નથી. વિનાપ્રયોજન હું કોઈનો કદાચિત્ પણ ભક્ષ કરતી નથી. આ સકલ બ્રહ્માંડની ઉત્પત્તિ જે ઈશ્વરની શક્તિથી થાયછે તેનોજ હું પણ એક અંશ છું. મારૂં શ્રધાપૂર્વક પૂજન કરનારાઓને હું શ્રેષ્ઠ ફળની પ્રાપ્તિ કરૂંછું, અને મારી આજ્ઞાનો તિરસ્કારકરનારને દેહાંત-

દંડ આપુંછું. આજે તમારૂં અહિં થયેલું આગમન તમારા ભાગ્યોદયને સૂચવે છે; કારણકે આ "વિશ્વ-ભેદ" નામક મંડળી જગતના કલ્યાણ અને ઉદ્ધાર-અર્થે ઈશ્વરે નિર્માણ કરેલી છે. એનો આશ્રય લેનારા સર્વ સુખોમાં ઉત્તમ એવા મોક્ષસુખને પામેછે, અને એનો નિરાદાર કરનારા મારા હાથવડે મૃત્યને પામી નીચ ગતિને પ્રાપ્ત થાયછે. તમને હું આજ્ઞા કરૂંછું કે આજે તમે મારા દર્શન કર્યાં છે તે વાત, તેમજ આ મંડળી સંબંધી કોઈ બનાવ અથવા વાતચીત જે તમે આજે અને હવે પછી જુઓ અથવા સાંભળો તે તમારે કોઈ પણ કારણે, કોઈ પણ પ્રકારે, અને કોઈ પણ કાળે વિશ્વભેદમાં દાખલ ન થયા હોય તેવા કોઇ પણ મનુષ્યને પ્રકાશ કરવી નહિં. તમારી પોતાની ભૂમિકા સંબંધી બનાવ અને ઉપદેશ તમારે તમારાથી ઉતરતી ભૂમિકાવાળાઓને કહેવો નહિ, એટલુંજ નહિ, પણ જે બાબત સદંતર ગુપ્ત રાખવાને તમારા મહાગુરુજીએ તમને આજ્ઞા કરી હોય, તે બાબત તમારી પોતાની ભૂમિકાવાળા-ને પણ તમારે જાણવા દેવી નહિ. આ મંડળીનો

છૂપો ભેદ પ્રગટ કરી દેવા માટેની તમારા માત-પિતાની આજ્ઞા. સુદ્ધાંત તમારે માન્ય કરવી નહિ. કોઇ દુષ્ટજનો તમારા ઉપર બળાત્કાર વાપરે, તમને અસહ્ય પરિતાપ કરે, અને મૃત્યુ આદિકનો ગમે તેવો ભય આપે, તોપણ તે વાત તમારે પ્રગટ કરવી નહિ. સંક્ષેપમાં એટલુંજ કહુંછું કે આ મંડળીનો ભેદ કહી દેવાનો સંકલ્પ માત્ર પણ તમારે સંગ્રહવો નહિ. હું તમને પ્રથમથીજ ચેતવું છું, કે જેઓ મારી આજ્ઞાનો ભંગ કરેછે તેઓ નિયમે કરી તાત્કાળિક મૃત્યુને શરણ થાયછે. મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર ગમે તેવી વયનો, ગમે તેવી સ્થિતિનો, અને ગમે તેવી જાતિનો હોય, તોપણ તે મારા દંડથી મુક્ત થઈ શકતો નથી. આ અનાદિકાળમાં એવો કોઇ સમય નથી, અને આ વિશાળ-સૃષ્ટિમાં એવું કોઇ સ્થળ નથી, કે જ્યાં મારા જાણ્યા-વગર મારી આજ્ઞાનો કોઈ અનાદર કરી શકે. મારી આજ્ઞાનો ભંગ કરનારાઓને મેં તેજ વખતે અધો-ગતિએ પહોંચાડેલા છે. હે અધિકારીઓ! તમે નિશ્ચિત જાણો કે મારી પ્રતિજ્ઞા કદી પણ અસત્ય થતી

નથી, અને તે અસત્ય કરવાને હું પોતે પણ સમર્થ નથી. મારૂં આ ભયંકર સ્વરૂપ અને મારા આજનાં વચનો તમને જીવિત પર્યંત સ્મરણ રહો, અને મારી આજ્ઞા પાળવાને સ્વયંભૂ તમને દૃઢતા અને સામર્થ્ય આપો. કલ્યાણમસ્તુ."

આટલા શબ્દો કહી તે વિક્રાળ સ્વરૂપવાળી **મહાકાળી** અંતર્ધાન થઈ ગઈ.

ધૈર્ય, ભય અને આશાને આપનારા આ ભાષણની ઉમેદવારોના મન ઉપર કાંઈ જેવી તેવી કે ક્ષણિક અસર થઈ નહિં. સાંભળેલો શબ્દેશબ્દ તેઓના હૃદયમાં કોતરાઈ ગયો, અને પ્રાપ્ત થયેલો ભય તેમની રગેરગમાં વ્યાપિ ગયો. સર્વએ પોતાના મનમાં દૃઢતાથી પ્રતિજ્ઞા લીધી કે "મૃત્યુને શરણ થઈશું પણ આ મંડળીનો મર્મ પ્રગટ કરીશું નહિં."

જે દરવાજેથી તેઓ આ અંધારા ઓરડામાં દાખલ થયા હતા, તે દરવાજો એક વાર ફરીને ઉઘડ્યો અને **હરિકેશ** મહારાજ અંદર આવ્યા. સર્વને શાંતપણે ઉભેલા જોઈ **હરિકેશ** મહારાજ બોલ્યા—"હે સુભાગ્યવાન અધિકારીઓ, આ

ક્રિયાથી તમે વિશ્વભેદ મંડળીમાં અનુસ્યૂત થઈ ચુકયા છો, અને આ મંડળીનાં સ્થાનકોમાં ઇચ્છાનુસાર વિચરવા-જોવાને તમે હવે પાત્ર થયાછો. થોડીવાર પછી તમને પ્રથમભૂમિકાનો ઉપદેશ દેવામાં આવશે." •

એમ કહી જે માર્ગે તેઓને લઈ આવવામાં આવ્યા હતા તેજ માર્ગે **હરિકેશ** મહારાજ તેમને લઈ ચાલ્યા, અને ક્રિયાગૃહની બહાર ખુલ્લી હવામાં મૂકી જતા રહ્યા.

પ્રવેશ કરવાની આ પ્રથમક્રિયામાં લગભગ પોણો કલાક પાણીના પ્રવાહની પેઠે સત્વર વહી ગયો, અને હમણા મિનારા ઉપર દૃષ્ટિ કરતાં ઘડીયાળમાં પોણા આઠ વાગેલા હતા. આ નવીન અધિકારીઓને મરજી પડે તેમ ફરવા હરવાનો હવે અધિકાર મળેલો હોવાથી તેઓ ગઢના આંતરભાગની રચના, સંગ્રહસ્થાનો અને બગીચા વગેરે જોવાને સ્વાભાવિક રીતે અધિરા બની રહ્યા હતા, પણ તે અધિરજને આધીન થવાનો હમણા સમય નહતો; કારણ કે વિશ્વભેદ મંડળીના અસંખ્ય સભ્યજનો જે આટલીવાર સૂધી હાસ્યવિનોદ કરતા, જોતા-રમતા,

અને છૂટા–છવાયા ફરતા હતા, તેએ સર્વ ક્રિયાગૃહ-ની આસપાસ સમીપમાં ભેળા થઈ કાંઈક વાટ જોતા હોય તેમ આતુરતાથી ઉભેલા દૃષ્ટિએ પડતા હતા.

થોડીવાર પછી ઘંટ, નગારાં, શંખ, મૃદંગ અને વીણા આદિક વાદિત્રોના નાદ સંભળાવા લાગ્યા, અને તે સાથે ક્રિયાગૃહનાં ચારે દિશાનાં દ્વારો ઉઘડી ગયાં. સર્વ કોઈએ જાણ્યું કે મહાકલ્યાણને કરનારા, પાપોને બાળનારા, દુઃખોને હરનારા, અને અચળ સુખને આપનારા ત્રિમૂર્ત્તિ ભગવાનના દર્શન મળવાનો સમય આવ્યોછે. બહાર ઉભેલું મનુષ્યસાગર નાની-મોટી લહરીરૂપે મધ્યમાં રહેલ પરમ-પૂજ્ય-વેદને ઘણાજ આદરથી નમસ્કાર કરતું ટાંળાબંધ અંદર પેઠું, તેમાં સર્વ નવીન અધિકારીઓને તથા એકથી ચોથી ભૂમિકા સૂધીના અધિકારીઓને પશ્ચિમ તરફ આવેલી આરસપહાણના બાંકડાની હારોમાં ક્રમાનુ-સાર ગોઠવવામાં આવ્યા. ચીટી માર્ગની ૫ મી, ૬ ઠી, અને સાતમી ભૂમિકાવાળાઓને દક્ષિણ દિશાએ બેસાડ્યા, વિહંગમ માર્ગની ૫ મી ૬ ઠી અને ૭મી

ભૂમિકાવાળાઓ ઉત્તર દિશાએ બેઠા, અને પૂર્વ દિશાએ ગોઠવેલા કેટલાક ઉચ્ચ અને સૌંદર્યની સરખામણીમાં એકવાર ઇંદ્રના ઇંદ્રાસનને પણ ઝાંખા પાડે, એવા મહાદેદિપ્યમાન આસનો ઉપર શાંત; ગંભીર અને તેજસ્વી મુદ્રાવાળા મહાગુરુજીઓ વિરાજમાન થયા. આ વખતે સર્વ એવા તો શાંતિથી અને એકસ્થ ચિત્તથી બેઠા હતા કે, એક સોય પડવાનો શબ્દ પણ મહાઘોંઘાટરૂપ લાગત.

નિમેષમાત્રમાં તો ચતુર્મુખવાળી, મસ્તકવિષે મુગટવાળી, કપાળવિષે ત્રિપુંડ ચંદ્રરેખાવળી, ચાર હસ્તવિષે યજુર, સામ, અથર્વ, અને ઋગ્, એ નામક ચાર વેદવાળી, ડોક વિષે રૂદ્રાક્ષની માળાવાળી, હંસરૂપી વાહન ઉપર આરુઢ થયેલી, અને દર્શન માત્રથીજ કૃતાર્થ કરે, એવી એક આકૃતિ અંતરિક્ષ-માંથી પૂર્વ દિશાગમ એકાએક સ્થિત થઈ. મહા-ગુરુજીઓ સહિત સર્વએ તરત ઉભા થઈ "બ્રહ્મ-દેવાય નમઃ" એવો ઉચ્ચાર કરી સાષ્ટાંગ નમસ્કાર કર્યો, તેના ઉત્તરમાં બ્રહ્માજીએ "કલ્યાણમસ્તુ" નાં શુભવચનો કહ્યાં.

થોડી વારમાં એક બીજી અલૌકિક આકૃતિ દક્ષિણુ દિશાએ દૃશ્યમાન થઈ. તે ગરૂડપક્ષી ઉપર વિરાજેલી હતી, તેને શંખ, ગદા, ચક્ર અને પદ્મયુક્ત ચાર ભુજા હતી. શિર ઉપર મુગટ, લલાટે ત્રિપુંડ, અને ગળામાં કમળ પુષ્પની માળા ધારણુ કરેલી હતી. સભામંડળે વળી પણુ સાષ્ટાંગ પ્રણુામ કર્યાં અને "વિષ્ણુદેવાય નમઃ" એમ એકજ ધ્વનિએ કહ્યું. વિષ્ણુજીએ "કલ્યાણુમસ્તુ" ના આશિર્વાદથી ઉત્તર આપ્યો.

ત્યાર પછી તરતજ જેની જટામાં ગંગાજીનો નિવાસ છે, ડમરૂ, ત્રિશુળ, ધનુષ્ય, અને ધજાથી જેના બાહુઓ રોકાયેલા છે, જેનું લલાટ ત્રિપુંડના ચિન્હ-વાળું છે, અને જેની ડોકમાં મનુષ્યમુંડની માળા છે, એવી એક ત્રીજી આકૃતિ સુંદર પોઠિયા ઉપર આરુઢ થયેલી પશ્ચિમ દિશાએ દૃષ્ટિગોચર થઈ. સભ્યજનોએ પૂર્વની પેઠેજ દંડવત્ પ્રણુામ કરી "શિવ-દેવાય નમઃ" નો ઉચ્ચાર કર્યો. અને શિવજી તરફથી "કલ્યાણુમસ્તુ" ના વચનામૃતને પામ્યા.

આરંભની આ ક્રિયાની સમાપ્તિ થતાંજ હરિકેશ

મહારાજ સર્વ નવીન ઉમેદવારોને પવિત્ર વેદ અને વિશ્વભેદના નિયમ ગ્રંથની સન્મુખ લઈ આવ્યા, જ્યાં તેઓએ સાષ્ટાંગ નમસ્કાર કરી “ આ ગુહ્ય મંડળીનો મર્મ કોઈ પણ મનુષ્યને, કોઈ પણ પ્રકારે, કોઈ પણ કાળે, અને કોઈ પણ કારણે પ્રકટ નહીં કરવાની ” પ્રતિજ્ઞાઓ લીધી. ત્યાર પછી તરતજ બ્રહ્માજીએ તેઓ ઉપર પવિત્ર જળ છાંટી તેઓને પરમપાવન કર્યા અને હરિકેશ મહારાજ તેઓને મૂળ સ્થળે પાછા લઈ આવ્યા.

સર્વ શાંત થતાં પ્રજાપતિ બોલ્યા—“ હે સુમાર્ગને ચાહનારી પ્રજા ! આ વિશ્વભેદ મંડળીની પ્રથમ-ભૂમિકાનો તમને બોધ દેવા, અને તમારી પરમ ઉન્નતિનો માર્ગ જે મોક્ષમાર્ગ તેમાં પ્રવૃત્ત કરવા અમે અત્ર આવ્યા છિએ. જોકે મને, વિષ્ણુને, અને મહાદેવને, એમ ત્રણ દેવોને તમે બાહ્યદૃષ્ટિવડે ભિન્ન ભિન્ન ભાળોછો, તોપણ સત્ય વાત તે નથી. અમે પરસ્પર પૃથક્ હોઈએ એવું તમને ભાસેછે, પણ વાસ્તવિક તેમ નથી. અમે સદા–સર્વદા કેવળ એકજ છિએ. જેમ ચિત્રકાર અનેક ચિત્રોની કલ્પના કરેછે,

તેમ જીવોના કર્મ અનુસારે તેઓને ભોગ પ્રાપ્ત કરવા માટે હું વારંવાર અનેક સૃષ્ટિઓની કલ્પના કરૂંછું."

"હે સુભાગ્યવાન પ્રજા!"—હવે વિષ્ણુ દેવે કહ્યું—"જીવોના કર્માનુસારે તેઓને સુખ-દુઃખ થવાના સાધનોની હું પ્રાપ્તિ કરૂંછું, અને પિતા જેમ પુત્રનું પાલન કરેછે, તેમ હું સકલ બ્રહ્માંડનું પાલણ કરવામાં સદા તત્પર રહુંછું."

"હે શુભેચ્છાવાન પ્રજા!"—મહાદેવજી બોલ્યા—"જીવો પોતાના શ્રેષ્ઠ અથવા નેષ્ટ કર્માનુસાર સુખ-દુઃખરૂપી ભોગ ભોગવી લે, કે તરતજ હું સૃષ્ટિનો પ્રલય કરૂંછું. જેમ સૂર્યના અસ્ત થવાથી પ્રકાશમાં આવેલા પદાર્થો પાછા અંધકારમાં લીન થઈ જાયછે, અથવા જેમ વૃક્ષ અવસ્થાને પામ્યા પછી પાછું બીજરૂપે સ્થિતિ ભોગવેછે, તેમ પ્રાણીમાત્રને તેઓના સંચિત આદિક કર્મના સમૂહ સહિત માયાની તમોગુણ શક્તિમાં હું લીન કરી મૂકુંછું."

આ પ્રમાણે ત્રણે દેવતાઓ વારા ફરતી બોલી રહ્યા પછી બ્રહ્મદેવ એક વાર ફરીથી બોલ્યા—"હે જગત્નું કલ્યાણ કરવામાં તત્પર રહેનારા મહા-

ગુરુજીઓ ! આ વિશ્વભેદની પ્રથમ ભૂમિકાની ક્રિયા સંપૂર્ણ કરવાનું કામ અમે તમને સોંપી જઈએ છિએ, અને જ્યારે પણ તમે અમારા આગમનની ઇચ્છા કરશો, ત્યારે અમે દર્શન આપી પ્રજાને પરમ પવિત્ર કરીશું."—આ છેલ્લાં વચનોની સમાપ્તિ સાથેજ એ ત્રણે દેવતાઓ અંતર્ધાન થઈ ગયા, અને સભામંડળ જે આટલીવાર ઉભું હતું તે હવે સ્વસ્થળે બેઠું.

તરતજ હરનાથ, કૃપાચાર્ય અને ક્ષેમંકર એ ત્રણ મહાગુરુજીઓ પોતાને આસનેથી નીચે ઉતર્યા અને પૂર્વે, દક્ષિણ, તથા પશ્ચિમ એ ત્રણ દિશાએ આવેલા ત્રણ સર્વથી ઉંચાં આસનો ઉપર અનુક્રમે સ્થિત થયા. પૂર્વ દિશાએ સ્થિત થયેલ મહાગુરુજી જ્યાંસુધી તે આસન ઉપર વિરાજમાન હોય ત્યાંસુધી "બ્રહ્મદેવ" ગણાતા, દક્ષિણ દિશાએ સુવિરાજમાન મહાગુરુજી "વિષ્ણુદેવ"ના, અને પશ્ચિમદિશાએ વર્ધમાન મહાગુરુજી "મહાદેવ"ના કથન–વ્યવહારને પાત્ર થતા હતા. આ પ્રમાણે ત્રણ મહાગુરુજીઓ-રૂપી ત્રિદેવની સ્થાપના થતાંજ સર્વ નવીન ઉમેદવારો ઉભા થયા અને ઘણાજ સત્કારપૂર્વક ઉભય

કર જોડી, ઉપદેશામૃતનું પાન કરવા સજ્જ થયા.

ઉપદેશનો આરંભ કરતાં (હરનાથ) બ્રહ્માજી બોલ્યા—"હે પ્રથમ ભૂમિકાના અધિકારીઓ! અસ્થિરતા રહિત તળાવનું જળ, અથવા અત્યંત સ્વચ્છ કરેલું દર્પણ પોતાની સન્મુખ આવેલા પદાર્થોના પ્રતિબિંબને તેની સર્વ સૂક્ષ્મતા સહિત તાદૃશ ગ્રહણ કરેછે, તેમ જે સ્વયંભુ પરામાત્મા પોતે ત્રિદેવરૂપે પ્રગટ થઈ મંડળીના શુભકાર્યોમાં સહાયતા આપેછે, તેઓના સાક્ષાત્ દર્શનથી અને વચનામૃતના આસ્વાદનથી નિર્મળ થયેલાં તમારાં અતઃકરણો મારૂ-તરફથી આપવામાં આવતાં ઉત્તમ ભૂષણરૂપ આ ઉપદેશનો યથાર્થ ગ્રહણ કરશે, એવી મને ખાતરી થાય છે."

"હે શુદ્ધ ચિત્તવાળા અધિકારીઓ! કાયરપણું, એ આ સંસારના સર્વ ક્લેશ, કષ્ટ, અને કંટાળાનું મૂળ છે; માટે તેનો વિનાશકારક વિષની પેઠે ત્યાગ કરીને ઉદ્યોગમાં પ્રવૃત્ત રહેવું. આ ઉદ્યોગ બે પ્રકારનો છે. એક તો શાસ્ત્ર અનુસાર છે અને બીજો શાસ્ત્રવિરૂદ્ધ છે. શાસ્ત્રોક્ત ઉદ્યોગથી ચિત્તનિર્મળતા

ઉપરાંત અનેક સુખોની પ્રાપ્તિ થાયછે, ત્યારે શાસ્ત્ર-વિરૂદ્ધ ઉદ્યોગથી મન. મલિન થવા ઉપરાંત્ આ લોક અને પરલોક એ ઉભયવિષે દુઃખોની પ્રાપ્તિ થાયછે; માટે હે સુખને ઇચ્છનારાઓ ! તમે શાસ્ત્ર અનુસાર ઉદ્યોગનેજ કરો. ઉદ્યોગ એ આ સૃષ્ટિમાં સર્વસ્વ છે. ઉદ્યોગથી સર્વ પુરૂષોને સર્વદા સઘળું મળેછે. મનુષ્ય ઇચ્છિત વસ્તુ માટે યોગ્ય ક્રમથી યત્ન કર્યા કરે તો, તે વસ્તુ ગમે તેવી દુર્લભ હોય તોપણ અવશ્ય તેને પ્રાપ્ત થાયછે. જે પ્રાણી હમણા મહાન વૈભવ અને ઐશ્વર્યવાળી ઇંદ્રની પદવીને પામેલો છે, તે બીજા કશાથી નહિં પણ માત્ર પોતાના પુરૂષાર્થના બળ-વડેજ પામ્યો છે. જેઓ આ જગત્માં મહાન કીર્તિને પામ્યા છે, જેઓ આપણી પવિત્ર મંડળીના મહાગુરુજીઓ થયાછે, જેઓ આપણી રાજ્યસભાના યશસ્વી પ્રમુખ પદે પહોંચ્યા છે, જેઓએ મહા ઉપયોગી શોધો કરી છે, અને જેઓ નદીઓના પ્રવાહ-સ્થાન સુદ્ધાં બદલી શક્યા છે, તેઓ દૃઢ ઉદ્યોગના યોગેજ તેમ કરી શક્યા છે, એ નિશ્ચિત માનજો. પૂર્વજન્મનો અને આ જન્મનો એવી રીતે ઉદ્યોગ

વળી દ્વિપ્રકારનો છે. તેમાં આ જન્મનો પુરૂષાર્થ પ્રબળ હોય તો તે પૂર્વજન્મના પુરૂષાર્થને ત્વરિત જીતી લે છે. જેમ બે યોદ્ધાઓનાં દ્વંદ્વયુદ્ધમાં નિર્બળ યોદ્ધો અવશ્ય હારેછે, તેમ ઉપર કહેલા બે પુરૂષાર્થોમાં જે નિર્બળ હોય તે નિયમે કરીને હારેજ છે. જ્યારે મહાન યત્નવાળા, અડિગ્ગ અભ્યાસવાળા, અને ઉગ્ર-ઉત્સાહવાળા અધિકારીપુરૂષો વિંધ્યાચળ પર્વતને પણ વિંધી નાંખવા શક્તિમાન થાયછે, ત્યારે ઉદ્યોગી પુરૂષો પૂર્વજન્મનાં શાસ્ત્રવિરૂદ્ધકર્મોને આ જન્મનાં શાસ્ત્રોક્ત કર્મોથી વિંધી નાશ પમાડવાને શક્તિમાન થાય, તેમાં તો શુંજ કહેવું હોય! માટે હે સુખને ઇચ્છનારાઓ! તમે ઉદ્યોગમાં નિમગ્ન રહો."

આ પ્રમાણે બ્રહ્માજીએ પોતાતરફના ઉપદેશની સમાપ્તિ કરતાં વિષ્ણુજી (કૃપાચાર્ય) ગંભીર સાદે બોલ્યા—"હે સુભાગ્યવાન સ્ત્રીપુરુષો! પૂર્વજન્મોનાં જે કર્મો ભોગ દેવાને સજ્જ થયાં હોય, તેજ પ્રારબ્ધ કહેવાય છે, અને તે પ્રારબ્ધરૂપ કર્મોનું આ જન્મનાં સત્કર્મોથી ખંડન થઈ શકેછે; માટે તમારા આ જન્મના શુભ પુરૂષાર્થને વધારે પ્રબળ કરો. માત્ર ઇચ્છા

કરવાથી કાંઈ પણ સિદ્ધ થતું નથી. ઇચ્છાની સાથે યત્ન કરવામાં આવે તોજ વાંચ્છિત ફળ મળેછે. જો શાસ્ત્રના વિધાનપ્રમાણે પુરૂષાર્થ કરવા છતાં પણ, અનર્થની પ્રાપ્તિ થાય તો, નિરાશ થવું નહિ, પણ એ અનર્થ આપનારો પૂર્વજન્મનો કોઈ અશુભ-પુરૂષાર્થ વધારે બળવાન છે, એમ સમજી ભારે ઉત્સાહથી તે ઉપર વિજય મેળવવો. "મને આગલા-જંન્મનું પ્રારબ્ધ દુઃખ આપેછે, તે કેમ નિવારણ થશે?" એવા કાયર વિચારને પુષ્ટ થવા દેવોજ નહિં; કારણકે આ જન્મના પ્રત્યક્ષ ઉદ્યોગથી પૂર્વ-જન્મનો અપ્રત્યક્ષ ઉદ્યોગ કદી પણ પ્રબળ થનાર નથી, એ નિર્વિવાદ છે. જ્યાંસુધી પૂર્વનાં અશુભ કર્મો સંપૂર્ણ રીતે શાંત થાય નહિ, ત્યાંસુધી ઉત્સાહ-સહિત પ્રયત્નમાં મંડ્યા રહેજો. જે જન ઉદ્યોગરૂપ પ્રત્યક્ષપ્રમાણનો પરિત્યાગ કરી અનુમાનમાત્રથી જણાતા દૈવને વળગી રહેછે, તે ડૂબવાને સમયે હાથ લાગેલા કાષ્ઠને પડતું મૂકી ફીણને વળગનાર મૂર્ખ-નીપેઠે અંતે પશ્ચાત્તાપને પામેછે. જેઓએ મહાપુરૂષો-નાં વચનોને સાંભળ્યાં નથી, અને જેઓ "અમને

દૈવજ ચૈલાવે છે," એવો નીચ વિચાર સંગ્રહી રાખેછે, તેઓનું તિરસ્કારપાત્ર મોહોડું દેખીને લક્ષ્મી પણ પાછી વળી જાય છે. જેઓ શાસ્ત્રોક્ત ઉદ્યોગને તજી દઈ કેવળ દૈવને આશ્રય કરેછે, તેઓ પોતેજ પોતાના સુખના શત્રુ થાયછે. સદ્ઉદ્યોગ કરવો એજ મનુષ્યાવતારનું ફળ છે, માટે હે સૂક્ષ્મ બુદ્ધિવાળા અધિકારીઓ! સદ્ઉદ્યોગમાં સદા તત્પર રહો."

"હે શાંત ચિત્તવાન અધિકારીઓ!"—વિષ્ણુ-દેવે બોલતું બંધ કર્યું એટલે શંભુજી (ક્ષેમંકર) કેહેવા લાગ્યા—"જગત્‌માં એક આળસ્ય જો નહોય તો સર્વજનો દ્રવ્યવાન અને વિદ્યાવાન થાય. જેઓ નિર્ધન અને પશુસમાન રહ્યા છે, તે માત્ર આળસને પ્રતાપેજ રહ્યા છે. અનેક મૂઢ રમત–ગમતોવાળી બાલ્યાવસ્થા વ્યતીત થયા પછી, વિચાર કરવાને શક્તિમાન એવી યૌવન અવસ્થામાં "સુખ શાથી થાય, અને દુઃખ શાથી થાય," એવિષે જેઓ વિચાર કરતા નથી, તેઓ વનમાં વિચરતા જંગલી-પ્રાણીઓ કરતાં યત્કિંચિત્ પણ ચઢિયાતા નથી. જે મૂર્ખ પ્રાણી પૂર્વજન્મનાં અનિષ્ટ કર્મોને આ જન્મનાં

ઇષ્ટકર્મોથી તોડી નાંખતો નથી, તેને સદાપરાધીન રહેવું પડેછે."

અત્રે, ભીંત ઉપર ટાંગેલી ધાતુની બનાવટની પણ, તદ્રૂપ દેખાવવાળી એક મોટી મધમાખ શ્રોતાજનોની સન્મુખ મૂકાવી શિવજી વળી બોલ્યા—"હે અધિકારીઓ! મધુમક્ષિકા, આ મંડળીની પ્રથમભૂમિકાના ચિન્હ તરીકે નિર્માણ કરેલી છે; કારણકે મધુમક્ષિકા, એ ઉદ્યોગની એક જીવતી પ્રતિમા છે. સર્વ કોઈ જાણેછે કે ઉદ્યોગ મધુમક્ષિકાનું જીવન છે, અને ઉદ્યોગમાં બીજું કોઈ પણ પ્રાણી તેનાથી ચડિયાતું નથી. માટે તમે જ્યારે પણ મધમાખ અથવા મધમાખનું ચિત્ર જુઓ, ત્યારે આજના ઉપદેશના સારઅર્થને સ્મરણ કરજો. જેમ મધુમક્ષિકા પોતાના અથાગ ઉદ્યોગથી મહામધુર રસને ઉત્પન્ન કરેછે, તેમ તમે પણ તમારા ઉદ્યોગથી મહાઉત્તમ ફળને ઉત્પન્ન કરજો. ઉદ્યોગ એ આ સંસારસાગર તરવાની એક ઉત્તમ નૌકા છે, તેને દૃઢ ઇચ્છારૂપ હલેસાંઓથી સદ્ગુરુરૂપ કુશળ સુખાણીની આજ્ઞાનુસાર ચલાવવામાં આવે, તો તે અવશ્ય સુખરૂપ

સામાપાર્રને પહોંચેછે; માટે હે શ્રેષ્ઠ ફળ ચહાનારાઓ! પ્રથમ શાસ્ત્રોક્ત ઉદ્યોગમાં પ્રવૃત્ત થાઓ."

"હે અધિકારીઓ!"—પ્રજાપતિ એકવાર ફરીથી બોલ્યા—"પ્રથમભૂમિકા પૂર્ણ કરવા અર્થે તમારે નીતિશાસ્ત્રનો દૃઢ અભ્યાસ કરવો, અને તે ઉપરાંત વ્યાકરણ, ગાયન, કસરત, ભૂગોળ, અને ઇતિહાસ; એ પાંચમાંથી કોઈ પણ ત્રણ વિષયમાં તમે પરીક્ષાને સમયે નિપુણ જણાશો, તો તમને બીજી ભૂમિકામાં ચઢાવવામાં આવશે."

"માત્ર ઇચ્છા કરવાથી આ જગત્માં કાંઈ પણ થતું નથી. ઇચ્છાની સાથે પરિશ્રમ કરવામાં આવે તોજ સફળતા મેળવી શકાય છે. પરિશ્રમ કરવો એ મનુષ્યમાત્રના પ્રારબ્ધમાં લખેલું છે; માટે શ્રેષ્ઠ-અધિકારીઓએ પરિશ્રમથી, અને નિષ્ફળતા થાય તો પુનઃ પુનઃ પ્રયત્ન કરવાથી લેશમાત્ર પણ હઠવું નહિ. જેઓ સૃષ્ટિવિષે મહાન યશને, મહાન સિદ્ધિ-ઓને, અને મહાન પદને પામ્યા છે, તેઓ પ્રયત્ન કરીનેજ પામ્યા છે; માટે જેમ ડુબતું માણસ હાથમાં આવેલા કાષ્ઠને પ્રાણ જતાં પણ મૂકે નહિ,

તેમ હે અધિકારીઓ! તમે પણ જીવિતપર્યંત સદ્પ્રયત્નનો પરિત્યાગ કરશો નહિ. તમારી સર્વ સુધારણાઓ સફળ થાઓ, અને તમે અચળ સુખને પામો, એવું અમે ચાહિયે છિએ.”

ભાષણની સમાપ્તિ થતાંજ આખું ગૃહ તાળીઓની હર્ષગર્જનાથી ગાજી ગયું. એ ભાષણની અસર હાજર થયેલાઓ ઉપર ઘણી જબરી થઈ હતી, એમ તેઓની મુખાકૃતિ ઉપરથી સમજાતું હતું. જેઓ ઉત્તમ બુદ્ધિના હતા તેઓએ દેવતાઓના બોધને શબ્દેશબ્દ વળગીને વર્ત્તવાનું પણ લીધું, મધ્યમ બુદ્ધિવાળા અધિકારીઓએ પોતાના મનમાં વિચાર કર્યો કે ઉપદેશ મહાલાભદાયક છે, પણ સંપૂર્ણ રીતે પાળી શકાય તેવો નથી; માટે જેટલું બને તેટલું તેને અનુસરીને વર્ત્તન કરવું, અને કનિષ્ઠબુદ્ધિના જનોને તો એ ઉપદેશ “પાડાપૂંઠે પાણી” સમાન થયો.

સભામંડળ શાંત થયા પછી નવા દાખલ થયેલાઓને દાખલ થયાના ચિન્હ તરીકે જનોઈ પેહેરાવી યજ્ઞોપવીત કરવામાં આવ્યા, અને તે પવિત્ર-

સૂત્રને અપવિત્ર વસ્તુનો સ્પર્શ ન થાય તેની સંભાળ રાખવાની ભલામણ કરવામાં આવી. પ્રથમ ભૂમિકાના અધિકારી તરીકે તેઓને એક એક શ્વેતહીરનો મધમાખના ચિન્હવાળો પટો ભેટ આપવામાં આવ્યો, અને તેઓના કપાળમાં કુંકુમનું ગોળાકાર ○ ટીલું કરવામાં આવ્યું. જે છૂપી નિશાનીથી વિશ્વભેદના સભાસદો પરસ્પર એક બીજાને ઓળખી શકતા હતા, જે નિશાનીથી મંડળીનાં સ્થાનકોમાં દ્વારપાળ પ્રવેશ કરવા દેતો હતો, અને જે નિશાની પ્રથમ ભૂમિકાની નિશાની ગણાતી હતી, તે હવે તેઓને શીખવવામાં આવી. એ નિશાની જમણા-હાથની ટચલી આંગળીને અંગુઠાવડે દાબી રાખી બાકીની ત્રણ આંગળીઓને ત્રિશૂળ આકારમાં ઉભી કરવાની હતી.



(ચિત્ર ૩ જું.)

(જુઓ ચિત્ર ૩ જું.) અને તે એવું સૂચન કરતી હતી, કે પ્રથમ ભૂમિકાનો કોઈ પણ અધિકારી વિશ્વભેદના નિયમોનું ઉલ્લંઘન કરશે, તો તેને મહાકાળીદેવી પોતાના ત્રિશૂળવડે દેહાંતદંડ દેશે.

છેવટે આ ક્રિયાઓ સંપૂર્ણ થતાંજ બધાએં ત્રિદેવ-સહિત સર્વ મહાગુરુજીઓને સાષ્ટાંગ નમસ્કાર કર્યા, અને સભા વિસર્જન કરવાની આજ્ઞા મળતાં જે ક્રમઅનુસાર અંદર આવ્યા હતા, તેજ ક્રમઅનુસાર બહાર નિકળવા માંડયું. હજી થોડા ઘણા જણ બહાર નિકળ્યા નહિં, ત્યાં તો એ મંડળીના જાસુસો-માંથી એક જણ હાજર થયો, અને હરનાથ-મહારાજપ્રત્યે પ્રણામ કરી, કંઈ મહાભારત કાર્ય કર્યું હોય તેમ હર્ષથી બોલ્યો—"પૂજ્ય મહાગુરુજી, વિશ્વભેદમાં દાખલ નહિ એવા બે દુષ્ટ પુરૂષોને મંડળીની જગ્યામાં ફરતા અમે પકડ્યા છે, અને તેઓનું હવે શું કરવું, તેવિષે આપની આજ્ઞા માંગીએ છિયે."

"તેઓ વિશ્વભેદમાં દાખલ થયેલા નથી, એવિષે તમે પૂર્ણ ચોકસી કરી છે?"—હરનાથ મહા-રાજે પૂછ્યું.

"હા મહારાજ."—તે જાસુસે ઉત્તર દીધો—"તેઓએ વિશ્વભેદમાં દાખલ થયાના ચિન્હરૂપ જનોઈને ધારણ કરેલી છે, અને ત્રિકોણાકાર ટીલું

સુદ્ધાં કર્યું છે, પણ આપણી છૂપી નિશાની તેઓ જાણતા નથી. આ ઉપરાંત્ સભાસદોના ફોટોગ્રાફની ફાઈલમાં તેઓના ફોટોગ્રાફ પણ જોવામાં આવતા નથી."

"ઠીક, આટલાં સિદ્ધિકરણો તે પાપિષ્ટ પુરૂષોને દેહાંતદંડમાટે યોગ્ય ગણવાને બસ છે. આવતી પરમે તેઓનો ત્રણ મહાગુરુજીઓની સમક્ષ ઈન્સાફ થશે, માટે ત્યાંસુધી તેઓને આ મંડળીના બંધનગૃહમાં કેદ કરી, તે ઉપર ઉઘાડાં શસ્ત્રોસહિત ચોકી રાખવી."

"બહુસારૂં મહારાજ."—એમ કહી નમનસહિત તે જાસુસ હેઠે ઉતર્યો. ઉભું થયેલું જનસમૂહ પણ ત્વરિત તેની પાછળ ઉતર્યું, અને પકડાયેલા પુરૂષો કોણ છે, તે જાણવાને અધીરૂં બની બંધીખાના તરફ દોડયું.

પ્રકરણ ૧૦ મું.

નિષ્ફળતા.

ગૌતમ ગજાનંદ એક ટેબલ સમીપ પડેલી

કુરસી ઉપર મહા ઉદાસવૃત્તિમાં બેઠો હતો. શોકના ભારથી તેનું માથું નીચું નમી ગયું હતું. વદન નિસ્તેજ અને ચંચળતારહિત લાગતું હતું. આંખો ઉજાગરાને લીધે વારંવાર બીડાઈ જતી હતી. હોઠ નિકળતા નિશ્વાસોને માર્ગ આપતાં અર્ધ ઉઘાડા રહી ગયા હતા. તેના બેઉ હાથ આવી પડેલા દુઃખનું નિવારણ કરવામાં અશક્તિ દર્શાવતા હોય તેમ નિર્જીવ વસ્તુનીપેઠે કુરસીની બાજુમાં લટકતા હતા.

તેનાથી થોડેકદૂર એક ઉત્તમ કારિગરીના છત્રયુક્ત પલંગ ઉપર કુબ્જા સૂતેલી દેખાતી હતી. એક તરફ ગંગાદાસી સમીપમાં બેસી તેના પગ ચાંપતી હતી, ત્યારે બીજી તરફ ચંચળા તેના કપાળ ઉપર કાંઈ લેપન કરવાનાં કાર્યમાંથી હમણાજ નિવર્ત્ત થઈ હતી. તેઓના મુખદર્પણમાં પણ શોકનો સ્પષ્ટ પ્રતિબિંબ પડતો હતો. કુબ્જા કેટલીક વાર બહુ ઉશ્કેરાઈને ન સમજાય તેવા ભાંગા–તૂટા અને અસંબંધી શબ્દો બકતી હતી. પલંગની બાજુમાં પડેલા એક નાના બાજોઠ ઉપર બે ત્રણ બાટલીઓ અને એકાદું ગલાસ પડયું હતું. ઘરના મધ્યમાં ટાંગેલા

વિજળીકૃ દીપકનો પ્રકાશ જે ઘણો મંદ રાખેલો હતો, તે હવે પરોઢિયું થવા આવેલું હોવાથી એક ચાકરે આવીને ઓલવી નાંખ્યો.

"ગોપાલ,"—ગૌતમે ધીમે સાદે તે ચાકર-પ્રત્યે કહ્યું—"જા, વૈદ્યને ત્વરિત તેડી આવ."

ગોપાલ "બહુ સારૂં સાહેબ" કહી ઉતાવળે પગલે જતો રહ્યો.

થોડી વારમાં તો વૈદ્ય ઉપર આવ્યો. ગૌતમ પોતાની કુરસી ઉપરથી તરતજ ઉભો થયો, અને વૈદ્યને કુબ્જાના પલંગ પાસે લઈ ગયો.

"ગૌતમ શેઠ,"—નાડી તપાસતાં વૈદ્ય બોલ્યો—"તેમને જ્વરની પીડા થઈ છે, અને હું ધારૂંછું કે તે કોઈ મહાન ચિંતાને યોગે થઈ છે. તેમની આવી સ્થિતિને કેટલા દિવસ થયા?"

"આજ ત્રીજો દિવસ છે."—ગૌતમે હળવેથી ઉત્તર દીધો—"અને તેમાં ગઈ રાત્રિથી વિશેષતા જણાય છે. બે રાત્ર થઈ તેને ઉંઘ આવી નથી, અને ભોજન પણ ન્યૂન ચાલેછે. બે દિવસસૂધી કાંઈ બકવાટ નહોતો, પણ ગઈ કાલથી બકારો શરૂ થયો

છે. માથું બહુ ઉષ્ણ રહેછે, અને શીતળતા કરનારા પદાર્થોનું લેપન કરવા છતાં પણ—

"બરાબર છે."—વૈદ્યે અર્ધવચમાંજ કહ્યું—"મેં તમને કહ્યું તેમ આ પીડા શારીરક કરતાં માનસિક વિશેષ છે, અને તેથી તેના ચિત્તનો ઉત્પાત શાંત—

આ વખતે એકાએક કુબ્જાની આંખ ઉઘડી. તે તરતજ પોતાના બિછાનામાં બેઠી થઈ, અને વૈદ્ય તરફ ડોળા કાઢી બોલી—"હા, આજ લુચ્ચો ઉપાડી ગયો લાગેછે."—પછી ગૌતમ તરફ ફરીને બોલી—"તમને ધન્ય છે. એ દુષ્ટને તમે અંતે શોધી કાઢ્યો ખરો. હવે તેને જવા દેશો નહિ. અલ્યા ગોપાલ, દોડ દોડ, એક દોરડું લાવ. આ લાજ વગરના હરિદાસને બારીના સળિયા સાથેજ બાંધી મૂક. જોજે નાસીજશે."—એમ કહી દાંત કચ-કચાવી કુબ્જાએ વૈદ્યનું કાંડું જોરથી પકડ્યું, પણ ત્વરિત ગૌતમ અને ચંચળાએ વચમાં પડી માંડ-માંડ મૂકાવ્યું, અને તેને શાંત કરી.

"વૈદ્યરાજ,"—ગૌતમ બોલ્યો—"તમે આ ક્ષમા કરજો."

"અરે! એ શું બોલ્યા! એમાં ક્ષમા માગવાની અગત્ય નથી."—વૈદ્યે ગૌતમને આગળ બોલતો અટકાવ્યો—"હું જાણુંછું કે તે હાલ ભાનમાં નથી, અને સન્નિપાતનેલીધે આ પ્રમાણે બકેછે. જુઓ, હવે અગત્યનું શું છે તે હું તમને કહુંછું. અહિંથી જઈ હું ઔષધ મોકલીશ, તે તમે તત્કાળ પાઈ દેજો. તેથી જ્વરનું પરિબળ ઘટશે, મસ્તકનો દુખારો ન્યૂન થશે, અને પાંચ છ કલાકની શાંત નિદ્રા આવશે. તમારે માત્ર એટલુંજ કરવાનું છે કે તે જાગે તે અગાઉ તેના મનની પીડાનું કારણ દૂર કરવું." એમ કહી વૈદ્ય તરતજ નીચે ઉતર્યો.

"શેઠ,"—ગોપાલે આવીને કહ્યું—"લક્ષ્મણ આવ્યોછે."

"ઠીક. તેને ઉપર મોકલ. એ કાંઈ સમાચાર લાવ્યો હશે."

ગોપાલે તરતજ નીચે જઈ લક્ષ્મણને ઉપર મોકલ્યો.

"તું કાંઈ આનંદદાયક સમાચાર લાવ્યો હોય

એવું તારા વદન ઉપરથી જણાતું નથી."—ગૌતમે લક્ષ્મણપ્રત્યે અધિરાઈથી કહ્યું.

"સાહેબ, મેં આખા મણિપુરમાં અને આસપાસના ગામડાઓમાં સઘળે ખોળ કરી, પણ ક્યાંય પત્તો મળ્યો નહિ. ઘણા જનોને પૂછ્યું પણ કાંઈ સામાચાર મળ્યા નહિ, અંતે કેવળ નિરાશાને લઈ હું પાછો આવ્યો છું."

"હવે શું કરવું, તે મને પણ સૂઝતું નથી."—ગૌતમે પડી ગયેલે સાદે ઉત્તર દીધો.

"પણ લક્ષ્મણ, તને મારો વિશ્વાસુ નોકર દેવદત્ત મળ્યો હતો? તેને પણ આજે તારીજ પેઠે ગયાને ત્રીજો દિવસ થયો છે. હું ધારૂંછું કે તે કાંઈ સફળતાને પામ્યો હશે."

"ના સાહેબ,"-લક્ષ્મણ વચમાંજ બોલી ઉઠયો— "ગઈ કાલે બપોરે મને તે મળ્યો હતો, અને "હજી સુધી કાંઈ પણ પત્તો મેળવવાને હું અશક્ત થયોછું," એમ તેણે મને કહ્યું હતું, તો પણ હું ઇચ્છુંછું કે મને મળ્યા પછી તે સફળ થયો હોય."

આ વખતે ઉપર ચડતા પાટેલાનો શબ્દ સંભળાયો અને એક ચાકર શોકાતુર ચહેરે અંદર આવ્યો.

"દેવદત્ત, તારા મુખ ઉપર આશાનાં કાંઇકિ ચિન્હ દેખાય છે."—ગૌતમે તરતજ તેને પૂછવા માડયું—" અરે, સત્વર બોલ, પણ તારા હાથમાં પેલું શું ચળકે છે ?"

તે વિશ્વાસુ નોકરે તે વસ્તુ ગૌતમના હાથમાં મૂકી અને સન્માનઅર્થે વેગળા ઉભા રહી કહ્યું—સાહેબ, હું તપાસ કરતો કરતો મહામંદિરના, આનંદસાગર બાગ આગળ આવી પહોંચ્યો. ત્યાંના માળીઓને, દ્વારપાળને, અને છેવટ મંદિરના રખેવાંળને મેં પૂછી જોયું, પણ તેઓ મારા કરતાં વિશેષ જાણીતા માલમ પડ્યા નહિ. હું બગીચાના પશ્ચિમદ્વારમાંથી બહાર નિકળી આગળ વધ્યો. થોડાં પગલાં ભરતાં રસ્તાની બાજુમાં એક ઝાડ તળે મોટો પથ્થર પડેલો મેં દીઠો. થાકથી હાંફતો વિશ્રામઅર્થે હું ત્યાં બેઠો, અને હવે શું કરવું, ક્યાં શોધ કરવી, કોને પૂછવું, વગેરે વિચાર કરતો હતો, ત્યાં તો

બાજુમાં કાંઈ ચળકતી વસ્તુ મારી દૃષ્ટિએ પડી. મેં તે તરતજ ઉપાડી લીધી."

"અરે, ત્યારે તો એ દુષ્ટકર્મ કોઈ ચોર અથવા લૂટારાઓનું લાગેછે."—**ગૌતમ** તે હીરાજડિત ચગદું નિહાળીને તપાસતાં બોલ્યો—"અરે, આ ચગદાંનું નાકું પણ તૂટી ગયું છે, અને તેથી જોર-જુલમ વાપરેલો અનુમાન થાયછે."

"સાહેબ, એક અગત્યની વાત કહેતાં હું વિસરી ગયો છું."—એમ કહી **લક્ષ્મણ** એક પગલું આગળ વધ્યો, અને જાણે તે શોકકારક સમાચાર કહેવાને તેની જીભ ઉપડતી ન હોય તેમ બોલતાં અટકી પડ્યો.

"અટકી કેમ ગયો!"—**ગૌતમે** અધિરાઈથી પૂછ્યું—"તને શી વાત સ્મરણ થઈ આવી છે?"

"જે કાર્ય અર્થે હું ગયો હતો તે કાર્યની સાથે મારી વાતને કશો સંબંધ નથી, તોપણ તે ઓછી અગત્યની નથી. હું અહિં આવતો હતો તે અગાઉ મને જાણવામાં આવ્યું કે ગઈ રાત્રે વિશ્વભેદના મહોત્સવમાં બે યુવાન પુરૂષોને પકડવામાં આવ્યા છે.

એકનું નામ ઇંદ્રસેન અને બીજાનું નામ કર્ણ છે."

"શું! શું! મારા સાંભળવામાં તો કાંઈ ફેર નથી પડ્યો?"—ગૌતમ એકદમ ચોંકીને બોલી ઉઠયો—"શું બીજાનું નામ કર્ણ! બોલ બોલ."

"હા, સાહેબ."—ગૌતમનો ચહેરો અને વાણી મહાગભરાટ યુક્ત જોઈને લક્ષ્મણે બ્હીતાં બ્હીતાં ઉત્તર દીધો.

"અરે હા."—ગૌતમે નિશ્વાસ સહિત ઉચ્ચાર કર્યો—"કર્ણ ગઈ કાલે સવારનો ગયો છે તે હજી આવ્યો નથી."—આટલા શબ્દો કહી તે વળી મનમાં બોલવા લાગ્યો—"પણ એમ કેમ બને? એ દુષ્ટ મંડળીનો મર્મ જાણવાનો તેણે પ્રપંચ રચ્યો હોત તો તે અવશ્ય પ્રથમ મને કહેત; પણ ના ના, કદાચ મારી તથા કુબ્જાની નાના ભયથી તે ન બોલ્યો હોય એ સંભવિત છે. અરે કર્ણ! તને આ દુર્મતિ ક્યાંથી આવી! મને તેં અગાઉથી કહ્યું કેમ નહિં? હું તને કંઈ વધારે સારી યુક્તિ દર્શાવત."

"પણ સાહેબ, તેમણે પૂર્વથી વિરોચન સાથે તે વાતની મસ્લત કરી હશે."—દેવદત્તે સૂચના કરી.

"હા, બરાબર છે. જા તું વિરોચનને ઘેર જા, અને તે આવ્યો હોય તો બોલાવી લાવ."—ગૌતમે હુકમ કર્યો.

દેવદત્ત દ્વારમાંથી બહાર નિકળી તરતજ પાછો વળ્યો અને બોલ્યો—"સાહેબ, વિરોચન ચાલ્યા આવેછે."

થોડી વારમાં તો વિરોચન અંદર આવ્યો, અને સર્વેને પોતાની વાટ જોતા જાણી બોલ્યો—"તમે શું મારી વાટ જોતા હતા?"

"હા,"—ગૌતમે સહજ ક્રોધમાં કહ્યું.

"તમે મારા પ્રત્યે ક્રોધ કરોછો તે ઉચિત નથી."—વિરોચને કચ્ચવાઈને ઉત્તર દીધો—"શું મેં લીધેલા શ્રમનું તમે આ પ્રતિફળ આપોછો? મેં મારાથી બનતો પ્રયત્ન કરવામાં કાંઈ બાકી રાખ્યું છે એવો શું તમને સંશય પડેછે? હું તમારા જ્યેષ્ઠભાઈ જમદગ્નિ પાસે પણ ગયો હતો. ત્યાં સર્વ વાત કહી સંભળાવી, તે ઉપરથી તેઓએ પણ પોતાના ગામમાં સર્વ ઠેકાણે સૂક્ષ્મશોધ કરાવી, પણ—

"ના, ના. હું એ વિષે કહેતો નથી."—ગૌતમ

તેને અટકાવીને બોલ્યો—"હું એટલુંજ પૂછુંછું કે વિશ્વભેદના છૂપા સ્થાનમાં યુક્તિથી પ્રવેશ કરવાનો વિચાર કર્ણે તમારી આગળ કર્યો હતો કે નહિં?"

"શું! વિશ્વભેદના છૂપા સ્થાનમાં પ્રવેશ કરવાનો વિચાર!"—વિરોચન મહાઆશ્ચર્ય પામી તેજ શબ્દો ફરીથી બોલ્યો—"મને એ વાતની કાંઈ પણ ખબર નથી. કર્ણ એ વિષે એક શબ્દ પણ મારી પાસે બોલ્યો નથી. આ વાત શી છે અને આ પ્રશ્ન તમારે શું કામ પૂછવો પડેછે?"

"ગઈ કાલના વિશ્વભેદના મહોત્સવમાં કર્ણ સપડાઈ ગયો છે."—ગૌતમ અત્યંત ખેદથી બોલ્યો—"વિરોચન, હવે હું શું કરૂં! મારી મતિ મૂંઝાઈ ગઈ છે. હવે હું જીવી શકું એમ મને લાગતું નથી. અરે ઈશ્વર—

"શાંત થાઓ ગૌતમ, શાંત થાઓ."—બાજુમાં પડેલી કુરસી ઉપર બેસી વિરોચન તેને ધીરજ આપવા લાગ્યો—"કર્ણ એવું કાંઈ કરવાનો હોત તો પ્રથમ મારી સાથે તે વાત કરત. મને લાગેછે—

આ વખતે એક તરૂણ વયની, સુંદર દેખાવની,

અને વિનયયુક્ત ગમનવાળી સ્ત્રી ઉપર આવી. વાચકવૃંદ તેને ઓળખી શકે તેમ છે; કારણકે તે નર્મદા હતી. તે તરતજ પોતાની બેન કુબ્જાના પલંગ પાસે ગઈ, પણ કુબ્જાને નિદ્રાદેવીને આધીન પડેલી જોઈ ત્યાંથી ગૌતમ પાસે આવી બેઠી.

"શું! જયંતિનો હજી કાંઈ પત્તો મળ્યો નથી?"—નર્મદા કોમળ કંઠે બોલી.

"ના બાઈ, મારા શિરપર હાલ દુઃખની વૃષ્ટિ થવા લાગી છે."—ગૌતમે કરૂણ સાદે કહ્યું અને ગજવામાંથી રૂમાલ કાઢી નેત્ર લૂછ્યાં—"એક તરફથી જયંતિ ગુમ થયાને આજે ત્રણ દહાડા થયા નથી, ત્યાં તો કર્ણને ખોઈ બેસવાનો વખત આવ્યોછે. વૃદ્ધાવસ્થામાં—

"શું! કર્ણને પણ કોઈ છળથી ઉપાડી ગયુંછે?"—નર્મદા ચક્ષુનો વિસ્મયકારક વિકાસ કરી અધવચમાંજ બોલી ઉઠી.

"ના, ના."—ગૌતમે પ્રત્યુત્તર વાળ્યો—"નર્કસમાન ઘોરકર્મવાળી વિશ્વભેદના મહોત્સવમાં તે પકડાઈ ગયોછે."

"એ અસત્ય વાત તમને કોણે કહી!"—નર્મદાએ વિશેષ આશ્ચર્ય પામી કહ્યું—"એ મહોત્સવમાં હું પણ હાજર હતી. બે માણસો સિવાય બીજા કોઈને પકડ્યાજ નથી."

"હા, હા, અને એ બેમાં એક કર્ણ છે."

"પણ તે તમારો કર્ણ નહિં."—નર્મદાએ ખુલાસો કર્યો—"એ તો ચંદનગરવાળા ગજેન્દ્રનો પુત્ર કર્ણ."

નર્મદા હજી કાંઈક આગળ કહેવા જતી હતી ત્યાં તો કર્ણ પણ આવી પહોંચ્યો. જો કે પોતે માની લીધેલો ભય કેવળ ખોટો હતો તો પણ તે ભય દૂર થયાથી હવે ગૌતમના હૃદય ઉપરથી એક પ્રકારનો ભાર ઓછો થયો. તે ઉભો થયો અને બહુકાળે મળેલા સ્નેહીને ભેટે તેમ હેતથી કર્ણને ભેટયો. બેઉ જણ બેઠા અને કર્ણ આસપાસ દૃષ્ટિ ફેરવી બોલ્યો—"જયંતિ દેખાતી નથી; તેથી હું ધારૂંછું કે આપણો કોઈનો પરિશ્રમ વિજયતાને પામ્યો નથી. મહામંદિરના મેળાને દિને આપણે હરિદાસને અને ચંદ્રકાંતને સાથે મેળાતરફ આવતા દીઠા

હતા. સાંજરે જયંતિ ગુમ થઈ ગઈ છે, અને તેજ દહાડેથી પેલો નિર્લજ્જ હરિદાસ પણ દેખાણો નથી. આ ઉપરથી મને તો નિઃશંક ભાસે છે, કે જયંતિને ઉપાડી જનાર બીજો કોઈજ નહિ પણ એ હઠીલો હરિદાસ છે, અને તેને સહાયતા આપનાર ચંદ્રકાંત છે."

"હા હા, તે તો નિર્વિવાદ છે."—વિરોચને ટેકો આપ્યો—"મને તો એ વાતનો પ્રથમથીજ વ્હેમ હતો, અને તેથી જયંતિને બદલે હું તો હરિદાસનેજ શોધતો હતો.—

"કર્ણ,"—આ વખતે નર્મદા વચ્ચે પડી અને સવિવેક કહેવા લાગી—"તમારો વ્હેમ કેવળ નિરાધાર છે. કોઈ પણ પ્રકારના સિદ્ધિકરણ વગર એક નિર્દોષ પુરુષ ઉપર આવો ખોટો અને અન્યાયથી ઉભરાતો આળ મૂકવો, એ તમને છાજતું નથી."

"બહુ સારૂં બહુ."—કર્ણે તોછડાઈથી ઉત્તર વાળ્યો—"એ બધી વિશ્વભેદની મોકાણ છે. હશે, પણ હરિદાસ ઉપાડી નથી ગયો એવું કહેવાને તમારી પાસે કાંઈ સાધન છે?"

"હા. એક નહિં પણ અનેક."—**નર્મદાએ** પોતાની સ્વાભાવિક શાંતિથી જવાબ દીધો—"એકતો એ કે હરિદાસ એવી ભ્રષ્ટ ચાલનો નથી. બીજું એ કે જયંતિની સખી **ચંદ્રભાગા** કે જે તેની સાથે હતી અને જેને થોડેક દૂર ઉપાડી ગયા પછી પાછી મૂકી દેવામાં આવી હતી, તેણે આપણી સમક્ષ કરેલો ખુલાસો આ પ્રસંગને માટે બસ છે. તે હરિદાસને સારી રીતે ઓળખે છે, અને તેણે સ્પષ્ટ કહ્યું હતું કે તેઓને ઉપાડી જનાર હરિદાસ નહોતો."

"હા, હા, પણ તેઓએ પોતાનાં મોઢાં છૂપાવવાને મોહોરાં પહેર્યાં હતાં."—કર્ણ વળી ઉશ્કેરાઈને બોલ્યો—"અને તેથી તે ન ઓળખાય એ કેવળ સંભવિત હતું."

"પણ એ દુષ્ટપુરૂષના શરીરનું વર્ણન **ચંદ્રભાગાએ** નહોતું કર્યું?"—**નર્મદાએ** લેશ પણ ઉશ્કેરાયાવગર **હરિદાસનો** બચાવ કરવા માંડ્યો—"વળી ગઈ કાલે સાંજરે અમારી પવિત્ર મંડળીના મહોત્સવમાં **હરિદાસ** મને મળ્યો હતો, અને

જયંતિનું કોઈ હરણ કરી ગયું છે એ વાતથી તે કેવળ અજાણ હતો. જ્યારે તેણે મારે મોઢેથી એ અન્યાયનું વૃત્તાંત સાંભળ્યું ત્યારે તે તમારા સર્વ કરતાં અધિક શોકાતુર અને ક્રોધાતુર થયો હતો, એટલુંજ નહિં પણ **જયંતિને** શોધી કાઢયા પછીજ ભોજન લેવું એવી તેણે પ્રતિજ્ઞા લીધી હતી."

"**નર્મદાબાઈનું** કથન સત્ય છે."—**ગૌતમ** આ વાદવિવાદનો અંત આણવા બોલ્યો—"કર્ણ, જો આ **જયંતિના** હારનું ચગદું દેવદત્તને હાથ આવ્યું છે, અને તેના તૂટી ગયેલા નાકા ઉપરથી મને નિશ્ચિત લાગેછે કે **જયંતિનાં** આભૂષણો અર્થેજ કોઈ તેને ઉપાડી ગયું છે, અને—

"ખરે, એ પણ બનવા જોગ છે"—**વિરોચને** વિચાર કરી ઉત્તર દીધો.

"કુબ્જાને શાંત નિદ્રાની ઘણી અગત્ય છે, અને કદાચ આપણી વાતચીતના ઘોંઘાટથી તે જાગી ઉઠશે; માટે કર્ણ, **વિરોચન**, ચાલો આપણે ગૃહના આંતરભાગમાં બેસી **જયંતિને** શોધી કાઢવા અર્થે હવે શા ઉપાય લેવા, તેનો એકસ્થ ચિત્તથી વિચાર

કરિયે."—**ગૌતમ** કુરસી ઉપરથી ઉભો થતાં બોલ્યો—*"**નર્મદાબાઈ**, તમે પણ ઇચ્છા હોય તો સાથે ચાલો."

સર્વ પોતાની જગ્યાએથી ઉભા થયા, અને **ગૌતમ**ની પાછળ ચાલ્યા. આ વખતે એકાએક રસ્તા ઉપર મોટે સાદે થતી ગડબડાટ અને દોડાદોડનો શબ્દ તેમને કાને પડ્યો. શું છે તે જોવા **વિરોચન** તરત હેઠે ઉતર્યો, અને કુર્ણે ઉપરથીજ બારીમાં ડોકું બહાર કાઢી જોયું તો રસ્તાના મધ્યમાં એક પુરૂષ શબવત્ પડ્યો હતો, જનસમુદાયનું ટોળું તેની આસપાસ ફરી વળ્યું હતું, અને રસ્તાની બેઉ દિશાએથી ઘણાક માણસો અને કેટલાક સિપાઈઓ તે તરફ ઉતાવળે પગલે દોડ્યા આવતા હતા.

પ્રકરણ ૧૧ મું.

ચંદ્રકાંત.

જયંતિને પરણવાનો વિચાર માંડી વાળવામાટે **ચંદ્રકાંત** વગેરે **હરિદાસના** મિત્રોએ તેને બહુ

બહુ સમજાવ્યું, પણ હરિદાસે તેમનું માન્યું નહોતું. ગુણવતીએ કરગરીને અને નેત્રોમાં આંસુ લાવીને તેને એ હઠનો પરિત્યાગ કરવામાટે વારંવાર વિનતિઓ કરી હતી, પણ હરિદાસ એક ટળીને બીજો થયો નહોતો. એ દુરાગ્રહ મૂકી દેવા માટે જયદેવજે તેને પુનઃ પુનઃ ક્રોધસહિત આજ્ઞા કરી હતી, પણ હરિદાસે પોતાનો વિચાર ફેરવ્યો નહોતો. ગૌતમ, કર્ણ, અને કુબ્જા આદિક જયંતિના સગાંઓ તરફથી તેને અનેક વાર અપશબ્દો, ઠપકા, અને અપમાનના પ્રહારો ખમવા પડ્યા હતા, પણ હરિદાસ પોતાના આગ્રહમાં મંદ પડ્યો નહોતો. જોકે આજ પર્યંત પોતાની ધારણામાં વિજય પામવાને બદલે તે ખોટા આરોપ, બંધીખાનું, માતપિતાની અપ્રીતિ, અને નાના પ્રકારની ચિંતાઓ-આદિક ઘણાંક કષ્ટને પામ્યો હતો, તોપણ હરિદાસ પોતાના પ્રયત્નમાં ચળાયમાન થયો નહતો. હરિદાસને જેમ જેમ પોતાના કાર્યમાં વિઘ્ન વધતાં જતા, તેમ તેમ તેનો આગ્રહ ન્યૂન થવાને બદલે વધતો જતો હતો, અને તેજ કારણથી દીર્ઘકાળ

થયો તે ગૌતમના ઘરની સામે આવેલા એક ખાલી ઘરના ઓટલા ઉપર આખો દિવસ બેસી રહેતો હતો. રાત્રે કોઈ વાર પોતાના પિતાને ત્યાં જમી ત્યાંજ સૂઈ રહેતો, તો કોઈ વાર વિશ્વભેદના ભોજનગૃહમાં ક્ષુધા તૃપ્ત કરી વિશ્વભેદની ધર્મશાળામાંજ રાત વાસો કરતો. જનસમુદાય તેને ગાંડો અને મૂર્ખ કહી અનેક પ્રકારે નિંદા અને હાંસી કરતા, પણ તેની તે એક અણુસરખીએ ગણના કરતો નહિ. તેના આવા નિર્લજ્જ આચરણોને લીધે જયદ્‌વજનું વારંવાર અપમાન થતું હતું, અને તેથી અહર્નિશની આ બળતરાનો અંત લાવવા તેણે થોડાક દિવસ થયા હરિદાસને તજી દીધો હતો, પણ હરિદાસને ઘરબારની ક્યાં ઇચ્છા હતી! તેનું ઘરબાર, ધન, સુખ, યશ, અને સંક્ષેપમાં કહિયે તો સર્વસ્વ જયંતિમાંજ સમાયેલું હતું. જયદ્‌વજે એમ ધાર્યું હતું કે હરિદાસને તજી દેવા જેવો ડોળ કરવાથી પોતાનો વારસા હક્ક ખોઈ બેસવાનો હરિદાસને સંતાપ થશે, અને તેથી તે પોતાનાં આચરણોમાં સુધારો કરી નિર્લજ્જપણાને નિર્મૂળ

કરશે, પણ **જયદ્દવજની** આ આશા ફળિભૂત થઈ નહિં. **હરિદ્દાસ** તો જેવો હતો તેવોને તેવોજ રહ્યો.

હરિદ્દાસને કાઢી મૂકયાથી **ગુણવતી** બહુ શોકાતુર રહેવા લાગી અને હવે **જયદ્દવજને** પણ પોતાની કઠોર ચાલ માટે પસ્તાવો થવા લાગ્યો. અંતે **હરિદ્દાસને** મનાવી પોતાને ઘેર લઈ આવવા-અર્થે મકરશંક્રાતિને શુભ દિવસે સવારના પાંચ વાગતે **જયદ્દવજ** તેને ગોતવા નિકળ્યો, અને જોયું તો **હરિદ્દાસ, ગૌતમના** ઘરની સામે બેઠો હતો. **હરિદ્દાસ** બહુ સરલ અને નમ્ર સ્વભાવનો હતો; તેથી પોતાના માતપિતાની નિર્દય ચાલથી તેને લેશ પણ ક્રોધ થયો નહોતો. બે ચાર પ્રીતિનાં વચનો કહી **જયદ્દવજ** તેને પોતાને ઘેર લઈ ચાલ્યો. ઘેર પહોંચતાંજ તેણે પ્રથમ તો પોતાની માતાના ચરણ ઉપર મસ્તક રાખી એક આજ્ઞાપાળક પુત્રની પેઠે નમસ્કાર કર્યો, અને **ગુણવતીએ** તેને આશિર્વચન કહી ઉભો કર્યો.

આ ત્રણે જણ ભોંય ઉપર પાથરેલા એક ઉચ્ચ-પ્રકારના ગાલીચા ઉપર બેઠાં.

"મારી વ્હાલી મા,"—ગુણવતીનાં નેત્રો અશ્રુના ભારથી નમેલાં જોઈ હરિદાસ બોલ્યો—"તમે દુઃખી કેમ જણાઓ છો ?"

"પ્રિયપુત્ર,"—ગુણવતી ગદ ગદ કંઠે બોલી—"તારી ચાલ આજ થોડાક મહિના થયા કેવી વિચિત્ર અને—

"ખરૂં છે, મા, ખરૂં છે."—હરિદાસ પોતાનો બચાવ કરવા લાગ્યો—"મારો બીજો ઉપાય નથી. મારા વર્ત્તનથી તમને બહુ સંતાપ થાયછે, તે જોઈ મારૂં અતઃકરણ સદા ગ્લાની યુક્ત રહેછે, તે માત્ર એક ઈશ્વર જાણેછે. તમારી આજ્ઞા મેં સદા મારા મસ્તક ઉપર ચડાવેલી છે, અને તેમાં જો કોઈ પણ વખત હું પછાત પડયો હોઉં તો તે આ જયંતિ પરણવાની હઠના સંબંધમાં છે, તો પણ મારી પ્રિયજનેતા, હું ઈષ્ટદેવના સોગન લઈ કહુંછું કે તમારે પ્રત્યે અને મારા પૂજ્યપિતા પ્રત્યે મારી પ્રીતિ અને ઉપકારબુદ્ધિ લેશ પણ ઓછી થઈ નથી."

"તે વિષે અમારી નિઃશંક ખાતરી છે."—જયદેવજે વાતચીતમાં ભાગ લેવા માંડયો—"પણ

હરિદાસ, જયંતિ કરતાં દશગણી વધારે સ્વરૂપ-વાન અને વિદ્યા-વિનય સંપન્ન કુમારિકા સાથે તારો વિવાહ કરી દેવાનું હું વચન આપું તો—

"તે નિરર્થક છે."—વાક્ય પૂરૂં થયા અગાઉજ હરિદાસ બોલી ઉઠયો—"જયંતિની બરોબરી કરે એવી કન્યા આ સૃષ્ટિની સપાટી ઉપર ઉત્પન્ન થઈ નથી. મારૂં તન, મન, અને ધન જયંતિ છે, મારૂં સુખ અને યશ પણ જયંતિ છે, મારો પ્રાણ પણ એ જયંતિ છે, અને છેવટે મારી મુક્તિ પણ એ જયંતિ છે."

"હરિદાસ, તું બીજા કોઈ સમક્ષ આવી આવી વાતો કરે તો તે તને ગાંડો ગણે, પણ હું તેમ ગણતો નથી. મને તારા ઉપર બહુ દયા આવેછે."—હરિદાસનું જુસ્સાસહ વાક્ય સાંભળી જયદેવજે કહ્યું—"હું પોતે તારી સગાઈનું માગું લઈ ગૌતમ આગળ ગયો હતો, અને તેણે મહા તિરસ્કારપૂર્વક ના પાડી હતી. વિશ્વભેદના દિક્ષિતો અને નર્કના નિવાસીઓ, એ બેઉ તેને મન સમાન છે. જયંતિ આપવાની એ કોઈ કાળે હા પાડનાર નથી. વળી તારૂં નિંદિત-

આચરણ જોઈ તે તને જયંતિને માટે યોગ્ય વર પણ ગણુતો નથી. હા! જયંતિ પામવાનો એક માર્ગ છે; તે સુગમ છે, અને ગૌતમે પોતે સૂચવ્યો છે. જો તું વિશ્વભેદનો છૂપો ભરમ તેને પ્રગટ કરે—

"તીર્થસ્વરૂપ! તમે આ શું કહો છો! એ વાત હું જીવિતપર્યંત અંગીકાર કરનાર નથી, અને જયંતિને પરણ્યાવગર પણ હું રહેનાર નથી."—હરિદાસે ઉશ્કેરાઈને જવાબ દીધો.

"પણ એમ બનવું કેવળ અસંભવિત છે."—જયદેવજે કહ્યું.

"હા હરિદાસ, તારા પિતા ખરૂં કહેછે."—ગુણવતીએ ટેકો આપ્યો—"એતો ખરેખર અશક્ય છે."

"ના, ના! અસંભવિત્!"—હરદાસ આશ્ચર્યદર્શક ચહેરે બોલ્યો—"શું અસંભવિત્! અશક્ય! એ અર્થરહિત શબ્દો તો મેં મારા શબ્દકોષમાંથી પણ છેકી નાંખ્યા છે. માયામાં અસંભવિત્ કાંઈ છેજ નહિ. જેઓ તેથી વિપરીત માનેછે, તેઓ પૂજ્ય પિતા, સત્ય જાણુશો કે બુદ્ધિહીન છે."

"ત્યારે હરિદાસ તું મારૂં નહિં માન કે?"—ગુણવતીએ દયામણું વદન કરી પૂછ્યું.

"હે દયાળુ માતા, આ સિવાય હું તમારૂં સર્વ માનીશ."—હરિદાસે દ્રઢતાથી ઉત્તર દીધો—"મારૂં શિર જોઈતું હોય તો તે હું આ પળેજ આપી દેવા તત્પર છું. હું તમારી પાસે હાથ જોડી, સહસ્ત્રવાર નમન કરી એટલુંજ માગી લઉછું કે જયંતિના સંબંધમાં તમે મને મારી ઇચ્છાનુસાર વર્ત્તવા દ્યો. હું હવે કાંઈ નાનો નથી, બાળક નથી, તેમ તમારી કૃપાથી છેક મૂઢ પણ રહ્યો નથી, અને તેથી સારૂં શું અને નરસું શું, એ વિશેષ નહિ તો થોડું, તો હું જાણુવાને શક્તિમાન છું, એ તમે અંગીકાર કરશો."

"તે સર્વ મારે અંગીકૃત છે,"—જયદ્દેવજે વળી કહ્યું—"પણ તારા યથેચ્છાવર્ત્તનથી મારા પ્રકાશિતનામને શું થોડી ઝાંખ લાગી છે?"

."હું જાણુંછું કે તમને મારેમાટે ઘણું ખમવું પડયું છે, પણ તેનો બદલો વાળી દેવા માટે ઈશ્વર મને સત્વર સમર્થ કરશે. પેલા કપટી કર્ણને જ્યારે

હું વશ કરીશ, પેલી કુમતિ કુબ્જાને જ્યારે હું મહાત કરીશ. પેલા ગર્વિષ્ઠ ગૌતમના અભિમાનનો જ્યારે હું ભંગ કરીશ, અને જ્યારે એ ત્રણેને સ્વ-મુખે જયંતિ પરણાવવાની હું હા પડાવીશ, ત્યારે હે પૂજ્ય માતા-પિતા! 'મનુષ્ય મંડ્યો રહે તો શું શું કરી શકેછે,' તે હું તમને અપરોક્ષ દર્શાવી દઈશ, એટલુંજ નહિ, પણ 'માયામાં કાંઈ પણ અ-સંભવિત્ નથી' એ મહાપુરુષોના સિદ્ધાંતનું સત્યપણું હું તમને નિર્વિવાદ સિદ્ધ કરી દઈશ. આટલા પર્યંત વિજય ન મેળવું ત્યાંસુધી હું જંપવાળી બેસનાર નથી; માટે હે પિતા! મારી ઇચ્છાનુસાર વર્ત્તવા દેવાની મારી આ નમ્ર વિનતિનો સ્વીકાર કરો."—એમ કહી હરિદાસે પોતાનું માથું જયધ્વજના ચરણ-કમળ ઉપર મૂક્યું.

"સ્વામીરાજ, ઘણું થયું. હવે એને હા પાડો."—ગુણવતી કરગરીને કહેવા લાગી—"એક તો એ દુઃખી છે, તેમાં આડે આવી અધિકતા કરવાને બદલે તેને સહાયતા આપી ન્યૂનતા કરવી એ આપણો ધર્મ છે."

"હરિદાસ, મારા પ્રિય પુત્ર, તને તારી મરજી-અનુસાર વર્તવા દેવાને હું ખુશીથી હા પાડુંછું."—એમ હેતથી ઉચ્ચાર કરતાં જયધ્વજે તેને બેઠો કર્યો.

હરિદાસનું વદન જે થોડીવાર અગાઉ ખેદયુક્ત દેખાતું હતું, તે હવે હર્ષના આવેશમાં પ્રફુલ્લિત થયું. ગુણવતી પણ પ્રસન્ન વદનથી તેની સામે જોવા લાગી, અને જયધ્વજ પણ હરિદાસની તથા ગુણવતીની મનોવૃત્તિમાં આ ખુશી ભરેલો ફેરફાર થયેલો જોઈ આનંદ પામ્યો. થોડીવાર સૂધી ગામ-ગપાટા માર્યા પછી, યોગ્ય વસ્ત્રાભૂષણો ધારણ કરી તેઓ દેવદર્શને જવા નિકળ્યા.

તેઓનું વાયુવાહન નીચે હાજર ઉભું હતી, તેમાં ત્રણેજણ બેઠા, અને ગાડી વેગસહિત આગળ ચાલી.

"હરિદાસ,"—રસ્તાના ખૂણા આગળથી ગાડી વળતાંજ જયધ્વજ બોલ્યો—"તેં જોયું! રસ્તાના ખૂણા પાસે બેઠેલો પેલો વૃદ્ધ પુરૂષ આપણી ગાડી નિકળતાં તને કાંઈક નિહાળીને જોતો હોય એવો જણાતો હતો."

"હા પિતા. મને પણ એવુંજ લાગ્યું, પણ હું તેને ઓળખતો નથી."

"એ તો કોઈ ભિક્ષુક લાગેછે."—**ગુણવતી**એ પોતાંના તરફનો ખુલાસો કર્યો—"તમે જોયું નહિં? એનાં વસ્ત્રો કેવાં ચીથરેહાલ હતાં, વળી રક્તપીતના દારૂણ રોગથી તેનાં આંગળાંઓ પણ થોડાં ઘણાં ખવાઈ ગયાં હતાં."

"બરોબર."—**જયદેવજે** કહ્યું—"એમજ. આપણી પાસેથી કાંઈક મળશે એવી આશામાં તેણે આપણી તરફ જોયું હશે. ઠીક, પાછા ફરતાં તેને કાંઈક આપીશું."

"પણ જુઓ જુઓ, તેની પાસે બીજો કોઈક ઉભો છે. તેને આપણી ગમ આંગળી કરી તે કાંઈ પૂછતો જણાય છે."—**હરિદાસ** બોલી ઉઠયો.

આ વખતે ગાડી દેવાળય જવાના રસ્તા ઉપર વાળવામાં આવી, અને તેથી તે વૃદ્ધ ભિક્ષુક દૃષ્ટિએ પડતો બંધ થયો.

"કદાચ આપણા તરફથી કાંઈ મળ્યું નહિં, એમ ધારી તે નિરાશ થયો હશે, અથવા આપણે ઘરે

આવીને કાંઈ યાચના કરવાના સંકલ્પથી, કોઈ વટેમાર્ગુને આપણી ગમ આંગળી કરી આપણાં નામ ઠામ પૂછતો હશે."—જયદેવજીએ ઉત્તર દીધો.

"હા એમજ હશે."—ગુણવતી બોલી—"સ્વામિરાજ, પાછાં ફરતાં તેને અવશ્ય કાંઈ આપશો."

આસરે અર્ધા કલાકમાં તેઓ દેવમંદિરથી દર્શન કરી જે રસ્તે ગયા હતા તેજ રસ્તે પાછા ફર્યા. રસ્તાના ખૂણા આગળ તે વૃદ્ધ ભિક્ષુક દેખાતો નહોતો, તેથી તે જતો રહ્યો એમ અનુમાન કરી તેઓ તરતજ ઘરે પહોંચ્યા. નાસ્તો તૈયાર હતો, તે તેઓએ જમી લીધો, અને તેમ કરતાં હાસ્યવિનોદમાં લગભગ એક વાગતાનો સમય થયો. બપોરનું ભોજન પણ તેઓએ જમી લીધું, અને થોડી વાર પછી હરિદાસ નીચે ઉતર્યો. તેણે ઉતાવળે પગલે આગળ ચાલવા માંડયું, ત્યાં તો પાછળથી કોઈકે તેના ખભા ઉપર હાથ મૂકયો. હરિદાસે પાછું ફરી જોયું તો તે પોતાનો મિત્ર હતો.

"**ચંદ્રકાંત**, હું ક્યારનો તમારી વાટ જોતો હતો."—**હરિદાસે** હસ્તમેળાપ કરતાં કહ્યું.

"હા, પણ તમે હમણા ક્યાં જતા હતા?"—તેણે પૂછ્યું.

"તમારે ઘરેજ જતો હતો."—હરિદાસે ઉત્તર દીધો—"પણ આટલું મોડું કેમ થયું? તમે ગઈ રાત્રે મારી સાથે વાતકરી તે અનુસાર તો તમે, સાત વાગતાંની રેલ ગાડીમાં જઈ લગભગ દશ વાગતે પાછા આવવાના હતા."

"હા, આજે મકરસંક્રાંતિનો આનંદસાગર-બાગમાં મેળો છે, માટે ચાલો આપણે તે તરફ જઈએ. હું રસ્તામાં તમને સર્વ કહીશ."—**ચંદ્રકાંતે** કહ્યું, અને બેઉ જણ આગળ ચાલવા લાગ્યા.

"તમારી સાથે રાત્રે વાત થયા પછી હું મારે ઘરે ગયો,"—**ચંદ્રકાંતે** ખુલાસો કરવા માંડ્યો—"અને મેં મારા પિતાશ્રીને સારી પેઠે સમજ પાડી. **હરિદાસ**, તમે જાણો છો કે ઘણાં વર્ષોની વાત-ઉપર મારા પિતા અને **જમદગ્નિ**, સાથે ભાગમાં વ્યાપાર કરતા હતા અને તેમાં તેઓએ ઠીક દ્રવ્ય

મેળવ્યું હતું. એ ભાગીદારીના સંબંધનેલીધે તેમને પરસ્પર સ્નેહભાવ બંધાણો હતો. મારી વાત સાંભળી મારા પિતાને તમારા ઉપર દયા આવી, અને તરતજ તેણે **જમદગ્નિ** ઉપરનો એક પત્ર લખી આપ્યો."

"તેમાં તેમણે શું લખ્યું ?"—**હરિદાસે** આતુરતાથી પૂછ્યું.

"પત્ર તો વિસ્તારથી લખ્યો હતો,"—**ચંદ્રકાંતે** ઉત્તર દીધો—"પણ હું તમને સંક્ષિપ્ત સાર કહીશ."

"ઠીક બોલો."

"મારા પિતાશ્રીએ **જમદગ્નિને** એમ લખ્યું હતું, કે **ગૌતમને** મળી તેનો દુરાગ્રહ મૂકાવજો, અને **હરિદાસવેરે** **જયંતિ** આપવાની હા પડાવજો."—**ચંદ્રકાંતે** ટૂંકામાંજ પતાવવા માંડ્યું—"અને **હરિદાસ**, તેમાં તમારે માટે થોડાક શ્લાઘાયુક્ત શબ્દો પણ લખ્યા હતા, તે એ હતા—

"તે શબ્દો મારે જાણવા નથી."—**હરિદાસ** આત્મશ્લાઘા ન સાંભળવા વચમાંજ બોલી ઉઠયો.

"ઠીક."—**ચંદ્રકાંતે** પોતાની વાતનો પાછો આરંભ કર્યો—"તેમણે વળી એમ પણ લખ્યું હતું

કે આ કામ મારૂં પોતાનું ગણજો, અને તે પાર ઉતર્યાથી હું તમારો સદૈવ આભારી થઈશ."

"શું !"—**હરિદાસ** ઉભો રહી બોલ્યો—"તમારા સુજ્ઞ પિતા **યશોધરને** તમે મારેમાટે આટલા દીર્ઘ શ્રમમાં નાંખ્યા ?"

"ના, ના. તેઓ તમારે માટે બહુ ઉચ્ચ અભિમત ધરાવે છે, અને તેથી તેમાં શ્રમ ગણુતા નથી."—**હરિદાસનો** હાથ પકડી તેને આગળ દોરતાં **ચંદ્રકાંત** બોલ્યો.

"અને **જમદગ્નિએ** પત્ર વાંચી શો પ્રત્યુત્તર દીધો ?"

"હજી વાત લાંબી છે,"—**ચંદ્રકાંતે** કહ્યું—"માટે ચાલો આપણે બગીચામાં પહોંચ્યા પછી નિરાંતે બેસીને વાત કરીશું."

આ વખતે પાછળથી આવતી એક ગાડીનો શબ્દ તેમને કાને પડયો. થોડીવારમાં તો ગાડી સમીપમાં આવી પહોંચી; **હરિદાસે** ડોક ફેરવીને જોયું તો તેમાં **ગૌતમનું** કુટુંબ બેઠેલું હતું. સાથે

જયંતિ પણ હતી. **હરિદાસે** તરતજ તેમને નમસ્કાર કર્યો અને ગાડી દૂર નિકળી ગઈ.

"તેઓ પણ મહામંદિરના મેળા તરફ જતા લાગેછે."—**હરિદાસ** ગાડી તરફ દૃષ્ટિ રાખી બોલ્યો.

"હા; પણ **હરિદાસ** તમને કેવા નીચ માણસો સાથે કામ લેવું પડયુંછે!"

"ખરૂં છે. મારે **જયંતિ** મેળવવી છે,"—**હરિદાસે** ઉત્તર દીધો—"નહિં તો એવા મલિન માણસો સાથે ભાષણ તો શું, પણ તેઓની સામે પણ હું જોઉં નહિ."

"**હરિદાસ,** હું અંગીકાર કરૂંછું, કે **જયંતિ** સ્વરૂપવાન છે; તોપણ મારે તમને કહેવું જોઈએ કે તેના કરતાં વધારે સ્વરૂપવાન કન્યાઓની આપણી નગરીમાં ખોટ નથી. મારૂં માનો તો **જયંતિને** પડતી મૂકો, અને—

"**ચંદ્રકાંત**! તમને આ શું થયું છે! એ મારો પ્રાણ છે, એ તમે જાણતા નથી."—**હરિદાસે** જુસ્સામાં કહ્યું—"અગાઉ પણ એકવાર તમે મને એવીજ શિખામણ આપતા હતા, ત્યારે—

"ઠીક ઠીક,"—**ચંદ્રકાંત** તેને શાંત પાડવા બોલ્યો—"આપણે એ વાત ફરીથી નહિં છેડિયે." આ વખતે તેઓ **આનંદસાગર** બાગમાં પેઠા.

પ્રકરણ ૧૨ મું.

એક વિચિત્ર બનાવ.

બગીચામાં સ્ત્રીપુરૂષોની જબરી ભીડાભીડ થઈ હતી, નાના પ્રકારનાં વાદિત્રો વાગી રહ્યાં હતાં, અનેક પ્રકારની રમત ગમતો ચાલી રહી હતી, અને ભાતભાતનાં પકવાન્નો પાકતાં હતાં. **હરિદાસ** અને **ચંદ્રકાંત** આ મનોરંજક દેખાવ જોતા એક મોટા વૃક્ષતળે ગોઠવેલા બાંકડા ઉપર બેઠા.

"પછી **જમદગ્નિ** પત્ર વાંચી શું બોલ્યો?" **હરિદાસે** વાત પાછી ઉપાડી

"હા, લ્યો ધ્યાનથી સાંભળજો."—**ચંદ્રકાંતે** વાતનો આરંભ કર્યો.—"હું સવારના સાત વાગતાની રેલગાડીમાં જવાઅર્થે **મણિપુરના** સ્ટેશને આવી

પહોંચ્યો, પણ દુર્ભાગ્યે સહજ મોડું થયું હોવાથી સ્ટેશનનાં પગથિયાં ઉપર પગ મૂકતાંજ ગાડી ઉપડી ગઈ. લગભગ એક કલાક હું સ્ટેશનેજ ખોટી થયો, અને બીજી ગાડીમાં **માયાપુરી** ઉતર્યો. ત્યાંથી પાધરો હું **જમદગ્નિને** બંગલે ગયો. બહાર કોઈ માણસ હતું નહિ. એક વિશાળ દિવાનખાનાનું બારણું ઉઘાડું પડ્યું હતું. ત્યાં પણ કોઈ હતું નહિ. હું તો અંદર જઈ, હમણા કોઈ માણસ આવશે એમ વાટ જોતો એક કુરસી ઉપર બેઠો, એટલામાં બાજુમાં થતી વાતચીતનો શબ્દ મારે કાને પડ્યો. મેં લક્ષથી સાંભળવા માંડ્યું, અને હજી એકાદ બે વાક્ય મારે કાને પડ્યાં નહિ ત્યાં તો એક ચાકર અંદર આવ્યો, અને હું શું કામ આવ્યો છું તે તેણે મને પૂછ્યું. 'હું **જમદગ્નિ** શેઠને અગત્યના કામ-અર્થે મળવા આવ્યો છું' મેં કહ્યું, અને તે તરતજ બાજુના ઓરડામાં જઈ પાછો આવ્યો. તેણે સવિવેક મારૂં નામ પૂછ્યું અને બોલ્યો કે, શેઠની શરીરપ્રકૃતિ હાલ બરાબર નથી, માટે કૃપા કરી એકાદ બે દિન રહીને પધારશો."

"પણ બાજુના ઓરડામાં કોણ કોણ હતા?"—હરિદાસે પ્રશ્ન કર્યો.

"તે તો હું જોઈ શક્યો નહિં,"-**ચંદ્રકાંતે** ઉત્તર દીધો—"પણ વાતચીતના અવાજ ઉપરથી મને લાગ્યું કે બે જણ હશે; તેમાં પણ હું **જમદગ્નિનો** સાદ સ્પષ્ટ રીતે વર્ત્તી શકતો હતો."

"હં હં! ત્યારે તો તેઓ કાંઈ અગત્યના કામમાં હતા, અને શરીર પ્રકૃતિનું તો તમને ન મળવા માટે એક બહાનું માત્ર હતું."

"હા, એમજ. પણ **હરિદાસ** તેઓની વાતચીતમાં કાંઈ જબરી ગંભીરતા જણાતી હતી. હું તો માત્ર બે ત્રણ વાક્ય સાંભળી શક્યો તે ઉપરથી-

"પણ એ શાં વાક્ય હતાં,"-**હરિદાસ** વધારે સમીપ જઈ બોલ્યો—"એ પ્રથમ કહો."

"એ મહાન અગત્યનાં વાક્યો તો મારા હૃદયમાં કોતરાઈ ગયાં છે, અને હું ધારૂંછું કે તે શબ્દે-શબ્દ હું તમને કહી શકીશ."—**ચંદ્રકાંત** આસપાસ દૃષ્ટિ ફેરવી ધીમેથી બોલ્યો—"જેનો અવાજ હું ઓળખી શક્યો નહિં હતો તેણે **જમદગ્નિ** પ્રત્યે કહ્યું કે 'મારે ૩૦૦૦

સુવર્ણ સિક્કાની જરૂર છે, તે આપો તો હું ઈશ્વરની પ્રતિજ્ઞા લઈ કહુંછું કે તમારી છૂપી વાત કોઈને કહીશ નહિં.' આ ઉપરથી **જમદગ્નિએ** તેને કાંઈક પત્ર વિષે પૂછ્યું, અને તેણે જવાબ દીધો કે 'તે પત્ર હું કોઇ પણ મનુષ્ય ચક્ષુની દૃષ્ટિએ પાડીશ નહિં, તે વિષે પણ નિશ્ચિત રહેજો.' મેં આટલા શબ્દ સાંભળ્યા ત્યાં તો **જમદગ્નિનો** નોકર હું શું કામ આવ્યોછું, તે પૂછવા મારી આગળ આવ્યો, અને તેથી વિશેષ વાતચીત હું સાંભળી શકયો નહિં. મને લાગેછે કે આ વાતમાં કાંઈક જબરો ભેદ સમાયલો છે."

"હા, હું પણ એવુંજ ધારૂંછું."—**હરિદાસ** ઉંડો વિચાર કરી બોલ્યો—"તમારી વાત ઉપરથી મને એક વિચિત્ર યુક્તિ સૂઝી છે."

"શી યુક્તિ ?"—**ચંદ્રકાંતે** વિસ્મય પામી પૂછ્યું.

"જે છૂપી વાતના બળે પેલો અજાણ્યો પુરૂષ **જમદગ્નિ** પાસે દ્રવ્ય માગતો હતો, તે વાત ખરેખર બહુ હાનિકારક હોવી જોઇએ, અને તેથી તે વાત જો મારા જાણવામાં આવે તો હું પણ તે

વાતના બળે **જયંતિ** પરણાવવાની **ગૌતમને** બળાત્કારે હા પડાવી શકું. **ચંદ્રકાંત,** હું બંધીખાનેથી છૂટયો તે માત્ર તમારા પરિશ્રમને લીધેજ છૂટયો છું, અને તે માટે હું તમારો ઉપકાર મારા જીવિત્ પર્યંત ભૂલનાર નથી. **જમદગ્નિ** સાથે વાત કરનાર પુરૂષ કોણ હતો, તે જો આપણે શોધી કાઢીએ તો મારી નિઃશંક ખાતરી છે કે તેની વાત દ્રવ્યની લાલચથી આપણે કઢાવી શકીશું."

હરિદાસ, હું તમને મારા તન, મન, અને ધનથી સહાયતા આપવા તત્પર છું."—**ચંદ્રકાંત** જાણે વચન આપતો હોય તેમ **હરિદાસ**નો હસ્ત ગ્રહણ કરી બોલ્યો—"એ ત્રણ દિવસ પછી હું પાછો **જમદગ્નિ**ને ત્યાં જઇશ, અને એ માણસનું નામ **જમદગ્નિ**ના નોકર આગળથી જાણી લઇશ. તે નામને આધારે આપણે તેને ખોળી કાઢવા સમર્થ થઇશું. વળી તે છૂપી વાત સંબંધી કાંઇ પત્ર પણ તેની પાસે લાગેછે."

"હા."—**હરિદાસ** બોલી ઉઠયો—"અને આપણા બીજા મિત્રો પણ એ પુરુષને શોધવાનું મથન કરવા ચૂકશે નહિં."

"**હરિદાસ**, આવતી કાલે આપણી પૂજ્ય મંડળીનો વાર્ષિક મહોત્સવ છે, તેથી રાત્રે મારે ત્યાં જમી મારે ત્યાંજ સૂજો, એટલે સૂર્યોદય થતાં આપણને સાથે જવાને ઠીક થશે. તમારા પિતા તમારી વાટ ન જુએ તે માટે હું તેમને આ ખબર કહેવરાવી દઈશ."

"ઠીક. તેમ કરીશું"—**હરિદાસે** જવાબ દીધો.

તેઓ છેક સાંજ સૂધી **આનંદસાગર** બાગમાં રહ્યા, અને સંકેત અનુસાર રાત્ર પડતાં **હરિદાસ** **ચંદ્રકાંતને** ઘરેજ જમી ત્યાં સૂઈ રહ્યો. પરોઢિયું થતાં બેઉ જણ વિશ્વભેદ મંડળીના સ્થાનકે પહોંચ્યા. ત્યાં હાસ્ય-વિનોદમાં સમય બહુ ત્વરાથી વ્યતિત થઇ ગયો, અને સાંજ પડવા આવી. એટલામાં **હરિદાસની** દૃષ્ટિ **નર્મદા** ઉપર પડી. તે તરતજ તેની સમીપ ગયો, અને પરસ્પર કુશળ સમાચાર પૂછ્યા. 'ગઈ સાંજરે **આનંદસાગર** બાગમાંથી **જયંતિનું** કોઈ હરણ કરી ગયું છે' એ ખેદકારક બનાવ **નર્મદા** સાથેની વાતચીતથી જ્યારે તેના જાણવામાં આવ્યો ત્યારે તેના શોકનો પાર રહ્યો નહિં. તેણે

કેટલોક વિશેષ ખુલાસો પૂછ્યો, અને **નર્મદાએ** જેટલું જાણુતી હતી તેટલું તેને કહ્યું. આ ઉપરથી **જયંતિને** શોધી કાઢયા પછીજ ભોજન લેવું, એવી પ્રતિજ્ઞા લઈ, **હરિદાસ નર્મદા** આગળથી છૂટો પડ્યો. અંતે રાત્રે બાર વાગતાં વિશ્વભેદની છૂપી ક્રિયાઓ કે જેથી વાચકસમુદાયને આપણે જાણીતા કર્યાં છે, તે પૂર્ણ થઈ, અને **હરિદાસ** વિશ્વભેદના સ્થાનકમાંથી બહાર નિકળ્યો.

આશા કરતાં નિરાશા તેના હૃદયમાં વધારે ઉભરાતી હતી, તોપણ તે હિંમત હાર્યો નહિં. **જયંતિનું** હરણ કયે સ્થળે થયું હતું, તેના સમાચાર માત્ર **નર્મદાએ** તેને કહ્યા હતા, પણ કોણ. હરણ કરી ગયો? તે કઇ તરફ નાઠો? આદિક અગત્યની બાબતોથી તે કેવળ અજાણ હતો. નિરાશાના ભારથી તેનું શરીર જાણે ભારે થયું હોય તેમ મહાશ્રમથી તે પોતાનાં પગલાં આગળ ભરી શકતો હતો. **જયંતિને** ક્યાં શોધવી એ જાણ્યા વગરજ તે આગળ ચાલ્યો, અને અંતે મહામંદિરની પાસે આવી પહોંચ્યો. ત્યાં **આનંદસાગર** બાગના માળીઓને, દ્વારપાળોને,

અને છેવટ મહામંદિરના પૂજારીને તેણે તેવિષે પૂછી જોયું, પણ કાંઇ નવીન વાત તે પામી શક્યો નહિં. એજ નિરાશાનો દુઃસહ પોટલો ઉપાડી હરિદાસ વળી આગળ ચાલ્યો અને જે સ્થળે જયંતિનું હરણ થયું હતું ત્યાં પહોંચ્યો. પેલાજ મોટા પથ્થર ઉપર તે પણ બેઠો, અને ધીમે પણ ગદ ગદ કંઠે સ્વતઃ બોલવા લાગ્યો—

"જયંતિ! જયંતિ! તું ક્યાં ગઈ! તને કોણ લઇ ગયું! જો હું તને નહિં મેળવી શકું તો મારો આ અમૂલ્ય મનુષ્યજન્મ વૃથા જશે. તારા ગુમ થવાથી જેટલું તારા માતપિતા અને સ્નેહીઓને ખમવું પડશે, તેથી સહસ્ત્ર ગણું વધારે મને ખમવું પડશે. જેટલી તેમને ખોટ જશે તેથી સહસ્ત્ર ગણી વધારે ખોટ મને જશે. અરે! પછી તો મારે જીવવું પણ નિરૂપયોગી છે."

થોડીવારે તે શાંત થયો અને જયંતિને કોણ લઈ ગયું હશે? કઈ દિશાએ લઈ ગયા હશે? ક્યાં રાખી હશે? શું કામ લઈ ગયા હશે? તેનું શું થયું હશે? વગેરે અનેક સંકલ્પ વિકલ્પ કરવા

લાગ્યો, પણ માત્ર વિચાર કર્યાથી કોઈ વાતની સિદ્ધિ થતી નથી. તે ત્યાંથી ઉઠ્યો અને આસપાસની વનઘટા સમાન ઝાડીમાં ખૂબ ભટક્યો, પણ જયંતિ ક્યાંથીએ હાથ આવી નહિં. આ વખતે મળસ્કું થવા આવ્યું હતું, એટલે જનસમૂહનું ગમના-ગમન થવા લાગ્યું. હરિદાસનું મગજ જયંતિના વિચારોથી એટલું તો ખીચોખીચ ભરપૂર થઈ ગયું હતું, કે બીજા કોઈ પણ વિચારને ત્યાં પેસવાનો અવકાશ નહોતો. કોઈ માણસ પરસ્પર વાતો કરતા આવે તો હરિદાસ એમજ ધારતો કે તેઓ જયંતિ સંબંધેજ વાત કરેછે. જે કોઈ મળતું તેને "તમે જયંતિને ક્યાંએ ભાળી છે?" એમ તે પ્રશ્ન કરતો. સદ્‌ગૃહસ્થો તેને સભ્યતાથી નકારમાં ઉત્તર દેતા, અને તેનું ચિત્ત કોઇકે ભ્રમિત કર્યું છે, એમ ધારી પોતાને માર્ગે જતા. દુષ્ટ સ્વભાવવાન અને ઉતાવળા પુરૂષો 'ચાલ ગાંડા, કોણ ઓળખે છે તારી જયંતિને,' એવા અને એને મળતા બીજા કઠોર શબ્દોથી ઉત્તર વાળતા, અને કોઈક તો તેને કેવળ બુદ્ધિભ્રષ્ટ માની 'જયંતિ પેલા તળાવમાં છે,'

'જો પેલા ઝાડ ઉપર છે,' 'અરે! તારી વાંસે ઉભી છે,' વગેરે શબ્દોના ઉચ્ચારથી તેની મશ્કરી કરી વિનોદ મેળવતા. એક ડાહ્યા પુરૂષને તેના ઉપર દયા આવી અને તેણે તેને યથાર્થ મતિ આપતાં કહ્યું:–

"જે કોઈ લઈ ગયું હશે તેણે મહામંદિરની બાજુનાં જંગલમાંજ જયંતિને રાખી હશે, એમ શું તમે ધારોછો? એવું હોય તો તમારી મોટી ભૂલ છે. કદાચ તે અહિંથી હજારો ગાઉ દૂરના કોઈ અજાણ્યા દેશમાંજ તેને લઇ ગયો હશે, માટે હવેથી એની પાછળ પછાડા મારવા તે ભીંત સાથે માથું ફોડવા સમાન છે, પછી તો ભાઈ તમારી મરજી."

આ વાત હરિદાસના ધ્યાનમાં બરાબર ઉતરી નહીં. તેણે તો શોધી કાઢવાનો પ્રયત્ન ચાલુજ રાખ્યો, અને આ પ્રમાણે નિષ્ફળ ફાંફાં મારતાં અંતે સાંજ પડી. એક તો તે આખી રાત અને આખો દિવસ કાંઈ પણ વિશ્રામ લીધાવિના ચાલ્યો હતો, અને બીજું પ્રતિજ્ઞાનુસાર તેણે કાંઈ પણ ભોજન લીધું નહોતું, તેથી હવે તેનું માથું ફરવા લાગ્યું, અવયવો શ્રમથી શિથિળ થઇ ગયા, ચરણ આગળ ચાલવાને

નાં પાડવા લાગ્યા, અને ચક્ષુઓ જાણે જયંતિને શોધી શોધીને થાકી ગઈ હોય, તેમ આસપાસના દેખાવને અસ્પષ્ટ રીતે ગ્રહણ કરવા લાગી. આટલું છતાં તેનું પ્રબળ મન હજી લેશ પણ થાક્યું નહોતું, તેના વિચારનો વેગ હજી યત્કિંચિત્ પણ ન્યૂન થયો નહોતો, તેની મેરૂસમાન દૃઢતા હજી જેવીને તેવીજ અડિગ્ગ રહી હતી, અને આશા, નિરાશા સાથે યુદ્ધમાં હજી હારી નહોતી.

આવી દીન સ્થિતિમાં અંતે રાત્રે સાત વાગતાં તે વિશ્વભેદની ધર્મશાળા આગળ આવી પહોંચ્યો. તે તરતજ અંદર પેઠો, અને એક અંધારા ખૂણામાં બેસી હવે શું કરવું, તેનો શાંતપણે વિચાર કરવા લાગ્યો. ઘણા વિચાર કર્યા પણ એકે માર્ગ સૂઝયો નહિં, એટલે છેવટે ડુસ્કે ડુસ્કે રોયો. ખરે, આ વખતે હરિદાસની સ્થિતિ અત્યંત દયાને પાત્ર થઈ હતી. તેને હરનાથ મહારાજ ઉપર જેટલી શ્રદ્ધા અને ભક્તિભાવ હતો તેટલો ઈશ્વરમાં પણ નહોતો, તેથી અંતે "હે હરનાથ મહારાજ! તમે મને આ કાર્યમાં સહાય થાઓ. તમારા વગર મારો બીજો

કોઇ આશ્રય નથી. જોઈયે તો મને જીવાડો, અથવા જોઇએ તો મને મૃત્યુ આપો. તમે મને તમારી સમીપ નહિં આવવાની આજ્ઞા કરી છે, પણ તમે શું સર્વવ્યાપક નથી? હે ગુરો! આ દીન **હરિદાસ** ઉપર તમે કરૂણા નહિં કરો તો કોણ કરશે? હે ભગવન્! તમે મને સહાયતા ન આપો તો મૃત્યુદાન આપી મારા ઉપર દયા કરો."—એમ હાથ જોડી ભૂમિ ઉપર મસ્તક નમાવી જાણે ખરેખર **હરનાથ** મહારાજનેજ કહેતો હોય, તેમ તે બોલવા લાગ્યો. પણ **હરનાથ** મહારાજ ત્યાં હોય તો તેની વિનતિ સાંભળે કે! દીન બિચારો **હરિદાસ** રોઈ રોઈ અંતે ત્યાંજ નિદ્રાદેવીને આધીન થયો.

તેને અનેક પ્રકારના સ્વપ્ન આવવા લાગ્યા. આસરે દશ વાગ્યા હશે ત્યારે તે એકાએક ચોંકી ઉઠયો, અને એક અલૌકિક બનાવ તેની દૃષ્ટિએ પડ્યો. એક મહા સ્વરૂપવાન, પ્રતાપી, અને શ્વેત વસ્ત્ર ધારણ કરેલી સ્ત્રી તેની સન્મુખ ઉભી હતી. તેની આસપાસ દિવ્ય પ્રકાશનું એક કુંડાળું જોવામાં

આવતું હતું. હરિદાસને લાગ્યું કે આ સ્વપ્નજ છે, તેથી નિદ્રામાંથી બરાબર જાગૃત થવા તેણે પોતાની આંખો ખૂબ ચોળી, અને સામે દૃષ્ટિ કરી, તો તે સ્વરૂપવાન સ્ત્રી પ્રથમની પેઠેજ હાલ્યા કે ચાલ્યા વગરની ઉભી હતી. "શું હું હજી સ્વપ્નમાંજ છું?"—હરિદાસ વિચાર કરવા લાગ્યો—"પણ નહિં. એમ કેમ હોય? હું પૂર્ણ જાગૃત અવસ્થામાં છું. મારે જયંતિને શોધી કાઢવી છે."—એમ નાના પ્રકારના સંકલ્પ–વિકલ્પથી તેની ખાતરી થઈ કે આ સ્વપ્ન નહોતું. તેણે એક વાર ફરીથી તે સ્ત્રી ગમ દૃષ્ટિ ફેરવી, તો તેને માલમ પડ્યું કે તે સ્ત્રી મનુષ્યવર્ગની નહતી. ભૂત-પ્રેત આદિકમાં તેને આસ્થા નહોતી, તેથી અંતે તેણે એમજ ધાર્યું કે મનોવિકારને લીધે ઉત્પન્ન થયેલી મહા પ્રબળ પ્રકારની આ એક ભ્રાંતિ છે. તે હજી કાંઈક આગળ વિચારવા જતો હતો, ત્યાં તો તે સ્વરૂપવાન આકૃતિએ તેને પોતાની પાછળ આવવાની ઈશારત કરી ધર્મશાળામાંથી બહાર જવા માંડ્યું. હરિદાસે પ્રથમ તો આ નિશાની માન્ય કરી નહીં, પણ પછી તરતજ એ ભ્રાંતિ હોય

કે સત્ય હોય, તોપણ એક વાર તો તેને આધીન થવું, એવા નિશ્ચયથી તે ઉભો થયો. તે આકૃતિ ધર્મશાળાના દ્વારમાંથી નિકળી, અને હરિદાસ પણ તેની પૂંઠે પૂંઠે ચાલ્યો. ધર્મશાળાનો રક્ષક દ્વારમાંજ બેઠેલો હતો, તેણે હરિદાસને બહાર જતાં જોઈ પૂછ્યું—"હરિદાસ, આટલી મોડી રાત્રે એકલા ક્યાં ચાલ્યા?"

"હું સહજ અગત્યને કામે જાઉંછું."—હરિદાસે ઉત્તર દીધો, અને તે આકૃતિ તરફ લક્ષ રાખી તેની પાછળ દોરાવા લાગ્યો. ચાલતાં ચાલતાં તેને અનેક-તર્ક ઉત્પન્ન થવા લાગ્યા—"શું આ આકૃતિ બીજા કોઈની દૃષ્ટિએ નહિં પડતી હોય? ધર્મશાળાના રક્ષકે પણ હું એકલો ક્યાં જાઉંછું તે મને પૂછ્યું! ખરે, મને આ ભ્રમ થયોછે. પણ ના, આ ભ્રમ છે એમ જાણ્યા પછી ભ્રમ કેમ ટકી શકે? અરે, પણ ટકી શકે! ઝાંઝવાના જળને "તે ઝાંઝવાનું જળ છે" એમ જાણ્યા પછી પણ તે દૃષ્ટિએ કેમ પડેછે? માત્ર એટલુંજ કે તેવિષે સત્યપણાની બુદ્ધિ દૂર થયેલી હોવાથી આપણે તે જળ ભરવાની કે

પાન કરવાની ઇચ્છા કરતા નથી. પણ ત્યારે ભ્રમથી દેખાતી આ અસત્ય આકૃત્તિની પાછળ હું શું કામ જાઉંછું ? ખરે, એ મારી મૂર્ખતા છે."

આ છેલ્લો વિચાર આવતાંજ તે રસ્તાના મધ્યમાં ઉભો રહી ગયો. એક પળ થઇ નહિં ત્યાં તો તે સ્વરૂપવાન સ્ત્રીએ તેને વળી પોતાની પૂંઠે આવવાની ઈશારતથી આજ્ઞા કરી. કોણ જાણે શું હતું, પણ જેમ લોઢું ઇચ્છા રહિત હોવા છતાં પણ લોહચુંબકની આજ્ઞાને અમાન્ય કરી શકે નહિં, તેમ **હરિદાસ** વળી પોતાની ઇચ્છા વિરૂદ્ધ તેની પાછળ જવા લાગ્યો. શા કારણથી આટલું આકર્ષણ થાયછે. તેની તેને ખબર ન પડી. રાત્ર અંધારી હતી, માર્ગમાં મનુષ્યોની અવજાવ બંધ પડી હતી, અને સર્વત્ર સ્મશાન સમાન શાંતિ પથરાઈ રહી હતી. અંધકારને લીધે કયે રસ્તે જવું થાયછે, તે **હરિદાસ** વર્ત્તી શકયો નહિં. એક કલાકને અંતે તો તેઓ ધીચ ઝાડીમાંથી પોતાનો માર્ગ લેવા લાગ્યા. દૂર દેખાતી ઉંચા વૃક્ષોની હારો જાણે રાક્ષસોની પંક્તિઓ બેઠી હોય તેવી લાગવાથી, ઝાડની ડાંખળીઓ

વચ્ચેથી જોરમાં પસાર થતો વાયુ મહાવેદનામાં પડેલા પ્રાણીઓની હૃદયભેદક ચીસો સમાન શબ્દ કરતો હોવાથી, અને શિયાળીઆંનાં ટોળાંઓ દોડાદોડ સહિત મનુષ્યોના રૂદનનું અનુકરણ કરતા હોવાથી, યમરાજાની રાજનગરી હોય તેવું લાગતું હતું. **હરિદાસ** બીકણ ન હતો. તેને આ ભયંકર દેખાવથી લેશ પણ ત્રાસ ઉપજ્યો નહિં. અડચણ કરતાં પાંદડાં અને ડાંખળિઓને હાથથી હડસેલતો, માર્ગમાં નડતા પથ્થરોની ઠેસ લાગવાથી વારંવાર પડી જઈ ઉભો થતો, અને આ સુંદર આકૃત્તિ પોતાને અહિં તે ક્યાં લાવી હશે,! ક્યાં લઈ જતી હશે! અને શું કામ હશે! એવા વિચારોથી વિસ્મય પામતો, **હરિદાસ** ઉતાવળે પગલે આગળ ચાલ્યો જતો હતો. થોડીવાર પછી દેખાવ બદલાવા લાગ્યો. ઝાડીની ઘટા ન્યૂન થવા લાગી, અને હેઠે નજર કરી તો તેઓ હવે બાંધેલી સડક ઉપર ચાલતા હતા. સામે દેખાતાં ઘરો અને તેમાંના કોઇ કોઇની બારીમાંથી દેખાતા દીવાના પ્રકાશથી **હરિદાસે** જાણ્યું કે તેઓ કોઇક ગામને પાદર આવી પોંહોંચ્યા

છે. આશરે પા એક કલાકમાં તો તે ભવ્ય આકૃતિ એક સુંદર અને ઉંચી બાંધણીની હવેલી આગળ આવી ઉભી રહી, અને તેના દરવાજાને આંગળીથી સ્પર્શ કરી અલોપ થઈ ગઈ.

પ્રકરણ ૧૩ મું.

અનાથ આશ્રમ.

આ વખતે બરાબર મધ્ય રાત્ર થઈ હતી. આકાશ અગણિત તારાઓથી છવાઈ રહ્યું હતું. હરિદાસ સ્તબ્ધ થઈ ઉભો રહ્યો. તે અલૌકિક-આકૃત્તિએ શામાટે દરવાજાને સ્પર્શ કર્યો, તે તે સમજી શકયો નહિં. તેણે ઉપર દૃષ્ટિ કરી તો બારીમાંથી દીપકનો પ્રકાશ જણાતો હતો, પણ તેણે કરવું શું? શું ઘરધણીને હાંક મારી બોલાવવો? પણ શા માટે? તેણે અનેકપ્રકારે તર્ક-વિતર્ક કરી જોયા, પણ શું કરવું તે સૂઝે નહિ. અંતે તેને એક વિચાર આવ્યો. તે બારણાની વધારે પાસે ગયો,

અને ત્યાં કાન માંડી સાંભળવા લાગ્યો. પ્રથમ તો કાંઈ શબ્દ તેને કાને પડ્યો નહિં, પણ જરા વારમાં કોઇના રૂદન જેવો અસ્પષ્ટ અવાજ તેને સંભળાયો. વધારે લક્ષપૂર્વક સાંભળતાં તેની ખાતરી થઇ કે તે અવાજ કોઈકના રોવાનો છે. તેણે બારણાને ધકો માર્યો અને તેની અજાયબી વચ્ચે તે ઉઘડી ગયું. તે અંદર પેઠો. હવે રૂદનનો શબ્દ કાંઈક સ્પષ્ટ થયો, તેણે આસપાસ નજર કરી પણ કોઇ હતું નહિં. વચલા ટેબલ ઉપર એક નાની બત્તી બળતી હતી, અને સામેના ઓરડાનું બારણું ઉઘાડું પડયું હતું, તેમાં દીપકનો પ્રકાશ નહોતો. હરિદાસે તરતજ ટેબલ ઉપરની બત્તી ઉપાડી લીધી, અને તે ઉઘાડા દ્વારમાં થઇ બીજા ઓરડામાં આવ્યો. અહિં પણ કોઈ હતું નહિં, તોપણ રૂદનનો અવાજ વધારે જોરમાં આવતો હતો. તેની હવે ખાતરી થઈ કે તે સાદ કોઈ સ્ત્રીનો હતો.

આ ઓરડામાં એક સુશોભિત રંગવાળો ગાલીચો પાથરેલો હતો, અને કુરસી ટેબલ વગેરે નાના પ્રકારનું રાચરચીલું સારી રીતે ગોઠવેલું હતું. તેણે

ચોફેર તપાસી જોયું, પણ પોતે જે દ્વારથી અંદર આવ્યો હતો, તે સિવાય બીજું કોઈ દ્વાર હતું નહિં. ત્યારે રૂદનનો શબ્દ ક્યાંથી આવતો હતો? તેણે બત્તીની સહાયતાથી સૂક્ષ્મ તપાસ કરવા માંડી, અને તેમ કરતાં સામેના ખૂણામાં સતરંગીનો છેડો બેવડાઇ ગયેલો તેના જોવામાં આવ્યો. તેણે તે છેડો સહજ વધારે ખેંચી કાઢ્યો તો ભોંયમાં બેસાડેલ એક ચોરસ પાટીયું તેની દૃષ્ટિએ પડ્યું. તે પાટીયાને એક મજબૂત કડૂં જડેલું હતું. આ ઉપરથી નીચે ભોંયરૂં હોવું જોઇએ, એવી તેની નિઃશંક ખાતરી થઈ. તે કડૂં પકડી બારણું ઉંચું કરવા જાયછે, ત્યાં તો તમાચો મારવાનો અવાજ, એક જબરી ચીસ, અને ધબ દઈ કાંઇક ભોંયે પડ્યું હોય એવો ધબકારો તેને કાને પડ્યો. હવે વિચાર કરવાને પણ હરિદાસ થોભ્યો નહિ. નિમેષમાત્રમાં તેણે બારણું ઉંચું કર્યું, અને ચાર ચાર છ છ પગથિયાં ઉતરતો તે નીચે આવી પહોંચ્યો.

આ વખતે **હરિદાસ**ના વિસ્મયની સીમા નહતી. તે સ્વરૂપવાન આકૃતિ તેને શા માટે અહિં લાવી

હતી, તે તે હવે બરાબર સમજ્યો. જેને માટે તેણે આજ બે દિવસ થયા અપવાસ કર્યો હતો, જેને માટે થોડા કલાક અગાઉજ વિશ્વભેદની ધર્મશાળામાં તે પોકેપોક રોયો હતો, જેને માટે તેણે પોતાના ચિત્તની શાંતિ અને શરીરના સુખને અળગાં કર્યાં હતાં, અને જેને માટે પોતે પ્રાણ આપવાને પણ તત્પર હતો, તે **જયંતિ** પોતાની સન્મુખ અચેતન સ્થિતિમાં ભોંયે પડી હતી. તેની સમીપમાં એક યુવાન પુરૂષ ક્રોધથી વિક્રાળ થયેલો અને કામાગ્નિથી ધ્રૂજતો ઉભો હતો. પ્રિય વાચકવૃંદ તે **જટાસૂર** હતો.

"લુચ્ચા ! ચોર ! તું અહિં કેમ આવ્યો?"— **જટાસૂર**, **હરિદાસ** પ્રત્યે ધસી જતાં બોલ્યો.

હરિદાસે તેની છાતીમાં એક જબરી મુક્કીથી ઉત્તર વાળ્યો, પણ આટલેથી **જટાસૂર** બ્હી જાય તેવો નહોતો. તેણે વધારે જોરમાં સામે આવી આપણી વાર્તાના નાયકને ગળામાંથી પકડયો. **હરિદાસ** કાંઈ બળમાં ઓછો નહોતો. વાંચનાર જાણે છે કે તેણે અંગબળની વિદ્યાનો સારો અભ્યાસ કર્યો હતો. એકજ ઝટકામાં **હરિદાસ** તેના હાથમાંથી

મુક્ત થયો, અને બીજી પળે તો જટાસૂરને નીચે નાખી દઈ, તેની છાતી ઉપર ચઢી બેઠો. જટાસૂર વિશેષ બળ કરવા જતો હતો, પણ હરિદાસે બીજી બે ચાર સખ્ત મુક્કીઓથી તેને શાંત કર્યો.

"નીચ,"—હરિદાસે બાજુમાં પડેલા વસ્ત્રથી તેના હાથ બાંધી મૂક્યા હતા, અને હવે તેના પગ બાંધતાં દાંત કચકચાવી તે કહેવા લાગ્યો—"શું તું એમ ધારતો હતો કે તું તારી દુષ્ટ ધારણામાં પાર પડીશ!"

"હું શું ધારતો હતો ને શું નહિ, તેનું તારે પ્રયોજન નથી."—જટાસૂર તિરસ્કારથી બોલ્યો—"મને પ્રથમ એટલોજ ઉત્તર આપ કે એક સ્ત્રી-પુરૂષના કંકાસમાં વચ્ચે પડનાર તું કોણ છે, અને અંહિ શું કામ આવ્યો છે?"

"હું એ જયંતિનો રક્ષક છું, અને તને તારા આ કૃત્યને માટે શિક્ષા કરવા આવ્યો છું."—હરિદાસે ઉત્તર દીધો—"સારૂં થયું કે ઈશ્વરે આ સ્થળે મને વેળાસર મોકલ્યો."

આ વખતે જયંતિ બેભાન હાલતમાંથી જાગૃત

થઈ અને જોયછે તો પોતાને દુઃખ દેનારની છાતી ઉપર **હરિદાસ** બેઠેલો છે. આ દેખાવ જોઈને તેને કેટલો હર્ષ થયો હશે? જેમ ચંદ્રને દેખી સમુદ્ર પોતામાં ન સમાય તેમ આ દુઃખની વેળાએ હરિદાસને જોઈ **જયંતિ**નો હર્ષ **જયંતિ**માં સમાતો નહતો.

"**હરિદાસ**, શું ખરેખર તમે છો? કે આ ક્ષણિક-આનંદ આપી પાછું દુઃખમાં મૂકી જનાર સ્વપ્ન છે?"—**જયંતિ** નેત્રનો વિકાસ કરી પોતાની વિશેષ ખાતરી કરવા અર્થે આસપાસ જોતી સંશયાત્મક-પણે પૂછવા લાગી—"પણ નહિં, તમે અંહિ ક્યાંથી આવી શકો"?

"**જયંતિ**બાઈ,"—**હરિદાસ**, જટાસૂરની છાતી ઉપરથી ઉતરી **જયંતિ**ની પાસે જઈ હળવેથી બોલ્યો—"તમે નિશ્ચિંત રહો. આ સ્વપ્ન નથી. હવે તમારા દુઃખનો અંત—

હજી **હરિદાસ** આગળ બોલવા જતો હતો તેટલામાં કોઈના પાછળ આવતાં પગલાંનો શબ્દ તેને કાને પડયો. તેણે પાછું ફરી જોયું તો એક

બળયુક્ત બાંધાનો અને રૂષ્ટ-પુષ્ટ શરીરનો પુરૂષ પોતા ગમ આવતો હતો.

"પ્રથમ મારા હાથ-પગ છોડ."—જટાસૂર પોતાના નોકરને ભાળી પઆં પઆં હર્ષથી બોલ્યો.

બળદેવ તરતજ પોતાના શેઠ તરફ ચાલ્યો, પણ હરિદાસ વચ્ચે પડયો. તે બેઉ વચ્ચે થોડી વાર મારામારી ચાલી, અને પરિણામે તેના હાલ પણ તેના શેઠ જેવા થયા.

"જયંતિ,"—હરિદાસ પ્રેમયુક્ત સાદે બોલ્યો—"આ બેઉ દુષ્ટનાં નામ મને કહો."

"તે હું આજ પર્યંત જાણવા પામી નથી."—જયંતિએ ધીમે સાદે કહ્યું—"પણ ભાઈ હરિદાસ, તમને તેના નામથી શું કામ છે?"

"કામ તો બહુ છે."—હરિદાસે ઉત્તર દીધો—"મારો વિચાર તેમનાં નામ પોલિસમાં નોંધાવવાનો છે, પણ હવે ચિંતા નહિં; કારણ કે માર્ગમાં જે પહેલો સિપાઈ મળશે, તેને હું અહિં તેડી લાવીશ. ચાલો જયંતિ, અહિં વિશેષ ખોટી થવાનું હવે આપણે પ્રયોજન નથી."

"ઠીક ચાલો,"—એમ કહી જયંતિ હરિદાસની પાછળ દાદર ભણી જવા લાગી.

જટાસૂરની ખાતરી થઈ કે હવે પૂરી વલે થશે, તેથી ગભરાટમાં બૂમ પાડી બોલ્યો—"મારા બે શબ્દ સાંભળો."

"કપટી ! દુરાચરણી ! બોલ. તારે શું કહેવું રહી જાયછે ?"—હરિદાસ જટાસૂર ગમ ફરી ડોળા કાઢી ક્રોધમાં બોલ્યો.

"હું હાથ જોડી તમારી પાસે દયા માગુંછું"—જટાસૂર બાંધેલા હાથ ઉંચા કરી નમ્રતાથી બોલ્યો—"કામવિકારથી અંધ થયેલો હું આ પરિણામને જોઇ શકયો નહતો."

"અને હવે પછી પણ એ વિકારથી પાછો અંધ થઈશ, ત્યારે એવા પરિણામોને તું જોઈ શકીશ નહિં."—હરિદાસે તાનું મારી કહ્યું—"જયંતિ એ તારી પાસે સહસ્ત્રવાર હાથ જોડી તથા નમન કરી દયા માગવા છતાં તને દયા આવી નહતી. તારા જેવા પ્રપંચી અને બુદ્ધિશૂન્યને દંડ અપાવવો, એ તારે પોતાને માટે બહુ લાભદાયક છે; કારણ કે

અબળા જાતિઉપર બળ કરવા અથવા તેમની સાથે મલિનનિષ્ઠાથી વર્ત્તવા માટે આજ પર્યંત અનેક દુર્મતિઓને શિક્ષા થઇ છે, તોપણ તે દૃષ્ટાંતો તારા હૃદય ઉપર છાપ પાડી શક્યાં નથી, તેથી હુ ધારૂંછું કે જ્યારે તને પોતાને શિક્ષા થશે ત્યારેજ તારા આંતરચક્ષુ ઉઘડશે. તું ખાતરી રાખજે કે હુ તને પોલિસ સ્વાધીન કરીશ તે વૈરબુદ્ધિને આધીન થઈ કરીશ નહિં, પણ તારા ઉપર દયા ભાવને લીધે કરીશ."

"પણ મને આટલી શિક્ષા બસ છે. હું મારા ખરા અંતઃકરણથી મારી ચાલનો પસ્તાવો કરૂંછું, અને ઇષ્ટદેવના સોગન લઈને કહુંછું કે ફરીવાર આવું દુષ્કૃત્ય કરીશ નહીં. આ અપરાધ મને ક્ષમા કરો."

"તારા જેવા નીચની પ્રતિજ્ઞા ઉપર વિશ્વાસ રાખવો તે સજ્જનોની પ્રતિજ્ઞાને દૂષણ દેવા સમાન છે. જે એક નિરાધાર અબળા સાથે આવી નિર્લજ-રીતે વર્ત્તિ શકે તે કેવળ ખોટી પ્રતિજ્ઞાઓ પણ લઈ શકે. વળી તેં મારો અપરાધ કર્યો નથી"— હરિદાસે તેને કહ્યું—"જયંતિ તને ક્ષમા કરતી હોય તો મારે વાંધો નથી."

"જયંતિ બેન, હું મસ્તક નમાવી ક્ષમા માગુંછું."–જટાસૂર જયંતિ પ્રત્યે દૃષ્ટિ કરી બોલ્યો—"મને ક્ષમા કરો."

"જો કે તેં મને દુઃખ દેવામાં બાકી રાખ્યું નથી, તોપણ હું ભૂંડાઇના બદલામાં ભલાઇ આપવા ખુશી છું. જા હું તને ક્ષમા કરૂંછું."

જયંતિએ ઉત્તર આપ્યો અને પછી હરિદાસ ગમ ફરી હળવેથી બોલી–"હરિદાસ, ચાલો આપણે જતા રહિયે. તેના અપરાધ માટે તેને ઈશ્વર શિક્ષા કરશે."

"દુરાચરણી !"—હરિદાસ દાદર ચડતાં જટાસૂર ગમ ફરી બોલ્યો–"દુષ્ટકૃત્યો કરનારા પોતાનું દુષ્ટકૃત્ય કોઇ જાણશે નહિ એવું માને છે, પણ તેમાં તેઓની ભૂલ છે. વહેલે કે મોડે પણ અપરાધ પકડાયા વગર રહેતો નથી, એ મહાન પુરૂષોનો સિદ્ધાંત તું સદા સ્મરણ રાખજે."

આટલા શબ્દો કહી હરિદાસ અને જયંતિ તેમને બાંધેલી હાલતમાંજ રહેવા દઇ ચાલતાં થયાં.

હીમથી જેમ કમળ પીળું પડી જાય, તેમ આ

ત્રણ દિવસના દુઃખથી જયંતિનું વદન ફીકું પડી ગયું હતું, પણ એક વાર ખુલ્લી હવામાં પગ મૂકતાંજ ગાલ ઉપર સહજ રતાશ દોડી આવી, અને ચક્ષુઓ નિસ્તેજપણાને તથા બીડાએલા કમળના અનુકરણને મૂકી દઇ એકવાર આનંદના ચમકારા મારવા લાગી. ભૂખ અને ઉજાગરાથી આવેલી નિર્બળતા, સ્વતંત્રતાના અહારથી નિવૃત્ત થઇ, અને જે હિમ્મત સહાયકના અભાવે અંતે જયંતિનો આશ્રમ મૂકી જનાર હતી, તે હરિદાસના સદ્ભાવથી દુપટ થઈ.

લગભગ ત્રણ વાગ્યાનો સમય થવા આવ્યો હતો. વાયુની શીતળ અને મંદ મંદ લહરીઓ ઉશ્કેરાયલાં ચિત્તોને શાંતિનું ઔષધ પાતી હતી, ચંદ્રે પોતાનાં રૂપેરી બાણોના પ્રહારથી અંધારાને ભેદી ક્યાંએ નસાડી મૂક્યો હતો, તારાઓ આટલી વાર સૂધી અંધકારને દૂર કરવાના પ્રયત્નમાં નિષ્ફળ નિવડ્યાથી લજ્જાતા હોય તેમ એક પછી એક આકાશના પડતળે સંતાવા લાગ્યા, અને આસપાસનાં જળાશયો

જાણે પાણીને બદલે પારાથી ભર્યાં હોય તેવાં દેખાવા લાગ્યાં.

ઈશ્વરની આ મનોહર લીલા જોતાં **જયંતિ** અને **હરિદાસ** ધીમે ધીમે આગળ ચાલ્યાં. પોતાને આ ત્રણ દિવસમાં શું શું ખમવું પડયું હતું તે અથથી માંડી ઇતિસુધી **જયંતિએ** કહી સંભળાવ્યું, અને તે કમકમાટ ભરેલા ઇતિહાસનો અંત આણી બોલી–"**હરિદાસ,** તમે મારા કુમારિકાપણાનું અને તે દ્વારા મારા પ્રાણનું રક્ષણ કર્યું છે, અને તે માટે હું મારા ખરા અંતઃકરણથી તમારો ઉપકાર—

"ના, **જયંતિ** મેં લેશ પણ ઉપકાર કર્યો નથી. મેં મારી ફરજ માત્ર બજાવી છે, અને તેમાં મળેલી સફળતા માટે આપણે જગદીશ્વરનો ઉપકાર માનવો ઘટે છે."

"હા, તે ખરૂં છે,"—**જયંતિ** પ્યાર ભરી દૃષ્ટિથી હરિદાસને નિહાળતાં બોલી—"પણ તમને મારા પિતા અને ભાઈ તરફથી કેટલું ખમવું પડયું છે? કેવા અપમાનયુક્ત વચનો સાંખવાં પડ્યાં છે? ખોટા આરોપ અને બંધીખાનું વેઠવું પડયું છે.

આટલું છતાં તમે મારે માટે પોતાનો જીવ જોખમમાં નાંખ્યો, એ શું ઉપકારની અવધિ નથી?"

"ના, એમાં આભારનો લેશ નથી."—હરિદાસે ઉત્તર દીધો—"પણ એ પ્રબળ પ્રેમનું એક લઘુ પરિણામ છે."–એમ કહી હરિદાસે તે સુંદરીનો કોમળ હસ્ત પોતાના હાથમાં લીધો અને વળી કહ્યું—"પ્રિય જયંતિ! મને એટલીજ ખાતરી આંપો કે હું તમતે અપ્રિય નથી."

"શું! અપ્રિય!"—જયંતિ લજ્જાને લીધે પોતાની દૃષ્ટિ નીચી કરી બોલી—"ના. એવો આભાસ માત્ર પણ મારા હૃદયમાં પેસવા પામ્યો નથી. જોકે મારાં માતપિતા, ભાઈ, અને બીજા સમીપના સ્નેહીઓ તમારે માટે બહુ બહુ હલકો વિચાર ધરાવતા આવ્યા છે, તોપણ હું સત્ય કહુંછું કે તમારે માટે એક પળવાર પણ મેં હલકો વિચાર સંગ્રહ્યો નથી. મારા પિતાના ઘરની સામે નિશિદિન તમે બેસી રહોછો, અને સહસ્ત્રવાર "ના" મળ્યા પછી પણ મારે માટેની માંગણીઓ ચાલુ રાખોછો, એ આચરણને જ્યારે બીજા બધા નિર્લજ્જપણાની ઉપમા આપેછે,

ત્યારે હું તેને પ્રીતિની પરિસીમા ગણુંછું. મને પ્રથમથીજ તમારે માટે ઉચ્ચ અભિમત હતું, તેમાં આજના બનાવથી અપાર વૃદ્ધિ થઈ છે. આટલા સમય સૂધી હું માત્ર તમારી પ્રીતિ તળે હતી, પણ હવે તો પ્યાર અને આભાર એ ઉભય તળે આવી છું. મેં મારા હૃદયની લાગણીઓને આજપર્યંત બરાબર ઓળખી નહતી, પણ હવે ઓળખુંછું. વહાલા **હરિદાસ,** હું તમને ચાહુંછું."

"અહા! મારા પ્રેમની પ્રતિમા!"—**હરિદાસ જયંતિ**નો હસ્ત પ્યારથી દાબતાં બોલ્યો—"જે આનંદ રાજ્યલક્ષ્મીથી પણ ન મળે, અને અમૃતના પાનથી પણ પ્રાપ્ત ન થાય, તે આનંદ હમણા તમારાં મધુર વચનોથી મને મળ્યો છે. તમારા પિતા મારી માંગણી સ્વીકારે તો—

"પણ તેઓ હવે સ્વીકારશેજ."—**જયંતિ** નિશ્ચયાત્મકપણે વચમાંજ બોલી ઉઠી–"તમે મને કેવા શારિરક દુ:ખમાંથી છોડવી છે, મારૂં કુમારિકાપણું ભંગ કરનારની ઇચ્છાને તમે કેવી અદ્દ્ભુત રીતે ભંગ કરી છે, કેવા માનસિક સંતાપમાંથી તમે મને

મુક્ત કરી છે, મારૂં રક્ષણ કરવામાં તમે કેવું જાતિ જોખમ વેઠયું છે, અને અધિરા બનેલાં માતપિતાને તેની પુત્રી પાછી મેળવી દેવામાં તમે કેવો મહાન ઉપકાર કર્યો છે, તે સર્વ જ્યારે હું સ્વમુખે મારા પૂજ્ય માબાપને નિવેદન કરીશ, ત્યારે તમારા પ્રત્યેનો તેમનો સર્વ અયોગ્ય ધિક્કાર નષ્ટ પામશે, તમારા શુભ ગુણોનું તેમને પ્રત્યક્ષ અને યથાર્થ દર્શન થશે, તમે સુપાત્ર છો એવી તેમને નિર્વિવાદ ખાતરી થશે, અને હે પ્રિયંકર! તમારી માગણીનો તેઓ હર્ષ-સહિત સ્વીકાર કરશે."

"પ્રાણપ્રિય!"—હરિદાસ સહજ ઉદાસ ચહેરે બોલ્યો—"તમારી ગણતરી ભૂલ ભરેલી છે. તમને હું બચાવી લાવ્યો છું, એ જાણી તેઓ નિશ્ચિત માનશે કે 'તમારૂં હરણ કરનાર પણ હુંજ હતો;' કારણ કે તેઓને એ વાતનો પ્રથમથીજ મારા ઉપર શક પડેલો છે. વળી તમે મને ચાહો છો, એ વાત ઉપરથી તેઓ એમજ ધારશે કે આપણાં લગ્નસંબંધે હા પડાવવાને આપણે આ એક ચપળ યુક્તિ રચી છે; માટે તમને હું છોડવી લાવ્યો છું, એ વાત તમારા

વડીલો પાસે કહેશો નહિ. પ્રિયવદન ! મને આ વચન આપો કે એ વાત તમે કોઈને કહેશો નહિ."

"હા, તમારો તર્ક મને હવે સત્યતાવાળો લાગે છે."—**જયંતિ** થોડી વાર વિચાર કરી બોલી—"તમારી આજ્ઞાનુસાર કરવાને હું વચન આપુંછું, પણ પ્રિય **હરિદાસ!** તમે મારા પિતાને ત્યારે શી રીતે સમજાવી હા પડાવશો?"

"હું એજ બાબતના વિચારમાં છું."—**હરિદાસે** ઉત્તર દીધો—"હું તમારા પિતા પાસે બહુ બહુ કરગર્યો છું, વારંવાર નમનસહિત માંગણીઓ કરી છે, અને કેટલાક શ્રીમાન સદ્દગૃહસ્થોની વગ સુદ્ધાં લગાડી છે, પણ તેમાંથી હજી સૂધી આશાના અંકુરો ફૂટ્યા નથી. જ્યાં દૃષ્ટિ કરૂં ત્યાં ચિંતાની ચેહને પ્રદિપ્ત કરનાર નિરાશાના નિસ્તેજ મુખ સિવાય બીજું કાંઈ દેખાતું નથી, પણ હવે "હું તમને અપ્રિય નથી" એ જાણી મારા ઉકળતા, ઉછળતા, અને ઉદ્વેગયુક્ત હૈયાને ઘણે અંશે ટાઢક થઈ છે. એ વચનામૃતના પ્રસાદથી મારા ચિંતાતુર ચિત્તને ઘણી શાંતિ થઇ છે."

આ પ્રમાણે પ્રેમભરી વાતો કરતાં અને લાંબા

પંથના શ્રમથી **જયંતિ** શ્રમિત ન થાય તે માટે વારંવાર થોડુંક ચાલી વિશ્રાંતિ લેતાં, તેઓ **આનંદસાગર** બાગના દરવાજા આગળ આવી લાગ્યાં. આ વખતે લગભગ પરોઢિયું થવા આવ્યું હતું. જે માર્ગ કેવળ શૂન્ય જણાતો હતો તે હવે મનુષ્યોના ગમનાગમનવાળો થવા લાગ્યો. વૃક્ષની શાખામાં રહેલાં પક્ષીઓ મધુર કલ્લોલ કરવા લાગ્યાં. ચંદ્રમા જાણે આખી રાતના ભ્રમણ–પરિશ્રમથી થયેલા પરસેવાને ધોઇ નાંખવા ઇચ્છતો હોય તેમ પશ્ચિમ તરફના સમુદ્રમાં જવા લાગ્યો, અને પાંદડાના અગ્રભાગ ઉપર લટકી રહેલાં મોતી સમાન ઝાકળનાં પ્રકાશિત બિંદુઓ "સૃષ્ટિના ક્ષણભંગુરપણાનો" બોધ દેતાં હોય તેમ વાયુની લહરીથી ટપોટપ હેઠે પડતાં હતાં.

"મારા મહાન અર્થને સફળ કરનાર **જયંતિ** !"– **હરિદાસ** બગીચાના દ્વાર બહાર ઉભો રહી ખેદ સહિત બોલ્યો—"મળસકું થવા આવ્યું છે, અને રસ્તાઓ ઉપર લોકોની આવજાવ થવા લાગી છે. આવે અયોગ્ય સમયે આપણને સાથે ઉભેલાં અથવા પરસ્પર વાતો કરતાં જનસમુદાયમાંથી કોઈ જુએ,

તો તે અવશ્ય આપણે વિષે કાંઈ અઘટિત સંબંધનો અનુમાન કરે, એટલુંજ નહિ, પણ 'હું તમારી સાથે હતો' એ વાત તમારા પિતાને કાને પડે તો તે આપણા લગ્નની હા પડાવવામાં મહા વિઘ્નરૂપ થાય; માટે જો કે તમારાથી વિખૂટા પડવાનો વિચાર મને મારા પ્રાણથી વિખૂટા પડવા જેવો દુ:ખદાયક લાગેછે, તોપણ આપણા બેઉના લાભઅર્થે હવે છૂટા પડવાની ખરેખરી જરૂર છે. મહામંદિરનો વૃદ્ધ પૂજારી ભલો માણસ છે. તમારા પિતાને પણ તે સારી રીતે ઓળખે છે, તેથી તમે તેને કહેશો તો તે તમારા ઘરસુધી તમને મૂકી આવવા ના પાડશે નહીં."

"મારા શુભચિંતક,"—**જયંતિ હરિદાસના** રૂપ-ગુણ ઉપર વિશેષ મોહ પામતાં બોલી—"એ પૂજારી મને પોતાને પણ ઓળખે છે. વહાલા **હરિદાસ,** હું પ્રતિજ્ઞાપૂર્વક કહુંછું કે તમારા સિવાય બીજા કોઈને હું મારો પ્રેમ આપીશ નહિં. હું હવે જાઉંછું, ઈશ્વર તમારી સર્વ સુધારણાઓ સફળ કરો."

"તમારી પ્રતિજ્ઞા માટે હું અત્યંત આભારી છું."–**હરિદાસે** ઉત્તર દીધો—"હે કલ્યાણિની ! જ્યાંસુધી તમારો હાથ મેળવવાની હું તમારા પિતા પાસે હા પડાવીશ નહિ, ત્યાંસુધી હું કશામાં સુખ-સંતોષ માનીશ નહિં અને ચિંતામુક્ત થઇને બેસીશ નહિ."

આ પ્રમાણે પરસ્પર બે ચાર હેતના શબ્દો કહી તથા પ્રીતિપૂર્વક એક બીજાનું આલિંગન કરી બેઉ જણ છૂટાં પડ્યાં. **જયંતિ**એ બગીચાના દ્વારમાં પ્રવેશ કર્યો અને **હરિદાસ** વારંવાર પાછળ દૃષ્ટિ કરી **જયંતિ**ને જોતો આગળ ચાલ્યો.

"હા, એક અગત્યની વાત રહી ગઇ."—**હરિદાસ** પોતાના મનમાં વિચારવા લાગ્યો—"મારીજ સાથે પરણવાની **જયંતિ** પાસે પ્રતિજ્ઞા લેવરાવી હોત તો ઠીક થાત! પણ નહિં, હું એ વિચારમાં મારા મૂળ ઉદ્દેશને કેમ ભૂલી જાઉંછું! માત્ર **જયંતિ**ની "હા"થી મારૂં કાર્ય સંપૂર્ણ થતું નથી. એના પિતા હા પાડે તોજ મારૂં કાર્ય સિદ્ધ થઈ શકે તેમ છે. જો કે હું પ્યારની લાગણીઓને આધિન થઇ **જયંતિ**ની પૂંઠે પડયો નહતો, તોપણ હવે તે કોમળ

લાગણીઓ મારા હૃદયમાં વાસ કરી બેઠી છે; માટે જો **જયંતિ**ના પિતાને હું હા પડાવી શકું, તો મારા સમાન કૃતકૃત્ય અને મારા સમાન પ્રાપ્તપ્રાપ્ય બીજો કોઈ નહિ. જેમ આંબાનું વૃક્ષ રોપનારને એક તો આમ્રફળ અને બીજી તેની શીતળ છાયા, એમ દુપટ લાભ થાયછે, તેમ **ગૌતમ**ની હા મેળવવામાં પણ મને બે લાભ છે. એક લાભ તો એ, કે જે અમૂલ્ય-વસ્તુ ચક્રવર્તિ રાજાને લભ્ય નથી, જે અખૂટ દ્રવ્યના ખર્ચે લભ્ય નથી, અને જે અથાગ બળના યોગે પણ લભ્ય નથી, તે મારે હાથ આવશે; અને બીજો લાભ એ કે એક સુંદર, સુશીળ, અને સુબુદ્ધિમાન અર્ધાંગના મને મળશે."

આ પ્રમાણે અનેક સુખકર વિચાર કરતો તે વિશ્વ-ભેદની ધર્મશાળા આગળ આવી પહોંચ્યો. હર્ષયુક્ત મુખાકૃતિ સહિત તે અંદર દાખલ થયો. તેને તો એવુંજ લાગ્યું કે જાણે **જયંતિ**ના પિતાએ હા પાડી દીધી છે, અને જાણે સર્વ મનોરથ પૂર્ણ થઈ ચૂકયા છે, પણ સાકરનો સ્વાદ સાકરમાં સમાયેલો હોયછે. "સાકર" એ શબ્દના ઉચ્ચાર માત્રથી મોઢું ગળ્યું

થતું નથી. જરાવાર વિશ્રામ લેવા તે ધર્મશાળાના ઓટલા ઉપર શાંત થઈ બેઠો. તેનું દોરેલું આ સુખકર પણ કલ્પિત ચિત્ર, સમુદ્રકિનારે રેતી ઉપર પાડેલા ચિત્રની પેઠે બીજી પળે તો ભુંસાઈ જવા લાગ્યું. તેને વળી વિચાર આવ્યો કે "**ગૌતમ** છેવટ સૂધી હા નાહિંજ પાડે તો? **ચંદ્રકાંત** પેલા અજાણ્યા પુરૂષનું નામ મેળવી શકે તો હજી સર્વ ઠીક થશે, પણ ન મેળવી શકે તો?"

આ વખતે લગભગ આઠ વાગ્યા હતા. **હરિદાસ** આ ગંભીર પ્રશ્નોનું સમાધાન કરવામાં રોકાયેલો હતો, ત્યાં તો એક સાધારણ કદનો અને યુવા વયનો માણસ તેની સન્મુખ આવી લાગ્યો. તેની પાઘડી-આદિક સર્વ વસ્ત્રો રાતી કોરવાળા તપખીરિયા રંગનાં હતાં. તેણે છાતી ઉપર એક સુંદર પટો ધારણ કર્યો હતો અને તે ઉપર 'અનાથ આશ્રમ સિપાઈ નંબર ૨૫' એમ કોતરેલું હતું.

"શું તમારૂં નામ **હરિદાસ** છે?"—તે સિપાઈએ આવતાં ને વાર પૂછ્યું.

"હા."—**હરિદાસે** જવાબ દીધો—"કેમ.?"

"અનાથ આશ્રમના વડા અધિકારી તમને બોલાવે-છે."—તે સિપાઈએ કહ્યું.

"મને ! મારૂં શું કામ છે ?"—હરિદાસે વિસ્મય-યુક્ત ચહેરે પૂછ્યું.

"તે હું જાણતો નથી."— તેણે પ્રત્યુત્તર વાળ્યો—"જે કાર્ય માટે તમને બોલાવ્યા છે, તે બહુ અગત્યતા-વાળું હોવું જોઈએ એવું હું અનુમાન કરૂંછું; કારણ કે ગઈ કાલે પણ તમારે માટે અહિં બે વાર માણસ મોકલ્યું હતું. એકાદ બે વાર તમારા પિતાને ત્યાં પણ તમારી તજવીજ કરાવી હતી, પણ તમે ક્યાંક બહાર ગયા હતા. હમણા તમને સત્વર લઈ આવવા માટે મને આજ્ઞા મળી છે."

"એટલી ઉતાવળનું શું કામ છે ?"—હરિદાસ અધિકાધિક આશ્ચર્ય પામતો બોલ્યો—"ભલા માણસ, શું કામ છે તેવિષે કાંઈ આભાસ તો તમારા જાણ-વામાં આવ્યોજ હશે."

"ના સાહેબ,"—તે સિપાઈએ સવિવેક ઉત્તર દીધો—"હું તમને પ્રથમથીજ કહી ચુકયો છું કે તે વિષે હું તમારા કરતાં વિશેષ જાણતો નથી."

"ઠીક, ત્યારે તમે સહજ ઉભા રહો; હું હાથ મોઢું ધોઈ ત્વરિત તમારી સાથે આવુંછું."—એમ કહી હરિદાસ ધર્મશાળાના આંતર ભાગમાં જઈ, હાથ મોઢું ધોઈ, પોતાનાં વસ્ત્રોને ઠીક-ઠાક કરી, તે સિપાઈ સાથે ચાલી નિકળ્યો.

થોડીક વારમાં તો તેઓ 'અનાથ આશ્રમ' આગળ આવી પહોંચ્યા.

પ્રકરણ ૧૪ મું.

મહાન અપરાધની મહાન શિક્ષા.

સૂર્ય ઉદય થયાને થોડીક વાર થઈ હતી. કુબ્જા હજી માંદગીને વશ થએલી બિછાનામાં જાગતી પડી હતી. "જયંતિ મળશે કે નહીં? નહીં મળે તો કુબ્જાના કેવા હાલ થશે?" વગેરે વિચાર કરતો તથા જયંતિની શોધમાં મોકલેલા ચાકરો આજે શા સમાચાર લાવેછે, તેની ઘણીજ આતુરતાથી વાટ જોતો ગૌતમ બારી આગળ કુરસી નાંખી

બેઠો હતો. કર્ણ એકવાર ફરીથી પણ જયંતિને શોધી કાઢવાનો જાતે પ્રયત્ન કરવાના હેતુથી બહાર જવાને તૈયાર થઈ રહ્યો હતો. તેને માટે એક વાહન નીચે આવી ઉભું હતું.

"પિતાજી,"—કર્ણ બોલ્યો—"વિરોચનને હું મારી સાથે લઈ જનાર છું. તેને મેં ક્યારનો બોલાવ્યો છે. તેને સાથે લઈ હું આસપાસનાં સર્વ ગામડાંઓમાં તજવીજ કરવા ધારૂંછું."

"પણ આપણા નોકરો આસપાસનાં ગામડાંઓમાં આંટા મારી અંતે ખાલી હાથે પાછા આવ્યાછે."—ગૌતમે ખેદસહિત કહ્યું.

"ખરૂં છે, પણ ચાકરોની તપાસ અને જાતિ-તપાસ એ બેમાં મોટો ભેદ છે."—કર્ણે ઉત્તર દીધો.

"ઠીક, તમારી મરજી. લ્યો વિરોચન પણ દોડતો આવેછે."—ગૌતમ બારીમાં દૃષ્ટિ કરી બોલ્યો.

ચાર-પાંચ મિનિટમાં તો વિરોચન છલંગ મારતો અંદર આવી પહોંચ્યો, અને ગૌતમ તરફ ફરી મહાહર્ષથી બોલ્યો—"ગૌતમજી, હું તમારે માટે મહાહર્ષના સમાચાર લાવ્યો છું."

"હેં! હર્ષના સમાચાર?"—**ગૌતમે** તે વાક્યનો અર્થ ન સમજ્યો હોય તેમ નેત્રનો વિકાસ કરી પૂછ્યું—"એવા તે શા સમાચાર છે?"

"**જયંતિ**બાઈ ચાલ્યાં આવેછે."—**વિરોચને** જવાબ દીધો.

"ક્યાં છે?"—**ગૌતમ** અને કર્ણે એકજ સાદે બોલી ઉઠયા.

"**વિરોચન**, તમે મશ્કરી તો નથી કરતા?"—**કુબ્જા** જે પોતાની શય્યા ઉપરથી નીચે ઉતરવાને પણ અશક્ત હતી, તે આ શબ્દ સાંભળી હર્ષના આવેશમાં તત્કાળ બેઠી થઈ, અને દયામણે ચહેરે પૂછવા લાગી.

"ના બાઈ; જોકે મશ્કરી કરવાની મારી ટેવ છે, તોપણ આવી ગંભીર બાબતમાં હું મશ્કરી કરતો નથી."

વિરોચન હજી આગળ બોલવા જતો હતો ત્યાં તો એક વૃદ્ધ પુરુષની સાથે **જયંતિ** ઘરમાં દાખલ થઈ. મોરને વરસાદના દર્શનથી, સમુદ્રને ચંદ્રના દર્શનથી, કમળને સૂર્યના દર્શનથી, અને વૃક્ષોને

વસંતના દર્શનથી જે આનંદ પ્રાપ્ત થાય, તેથી પણ અધિક આનંદ આ વખતે **ગૌતમ**, **કર્ણ**, **કુબ્જા**, અને **ચંચળા** કે જે મોટે સાદે થતી વાતો સાંભળી હમણાજ અહિં દોડી આવી હતી, તેઓને થવા લાગ્યો. **ગૌતમ** તથા **કર્ણ**, **જયંતિ**ને વારંવાર ભેટયા, અને **કુબ્જા**એ તથા **ચંચળા**એ તેના શ્વેત પણ પીળા પડી ગયેલા કપાળ ઉપર સહસ્ત્ર ચૂમીઓ લીધી. જેમ દીપકના આવવાથી અંધારૂં દૂર થઈ જાય, ધનના આવવાથી દરિદ્રતા નાસી જાય, વિદ્યાના આવવાથી મૂઢપણું મટી જાય, તેમ **જયંતિ**ના આવવાથી **કુબ્જા**ના શરીરનું શિથિળપણું અને નિર્બળપણું કેવળ અલોપ થઈ ગયું. આ વખતે વૈદ્ય પણ આવી પહોંચ્યો, તે **કુબ્જા**ની શરીરપ્રકૃતિમાં થયેલો અદ્‌ભુત ફેરફાર જોઈ ખુશી થયો. **જયંતિ**ને લઈ આવનાર મહામંદિરના પુજારીને એક કીમતી સાલ ભેટ કરી રવાને કીધા પછી, **જયંતિ**ને લઈ સર્વે જમવા બેઠાં. '**જયંતિ** મળે તો અમુક રમકનું દાન કરવું' એવી **કુબ્જા**ની પ્રતિજ્ઞાનુસાર ભિક્ષુકવર્ગને અન્નવસ્ત્રાદિકથી તૃપ્ત કરવામાં આવ્યો. આ

પ્રમાણે કેટલાંક અગત્યનાં કાર્યો પૂર્ણ કરી તેઓ જયંતિની કથા સાંભળવા બેઠાં.

"પૂજ્ય પિતા,"—જયંતિએ આરંભ કર્યો—"મહામંદિરના મેળાને દિને એટલે બુધવારની સાંજરે હું તમારી પાસેથી આજ્ઞા લઈ મારી સખી ચંદ્રભાગાની સાથે બગીચામાં ફરતી હતી. વાતચીતની લહરીઓમાં તણાતી અમે બેઉ જણીઓ દરવાજા બહાર થોડેક દૂર નિકળી ગઈ, અને સમીપમાં એક વૃક્ષની ઓથમાં બે ભયાનક દેખાવના પુરુષોને ઉભેલા અમે જોયા. અમે તરત પાછાં ફર્યાં, "પણ ચાર પાંચ પગલાં ભર્યાં નહિ ત્યાં તો તે દુષ્ટજનો અમારી વાંસે ધસી આવ્યા, અને પ્રત્યેકે અમને એક એકને ઉપાડી ભિન્ન ભિન્ન દિશા તરફ દોડવા માંડ્યું. મેં જોરથી ચીસો પાડવાનો પ્રયત્ન કર્યો, પણ તે દુષ્ટપુરુષે મારા મોઢા ઉપર પોતાનો હાથ બહુ ક્રૂરપણે દાબી રાખ્યો હતો. મેં તેના હાથમાંથી મુક્ત થવા અનેક તરફડિયાં માર્યાં, પણ સિંહ આગળ મૃગનું કાંઈ ચાલે નહિં તેમ તેના બળ આગળ મારૂં કાંઈ ચાલ્યું નહિ."

"પણ તમને ઉપાડી જનાર **હરિદાસ** તો નહતો ને?"—**ગૌતમે** અધિરજથી પૂછ્યું.

"ના. મને હરણ કરી જનાર **હરિદાસ** નહોતો. તે એવો નીચ નથી. વગર આધારે તેના ઉપર એવો સંશય આણવો તમને ઘટતો નથી."

"ઠીક, હશે **જયંતિ.**"—**ગૌતમ** બોલ્યો—"પછી તે તમને ક્યાં લઈ ગયો?"

"પછી શું થયું અને મને તે ક્યાં લઈ ગયો તે હું જાણુતી નથી."—**જયંતિએ** પોતાની વાર્તા આગળ ચલાવી—"જ્યારે હું શુદ્ધિમાં આવી ત્યારે એક ઉચ્ચ પલંગ ઉપર હું પડી હતી. ટેબલ, કુરસી, આરસીઓ, અને ગાલિચા આદિકથી ઓરડો સારી રીતે શણુગારેલો દેખાતો હતો, અને મારી સમીપમાં એક શ્રીમંત દેખાવનો તરૂણ પુરૂષ ઉભો હતો. તેને જોઈ હું બહુ ભયભિત થઈ, અને તરતજ બિછાના ઉપરથી નીચે ઉતરી તેનાથી વેગળે જઈ ઉભી. તે વળી મારી પાસે આવ્યો અને પોતા સાથે લગ્ન કરવાની માંગણી કરવા લાગ્યો. મેં અત્યંત ધિક્કારથી જ્યારે ના પાડી, ત્યારે તેણે દ્રવ્યની લાલચ

આપી ફરીવાર સમજાવવા માંડ્યું. હું મારા ઠરાવમાં અન્યથા થઈ નહિ, અને છેવટે તેની સાથે ભાષણ કરવાનું મેં બંધ કીધું. આથી તેને અત્યંત ક્રોધ ચડ્યો અને "ખુશીથી નહિ તો બળાત્કારથી પણ લગ્ન કરવાંજ પડશે, અને તે માટે વિચાર કરવા હું બે દિવસનો અવકાશ આપું છું." એમ ક્રોધાવેશમાં કહી, બારણું બંધ કરી, બહારથી તાળું મારી, તે જતો રહ્યો. હું હવે એકલી રહી, અને શાંત થતાં નાસી જવા માટે શી યુક્તિ કરવી તેનો વિચાર કરવા લાગી. આ ઓરડાને ચાર બારીઓ હતી. મેં દરેક ઉઘાડી જોઈ તો તેમાંથી એક બારી રસ્તાગમ આવેલી હતી. રાત્રિનો સમય હોવાથી રસ્તો કેવળ ઉજ્જડ હતો તોપણ કોઈ ત્યાંથી નિકળે તો તેને બૂમ પાડી સહાયતા અર્થે બોલાવવાના, અને છેવટ કોઈ ન નિકળે તો બારીએથી કૂદી પડવાનો સાહસ કરવાના વિચારથી હું બારીમાં ઉભી રહી, પણ દુર્ભાગ્યે, બીજીજ પળે, ઈશ્વર જાણે મારા હરણ કરનારને પણ હું કદાચ બૂમ પાડીશ એવો વિચાર આવ્યો હશે તેથી, કે ગમે તેમ હોય, પણ

બારણું ઉઘાડી તે અંદર આવ્યો, અને " મને તારા ઉપર બહુ દયા આવેછે; માટે ચાલ હું તને જવા દઉંછું એમ કહી મને પોતાની સાથે નીચે લઈ ચાલ્યો."

"ત્યારે શું એ દુષ્ટ માત્ર ખોટુંજ બોલ્યો હતો ?"–**ગૌતમે** વચમાં પૂછ્યું.

"હા પિતા."—એમ કહી **જયંતિ** એ વાત આગળ ચલાવી—"હું હર્ષ પામતી તેની સાથે ચાલી. દાદર ઉતરી અમે ભોંયતળિયે આવી પહોંચ્યા. અહિં તેણે એક ભોંયરાનું બારણું ખોલ્યું અને પ્રપંચમાં અ-પ્રવિણ એવી હું 'કદાચ ત્યાંથી બહાર જવાનો માર્ગ હશે' એવું ધારી તેની સાથે નીચે ઉતરી. અહિં તેને મારા ભોળાપણા ઉપર બહુ હસવું આવ્યું, અને એકવાર ફરીથી પોતાની માંગણીઓ લક્ષમાં રાખવા-નું કહી તે ઉપર જતો રહ્યો. થોડીવાર પછી એક બત્તી, ભોજનની થાળ, અને ઉત્તમ પ્રકારના જળ કુંભ સમેત એક દાસી મારી પાસે આવી. તેણે પણ પોતાના નીચ શેઠની પેઠેજ મને સમજાવવા માંડી, અને મેં મારી જીવ્હાથી ઉત્તર ન આપતાં

પ્રહારથી ઉત્તર વાળ્યો. ભોજનથી ભરેલી થાળીને મેં એક લાત મારી ઉંધી વાળી દીધી. તે મારી હઠિલાઈ ગમ આશ્ચર્ય પામતી પાછી જતી રહી. તે રાત્રે મારી પાસે ફરીથી કોઈ આવ્યું નહિ. આખો ગુરુવારનો દિવસ પણ કોઈ ડોકાયું નહિ. મેં કાંઈ પણ ભોજન લીધું નહોતું તેથી સાંજને વખતે મને બહુ તીવ્ર ક્ષુધા વ્યાપી, તે ઉંધી વાળેલી થાળીમાંથી ભોંયે પડી ગયેલા કેટલાએક લાડુ અને પૂરીથી મેં નિવૃત્ત કરી. ગઈ કાલે શુક્રવારે રાત્રે લગભગ ૧૦ વાગ્યા હશે, તે વખતે એકવાર ફરીથી મારા ભોંયરાનું દ્વાર ઉઘડ્યું, અને પેલો કપટી યુવાન અંદર આવ્યો. તેણે વળી પોતાની માગણી સ્વીકારવા મને સમજાવવા માંડ્યું અને મેં પણ પાછો પ્રથમનોજ ઉત્તર દીધો. આ વખતે તે કાંઈ દુષ્ટ નિશ્ચાથી આવ્યો હોય એવું મને તેની ઉસ્કેરાયેલી ચક્ષુઓ, ઉતાવળા શબ્દો અને મુખાકૃતિ ઉપરથી ભાસતું હતું. મેં તેની આગળ ડુસ્કે ડુસ્કે રોઈને મને મૂકી દેવાની વિનતિ કરી, પણ તે દયાશૂન્યને દયા આવી

નહિ. અંતે ક્રોધમાં આવી તેણે જોરમાં મારા ગાલ ઉપર પ્રહાર કર્યો."

"શું ! એ દુર્મતિએ તમારા ઉપર પ્રહાર કર્યો !"—કર્ણ મહા ક્રોધથી રક્ત વર્ણ થઈ બોલી ઉઠયો—"એ કંગાળને હું અવશ્ય શિક્ષાએ પોંહોંચાડીશં. પછી."

"અને તે લાગતાંજ હું ભાનરહિત થઈ તેના પગ આગળ પડી ગઈ."—કર્ણે બોલવું બંધ કર્યું એટલે વળી જયંતિએ પોતાના દુઃખનો ઇતિહાસ કહેવા માંડ્યો—"પાછી હું જ્યારે શુદ્ધિમાં આવી ત્યારે મહા આનંદકારક બનાવ મારી દૃષ્ટિએ પડ્યો. એક દયાળુ પુરૂષ મારો ઉદ્ધાર કરવા આવી પહોંચ્યો હતો, અને તેણે, મને દુઃખ દેનાર પેલા દુષ્ટના હાથ પગ બાંધી મૂકયા હતા. ત્યારપછી હું તે દયાળુ પુરૂષની સંગતિમાં પરોઢિયું થતાં આનંદસાગર બાગ આગળ આવી પહોંચી, અને ત્યાંથી મહામંદિરના પૂજારીને લઈ અહિં આવી."

"પણ તે નીચ કોણ હતો, તેનું નામ શું, અને તે કયાં રહેછે?"—કર્ણે આ અન્યાયનું વૃત્તાંત સાંભળી દંત કચકચાવી પૂછ્યું.

"ભાઈ, હું તેનું નામ અને ઠેકાણું જાણુતી નથી. તેમ હવે તમને તેના નામથી કાંઈ કામ પણ નથી; કારણકે જે દયાળુ પુરૂષે મને મુક્ત કરી તે તેને પોલિસ સ્વાધીન—

"શું! તેને પોલીસને સ્વાધીન કર્યો છે?"—**વિરોચન** હર્ષ પામતાં અધીરજથી વચમાં બોલી ઉઠયો.

"ના, તેને પોલિસ સ્વાધીન કરવાનો હતો, પણ તે દુષ્ટે મારી આગળ નમન સહિત ક્ષમા માગી; તેથી તેને પોલિસ સ્વાધીન નહિ કરવા મેં પેલા દયાળુ પુરૂષને વિનતિ કરી હતી."—**જયંતિએ** પ્રત્યુત્તર વાળ્યો. પછી પોતાના પિતા ગમ ફરી બોલી—"પૂજ્ય પિતા, તેના દુષ્ટ કૃત્યની શિક્ષા તેને ઈશ્વર પોતે કરશે."

"તે તો ઠીક, પણ વ્હાલી દીકરી, તમને છોડાવનાર ત્યાં કેમ આવી પહોંચ્યો, તે તમે હજી સૂધી કહ્યું નથી."—**ગૌતમે** પ્રશ્ન કર્યો.

"હા, તેનું નામ પણ તમે બોલ્યાં નથી"—કર્ણે કહ્યું.

"તે કેમ અને ક્યાંથી આવ્યો તે હું જાણુતી

નથી, તેમ મેં તે વિષે તેને પૂછ્યું નથી."—**જયંતિ**-એ જવાબ દીધો—"તેનું નામ હું જાણુંછું, પણ તે નહિ કહેવાની તેણે મારી આગળ પ્રતિજ્ઞા લેવરાવી છે."

"પણ તેનું નામ જાણવામાં આવે તો તેની સેવાના બદલામાં હું તેને સારી પેઠે દ્રવ્ય આપવા ઇચ્છું છું."—**ગૌતમ** બોલ્યો.

"તેં ખરૂં છે, પણ પૂજ્ય પિતા તે દ્રવ્યનો લોભી નથી."

"**જયંતિબાઈ**, તેનું નામ કહેવામાં તમને શી હરકત છે?"—**વિરોચને** પોતાનું ડહાપણ દર્શાવવા માંડયું—"એવી પ્રતિજ્ઞાઓ પાળવાની કાંઈ જરૂર નથી."

"**વિરોચન**, હું તમારા એવા બોધની ઇચ્છા રાખતી નથી."—**જયંતિ** સહજ ગુસ્સામાં બોલી—"કાંતો પ્રતિજ્ઞા લેવીજ નહિ અને લેવી તો પ્રાણ જતાં પણ ઉલ્લંઘન કરવી નહિ, એ સજ્જનોનો સિદ્ધાંત છે. હું આશા રાખુંછું કે હવેથી એવી દુષ્ટ શિખામણોનો બહાર ઉચ્ચાર કરવા કરતાં તે તમારા

મનમાંજ રહેવા દેશો. તમે શું મારૂં અંતઃકરણ તમારા જેવું મલિન સમજ્યા હતા!"

"તમે પ્રતિજ્ઞા તોડો એવા હેતુથી હું બોલ્યો નહતો."—**વિરોચને** પોતાનો બચાવ કરવા માંડયો—"જે પ્રતિજ્ઞા તોડયાથી સામા માણુસને હાની ને બદલે લાભ થતો હોય, તે પ્રતિજ્ઞાનો ભંગ કરવામાં સંકોચ પામવાની અગત્ય નથી, એમ મારૂં કહેવું છે."

"તમે ગમે તેવા ભાવાર્થથી બોલ્યા હો, તોપણ મારે તમને અત્રે કહેવું જોઈએ કે, તેને લાભ થશે કે હાની તે તપાસવાનું કામ તમારૂં, મારૂં, કે બીજાઓનું નથી. તે કામ તેનું પોતાનું છે;"—જયંતિએ પ્રત્યુત્તર દીધો—"માટે ભાઈ **વિરોચન**, એ વિષે આગ્રહ કરવો મૂકી દો."

"મારે આગ્રહનું કાંઈ પ્રયોજન નથી."—**વિરોચન** પોતાને મહાત થએલો જાણી સહજ ઝંખવાણો પડી બોલ્યો.

આટલી વાતચીત થઈ રહ્યા પછી જયંતિ એકાદું પુસ્તક ઉપાડી વાંચવા બેઠી, કર્ણુ અને **વિરોચન**

બહાર જવા નિકળ્યા, અને **ગૌતમ** પણ સહજ કામ પ્રસંગે નીચે ઉતર્યો.

પ્રિય વાંચનાર! આપણી વાતને અહિં પડતી મૂકી, વિશ્વભેદના મહોત્સવમાં પકડાયેલા **કર્ણ ગજેંદ્ર**, અને **ઇંદ્રસેન મહાબળ** નામના બે યુવાનોને આજે સૂર્યોદય થતાં દેહાંત દંડ દેવાનો હતો તેઓનું શું થયું તે જોઈયે.

મણિપુરની પશ્ચિમે બાર ગાઉ દૂર **ચંદ્રનગર** આવેલું છે. ત્યાં તે બેઉ જણ રહેતા રતા. તેઓ પરસ્પર કાકાના દીકરા ભાઈ થતા હતા. કર્ણ અને **ઇંદ્રસેન**ના વિશ્વભેદ મંડળીના મહોત્સવમાં પકડાઈ જવાના સમાચાર વાયુવેગે **ચંદ્રનગર** પહોંચી ગયા હતા, અને જ્યારે તે સમાચાર તેમના પિતા ગજેંદ્ર અને **મહાબળ** જેઓ ૪૦ અને ૪૫ વર્ષની વયના હતા તેઓને કાને પડ્યા, ત્યારે વિજળીના દુઃસહ આચકાની પેઠે પ્રથમ તો તેઓ તે ખમી શક્યા નહિ. થોડી વાર સુધી તો એ ઉભય ભાઇઓની વાચા બંધ થઈ ગઈ, અને જાણે ચિત્રમાં આળ-

બેલી બે દિંગમૂઢ મૂર્ત્તિઓ હોય તેમ એકમેકની સામે હાલ્યા ચાલ્યા વગર જોવા લાગ્યા.

"પ્રિય ભાઈ,"—અંતે **મહાબળ** શાંત થઈ બોલ્યો—"હવે શું કરવું તે મને સૂઝતું નથી. મારે માથે ખરેખર આ એક દુઃખની રેલ આવી પડીછે."

"જ્યેષ્ઠ ભ્રાતા,"—ગજેંદ્રે જવાબ દીધો—"જો કે હું ઈર્ષા કરતો નથી, તોપણ મારે તમને કહેવું જોઈએ, કે તમારી સ્થિતિ કરતાં મારી સ્થિતિ વધારે દુઃખજનક થઈ પડી છે. તમને પરમ-કૃપાળુ જગદીશ્વરે જ્યારે બે પુત્રની ભેટ આપેલી છે, ત્યારે મારે માત્ર એકજ છે, અને તે જો વિશ્વ-ભેદની મોકાણમાં દેહાંત દંડને પામે, તો હું કેવળ નિર્વંશ થઈ જઈશ. "પુત્રરહિતને ગતિ થતી નથી" અને "પુત્રશૂન્ય યમરાજા આગળ ઋણ-મુક્ત ગણાતો નથી," આ વેદશાસ્ત્રોનાં પવિત્ર વચનો મને સ્મરણ થતાંજ મારૂં કાળજું વિંધાઈ જાયછે. અરે! હવે મારી શી ગતિ થશે!"

આ વચનોની સમાપ્તિ સાથે ગજેંદ્રના નેત્રોમાં થી અશ્રુપાતનો આરંભ થયો. આસપાસના પાડોશી-

ઓમાં અને તેમના મિત્રમંડળમાં આ શોકો-ત્પાદક બનાવની ખબર પડતાં તેઓ દિલાસો દેવા અહિં ભેગા મળ્યા હતા. ઘરના સ્ત્રીજનોને આ વાત જાણવામાં આવતાં અત્યંત શોર-બકોર અને રડાકૂટ થઈ રહી હતી.

"ગજેંદ્ર,"—**મહાબળ** ગદ્દગદ્દ કંઠે બોલ્યો—"તમારૂં કથન સત્ય છે. આપણે માથે દુઃખનો ડુંગર તૂટી પડયો છે, પણ હવે તેનો કોઈ ઉપાય શોધી કાઢવો જોઈયે."

"અરે! આવા અન્યાય બીજે કયાંએ થતા નહિં હોય,"—**ગજેંદ્ર** પોતાને કપાળે હાથ દઈ ઉંડા નિશ્વાસસહિત બોલ્યો—"એક નિરૂપયોગી, નુકશાનકારક, અને નર્કનું અનુકરણ કરી સ્થાપન કરેલી આ વિશ્વભેદ મંડળીના સ્થાનકમાં માત્ર પ્રવેશ કરવાના એક નિર્જીવ અપરાધ અર્થે દેહાંત શિક્ષા !! અરે, એની બરોબરી કરનાર બીજું ઘાતકીપણું નથી. જો મારો પુત્ર મને જીવતો પાછો નહિં મળે તો હું વધારે વાર પ્રાણ ધારણ કરી શકીશ નહિ."

"આ તો કષ્ટની પરિસીમા છે."—**મહાબળ**

આવતાં આંસુઓને બળાત્કારથી અટકાવી બોલ્યો—"અરે ઇંદ્રસેન! અરે કર્ણ! તમને આ કુબુદ્ધિ ક્યાંથી આવી. તમારા ઉપર અમે કેવી મહાન આશાઓ બાંધી હતી—

"મહાબળ, ગજેંદ્ર,"—તેમના મિત્રમાંથી એક જણ બોલી ઉઠયો—"આમ કલ્પાંત કર્યાથી કાંઈ લાભ નથી, બનવા કાળ બ્રહ્મદેવ પણ મિથ્યા કરી શકતો નથી. થયું તેનો શોક કરવાથી તે અણ-થયું થતું નથી; માટે હે સુજ્ઞ ભાઈઓ, શાંત થાઓ, અને તેમને બચાવવા માટે હવે શી યોજનાઓ કરવી તેનો વિચાર કરો."

"હા, પણ હું શું વિચાર કરૂં!"—ગજેંદ્ર નાસી પાસી ભરેલા અવાજે બોલ્યો—"આજ દિન પર્યંત જેટલા જણ પકડાણા છે, તે સર્વ દેહત્યાગના શાસનને પામ્યા છે, અને તેમાંથી એક પણ મુક્ત થવા પામ્યો નથી, તો અમારા પુત્રો શી રીતે છૂટી શકે! અરે ઈશ્વર! અમારા ઉપર તેં આવો દારૂણ કોપ શું કામ કર્યો! અમે તારો એવો કયો અ-પરિમિત અપરાધ કર્યો!"

"**મહાબળ,**"—એક બીજા જણે સંમતિ આપી—"અહિં બેશી રહ્યાથી કાંઈ વળવાનું નથી. ઉદ્યોગીનેજ ઈશ્વર સહાય થાયછે, માટે મારૂં માનો તો તમે **મણિપુર** જાઓ, વિશ્વભેદના મહા ગુરૂજીઓ-ને મળો, તેઓને પોતાને અને તે ઉપરાંત્ વિશ્વ-ભેદના ફંડમાં તમારી થોડાક લક્ષની પુંજીમાંથી અર્ધ-ભાગ અથવા તેથી વધારે આપી દેવાની લાલચ આપો, અને બીજી પણ બનતી લાગવગ પહોંચાડો, તો મારી ખાતરી છે કે તમે કાંઈક લાભદાયક પરિણામ લાવી શકશો."

"જ્યેષ્ઠ ભ્રાતા,"—**ગજેંદ્ર** સહજ શાંત થઈ બોલ્યો—"મને આ વાત ગળે ઉતરે છે. ચાલો આપણે તત્કાળ **મણિપુર** જઈએ. મહાગુરૂજી **ક્ષમા-દૃષ્ટિ** સાથે મારે ઓળખાણ છે, તેથી આપણે પ્રથમ તેને મળીશું. હું મારી અર્ધ ક્રોડની સમગ્ર પુંજી આપી દેવા તૈયાર છું."

"હું પણ મારૂં સર્વ દ્રવ્ય મારા **ઇંદ્રસેન** ઉપર-થી વારી નાંખવા તત્પર છું."—**મહાબળે** જવાબ દીધો, "અને તરતજ ગાડીઓ તૈયાર કરાવી ચિંતા-

મગ્ન મન સહિત તેઓ રેલવે સ્ટેશને આવી પહોંચ્યા."

મણિપુર પહોંચતાંજ તેઓ પ્રથમ મહાગુરૂજી **ક્ષમાદૃષ્ટિને** ઘરે ગયા, પણ ત્યાં તેમને કાંઈપણ આશાજનક પ્રત્યુત્તર ન મળતાં કેવળ નિરાશ થઈ તેઓ પાછા ફર્યા. ત્યાર પછી ઘણાક શ્રીમંત અને વિશ્વભેદ સાથે સંબંધ રાખનારા સદ્દગૃહસ્થોની મુલાકાતનું પણ એજ પરિણામ આવ્યું. હવે શું થશે, શું કરવું, વગેરે દુઃખદાયક વિચારોએ રાત્રે તેમને પૂરી ઊંઘ પણ આવવા દીધી નહિ, અને અંતે સૂર્યોદય થતાં નિરાશાની પ્રતિમારૂપ એ બે ભાઈઓ વિશ્વભેદના સ્થાનકે આવી પહોંચ્યા.

ગઢની નીચેના દીવાનખાનામાં તેમના પુત્રોનો ઈન્સાફ થનાર હતો. પોતાના જ્ઞાન તેજવડે આખી સૃષ્ટિને આંજી નાંખે એવા ત્રણ મહાગુરૂજીઓ હાજર થયા હતા. કર્ણ અને **ઇંદ્રસેન** ઉઘાડા શસ્ત્રના પહેરાતળે સામે ઉભા હતા. બળવા સામે રક્ષણ કરવાને ગઢની ઉપર રાખેલી તોપો દારૂ ગોળો ભરીને સજ્જ કરી રાખી હતી. **મહાબળ** અને **ગજેંદ્રને**

બેસવા માટે એક એક કુરસી દેવામાં આવી, અને આ ન્યાયસભાના કામકાજનો આરંભ થયો.

"દુર્મતિમાન યુવાનો,"—ક્ષમાદૃષ્ટિ જે આ ન્યાયસભાના સભાપતિ હતા, તેઓએ કહ્યું— "અપરાધ કરનાર એમ ધારે છે કે અપરાધ પકડાશે નહિં, પણુ તેમાં તેઓની ભૂલ છે. તત્કાળ કે કાળાંતરે દુષ્ટ કૃત્ય પકડાયા વગર રહેતુંજ નથી. તમારી પૂર્વે ઘણા દુષ્ટજનો આ સ્થાનકમાં કપટથી પ્રવેશ કરવા અર્થે પકડાઈ મૃત્યુને શરણ થયા છે, અને તેવાં અનેક દૃષ્ટાંતો છતાં તમે તમારી ધારણાથી ચળાયમાન થયા નહિં, એ તમારી બુદ્ધિનું શૂન્યપણું, હૃદયનું મલિનપણું, મનનું નિર્બળપણું અને હિંમતનું અયોગ્યપણું દર્શાવે છે. તમે વિશ્વભેદના સ્થાનકમાં કેવી રીતે અને કેવા હેતુંથી આવ્યા હતા, તે સત્ય કહો."

ઇંદ્રસેને જણાવ્યું કે "વિશ્વભેદમાં શું થાયછે તે જાણવાની મને અને કર્ણને ઘણા વર્ષોથી તીવ્ર-જીજ્ઞાસા થયા કરતી હતી. વિશ્વભેદ મંડળી એક દુષ્ટ સમાજ છે, અને તેમાં નિર્લજ્જ કૃત્યો કરવામાં આવેછે, એવું અમે સાંભળતા અને માનતા હતા;

કારણ કે સુકૃત્યને છૂપાવવાની અગત્ય હોતી નથી. ચોરી, ખૂન, વ્યભિચાર અને એવા બીજા કાર્યોને જનસમુદાય છૂપાવતા માલમ પડયા છે, પણ ધર્મ, દાન, તપ, શ્રાધ, અને પ્રાર્થના આદિક સુકૃત્યોને કોઇએ છૂપાવ્યાં હોય, એવું આજ પર્યંત અમારા જાણુવા-સાંભળવામાં આવ્યું નથી. ગરીબ અને ભોળા જનોને દ્રવ્યની લાલચ આપી તમારી સમાજ-નો ગુહ્ય મર્મ મેળવવાનો અમે ઘણીવાર પ્રયત્ન કર્યો, પણ તેમાં જ્યારે સફળતા સંપાદન કરી શક્યા નહિં, ત્યારે અંતે છળથી પ્રવેશ કરવાનો માર્ગ અમે હાથ ધર્યો. ચંદ્રનગરમાં અમારી પડોશમાં બે યુવાન પુરૂષો રહેછે, તેઓના નામ **શ્રીરંગ વૃદ્ધશર્મા**, અને વિદુર **સૂર્યપ્રભા** છે. શ્રીરંગ તમારી મંડળી-ની ત્રીજી ભૂમિકામાં છે, અને વિદુર ગયે વર્ષેજ પાંચમી ભૂમિકામાં ચડયો છે. તેઓ કેટલેક અંશે અમારા મિત્રો થાયછે. ઈશ્વરકૃપાથી આ પ્રસંગે એ બેઉ જણા જ્વરની જ્વાળામાં પડયા હતા, અને તેથી તેઓ તમારા વાર્ષિક મહોત્સવમાં ભાગ લેવાને અ-શક્ત હતા. આ ઉપરથી અમને એક નવીન યુક્તિ

સૂઝી. અમારાં માત-પિતા, મિત્રો, અને સ્નેહી-મંડળને અમારા વિચારની ખબર આપ્યાવગરજ ઉત્સવની આગલી રાત્રે અમે આ સ્થાનક સમીપ આવી પહોંચ્યા, અને 'રઘુનાથ વાહન' નામક ઉડવા-નું યંત્ર જે વિશેષ ઉંચાઈએ ઉડવાને હજી ઉપ-યોગી નિવડયું નથી, અને જે કેટલાક વર્ષોની વાત ઉપર શોધી કાઢવામાં આવ્યું છે, તેવા એક યંત્રની સહાયતાથી મધ્યરાત્રે અમે ગઢની દિવાલ ઓળંગી અંદર પેઠા. રાતની રાત અમે એક મોટા વૃક્ષ ઉપર કાઢી. સવારનું પહોર થતાં વિશ્વભેદના ભાઈબહેનોનું આ-ગમન થવા લાગ્યું. શ્રીરંગ અને વિદુર જે ચિન્હોને પોતાના કપાળ ઉપર ધારણ કરતા હતા તે ચિન્હો અને તેઓના નામને અમે પણ ધારણ કર્યાં. કાંઈક છૂપી ઇશારતના યોગે ગઢના દ્વારમાં પ્રવેશ કરી શકાય છે, એમ અમારા જાણવામાં આવ્યું હતું, પણ અંદર પેઠા પછી અમારી પરીક્ષા અર્થે કોઈ એ ઇશારત કરી બતાવવાનું અમને કહેશે, એવું અમે સ્વપ્ને પણ ધારતા નહતા. અંતે ન ધાર્યું હતું તેજ આવીને ઉભું રહ્યું. લગભગ ચાર વાગતાને સમયે

એક સાદા દેખાવનો પુરૂષ અમારી આગળ આવ્યો, અને તેણે થોડીકવાર અમારી સામે સંશયયુક્તપણે નિહાળી, વિશ્વભેદની ગુહ્ય નિશાની કરી બતાવવા આજ્ઞા કરી. દુર્ભાગ્યે અમે તે જાણુતા નહોતા. હવે વિનાશકાળ આવી પહોંચ્યો એવા વિચારથી અમે અત્યંત ગભરાટને વશ થયા, અને અમારી મૂર્ખતાનો પસ્તાવો કરવા લાગ્યા. 'આ છળ રમ્યા નહોત તો સારૂં હતું' એમ અંતર વિષે તે વખતે અમને ભાસમાન થવા લાગ્યું, પણ થયું અણ થયું થતું નથી. 'એ નિશાની તરત વેળા અમે ભૂલી ગયા છિયે' એવું અમે બહાનું કાઢયું, પણ તે તેણે માન્યું નહિં. અમે તેને અખૂટ દ્રવ્યની લાલચ આપી પણ તેણે તિરસ્કાર સહિત અનઅંગીકાર કરી. સંક્ષેપમાં છૂપી વાત જાણવાની અમારી તીવ્ર જીજ્ઞાસાને અયોગ્યપણે આધીન થવાના પરિણામરૂપે હમણા અમે તમારી સન્મુખ ઉભા છિયે. અમે આ ખુલાસો કેવળ સત્યને વળગી કર્યોછે. અહા! " વિનાશકાળે વિપરીતબુદ્ધિ " એ ખરેખરૂં છે. અમને હવે અમારી અલ્પબુદ્ધિને માટે અત્યંત પરિતાપ થાયછે; અમે

અમારા અપરાધ માટે ક્ષમા માગિયે છિયે, અને તમારી મંડળીમાં અનુસ્યૂત થવાને અમે તત્પર છિયે. અમારા ઉપર કરૂણા કરો; અમારા ઉપર કરૂણા કરો."

આટલું કથન કરી **ઇંદ્રસેન** શાંત થયો. તેના અને **કર્ણના** નેત્રોમાંથી આંસુનાં બિંદુઓ ટપકતાં હતાં,. અને તેમનાં મુખારવિંદો આંતર પશ્ચાત્તાપને દર્શાવતાં હતાં.

"સુજ્ઞ મહાગુરૂજીઓ,"—**મહાબળ** ગદગદકંઠે બોલ્યો—"અમારા પુત્રો ક્ષમા માગેછે, અને તમે ક્ષમા કરવાને શક્તિમાન છો. થયેલો અપરાધ શિક્ષા-વગર ક્ષમા કરવાની તમારી ઇચ્છા નહોય તો તમારી મરજીમાં આવે તેવા મહાન દ્રવ્યદંડની શિક્ષા કરો. તે દંડની રકમ આપતાં કદાચ અમે ભિક્ષુકની સ્થિતિએ પહોંચીશું, તોપણ તમારી તે શિક્ષાને અમે કરૂણારૂપ ગણીશું; માટે હે ક્ષમાવંતો, અમારા પુત્રોને દેહાંતની શિક્ષા કરશો નહિં. દેહાંતની શિક્ષા કરશો તો તે શિક્ષા તેઓને નહિં પણ અમને થયેલી ગણાશે; કારણ કે કર્ણના મૃત્યુથી આ મારો ભાઈ ગજેંદ્ર નિર્વંશ થઈ જશે, અને પરિણામે ઋણમુક્ત થશે

નહિં, ત્યારે હું, જેના ઉપર મેં સર્વ આશાઓ બાંધી છે તેને સદાને માટે ખોઈ બેસીશ. આ પ્રમાણે બીજાઓના અપરાધ માટે તમે જેઓને શિક્ષા કરવા ધારતા નથી, જેઓ તમારા વાંકમાં આવ્યા નથી, અને જેઓ કેવળ નિર્દોષ છે, તેવા અમોને શિક્ષા થશે."

"હે કુશાગ્ર બુદ્ધિવાળા મહાગુરૂજીઓ,"—હવે ગજેંદ્ર હસ્ત જોડી બોલી ઉઠયો—"અમારી વૃધાવસ્થા ગમ દૃષ્ટિ કરો, અને અમારા મૂર્ખ બાળકોને ક્ષમા કરો. ફરીવાર એવો અપરાધ તેઓ નહિ કરે, તે સત્ય જાણશો. તેઓને મારી નાંખ્યાથી તમને કશો લાભ નથી. દેહાંતની શિક્ષા કે જે માત્ર જંગલી દેશોનેજ છાજતી ગણવામાં આવેલી છે, તે શિક્ષા કરવાની રીતિ તમારી વિશ્વભેદ મંડળીને શોભા આપતી નથી. રાજ્યસત્તા તરફથી પણ દેહત્યાગની શિક્ષાનો આજ ઘણાં વર્ષો થયાં નિષેધ કરવામાં આવ્યો છે, માટે હે દયાસિંધુઓ, આ કંગાળ પિતાઓ ઉપર દયા કરી તેમના પુત્રોને ઉગારો, અને જે શિક્ષા સુધારા માટે વિશ્વવિખ્યાત થએલા

આપણા દેશને લજ્જિત કરેછે, જે શિક્ષાના સદ્ભાવથી તમારી મંડળી અસંખ્ય જનોને તિરસ્કાર પાત્ર થઈ છે, અને જે શિક્ષા "વિશ્વભેદ"ના વિનાશનું કોઈ દિવસ મૂળ થઈ પડશે, તે ઘાતકી શિક્ષાને નિર્મૂળ કરો."

"**મહાબળ, ગજેંદ્ર,**"—**ક્ષમાદૃષ્ટિએ** ચુકાદો આપતાં કહેવા માંડ્યું—"વિશ્વભેદ મંડળીનો ગુહ્યભેદ રખેને જનસમુદાયમાં પ્રસિદ્ધિ પામે એવા કોઈ ભયને લીધે છૂપો રાખવામાં આવતો નથી, પણ તેનો અમૂલ્ય ભેદ અપાત્ર સ્ત્રીપુરૂષોના જાણવામાં આવે તો તેઓને પોતાને અવશ્ય મહાન હાનિકારક થાય, એવી વિદ્વાન પુરૂષોની માન્યતાને લીધેજ માત્ર તે છૂપાવવામાં આવેછે. દુષ્ટ કૃત્યોજ માત્ર છૂપાવવાં જોઈએ, અને સુકૃત્યો છૂપાવવાની અગત્ય નથી, એવું કહેનારાઓ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરતા જણાતા નથી. વસ્તુમાં ગુણદોષ નથી. વસ્તુના ગુણદોષ તેના ઉપયોગ ઉપર આધાર રાખેછે. સદુપયોગથી તે વસ્તુ સારી ગણાયછે અને દુષ્ટ ઉપયોગથી તેજ વસ્તુ નઠારી ગણાય છે. કોઈ પણ સંહારકારક

શસ્ત્ર ભયને વખતે રક્ષણકર્ત્તા હોવાથી મહા શ્રેષ્ઠ છે, પણ વિનાકારણ અથવા નજીવાં કારણોને લીધે બીજાનું શિરછેદન કરવાને વાપરવામાં આવે તો મહાદુષ્ટ છે; વળી તે શસ્ત્ર કોઈ બાળકના હસ્તવિષે આપવું એ તે બાળકને પોતાને, અને તેની સાથે સંબંધમાં આવનાર, એ ઉભયને હાનિકારક નિવડેછે; કારણકે તે શસ્ત્ર કેવા હેતુથી બનાવવામાં આવ્યું છે, તેનો શો ઉપયોગ છે, અને કેમ ઉપયોગ કરવો, તે તે જાણતું નથી. તદનુસાર જે સત્ય અને શ્રેષ્ઠ બાબતો આ મંડળીવિષે ઉપદેશવામાં આવેછે, તે સંહાર કરનાર હથિયારની પેઠે સારા–નરસા ઉપયોગ-ને પાત્ર છે, અને તેથીજ તે અનધિકારી પુરૂષો-રૂપી મૂઢ બાળકોના જાણવામાં આવે તો, અવશ્ય તેને પોતાને અને તેની સાથે સંબંધમાં આવનાર-જનોને અત્યંત દુઃખની હેતુ થાય. આ કારણથી વિશ્વભેદ મંડળીના વિષયને શ્રીકૃષ્ણ ભગવાને "રાજગુહ્ય" એટલે સર્વ ગુહ્ય બાબતોમાં પણ રાજ અર્થાત મુખ્ય, કહ્યો છે. તે આ પ્રમાણેઃ—

राजविद्या राजगुह्यं । पवित्रमिदमुत्तमम्
प्रत्यक्षावगमं धर्म्यं । सुसुखं कर्तुमव्ययम् ॥ १ ॥

(**અર્થઃ**—આ જ્ઞાનવિદ્યા સર્વ લૌકિક અને શાસ્ત્રીય વિદ્યાઓમાં રાજા છે, તથા જેટલું ગુહ્ય રાખવા યોગ્ય છે તેમાં અત્યંત ગુહ્ય છે; કારણકે તે સર્વથી ઉત્તમ પવિત્ર છે, પ્રત્યક્ષ ફળવાળી છે, સર્વ ધર્મના ફળરૂપ છે, સુખ-પૂર્વક કરવાને યોગ્ય છે, અને અક્ષય એટલે નાશરહિત ફળવાળી છે.)

'વિશ્વભેદ' મંડળી અને તેના કાયદાઓ બહુ પુરાતન કાળના છે. તે કાયદાઓ એટલા તો પવિત્ર અને પૂજ્ય ગણાયેલા છે કે તેમાં ફેરફાર કરવાની રાજ્યને, પ્રજાને, કે વિશ્વભેદના મહાગુરૂજીઓને સત્તા આપવામાં આવી નથી. આ કારણથીજ જ્યારે ઘણાં વર્ષો પૂર્વે આ દેશનું રાજ્યબંધારણ અને ધારાઓ સુધારી તેમાંથી દેહાંત દંડનો નિષેધ કરવામાં આવ્યો, ત્યારે વિશ્વભેદના કાયદાઓ જેવાને તેવાજ રહ્યા હતા. 'વિશ્વભેદ'ના કાયદાઓમાં ફેરફાર કરવાને તે વખતે મહાન યત્ન કરવામાં આવ્યો હતો, પણ અંતે તે સર્વ નિષ્ફળ ગયું હતું. અમારી મંડળીના પવિત્ર કાયદાઓનું ઉલ્લંઘન કરવા જેવો બીજો કોઈ મહાન અપરાધ નથી. જોકે દેહાંત શિક્ષાની અમે

વિરૂદ્ધ છિયે, તોપણ વિશ્વભેદના વિધાનથી વિરૂદ્ધ વર્ત્તવા અમને સત્તા નથી. આ અપરાધનું ઘોરપણું એટલું તો જબરૂં છે કે જેમ અગ્નિ આગળ જળ સૂકાઈ જાય, તેમ અમારા હૃદયમાં રહેલી દયાની સર્વ લાગણીઓ સૂકાઈ જાયછે. તમે દ્રવ્યદંડ આપવા ઇચ્છો છો, પણ મારે તમને કહેવુંજોઈએ કે કુબેરનો અખૂટ ભંડાર પણ તમારા પુત્રોના અપરાધને શાંત કરવા બસ નથી. સંક્ષેપમાં વિજળીની સાંકળદ્વારા તેઓના પ્રાણ તત્કાળ હરણ કરવામાં આવે એવું અમે સર્વાનુમતે વિધાન કરિયે છિયે."

આ શબ્દોની સમાપ્તિ સાથેજ **ગજેંદ્ર** અને **મહાબળ** બેશુદ્ધ થઈ ભોંયે પડી ગયા, મહાગુરૂજીઓ સ્વઆસન ઉપરથી ઉઠી આંતર ભાગમાં જતા રહ્યા, અને **કર્ણ** તથા **ઇંદ્રસેન** પોતાના ભાનરહિત થઈ પડેલા પિતાઓને આ છેલ્લીવાર ભેટી કેટલાક અધિકારીઓની સાથે વિજળીક સાંકળ લગાડવાને સ્થળે જઈ પહોંચ્યા. જે બે પ્રાણીઓ થોડીજવાર અગાઉ હસતા, બોલતા, અને જોતા હતા, તેઓ બીજીજ પળે વિજળીક સાંકળના સ્પર્શથી જાણે પાષા-

ણનાં પૂતળાં હોય તેમ ગતિ અને ચૈતન્યરહિત થઈ ગયા.

પ્રકરણ ૧૫ મું.

સોનાનું લાકીટ.

હરિદાસને આપણે 'અનાથઆશ્રમ' ના સિપાઈ જોડે જતો મૂકયો હતો. તે થોડી વારમાં તે આશ્રમ પાસે આવી પહોંચ્યો.

આ અનાથઆશ્રમ અનાથ દરદીઓની સારવાર માટે રાજ્ય તરફથી બાંધવામાં આવ્યું હતું. ત્યાં તેઓ નિરોગી થાય ત્યાં સૂધી તેમને ઔષધ, ભોજન, અને વસ્ત્રો મફ્ત પૂરાં પાડવામાં આવતાં હતાં. આ આશ્રમની રચના તે જમાનાના સુધારાને કેવળ છાજતી હતી. ફરી હરી શકે એવા દરદીઓનો સમય આનંદમાં વ્યતીત થાય તે માટે આશ્રમને ફરતો એક શોભાયમાન બગીચો નાખેલો હતો. સ્ત્રી-દરદીઓની સારવાર માટે કુશળ સ્ત્રીવૈદ્ય અને

દાસીઓ રાખેલી હતી. વનસ્પતિ અને ધાતુનાં ઔષધો ઉપરાંત જુદા જુદા પ્રકારની વિજળીના સ્પર્શ અને પ્રવેશથી અનેક અસાધ્ય રોગો મટાડવાને માટે આ આશ્રમ પ્રખ્યાત થયેલું હતું.

દ્વારમાં એક સુંદર દેખાવનો આશરે ત્રીશ વર્ષનો એક યુવાન ઉભો હતો. તેનું નામ **ભાનુશંકર** હતું. તે અનાથઆશ્રમનો વડો અધિકારી હતો. તેણે વૈદક શાસ્ત્રનો સંપૂર્ણ અભ્યાસ કર્યો હતો, એટલુંજ નહિ, પણ લગભગ ત્રણ વર્ષ પૂર્વે લેવાયેલી વૈદક-વિદ્યાની સર્વથી ગહન પરીક્ષામાં તે પહેલે નંબરે પાસ થયેલો હોવાથી 'રાજ્ય વૈદ્ય' ની સંજ્ઞાને પામ્યો હતો. તે સ્વભાવે દયાળુ અને શાંત હતો. બુદ્ધિ વિષે વિચક્ષણ અને નિર્મળ હતો. સ્મરણ-શક્તિમાં અદ્દભૂત અને અચૂક હતો. તે શરીરે પાતળો અને ઉંચો હતો. ચક્ષુઓ સ્વચ્છ અને મોટી હતી. મસ્તક શરીરની જાડાઈના પ્રમાણમાં વધારે મોટું હોવાથી જાણે શરીરના ભોગે વધ્યું હોય તેવું લાગતું હતું, અને તે ખરૂં હતું; કારણ કે વૈદક-વિદ્યાના અભ્યાસકાળવિષે તેણે અથાગ શ્રમ લીધો

હતો, એટલુંજ નહિ, પણ મૂળથીજ તે ચપળ બુદ્ધિનો હોવાથી શરીર સ્થૂળતાને ધારણ કરી શક્યું નહોતું. તે પોતાના ધંધામાં બહુ કુશળ અને નીતિમાં નિપુણ ગણાતો હતો. તેણે વિશ્વભેદની 'વિહંગમ માર્ગ' ની પાંચમી ભૂમિકા પૂર્ણ કરી હતી અને હમણા છઠ્ઠી ભૂમિકામાં હતો. હરિદાસને આવતો જોઈ તે બે પગલાં સામો આવ્યો, અને તેનો હાથ પોતાના હાથમાં લઈ અંદર પેસતાં બોલ્યો—"મારૂં માણુસ ગઈ કાલથી તમારી શોધમાં ફરેછે."

"હા. હું બહુ અગત્યના કામમાં ગુંથાયેલો હતો, તેમાંથી સહજ નિવૃત્તિ પામી હમણાંજ વિશ્વભેદની ધર્મશાળાએ આવી પહોંચ્યો, ત્યાં તો તમારો સિપાઈ મને તેડવા આવ્યો. મેં હજી નાસ્તો પણ કર્યો નથી."

"ત્યારે તો તમે મારી સાથેજ નાસ્તો કરજો."—**ભાનુશંકરે** માયાળુ સાદે કહ્યું—"પણ પ્રથમ જે કાર્ય માટે અથવા જે અગત્યના કાર્ય માટે મેં તમને બોલાવ્યા છે, તે આપણે પૂર્ણ કરિયે. મારી સાથે

આંતરભાગમાં ચાલો. એક વૃદ્ધ પુરૂષ બહુ આતુરતાથી તમારી વાટ જુએ છે. તે તમને મળવા ઇચ્છેછે, અને તેટલાજ માટે મેં આટલી ઉતાવળ અને ત્વરાથી તમને બોલાવ્યા છે."

આ પ્રમાણે વાતો કરતાં તેઓ આશ્રમના અંદરના ભાગમાં આવ્યા. અહિં અનેકપ્રકારના સાધ્ય અને અસાધ્ય રોગથી પીડાતા કેટલાક યુવાન અને વૃદ્ધ પણ અનાથ પુરૂષો પોતપોતાના બિછાના ઉપર પડ્યા હતા; કેટલાક શાંત નિદ્રામાં હતા, અને કેટલાક વેદનાના આવેશમાં ઉંકાટ કરતા દયાદર્શક ચ્હેરે આમતેમ આળોટતા હતા. ખૂણામાં આવેલા એક સ્વચ્છ બિછાના ઉપર એક વૃદ્ધ પુરૂષ શાંત નિદ્રામાં સૂતો હતો. તેનાં વસ્ત્રો અને મુખાકૃતિ મહાન દરિદ્રતાને સૂચન કરતાં હતાં, અને શરીર મહાદારૂણ પ્રકારના રોગથી ગ્રસ્ત થયેલું હતું. ગાલ તદન બેસી ગયેલા અને આંખો સંસારવ્યવહારથી ઉપરામ પામવા ઇચ્છતી હોય તેમ ઉંડી બેસી ગઈ હતી.

આ વૃદ્ધ પુરૂષના બિછાના આગળ આવી

ભાનુશંકરે હરિદાસને કહ્યું—"હું જે વૃદ્ધ પુરૂષવિષે તમને કહેતો હતો તે આ. તમે તેને ઓળખો છો ? હા, તમારા વદન ઉપરથી તેવું જણાય છે. તે વૃદ્ધ-પુરૂષના કહેવાનુસારે તમે તેને ઓળખતા નહિ હો એમ હું ધારતો હતો."

"તમારૂં ધારવું યથાસ્થિત છે. હું તેને ઓળ-ખતો નથી."—**હરિદાસ** આશ્ચર્ય પામતાં બોલ્યો– "મકરશંક્રાતિને દિને સવારના હું અને મારાં માતપિતા દેવદર્શને જતાં હતાં, તે વખતે અમારા ઘરથી થોડેક દૂર એક વૃદ્ધ પુરૂષ ઉભો હતો, અને જેવી અમારી ગાડી તેની આગળથી નિકળી કે તરતજ તે ઉભો થયો, અને મારી સામે બહુ નિહાળીને જોવા લાગ્યો. એ બનાવ મને બહુ વિચિત્ર લાગ્યો હતો, અને તેથી પાછા ફરતાં તેને પૂછવાની ઇચ્છાથી અમે તેજ રસ્તેથી ગાડીને પાછી લીધી હતી, પણ તે ત્યાંથી જતો રહ્યો હતો. મારી હવે નિઃશંક ખાતરી થાયછે, કે તે વૃદ્ધ પુરૂષ આ જ હતો. અરે હા ! તેનાં વસ્ત્રો તે દિવસે મેં જોયાં હતાં તેજ છે."

દરદીઓની સારવાર કરનારા માણસોમાંથી એક જે ત્યાં ઉભો હતો તેને **ભાનુશંકરે** તે વૃદ્ધ પુરૂષને જગાડવાની આજ્ઞા કરી. તે ચાકરે તેને જગાડવાનો કેટલોક પ્રયત્ન કર્યો, પણ તે જાગ્યો નહિ, એટલે **ભાનુશંકરે** તેનું કાંડું ગ્રહણ કરી નાડી તપાસી જોઈ, અને ગજવામાંથી એક સુંદર દેખાવનું યંત્ર બહાર કાઢી તે વડે તેની છાતીના ધપકારા બહુ લક્ષથી સાંભળ્યા. તરતજ તેણે પોતાના હાથનીચેના વૈદ્યને બોલાવી મંગાવ્યો, અને તે આવી પુગતાં એક કાગળના કટકા ઉપર કાંઈક લખી આપી કહ્યું—" જુઓ, આ વૃદ્ધ થોડીવાર અગાઉ જાગતો હતો, પણ હમણા અત્યંત નિર્બળતા અને માનસિક ઉત્પાતને લીધે ભાન રહિત થઈ ગયો છે. માટે મેં લખી આપ્યાં છે તે તે ઔષધો સારી રીતે મિશ્ર કરી તેને પાઈ દેજો, અને તેને શુદ્ધિમાં લાવવા માટે બીજા પણ બનતા ઉપચાર કરજો. ઔષધો તમે સ્વહસ્તે માપ કરી નાંખજો, કારણકે તેમાં કેટલીક દવા બહુજ ઝેરી અને વિનાશકારક છે. "

" બહુ સારૂં સાહેબ,"—એમ કહી તે હાથનીચેનો

વૈદ્ય ઔષધ તૈયાર કરવા ગયો, અને **ભાનુશંકર** તથા **હરિદાસ** ત્યાંથી પાછા ફર્યાં.

“**હરિદાસ,** ચાલો આપણે મારી ઑફીસમાં બેસીએ, અને તે વૃદ્ધ પુરૂષ શુદ્ધિમાં આવી વાત-ચીત કરવાને યોગ્ય થાય, ત્યાંસુધીમાં સાથે નાસ્તો કરી લઈયે”—એમ કહી આશ્રમનો વડો તેને પોતાની ઑફ્રિસમાં લઈ ગયો.

બારી આગળ રકમબંધ ખાણુવાળો એક વિશાળ ટેબલ પડેલો હતો. ટેબલ ઉપર કાગળના ચોળાના ચોળા પડ્યા હતા. ટેબલની સામી બાજુએ આઠ કુરસીઓ હારબંધ ગોઠવેલી હતી. લોહ-ચુંબકની સહાયતાથી ગતિમાન થતો પંખો વાયુને ગતિ આપીને ઉષ્ણુતાનું હરણુ કરતો હતો. પ્રત્યેક બારીમાં અત્યંત સુગંધી ફૂલોને જન્મ આપનાર ભાત ભાતના રોપાવાળાં કુંડાંઓ ટાંગેલાં હતાં. ભીંતની બાજુએ ઉભા કરેલ એક કબાટમાં કેટલીક દવાઈની સીસીઓ અને માત્ર જોવાથી જેનો ઉપયોગ કળી ન શકાય એવાં નાનાં મોટાં વાઢકાપનાં યંત્રો અને શસ્ત્રો પડ્યાં હતાં.

હરિદાસને એક કુરસી ઉપર બેસાડી **ભાનુશંકરે** ટેબલની બાજુમાં આવેલું એક બટન અંગુઠા વતે દાબ્યું; એટલે એક ચાકર તરતજ હાજર થયો. તેને નાસ્તો લઈ આવવાનું કહેવામાં આવ્યું. થોડીવારમાં તો દેખાવથીજ સ્વાદની ખાતરી આપનારાં કેટલાંક મિષ્ટાન્ન ભોજનની નાની પણ સુંદર થાળીઓ અને ચા તથા દૂધના પ્યાલાઓ ટેબલ ઉપર ગોઠવવામાં આવ્યા. બેઉ જણે તરતજ ક્ષુધાનિવૃત્તિનો આરંભ કર્યો.

"તે વૃદ્ધ પુરૂષને તમારા આશ્રમમાં આવે કેટલા દિવસ થયા?"—**હરિદાસે** ચાનો એક ઘુંટડો ઉતારી પૂછ્યું.

"માત્ર ગઈ કાલેજ તે આવ્યો છે."—**ભાનુશંકરે** ઉત્તર દીધો—"તે કાંઈ પરબારો અહિં આવ્યો નહોતો, પણ **ગૌતમ ગજાનંદના** ઘરની સામેથી તેને બેશુદ્ધ સ્થિતિમાં સિપાઈઓ અહિં લઈ આવ્યા હતા. તેઓના કહેવા પ્રમાણે તે ચાલતાં એકાએક ચકરી ખાઈ પડ્યો હતો. તેઓનું કહેવું ખરૂં છે; કારણ કે તે વૃદ્ધપુરૂષના શરીરમાં

અસ્થિ અને ચર્મ સિવાય બાકી કાંઈ રહ્યું નથી. તેની નાડીઓમાં રૂધિરનો પ્રવાહ ન્યૂન અને ગતિમાં મંદ જણાયછે. તે કદાચ શુદ્ધિમાં આવશે, પણ વિશેષ જીવી શકે એવું મને લાગતું નથી."

"શું! તે વિશેષ જીવવા નહિ પામે એવું તમને નક્કી ભાસેછે?"—હરિદાસે આતુરતાથી પૂછ્યું.

"નક્કી તો શું, પણ મારી આધીન મતિ અનુસાર તે એકાદ બે દિન કાઢે તો ઘણું થયું; વળી તમે શું નહિં જોયું કે તેના હાથ પગનાં આંગળાંઓ રક્તપીતના રોગથી કેવળ ઘસાઈ ગયાં છે?"

"હા"—હરિદાસે પ્રત્યુત્તરવાળ્યો—"અને તેથીજ મને તેના ઉપર બહુ દયા આવેછે."

"ખરૂંછે. બિચારો દયાને પાત્ર છે."—ભાનુશંકરે પોતાનું મળતાપણું દર્શાવ્યું—"તેને બાહ્યવ્યાધિની સાથે આંતર બળતરા કાંઇ ઓછી નથી. અહિં આવી તેણે પ્રથમ તો તમને બોલાવી મંગાવવાની માંગણી કરી, અને 'હરિદાસનું શું કામ છે,' એમ જ્યારે મેં પૂછ્યું ત્યારે 'એ વાત બહુ અગત્યની

છે, અને હરિદાસને પોતાનેજ કહેવાનો છે' એટલોજ તેણે ઉત્તર વાળ્યો."

"તમારા આ શ્રમને માટે હુ બહુ આભારી થયોછું."

" ના, ના, મેં ઉપકાર–દૃષ્ટિથી કાંઈ કર્યું નથી."—હરિદાસને આગળ બોલતાં અટકાવી ભાનુશંકરે કહ્યું—" હુ તમારા સ્વભાવ અને આચરણથી બહુ પ્રસન્ન થયોછું. જોકે આજ–કાલનાં તમારાં આચરણો લોકસમુદાયમાં બહુ નિંદિત ગણાયછે, તોપણ જ્યારથી તમારી આવી ચાલ થવાનું કારણ હું કાંઈક કલ્પિ શકયો છું, ત્યારથી મને તમારૂં વર્ત્તન ખરેખર પ્રસંશાને પાત્ર લાગેછે."

" તમારી કલ્પના સત્ય છે કે નહિ તે હું કહી શકતો નથી."—હરિદાસે પોતાનું અજ્ઞાન દર્શાવી જવાબ–દીધો " પણ અનુમાન પાંચ વર્ષ પૂર્વે તમારૂં પોતાનું આચરણ પણ જોકે મારાથી ભિન્ન પ્રકારનું હતું, તોપણ તેટલુંજ નિંદાને પાત્ર થયું હતું. તે વખતે તમારી બદલાએલી ચાલનું કારણ હું સમજી શકયો નહોતો, પણ હવે હું સ્પષ્ટ જોઈ શકુંછું. એક શ્રીમંત-

ના પુત્ર હોવા છતાં એક વર્ષસૂધી તમે ભિક્ષાવૃત્તિ ધારણ કરી—

"હા, તમારૂં કથન સત્ય છે."—**ભાનુશંકર** અર્ધવચમાં બોલ્યો—"જેવી હાલ તમારી સ્થિતિ છે તેવીજ મારી પણ તે વખતે થઈ હતી. મેં લોકાચાર અને તેમની નિંદાની એક અણુસરખીએ દરકાર કરી નહોતી."

"અને હું પણ કરતો નથી, તેમ છેવટ સૂધી કરનાર નથી."—**હરિદાસે** કહ્યું—"કાષ્ઠ કદાચિત્ તરવાનો સ્વભાવ મૂકી દઈ ડૂબી જશે, સિંહ કદાચિત્ માંસ આહારનો ત્યાગ કરશે, પણ હું જ્યાંસૂધી મારા કાર્યમાં સફળ થઈશ નહીં, ત્યાં સૂધી તેમાંથી લેશ માત્ર પણ ચળાયમાન થવાનો નથી."

"તમારા આ સુદૃઢપણાને માટે હું તમને ધન્યવાદ આપુંછું."—**ભાનુશંકરે** પ્રીતિથી કહ્યું.

"અને હું તમારા એ ઉંચા અભિમતને માટે પુનઃવાર ઉપકાર માનુંછું."—**હરિદાસ** બોલ્યો—"**ભાનુશંકર**, તે વૃદ્ધ પુરૂષ શુદ્ધિમાં આવ્યો કે

નહિં, તેની તજવીજ કરાવશો? હવે આપણે નાસ્તો પણ—

હરિદાસ પોતાનું વાક્ય પૂરૂં કરવા જતો હતો, ત્યાં તો એક માણસે અંદર આવી તે વૃદ્ધ પુરૂષના જાગૃત થવાના ખબર આપ્યા. તરતજ **હરિદાસ** અને **ભાનુશંકર** પોતાની કુરસી ઉપરથી ઉઠયા, અને તે વૃદ્ધના બિછાના પાસે આવ્યા. **ભાનુશંકરે** ફરીવાર નાડી તપાસી જોઈ અને ધીમે સાદે **હરિદાસને** કહ્યું—" ભાઈ **હરિદાસ**, તમારે જે કાંઈ તેને પૂછવું હોય તે તત્કાળ પૂછી લ્યો. તેની નાડીની ગતિ બહુ વિચિત્ર થઇ છે, અને પરલોક ગમનની તૈયારીને સૂચન કરેછે. તેનું નામ **ઉગ્રશોક** છે."

"પણ મારે પોતાને કાંઇપણ પૂછવાનું છે નહિં."—**હરિદાસે** કાનમાં કહ્યું—"તમે જાણોછો કે હું તો તેને ઓળખતો પણ નથી."

" **ઉગ્રશોક**,"—**ભાનુશંકરે** તે વૃદ્ધને કહ્યું—"આ **હરિદાસ** આવ્યા છે. તમારે તેની સાથે જે વાત કરવી હોય તે સુખે કરો."

તે મરણાંતપર આવેલા બુઢાએ થોડીવાર તો

હરિદાસની સામે બારીકીથી જોવા માંડયું, અને કાંઈ વિસ્મરણ થયેલો વિષય મગજમાંથી બળાત્કારે બહાર કાઢવાનો પ્રયત્ન કરતો હોય તેમ માથું ખંજવાળી હર્ષથી બોલ્યો—"હા, એજ. થોડા દિવસ અગાઉ, ના, મંકરશંક્રાતિને દીને સવારના પહોરમાં **જયધ્વજ**ની સાથે ગાડીમાં બેસી જતા હતા તે એજ **હરિદાસ.**"—પછી **ભાનુશંકર** ગમ દૃષ્ટિ ફેરવી કહ્યું—"દયામૂર્તિ, તમે મારી અંતવેળાએ આ એક દિલાસાનું સાધન પૂરૂં પાડયું છે. હવે હું સુખે યમદૂતોને આધીન થઈશ. ઈશ્વર તમને કુટુંબ પરિવાર સહિત સુખી રાખો, અને આવા પરોપકારનાં કૃત્ય કરવા માટે દીર્ઘાયુષ આપો."

ભાનુશંકરે જોયું કે આ પ્રમાણે આડી–અવળી વાતો કરવામાં તે પોતાનું જોર ખોઈ બેસશે, અને **હરિદાસ** સાથે જે અગત્યની વાતો કરવાની છે તે રખેને અધુરી અથવા સદંતર રહી જશે. તેથી તેણે માયાળુ સાદે તે વૃદ્ધ પુરૂષને કહ્યું—"તમારા આશિર્વાદ હું અંગીકાર કરૂંછું; માટે તમારે **હરિદાસ** સાથે વાત કરવી હોય તેનો હવે આરંભ કરો."

તે વૃદ્ધ પુરૂપ સુતેલી હાલતમાંથી બેઠો થઈ **હરિદાસ** ગમ દૃષ્ટિ રાખી બોલ્યો—"હાલમાં હું મારી સ્ત્રી સહિત પુષ્પપુરમાં રહુંછું. દશ વર્ષ અગાઉ"—આટલા શબ્દો બોલી તે થાકનો માર્યો થોડીવાર મુંગો રહ્યો, અને એકાદ બે ઉંડા નિશ્વાસ મૂકી ફરી બોલ્યો—"ના, ઘણા વર્ષો અગાઉ મેં એક મહાન અપરાધ કર્યો છે, અને તે ચાર જણ સિવાય આ સૃષ્ટિની સપાટી ઉપર બીજું કોઈ જાણતું નથી. જોકે ન્યાય અને પોલિસ તરફથી મને તે માટે આજપર્યંત શિક્ષા કરવામાં આવી નથી, ત્તોપણ જગદીશ્વર તરફથી મને મહાન શિક્ષાઓ થઈ છે. કર્પિણ કર્તુકો કરનારને આ જન્મમાંજ કેવું પ્રતિફળ મળી રહેછે, તેનો હું એક જીવતો દૃષ્ટાંત છું. તે ઘોર કૃત્ય કર્યાને બીજેજ દીને મારી લાડકી અને એકપુરી દીકરી મરણ પામી. મેં ગાંધીની દુકાન માંડી થોડુંક નાણું ભેળું કર્યું હતું, તે છ માસને અંતે એક રાત્રે ચોરો આવીને સર્વસ્વ ચોરી ગયા, એટલુંજ નહિ, પણ મારો નાનો ભાઈ કે જે દુકાનનું મુખ્ય કામકાજ કરતો હતો અને

જેને આધારે મારી એ દુકાન ચાલતી હતી, તે વચ્ચે પડ્યાથી તેને તેઓએ ઠાર કર્યો. હવે હું અને મારી સ્ત્રી એકલાં રહ્યાં. નિર્વાહ અર્થે એક ખોટા સિક્કા સરખુંએ મારી પાસે રહ્યું નહિ. મારી સ્ત્રીએ ગામનું દરણું દળી અને લોકોનાં પાણી ભરી શરીર નિર્વાહનો આરંભ કર્યો, અને હું શ્રીમંત જનોના ભારી બોજા એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવાની મજુરી કરી ઉદરપોષણ કરવા લાગ્યો."

અહિં ઉગ્રશોક વળી અટક્યો. તેનો અવાજ વધારે ને વધારે મંદ થતો ચાલ્યો હતો, અને જીભ સ્થળે સ્થળે અચકાવા લાગી હતી. હવે તેનામાં આગળ વાત કરવાનું વિશેષ બળ રહ્યું નહોતું. આશરે પાંચેક પળસુધી મુંગા રહેવાથી તેનામાં વળી કાંઈક શક્તિ આવી, અને તેણે પોતાની વાત આગળ ચલાવી—"મારાં પાપ કૃત્યો માટે આટલી શિક્ષા જાણે ઓછી થતી હોય, અને હું મહાશ્રમથી જે બે પૈસા ભોજન અર્થે કમાતો હતો, તે પણ જાણે સ્વયંભૂને ગમતું નહોય, તેમ રક્તપિત્તનો આ ભયંકર રોગ મારી પુંઠે વળગાડવામાં આવ્યો. આથી

મારા હાથ પગનાં આંગળાંઓ ધીમે ધીમે ખવાતાં ચાલ્યાં; એક તરફથી જનસમુદાય મને કામગીરી ઓછી આપવા લાગ્યો, અને બીજી તરફથી દુઃખમાં દહન થતો હું શરીર શક્તિમાં ક્ષીણતાને પામવા લાગ્યો. બે ત્રણ વર્ષસુધી આ પ્રમાણે ચાલ્યું. છેવટે હું એક ભિક્ષુકની સ્થિતિએ આવી પહોંચ્યો. મને પાછળથી બહુ પસ્તાવો થવા લાગ્યો અને કેટલાંક વર્ષસુધી મેં ભગવન્નામની માળાઓ ફેરવી પણ તે શું કામ લાગે! પરલોકમાં વળી મારી શી હાલત થશે તેના વિચારમાં ને વિચારમાં અને રાત-દિવસની દુઃખ અને બળતરામાં મારા આ હાલ થયા છે. હરિદાસ, મને વારંવાર સંકલ્પ થતો કે હું તમારી પાસે મારા અપરાધની ક્ષમા માગું, પણ તેમ કરવાની મારી હિંમત ચાલી નહિ. અંતે ક્ષમા માગવાના દૃઢ નિશ્ચયપૂર્વક મકરશંક્રાતિને દિને હું તમને શોધવા નિકળ્યો. રસ્તાના ખૂણાપાસે હું બેઠો હતો એટલામાં એક ગાડી મારી બાજુમાંથી નિકળી. મેં તમારાં માતપિતાને તેમની યુવાન અવસ્થામાં અને તમને તમારી બાલ્યાવસ્થામાંજ

માત્ર જોયેલાં હોવાથી તે ગાડીમાં તમે ત્રણ જણ છો, એમ જોકે હું નિશ્ચયાત્મકપણે ઓળખી શક્યો નહિ, તોપણ મને કાંઈક આભાસ આવ્યો ખરો. મેં વધારે સૂક્ષ્મતાથી તમારી સામે જોવા માંડ્યું, અને મારો સંશય વધારે દૃઢ થવા લાગ્યો. રસ્તે જતા એક વટેમાર્ગુને મેં તરતજ તમારી ગાડી સામે આંગળી કરી તેમાં કોણ કોણ બેઠાં છે તે વિષે પૂછી ખાતરી કરી લીધી; મારો સંશય ખરો પડ્યો. વળી બીજે દિને હું પુષ્પપુરથી પાછો આવ્યો, અને તમને બહુ ગોત્યા, પણ તમે ક્યાંએ દૃષ્ટિએ પડ્યા નહિ. આ પ્રમાણે તમારી શોધમાં હું આખો દિવસ રખડ્યો. ત્રીજે દિવસ જોકે મારામાં ચાલવાની શક્તિ નહોતી, તોપણ હું તમને ગોતવા નિકળ્યો, અને તમે **ગૌતમ ગજાનંદના** ઘરની સામે કદાચ મળશો, એવા ખબર મળ્યાથી હું તે તરફ તજવીજ કરતો ત્વરાથી આવી પહોંચ્યો, પણ ત્યાં તમે હતા નહિ. મારી નિરાશાનો પાર રહ્યો નહિ. મારા શિથિળ થઈ ગયેલા અવયવો હવે વિશેષ ચાલવાને કેવળ અશક્ત માલમ પડ્યા, અને અંતે

આંખે અંધારાં આવી જવાથી હું ભૂમિ ઉપર પડી ગયો. અરે! મારો મહાન અપરાધ વિશ્વેશ્વર કેમ ક્ષમા કરશે!"

"ઉગ્રશોક,"—હરિદાસ તેને ધીરજ દેવા માયાળુ સાદે વચમાં બોલી ઉઠ્યો—"એમ નિરાશ થવાની અગત્ય નથી. પસ્તાવો અને પ્રાર્થના જ્યારે કરો ત્યારે વહેલાંજ છે. તમને ઘણો પશ્ચાત્તાપ થયો છે, અને તે જોતાં પરમ કૃપાળુ પરમેશ્વર તમને ક્ષમા કરશેજ."

"પણ હરિદાસ, તમે કે જેનું જીવતર મેં બગાડયું છે, તે મને માફ કરશો કે નહિં? તમારી ક્ષમા વગર જગત્કર્ત્તા ક્ષમા કરનાર નથી."—આટલા શબ્દોની સમાપ્તિ સાથે તે વૃદ્ધ પુરૂષ એક વાર ફરીથી બેશુદ્ધ થઈ ગયો, અને પોતાના હાથ પગ લાંબા કરી દીધા.

"અરે ઈશ્વર! શું બિચારો એવી દુષ્ટ રીતે મૃત્યુને પામશે!"—હરિદાસ મહાશોકથી બોલ્યો.

"હરિદાસ, ધૈર્ય રાખો."—ભાનુશંકરે ઉગ્ર-શોકની નાડી તરતજ તપાસી જોઈ અને આશા-

જનક સાદે કહ્યું—"જોકે માયામાં સર્વ સંભવિત્ છે, તોપણ મારી બુદ્ધિપ્રમાણે તે અર્ધ કલાકથી વધારે કાઢશે નહિં. હજી એક વાર ફરીથી તે જાગશે ખરો, અને"—

આ વખતે તે વૃદ્ધ પુરૂષે પોતાનાં નિસ્તેજ નેત્રોને ઉઘાડયાં અને હાથ જોડી ડચકાં ખાતાં કહેવા લાગ્યો—"**હરિદાસ**, હું હવે આ સૃષ્ટિનો ત્યાગ કરી જાઉંછું. તમે મને ક્ષમા કરો, ક્ષમા—

"**ઉગ્રશોક**, તમે નિશ્ચિંત રહો. હું તમને મારા ખરા અંતઃકરણથી બધું ક્ષમા કરૂંછું."

"**હરિદાસ**, તમે મારા હૃદય ઉપરથી એક ભારી, અને દુઃખદાયક બોજો ઉપાડી લીધો છે. અરે, પણ એક અગત્યની વાત કહેવી રહી જાયછે. લક્ષથી સાંભળો."—એમ કહી તે વૃદ્ધે પોતાના ગજવામાં હાથ નાંખી એક વસ્તુ બહાર ખેંચી કાઢી, અને તે **હરિદાસ**ના હાથમાં મૂક્તાં બોલ્યો—"**હરિદાસ**, આ સોનાનું લાકીટ તમે સદા તમારી ડોકમાં પહેરી રાખજો. કોઈક દિવસ તે તમારા કલ્યાણનું કારણ થશે. એ લાકીટથી જુદા પડશો નહિં. અરે, હું

મરૂંછું, હરિ-દાસ-તમે-પુષ્પ-પુર-જજો—મારી-સ્ત્રી-ધનિષ્ઠા-તમને—સર્વ-કહેશે. —હું-આ-છેલ્લી-વાર-ક્ષમા-માગુંછું. અરે-જ-જ-જમ—દગ્નિ-તારૂં સ-સ-સત્યા-નાશ-વળજો-પ્રભુ ! મને-છ-છ-ક્ષમા-

તેણે પોતાનું વાકય પૂર્ણ કર્યું નહિ ત્યાં તો તેનો પ્રાણ નિકળી ગયો. આ રીતે એક દુઃખી અને દરિદ્ર પુરૂષના દુઃખ અને દરિદ્રતાનો અંત આવ્યો.

આ કરૂણાજનક દેખાવની અસરથી ભીંજાયેલી આંખવાળા **ભાનુશંકર**નો ઉપકારમાની તથા ફરી-વાર મળવાનું વચન આપી **હરિદાસ** તરતજ આશ્રમમાંથી ઉદાસ વદને બહાર નિકળ્યો, અને "એ લાકીટ કોનું હશે! એથી મારૂં શ્રેય શી રીતે થશે! **જમદગ્નિ**નો આમાં શો સંબંધ છે? **ઉગ્રશોકે** એવો તે શો અપ-રાધ કર્યો છે? મારી પાસે ક્ષમા માગવાનું તેને શું કારણ છે? મારો અપરાધ કર્યો હોય તો શું મારા માબાપને તે વાતની ખબર નહિં હોય?" એમ પોતાને અનેક પ્રકારના પ્રશ્ન પૂછતો, હવે ક્યાં જવું છે તેના ભાન વગરજ એક દિશા તરફ ચાલ્યો.

પ્રકરણ ૧૬ મું.

વિશ્વભેદની દ્વિતીય ભૂમિકા.

વિશ્વભેદના વાર્ષિક મહોત્સવને અથવા પ્રથમ ભૂમિકામાં પ્રવેશ કરવાના દિવસને બે મહિના થઈ ગયા, અને આજે બીજી ભૂમિકા માટે યોગ્ય થવાનો જેઓએ અભ્યાસ કરી રાખ્યો હતો, તેઓની પરીક્ષા લેવાનો દિવસ હતો. આપણે પ્રથમ કહી ગયા છિયે તેમ પ્રથમ ભૂમિકામાં અસંખ્ય જનો હતા, પણ તે સર્વ જનો કાંઈ આગળ વધવાનો પ્રયાસ કરતા નહિ. અતિમોટો ભાગ તો ઘણાં વર્ષો થયાં પ્રથમ ભૂમિકામાંજ પડ્યો હતો.

સૂર્યોદય થયાને અનુમાન એક કલાક થવા આવ્યો હતો. વિશ્વભેદના સ્થાનક તરફ દૃષ્ટિ કરતાં આપણને જણાશે કે ત્યાં લગભગ ૩૦૦૦ જનો ભેળા થયા હતા. કહેવાની અગત્ય નથી કે આ જનસમૂહમાં બે મહિના પૂર્વે દાખલ થયેલા દિક્ષિતોમાંના કોઈ નહોતા, પણ ઘણાક તો દશ વર્ષ પૂર્વે દાખલ થયેલાઓમાંથી આજે પોતાનો અભ્યાસ પૂર્ણ કરી

આવવાને શક્તિમાન થયા હતા, ઘણા કોઈએ પોતાનો અભ્યાસ સંપૂર્ણ કરવાને પાંચ વર્ષ લીધાં હતાં; કેટલાક ત્રણથી બે વર્ષમાં પોતાનો અભ્યાસ સમાપ્ત કરી શકયા હતા, અને સૂક્ષ્મ બુદ્ધિ, અચૂક સ્મરણ-શક્તિ, તથા ઉદ્યોગમાં પરમપ્રીતિવાળા થોડાક તો માત્ર એકજ વર્ષમાં પોતાના અભ્યાસના પારને પહોંચ્યા હતા. આ પ્રમાણે થવાનું કારણ માત્ર એટલુંજ હતું કે કેટલાક જણ જ્યારે વિચક્ષણ બુદ્ધિના હતા, ત્યારે કેટલાક બુદ્ધિવિષે મંદ હતા. કેટલાકોએ શરીરની નિર્બળતાને લીધે આટલો લાંબો સમય લીધો હતો, ત્યારે કેટલાકો આળસ્ય અથવા બીજા વ્યવસાયને લીધે 'અભ્યાસ ઉપર તાત્કાલિક લક્ષ આપી શકયા નહોતા.

આ ત્રણ હજાર મનુષ્ય દેહધારીઓમાં માત્ર બેજ સ્ત્રીઓ દૃષ્ટિએ પડતી હતી. સર્વેએ નિયમાનુસાર ઉપવાસ કર્યો હતો, અને પોતાની પ્રથમ ભૂમિકા-દર્શક આરસીવાળો શ્વેત પટો છાતીઉપર ધારણ કરી, કપાળવિષે કુંકુમનું ગોળાકાર ટીલું કર્યું હતું. પરીક્ષકોના આવવાની વાટ જોતા તેઓ ક્રિયાગૃહના વિશાળ દિવાનખાનામાં આતુરતાપૂર્વક બેઠા હતા. થોડીવારમાં મહાગુરૂજીઓ દયાસિંધુ,

શુભદર્શન, તથા **યોગેશ્વર** આવી પહોંચ્યા, અને પૂર્વ, દક્ષિણ તથા પશ્ચિમ દિશાનાં ઉચ્ચ આસનો ઉપર ક્રમાનુસાર સ્થિત થઈ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની સંજ્ઞાને પ્રાપ્ત થયા. દિક્ષિતોએ તરતજ સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને કામકાજનો આરંભ થયો.

પ્રથમ નીતિશાસ્ત્રમાં તેઓની નિપુણતા તપાસવામાં આવી, અને તેમાં જેઓ નિષ્ફળ જણાયા તેઓને વિદાય કરવામાં આવ્યા.

ત્યારપછી વ્યાકરણની પરીક્ષા લેતાં, અવ્યયાંત, મધ્યમપદલોપી, અને બહુવ્રીહિ આદિક ભિન્ન ભિન્ન પ્રકારના સમાસો સંબંધે, સંધિના નિયમોવિષે, અને ધાતુઓના તે તે અર્થમાં વિકાર પામતાં રૂપો આદિક સંબંધે અનેક ગહન પ્રશ્નો પૂછવામાં આવ્યા.

જાત જાતના તાલ, અલાપ અને સૂરોસહિત વિવિધપ્રકારની રાગ–રાગણીઓ ગવરાવી, તીવ્ર અને કોમળસ્વરના નિયમો પૂછી, અને વાદિત્રના સૂર સાથે કંઠ મેળવવાની યોગ્યતા વગેરે તપાસી ગાયન વિદ્યાની પરીક્ષા પૂર્ણ કરવામાં આવી.

ભૂગોળ વિદ્યાનો જેઓએ અભ્યાસ કર્યો હતો, તેઓને સૃષ્ટિની સપાટી ઉપરના વિખ્યાત પર્વતોની

ઉંચાઈ, તેમાં કયા કયા જ્વાળામુખી હતા, કયા કયા ધર્મમહાત્મ્યવાળા હતા, અને કયા કયા ધુરંધર યોગીઓના ધ્યાનસ્થાન થયા હતા, તે પૂછવામાં આવ્યું. નાની–મોટી નદીઓ ક્યાંથી નિકળી કયા સમુદ્રમાં પતન થતી હતી, કયા કયા દેશોમાંથી પસાર થતી હતી, અને કેટલી લાંબી હતી, તે વિષે તેઓની માહિતી કસી જોવામાં આવી. કયા કયા દેશો વ્યાપારવિસ્તારમાં વિશેષતાને પામ્યા હતા, પરસ્પર કેટલા દૂર હતા, તેઓનો વ્યવહાર જળ માર્ગે ચલાવવામાં આવતો હતો કે પૃથ્વી માર્ગે, અને
૯ સુવર્ણ, હીરા તથા માણિકયોની ખાણો કયા કયા દેશમાં હતી, વગેરે સહસ્ર પ્રશ્નોને યોગે ભૂગોળના જ્ઞાનનો ભંડોળ તપાસવામાં આવ્યો.

ઐતિહાસિક પ્રશ્નોમાં વિશ્વભેદની મંડળી કયા વર્ષમાં સ્થાપન કરવામાં આવી, પ્રજાસત્તાક રાજ્ય કયારથી ચાલુ થયું, વિશ્વભેદના કયા કયા મહાગુરૂજીઓને કયા કયા વર્ષમાં રાજ્યસભાનું પ્રમુખ પદ મળ્યું હતું, પારદર્શક ધાતુ, રંગયુક્ત ફોટોગ્રાફી, વાયુવાહન વગેરે જગવિખ્યાત શોધો કયા વર્ષમાં કોણે

કરી, કયા કયા ઉપનિષદો કેટલાં વર્ષો પૂર્વે હસ્તિમાં આવ્યાં, ખૂનને બદલે ફાંસી દેવાનું વિધાન કયા વર્ષમાં બંધ થયું, અને પૂર્વે પ્રજાસત્તાક રાજ્ય વિરૂદ્ધ બળવો થયો હતો, તે કયા વર્ષમાં, કોની કોની ઉસ્કેરણથી, તેઓને શું શિક્ષા કરવામાં આવી, અને તેમાં કેટલા માણસોનો વિનાશ થયો, આદિક અસંખ્ય નાની–મોટી બાબતો પૂછવામાં આવી.

હાથથી ચાલવાના, ઘણી ઉંચાઈ સૂધી કૂદવાના, અધર ગુલાંટ મારવાના, વજનદાર ગોળાઓ ઉડાળી તે ડોક ઉપર, હાથ ઉપર, અને વાંસા ઉપર ઝીલવાના, અંગને અનેક પ્રકારે વાળવાના, ત્વરાથી દોડવાના, ઝીણા તાર ઉપર નિરાધારપણે ચાલવાના, અને છેવટે દ્વંદ્વયુદ્ધની નાના પ્રકારની યુક્તિઓના પ્રયોગો કરાવી, અંગબળની વિદ્યામાં કોણ કોણ કુશળ હતા તે નોંધી લેવામાં આવ્યું.

આ પ્રમાણે બીજી ભૂમિકામાં ચઢવાની પરીક્ષાનો અંત આવ્યો. જેઓ નિષ્ફળ નિવડ્યા તેઓને પુનઃ વાર પ્રયાસ કરવાની સમતિ આપી વિદાય કરવામાં આવ્યા, અને જેઓ નિપુણ જણાયા તેઓ દ્વિતીય

ભૂમિકાનો ઉપદેશ શ્રવણ કરવા હાથ જોડી ઉભા થયા.

"હે શુભમાર્ગમાં પ્રવૃત્ત થયેલા, શુભ સાધનોને પામેલા, અને શુભ પરિણામને ઇચ્છનારા દ્વિતીય ભૂમિકાના અધિકારીઓ!"—બ્રહ્માજી (દયાસિંધુ) ઉપદેશનો આરંભ કરતાં બોલ્યા—"પરીક્ષામાં જણાયેલી તમારા અભ્યાસની પૂર્ણતાથી અમને ઘણો આનંદ થયોછે. જે પ્રકારની ખંત અને ઉત્સાહ તમે આ વેળાએ દર્શાવ્યાં છે, તેજ પ્રકારની ખંત અને ઉત્સાહ તમે ઉત્તર ભૂમિકાઓના અભ્યાસ વિષે રાખશો, તો જે સુખથી બીજું કોઈપણ સુખ ચઢિયાતું નથી, અને જે સુખમાં દુઃખનો લેશ નથી, તેવા નિત્યસુખના નિઃસંશય ભાગી થશો."

"પ્રથમ તો તમારા સુભાગ્યનું પરિબળ બહુ મોહું છે, એ મારે તમને દર્શાવવું જોઈએઃ–

"વ્યાવહારિક ઉપયોગીપણામાં અન્ય હલકી ધાતુઓ કરતાં રૂપું ઉત્તમ છે, સુવર્ણ ઉત્તમત્તર છે, અને મણિ–માણિક્યાદિક ઉત્તમોત્તમ છે; તેજ પ્રમાણે અસ્વતંત્ર, પરાધીન, અને અસંખ્ય દુઃખોના સ્થાનભૂત પશુ–પક્ષી આદિક સર્વ દેહોમાં આ

મનુષ્ય દેહ શ્રેષ્ઠ છે; કારણ કે સ્વર્ગના દેવતાઓ પણ તેની સ્પૃહા કરેછે, એટલુંજ નહિં, પણ આ અનાદિ સંસારવિષે કરેલા કોઈ પૂર્વકાળના પુણ્યના યોગેજ બહુ જન્મોને અંતે પ્રાપ્ત થાયછે. આવા અમૂલ્ય અને દુર્લભ મનુષ્ય દેહને તમે પામ્યા છો, એજ તમારા સુભાગ્યને સૂચન કરેછે. હે અધિકારીઓ! સત્વગુણ પ્રધાન છે જેમાં, એવી આ ભરતખંડની ફળદ્રૂપ અને પવિત્ર ભૂમિ ઉપર જન્મ પામનાર મનુષ્યના પ્રારબ્ધ અન્ય મનુષ્યોના પ્રારબ્ધ કરતાં ઉત્તમ છે; તેમાં પણ જેઓ પારમાર્થિક લાભ મેળવવાની ઉત્કંઠાથી આ "વિશ્વભેદ મંડળી"માં પ્રવેશ કરેછે, તેઓનાં પ્રારબ્ધ ઉત્તમતર છે, અને જેઓ સર્વ ભૂમિકાઓ પૂર્ણ કરી સંસારરૂપ વિકટ સમુદ્રને તરી મોક્ષરૂપ પારને પામેછે,તેઓનાં પ્રારબ્ધ ઉત્તમોત્તમ છે."

"હે શુદ્ધ હૃદયવાળા અધિકારીઓ!"—હવે વિષ્ણુજી (શુભદર્શન) બોલ્યા—"આ મનુષ્યદેહ સ્વરૂપવાન હોવા છતાં પણ મલિન છે, ઉત્તમ હોવા છતાં વિકારમાન છે, દુર્લભ હોવા છતાં વિશ્વાસને અપાત્ર છે, અમૂલ્ય હોવા છતાં વિનાશી છે, દેવતા-

એથી સ્પૃહણીય હોવા છતાં અહંતા મમતાને અયોગ્ય છે, અને પૂર્વના પ્રબળ પુણ્યથી પ્રાપ્ત થયેલું હોવા છતાં પણ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અને માત્સર્યરૂપ ષટ્ શત્રુઓના નિવાસનું સ્થાન છે. આ પ્રમાણે ગુણ અને દોષના વિવેચનથી તમારી સર્વની ખાતરી થઈ હશે, કે એક રીતે જોતાં આ મનુષ્ય દેહ વારંવાર પ્રાપ્તિના અભાવવાળું હોવાથી મહા શ્રેષ્ઠ છે, અને બીજી તરફથી જોતાં દ્વિતીય પળેજ પતન થવાના સંભવવાળું હોવાથી, ક્ષણભંગુર છે. માટે હે અધિકારીઓ! લગભગ જીતેલી બાજી તમારે હારવી નહોય, તો આ અલભ્ય દેહનો તમારે અવશ્ય લાભ લેવો જોઇએ, અને તે લાભ લેવાના પ્રયત્નમાં યત્કિંચિત્ પણ વિલંબ કરવો ન જોઈએ. જે કાર્યમાં પોતાનું શ્રેય સમાયલું હોય, તે કાર્ય કરવામાં આલસ્ય કરવું એ ખરેખર પશ્ચાત્તાપની પધરામણી કરવા જેવું છે."

"આ મનુષ્ય જન્મના સાફલ્યાર્થે કેટલુંક અવશ્ય કર્ત્તવ્ય એટલે અવશ્ય કરવા યોગ્ય છે, કેટલુંક અવશ્ય જ્ઞાતવ્ય એટલે અવશ્ય જાણવા યોગ્ય છે,

અને કેટલુંક અવશ્ય પ્રાપ્તવ્ય એટલે અવશ્ય મેળવવા યોગ્ય છે; તેમાં અવશ્ય જાણવા યોગ્ય બાબતો શી શી છે, અને અવશ્ય સંપાદન કરવા યોગ્ય શું શું છે, તે જેમ જેમ વિશેષ યોગ્યતાને પામી આગળ વધશો, તેમ તેમ તમારા જાણવામાં આવતું જશે. 'મહાભાગી પુરૂષોને અવશ્ય કર્ત્તવ્ય શું છે' એવિષે સંપૂર્ણ માહિતી જોકે ઉત્તર ભૂમિકાઓવિષે તમને આપવામાં આવશે, તોપણ દ્વિતીય ભૂમિકાના ઉપદેશ તરીકે 'અવશ્ય કર્ત્તવ્ય' માં 'પ્રથમ કર્ત્તવ્ય' શું છે, તે અમે તમને અત્ર દર્શાવીશું; માટે હે શ્રેયસાધક અધિકારીઓ! અમારા પ્રિયંકર વચનોને પૂર્ણ લક્ષથી સાંભળજો."

"હે અધિકારીઓ!"—શ્રીશંકરે (યોગેશ્વરે) પોતા તરફનો ઉપદેશ આપવા માંડ્યો—"ગાયત્રી, સંધ્યા, અને દેવ વંદનાદિક નિત્યકર્મથી ચિત્તની શુદ્ધિ થાય છે. શ્રાદ્ધ આદિક નૈમિત્તિક કર્મો પિતાઆદિકના રૂણ થકી મુક્ત કરેછે, અને ભગવન્નામના કિર્ત્તન આદિક પ્રાયશ્ચિત્ત કર્મોથી અનેકવિધ પાપોનો ક્ષય થાય છે; માટે તે ત્રિવિધ કર્મોનું તમારે ખંતપૂર્વક અનુષ્ટાન કરવું."

"સ્ત્રી આદિક ઈષ્ટવસ્તુ મેળવવાની ઇચ્છારૂપ કામને તે તે વિષયના દોષદર્શનથી મંદ કરવો, ક્રોધને ક્ષમાથી ક્ષીણુ કરવો, પોતાની પાસે હોય તેથી પણુ અધિક ધન સંચય કરવાની તૃષ્ણારૂપ લોભને સંતોષથી સમાવવો, ઈષ્ટ વિષયના નાશ સમયે ઉત્પન્ન થતી ગ્લાનીરૂપ મોહને, 'થવાનું અન્યથા થવાનું નથી,' એવા નિશ્ચયથી નિર્બળ કરવો; જાતિ, કુળ, રૂપ, ધન, અને વિદ્યા આદિકમાં 'હું ઉચ્ચ છું,' એવા અભિમાનરૂપ મદને એ સર્વના વિનાશીપણાની બુદ્ધિથી શાંત કરવો, અને પોતા કરતાં અધિકવિષે જે ઈર્ષારૂપ માત્સર્ય, તેનો 'હું બીજા અનેક જનો કરતાં અધિક છું,' એવા ધૈર્યયુક્ત વિચારથી વિનાશ કરવો."

"આ પ્રમાણે ષટ્ શત્રુઓનો સંહાર કરવાના પ્રયત્નની સાથેજ સત્સંગમાં પ્રવૃત્ત રહેવું. વાણીવિષે સત્યમાન, વર્ત્તનવિષે વિવેકમાન, અને સ્વભાવવિષે શાંતિમાન્, થવું. પ્રાણીમાત્રપ્રત્યે દયાભાવ રાખવો, અને યાચકોપ્રત્યે શક્તિ અનુસાર દાન કરવું. બ્રહ્મહત્યા, ચોરી, અનૃત, અને પરસ્ત્રી ગમન આદિક

પાપ વિચારોને સ્વપ્નવિષે પણ સંગ્રહવા નહિ કૃતઘ્ન-પણામાં અશક્ત, અને પ્રતિજ્ઞા પાળવામાં અડિગ્ગ રહેવું. ગુરૂજનનું સન્માન કરવામાં, ન્યાયને અનુસ-રવામાં, અને પરદુઃખોને હરવામાં, સદા નિમગ્ન રહેવું.”

“દર્પણ, એ આ પવિત્રમંડળીની બીજી ભૂમિકાનું ચિન્હ છે, કારણકે સર્વ નિર્મળ પદાર્થોમાં દર્પણ અત્યંત નિર્મળ છે. જેમ દર્પણ સૂક્ષ્મ પ્રતિબિંબોને પણ ગ્રહણ કરવાને સમર્થ થાય છે તેમ તમે તમારા હૃદયરૂપી દર્પણને નિત્ય આદિક કર્મોના અનુ-ષ્ઠાનથી તથા સત્સંગ આદિક ઉપચારથી સ્વચ્છ કરી, સૂક્ષ્મ બાબતોરૂપી પ્રતિબિંબોને ગ્રહણ કરવા સમર્થ કરજો, અને જ્યારે પણ દર્પણ તમારી દૃષ્ટિએ પડે ત્યારે આજનો સંપૂર્ણ ઉપદેશ સ્મરણ કરજો. સંક્ષેપમાં એટલુંજ કહુંછું કે નીતિના નિયમોનું તમારે દૃઢતાથી અનુકરણ કરવું.”

ઉપદેશની સમાપ્તિ કરતાં બ્રહ્માજી બોલ્યા—“આટલેથી દ્વિતીય ભૂમિકાનો ઉપદેશ પૂર્ણ થાયછે. આ દ્વિતીય ભૂમિકામાં પૂર્ણતા મેળવવા અર્થે તમારે ગણિત, રસાયણ, વનસ્પતિ, વૈદક, શારીર, અને

યાંત્રિક, એ ૬૪ પ્રકારની વિદ્યાઓમાંથી કોઈ પણ ચાર વિદ્યાઓનો અભ્યાસ કરી તેમાં નિપુણતા મેળવવી. તમારાં ચિત્ત અભ્યાસવિષે નિમગ્ન રહો, અને તમારા ઉત્સાહમાં દિન પ્રતિ દિન વિજય મળો, એવું અમે ઇચ્છિએ છીએ."

ભાષણની સમાપ્તિ થતાંજ જેમ મેઘગર્જનાથી ભૂમંડળ ગાજી રહે, તેમ આખું ક્રિયાગૃહ શ્રોતાજનોની તાળીઓથી ગાજી રહ્યું. શ્રેષ્ઠ અધિકારીઓએ ઉપદેશામૃતના પાનથી અત્યંત આનંદને પામી ઉત્તરભૂમિકાઓમાં ચડવાની પ્રતિજ્ઞા લીધી, મધ્યમ અધિકારીઓ પરીક્ષામાટે નિર્માણ કરવામાં આવેલી વિદ્યાઓનું કઠિણપણું જોઈ ઉત્સાહમાં કાંઈક મંદ પડ્યા, અને કનિષ્ટ અધિકારીઓએ "આ ઉપદેશ તો માત્ર કહેવા સાંભળવાના કાંઈ કરવાના નહિ." વગેરે વિચારોને આધીન થઈ "આગળ વધવાથી કાંઈ લાભ થવાનો નથી," એવો પોતાને માટે સિદ્ધાંત શોધી કાઢયો.

એકવાર સર્વ શાંત થતાં દ્વિતીય ભૂમિકાના ચિન્હ દાખલ તેઓના કપાળમાં સદ્વર્ત્તનદર્શક બે સમાંતર

રેષા═══નું ટીલું કરવામાં આવ્યું, છાતી ઉપર ધારણ કરવાનો એક એક નાની પણ સુંદર આરસી જડેલો આસમાની રંગની મખમલનો એક એક ઉત્તમ પટો તેઓને ભેટ આપવામાં આવ્યો; અને દ્વિતીય ભૂમિકાના આધકારીઓની પરસ્પર એક બીજાને ઓળખવાની જમણા હાથની નિશાની તેઓને શીખવવામાં આવી. આ નિશાની અંગુઠાને છેલ્લી ત્રણ આંગળીઓવડે દાબી રાખી પ્રથમ આંગળીને ભાલાંની પેઠે સામે ધરવાની



(ચિત્ર ૪ થું.)

હતી, (જુઓ ચિત્ર ૪ થું) અને તે એવું સ્મરણ કરાવતી હતી કે દ્વિતીય ભૂમિકાનો કોઈ પણ અધિકારી જો વિશ્વભેદના નિયમોનું ઉલ્લંઘન કરશે તો મહાકાળી દેવી ભાલાવડે તત્કાળ તેના પ્રાણ હરણ કરશે. સભા વિસર્જન કરવાની આજ્ઞા મળતાં સર્વએ સાષ્ટાંગ નમસ્કાર કર્યા, અને "શુભમ્ભવતુ" એવા મહાગુરૂજીઓના આશિર્વચનોને પામી ક્રિયાગૃહમાંથી બહાર નિકળ્યા.

પ્રકરણ ૧૭ મું.

કાવતરૂં.

ફાલ્ગુન શુદ્ધ ૯ રવીવારની સાંજે પાંચ વાગ્યા હતા. એકાદ કલાકમાં તો પદભ્રષ્ટ કરવામાં આવતા જુલમગાર રાજાની પેઠે સૂર્ય પોતાની કાંતિમાં નિસ્તેજ થવા લાગ્યો, દિશાઓ જાણે તેના તમ-રાજ્યથી કંટાળી ગઈ હોય તેમ તેનાં કીરણોને હાંકી કાઢવા લાગી, તડકો એક નિમકહલાલ નોકરની પેઠે પોતાના શેઠની દરિદ્ર સ્થિતિ થયેલી છતાં તેની સાથેજ ગયો, અને જળાશયોના કમળ પુષ્પો જાણે પોતાના જીવનદાતાની પડતી હાલત વધારે વાર જોઈ શકતાં નહોય, તેમ બીડાઈ જવા લાગ્યાં. અંતે રાત્રિ પોતાની શ્યામ સ્વારીસહિત આવી પહોંચી. હરિદાસ પોતાને નિત્ય સ્થળે બેઠો હતો. સામે ગૌતમના ઘરની બારીઓમાંથી વિજળીક દીવાનો ચંદ્રસમાન પ્રકાશ બહાર માર્ગ ઉપર પડતો હતો, અને નોકર–ચાકરો હાથમાં ફૂલોના તુરા તથા ફળાદિકની થાળીઓ લઈ ઉતરચડ કરતા હતા.

"આજે કોઈ તેહેવારનો દિવસ નથી, તેમ **ગૌતમને** ત્યાં કોઈ માંગલિક પ્રસંગ હોય એવું પણ મારા જાણવામાં આવ્યું નથી; ત્યારે આ ધામધુમ શા માટે ? અરે ! પણ અલ્પ સમયમાં **જયંતિની** સગાઈ થનાર છે, એવી ઉડતી વાત મારા સાંભળવામાં આવી હતી તે વાત તો હમણા ખરી પડતી નહિ હોય ? નહિ, નહિ. **જયંતિ** મારા સિવાય કોઈને ચાહનાર નથી, એવી તે દિવસે તેણે પ્રતિજ્ઞા લીધી હતી. એવું કાંઈ હોત તો **જયંતિ** ગમે તે યુક્તિ કરીને પણ મને અવશ્ય સમાચાર મોકલત; ઉપરાંત્ હમણા થતી ધામધુમ એવા મહાન પ્રસંગને સૂચવતી નથી; કારણકે, તે ધામધુમો બહુ મોટા પાયા ઉપર, અને થોડા દિવસ અગાઉથી થવા માંડત; પણ ત્યારે આ તૈયારીઓ શાને માટે, કોને માટે થતી હતી ?"

આ પ્રમાણે પોતાના પ્રશ્નોના પોતેજ પ્રત્યુત્તર દેતો **હરિદાસ ગૌતમના** ઘરની સામે નિહાળતો બેઠો હતો, એટલામાં બે તરૂણ પુરૂષો રસ્તાની જમણી બાજુએથી તેની સમીપ આવી પહોંચ્યા, અને

તેઓમાં આગળ ચાલનાર, યોગીની પેઠે ધ્યાનમાં એકસ્થ થયેલા **હરિદાસ**ની સન્મુખ આવી બોલ્યો– "**હરિદાસ**, આજે તો કાંઈ વિચારમાં તલ્લીન થઈ ગયા છો ને શું?"

"કોણ! **ચંદ્રકાંત**! આ વખતે અહિં કેમ? બે મહિના સૂધી ક્યાં ગયા હતા?"—**હરિદાસ** વિસ્મય થઈ પૂછવા લાગ્યો—"તમારી સાથે આ સદ્‌ગૃહસ્થ કોણ છે?"

"શું તમે તેને નથી ઓળખતા?"—**ચંદ્રકાંતે** કહ્યું—"ખરૂં છે, તમારે એમની સાથે ઓળખાણ નહિ હોય. તેઓ મારા ઈષ્ટમિત્ર થાયછે. મૂળ ચંદ્રનગરના નિવાસી છે. તેઓનું નામ વિદુર **સૂર્યપ્રભા** છે, અને હાલ વિશ્વભેદની પાંચમી ભૂમિકામાં છે."—આટલા શબ્દના કથન પછી તરતજ તે પોતાના મિત્ર ગમ ફર્યો અને બોલ્યો—"વિદુર, ત્યારે તો તમે પણ મારા આ પરમમિત્ર **હરિદાસને** ઓળખતા નહિજ હો. તેઓ **મણિપુરના** ધનાઢ્ય વ્યાપારી **જયધ્વજના** પુત્ર છે, અને હાલ આપણી પવિત્ર મંડળીની ચોથી ભૂમિકામાં છે."

પરસ્પર ઓળખાણ થતાંજ **હરિદાસે** વિદુર સાથે હર્ષપૂર્વક હસ્ત મેળાપ કર્યો, અને બોલ્યો— "હું આજપર્યંત તમને પરોક્ષ રીતે ઓળખતો હતો, પણ આ અપરોક્ષ ઓળખાણથી મને મહા આનંદ થયો છે."

"અને હું પણ તમને નામથી ઓળખતો હતો."— **વિદુરે** સવિવેક ઉત્તર વાળ્યો—"આજની આ ઓળખાણ માટે આપણે **ચંદ્રકાંત**ના આભારી છિયે."

"ઠીક, ઠીક. તમારો બેઉનો આભાર હું જમે કરી રાખુંછું."—**ચંદ્રકાંતે** મશ્કરીમાં એ વાતનો અંત આણ્યો—"પણ **હરિદાસ**, અમે આવ્યા ત્યારે તમે શા વિચારમાં હતા?"

"તે હું કહીશ. પણ તમારૂં આગમન કેવા નિમિત્તે થયું છે, એ મારા પ્રથમ પ્રશ્નનો ઉત્તર તમારે પ્રથમ વાળવો જોઈએ."—**હરિદાસે** હસતાં હસતાં કહ્યું.

"હા, હું તે અંગીકાર કરૂંછું."—**ચંદ્રકાંતે** **હરિદાસ**ની બાજુમાં બેસી ઉત્તર દીધો—"આપણે વિશ્વભેદના મહોત્સવમાં ભેળા ગયા હતા, ત્યાંથી

છૂટા પડેલા લગભગ બે મહિને આજે સાથે મળીએ છિયે. મહોત્સવને બીજે દિને હું તમારે ઘરે આવ્યો હતો અને તમારા પિતાને પૂછતાં મારા જાણુવામાં આવ્યું કે તમે હજી પાછા ફર્યા નહતા. મહોત્સવ પૂર્ણ થયા છતાં તમે ક્યાં અને શું કામ રોકાઈ રહ્યા હશો તેનો વિચાર કરતો હું વળી ત્રીજે દિને તમારી ખબર કાઢવા આવ્યો, પણ તમે મળ્યા નહિ. તમે કદાચ પેલા **જમદગ્નિ** ઉપર અંકુશ રાખનાર પુરૂષની શોધમાં ગયા હશો, એવું મેં ધાર્યું, અને અંતે તે સાંજે કેટલાક અગત્યનાં કાર્ય અર્થે હું રેલવે માર્ગે પ્રવાસે જવા ઉપડયો. વચમાં ચંદ્રનગર ઉતરી મેં એક દિવસ વિદુરને ત્યાં વિશ્રામ લીધો, અને તેને પેલા **જમદગ્નિ** ઉપર સત્તા ભોગવનારનું નામ મેળવવાની ભલામણ કરી, તે દિવસના પ્રસંગથી જાણીતો કર્યો. વિદુરે જોકે તમને જોયા નહોતા, તોપણ અમારી વાતચીતમાંથી તેણે તમારે માટે ઉંચું મત બાંધ્યું, અને તમને બને તેટલી સહાયતા આપવાને તેણે નિશ્ચય કર્યો. હું અનેક ગામોમાં ફરી ગઈ કાલે પાછો ચંદ્રનગર આવ્યો.

વિદુરે તમારે માટે પેલું નામ મેળવી રાખ્યું હતું, તે સ્વમુખે કહેવાના, અને તમારી ઓળખાણ કરવાના, એવા દુપટ હેતુથી તેણે મારી સાથે મણિપુર આવવાની ઇચ્છા દેખાડી. અમે બેઉજણ આજે સવારની ગાડીમાં ઉપડેલા અહિં બપોરના આવી પહોંચ્યા છિયે."

"વિદુર,"—હરિદાસ વચમાંજ બોલી ઉઠયો—"તમે મારા ઉપર એક મહાન અનુગ્રહ કર્યો છે."

"એવું કાંઈએ નથી."—વિદુરે જવાબ લીધો—"વિશ્વભેદના સભાજનો એકજ માબાપના પુત્રો ન હોવા છતાં પરસ્પર ભ્રાતાપણાનું સગપણ ધરાવે છે, અને તેથી તમને સહાયતા આપવામાં મેં ઉપકાર નહિ, પણ ફરજ બજાવી છે."

"તે ગમે તે હોય. હું તો ઉપકારજ ગણીશ."

"પણ તેમ નહિ ગણવા મારી વિનતિ છે."—વિદુરે કહ્યું—"જે માણસનું નામ જાણવા તમે ઉત્સુક છો, તે માણસ ઘણા વર્ષ પૂર્વે જમદગ્નિનો રસોયો હતો. તેનું નામ દુર્જય છે."

"શું! તે પ્રથમ રસોયો હતો?"—હરિદાસે

પોતાની યાદીબુકમાં તે નામ નોંધી લઈ આશ્ચર્ય પામતાં કહ્યું—"બરાબર, ત્યારે તો તે ઘણીક છૂપી વાતો જાણતો હશે એમાં સંશય નથી. હવે આપણે તે માણસને શોધી કાઢવો જોઈએ."

"હા."—**વિદુરે** કહ્યું—"આપણા મિત્ર **શ્રી-રંગને** પણ મેં તેવિષે પૂરતી માહિતી આપી છે, એટલે તે તે પ્રયત્નમાંજ હશે."

"ઠીક, ત્યારે તો આપણે ચાર જણ થઈ તે દુષ્ટ **દુર્જયને** પાતાલમાંથી પણ શોધી કાઢવાને સમર્થ થઈશું."—**હરિદાસે** કહ્યું—"હું તેના નામની શોધમાં જનાર હતો, પણ સુભાગ્ય કે દુર્ભાગ્યને લીધે અત્યંત માંદો પડ્યો. લગભગ દોઢ મહિનાસુધી માંદગીનું બિછાનું સેવી તેમાંથી થોડાજ દિન થયા હું ઉઠવા પામ્યો છું. જોકે હવે મારી શરીરપ્રકૃતિ બીજી બધી વાતે ઠીક છે, તોપણ જોઈએ તેવી શક્તિ હજી આવી નથી."

"**હરિદાસ,**"—**ચંદ્રકાંત** બોલી ઉઠ્યો—"તમે સન્નિપાતની અસર તળે '**અનાથ આશ્રમ**' ઉગ્ર-શોક, '**પુષ્પપુર**' વગેરે શું બકતા હતા?"

"આ તમે ક્યાંથી જાણ્યું?"—**હરિદાસે** વિશેષ વિસ્મય પામતાં પૂછ્યું.

"અમે અહિં આવ્યા પહેલાં તમારે ઘરે ગયા હતા. ત્યાં જયદેવજે તમારા મંદવાડનું સર્વ વૃત્તાંત અમને કહી સંભળાવ્યું."—**ચંદ્રકાંતે** પ્રત્યુત્તર દીધો.

"બરાબર છે. હું એ અસંબંધી શબ્દો બકતો હતો, એમ મારા પૂજ્ય પિતાશ્રીએ મને પણ કહ્યું હતું, અને તે ઉપરથી મેં કેટલોક સંક્ષિપ્ત ખુલાસો તેઓ આગળ કર્યો હતો."

"તે ખુલાસો અમને કહેવામાં તમને કાંઈ બાધ છે?"—**ચંદ્રકાંતે** પૂછ્યું.

"નહિ, લેશ માત્ર નહિ. બલકે એ ઉંડા અને ગુંચવાડાથી ભરેલા ભેદનું ભેદન કરવામાં તમે મને સહાયતાદાયક થઈ પડશો. લ્યો હું તમને હમણાજ કહુંછું."—એમ કહી અનાથઆશ્રમમાં બનેલો સર્વ બનાવ **હરિદાસે** અથ-ઇતિ કહી સંભળાવ્યો.

"ત્યારે તમે પુષ્પપુર જઈ ધનિષ્ઠાને કેમ મળ્યા નહિ?"—**ચંદ્રકાંતે** વૃત્તાંત સાંભળી પૂછ્યું.

"હું જવાનો હતો, પણ આ મંદવાડે મને રોકયો."

"ખરે! તમારી વાર્તામાં અદ્ભુત ભેદ સમાયેલો છે, એમાં સંશય નથી."—વિદુર ગંભીર મુખમુદ્રા કરી બોલ્યો—"હું ધારૂંછું કે અમે આવ્યા ત્યારે તમે આ વિચારમાંજ વિલીન થયા હતા; ખરૂં?"

"ના, હું હમણા એ વિચારમાં નહોતો. તમે જોયું! સામે ગૌતમના ઘરમાં આજે કાંઈક ધામધુમ છે, તેથી કદાચ જયંતિનું વેશવાળ—

"કોની સાથે થનાર છે?"—ચંદ્રકાંતે બહુ અધિરજથી પૂછયું.

"ચંદ્રનગરના નગર શેઠ ધનંજય શંખસુખના પુત્ર પ્રભાકર જોડે થનાર છે, એવું મારા જાણવામાં આવ્યું છે, પણ—

"શું પ્રભાકર જોડે! પેલા જુગારી, વ્યભિચારી અને અવિચારી પ્રભાકર જોડે?"—વિદુરે નેત્રના વિકાસસહિત પ્રશ્ન કર્યો.

"અને તે સગપણ શું આજ રાત્રે થનાર છે?"—ચંદ્રકાંતે ખેદયુક્ત સાદે પૂછયું.

"આજે થનાર છે કે કયારે, તે હું જાણતો

નથી."—હરિદાસે સંશયાત્મકપણે ઉત્તર દીધો—"પણ મને લાગેછે, કે આજની ધામધુમ એ વેશવાળ સંબંધે નહિ હોય."

"તે તમે શા આધારે ધારો છો?"—ચંદ્રકાંતે વળી પૂછ્યું.

"આધાર તો બીજો શો, પણ એવું કાંઈ હોત તો જયંતિ મને અવશ્ય ખબર મોકલત."

"જયંતિ ખબર મોકલત!!"—ચંદ્રકાંત મહા આશ્ચર્યથી પોતાના મિત્રના શબ્દોનો પુનરૂચ્ચાર કરી કહેવા લાગ્યો—"એ વસ્તુત્વ વિનાની આશા તમે ક્યાંથી સંગ્રહી બેઠા?"

"મારી આશા તમે ધારો છો તેમ કેવળ કલ્પનાનું પરિણામ નથી. હા, પણ તમને તે વાતની ક્યાંથી ખબર હોય! પ્રિયમિત્ર, હું ગુરૂકૃપાથી જયંતિની અડિગ્ગ પ્રીતિ સંપાદન કરવાને શક્તિમાન થયો છું."

"હં, હં. એ વળી ક્યારે?"—ચંદ્રકાંતે ઉત્સાહથી પૂછ્યું.

"તે હું બીજે પ્રસંગે તમને કહીશ."

આ વખતે વેગમાં આવતી એક પવનગાડી **ગૌતમના** ઘર આગળ ઉભી રહી. તેમાંથી બે વૃદ્ધ અને એક યુવાન એમ ત્રણ પુરૂષો નીચે ઉતર્યા.

"અરે! આતો પેલા **ચંદ્રનગર**વાળા છે!"—**વિદુર** આશ્ચર્ય પામી ધીમે સાદે બોલી ઉઠયો.

"કોણ? **ધનંજય શંખમુખ**?"—**હરિદાસે** અધિરજથી પ્રશ્ન કર્યો.

"ના, ના,"—**વિદુરે** ધિરજ આપી—"એ તો આપણી પૂજ્યમંડળીના છેલ્લા મહોત્સવમાં છળથી પ્રવેશ કરી મૃત્યુને પામનાર **ઇંદ્રસેન** અને કર્ણના પિતા **મહાબળ** અને ગજેંદ્ર છે."

"અને તેઓની સાથે ત્રીજું કોણ છે?"—**ચંદ્રકાંતે** પૂછ્યું—"**મહાબળનો** પુત્ર ગર્વેશ્વર તો નહિ?"

"હા, એજ. પણ તેઓના આગમનનું કારણ સમજાતું નથી."—**વિદુરે** કહ્યું.

"કદાચ તેઓ **પ્રભાકર** તરફથી **જયંતિનું** માગું લઈ આવ્યા હશે."—**હરિદાસે** કલ્પના કરી કહેવા માંડયું—"અથવા—

"અથવા આપણો ભાગ્યોદય કરનાર વિશ્વભેદ મંડળીની સત્તાનો વિનાશ થાય એવું કાવતરૂં રચવા આવ્યા હશે."—**ચંદ્રકાંતે હરિદાસને** આગળ બોલતો અટકાવી પોતાની અટકળ કહી સંભળાવી.

"મારા ચિત્તમાં પણ એજ આભાસ આવતો હતો."—**હરિદાસે** પોતાનું મળતાપણું દર્શાવ્યું.

"પણ એવું હોય તો તેઓ આપણા દેશાધારાનુસાર દેશપારની શિક્ષાને પાત્ર છે."—**વિદુર** બોલ્યો.

"પણ પકડાય અને ત્યારપછી સિદ્ધ થાય ત્યારે કે?"—**હરિદાસે** કહ્યું—"થોડાજ વર્ષપૂર્વે વિશ્વભેદ સામે બળવો જગાડવાનું નીચ પ્રપંચ રચનારાઓને પકડવામાં આવ્યા હતા, પણ અંતે ન્યાયાધીશોએ પ્રબળ પૂરાવાના અભાવે તેમને છોડી દીધા હતા."

"**હરિદાસ,** તમારૂં કથન યથાસ્થિત છે."—**વિદુરે** ઉત્તર દીધો—"આ પ્રકારના અપરાધ ઘણું કરી પકડાતા નથી, અને પકડાય છે તો સિદ્ધ થતા નથી; કારણકે તે ઘણી અગમચેતીથી, સંભાળથી, અને કેવળ ગુપ્તપણાથી કરવામાં આવેછે."

"માટે એવા અપરાધ પકડવામાં અથાગ

પરિશ્રમ, અકળયુક્તિ, અને કુશાગ્ર બુદ્ધિની જરૂર છે. જેઓ ધૈર્યતાથી દીર્ઘ વિચાર કર્યાવગર તેઓને પકડવામાં ઉતાવળ કરેછે, તેઓ મારા પ્રિયમિત્ર વિદુર, આપણી મંડળી અને દેશ, એ ઉભયને લાભને બદલે હાની કરેછે."

"તમારો તર્ક કેવળ સત્યતાવાળો છે. હરિદાસ."—વિદુરે હરિદાસના વિદ્વત્તા ભરેલા તર્ક વિતર્કોથી આનંદ પામી કહ્યું—"કારણ, એવી અયોગ્ય ઉતાવળને લીધે સપડાયેલા છતાં તેઓ ન્યાય સમક્ષ છૂટી જાયછે, અને ભવિષ્યમાં વિશેષ સાવચેતી વાપરી પોતાની ધારણામાં સફળતા—

ચંદ્રકાંત જે આટલો વખત કાંઈ ગંભીર વિચારમાં ગુંથાઈ પડ્યો હતો, તે પોતાના મિત્રોાગમ ફરીને બોલી ઉઠયો—"મને એક નવીન યુક્તિ સૂઝી છે, અને તે દ્વારા આપણી પરમપૂજ્ય મંડળીની હું એક મહાનસેવા બજાવવાને શક્તિમાન થઈશ, એવું ધારૂં છું."

"શી સેવા?"—વિદુરે આશ્ચર્યતાથી પૂછ્યું.

"આ કપટી **મહાબળ**, ગજેંદ્ર, અને ગૌતમને

તેઓની કપટી ધારણામાં નિષ્ફળ કરવાની, અને તેઓને ન્યાય સ્વાધીન કરવાની."—ચંદ્રકાંતે સંતોષદર્શક સાદે ઉત્તર દીધો.

"પણ એ કેમ બનશે?"—વિદુર પોતાના મિત્રને અવિચારી જોખમમાં જતો જાણી ખેદ-સહિત બોલ્યો.

"તેમ તેઓ પ્રપંચ રચવાનેજ ભેળા થયા છે, એવું નિશ્ચયઆત્મક માનવાને આપણીપાસે કાંઈ કારણ નથી."—હરિદાસે વિદુરની વાતને ટેકો આપતાં કહ્યું—"પાકી ખબર વગર એવા જોખમમાં—

"તે ખરૂં છે."—ચંદ્રકાંતે હરિદાસનું વાક્ય પૂરૂં સાંભળ્યા વગરજ આગ્રહપૂર્વક પ્રત્યુત્તર વાળ્યો—"હરિદાસ, મેં ઘણીવાર તમને કહ્યું છે, કે જોખમ ખેડયાવગર મહાન કાર્યો થઈ શકતાં નથી. જ્યાં-સૂધી મારી યુક્તિથી તમે જાણીતા થયા નથી ત્યાં-સૂધી મારૂં કથન તમને અવિચારી લાગતું હશે, પણ જ્યારે મારી યુક્તિનો પ્રકાર હું તમને પ્રત્યક્ષ નિવેદન કરીશ, ત્યારે તમારી નિઃશંક ખાતરી થશે,

કે એ યુક્તિ, ઉતાવળ અને ઉદ્ધતપણાનું પરિણામ નથી, પણ દીર્ઘદૃષ્ટિ અને શાંતવૃત્તિનું પરિણામ છે."

"**હરિદાસ,** લ્યો ત્યારે આપણે ગુણ-દોષનો કાંઈ પણ મત બાંધ્યા અગાઉ **ચંદ્રકાંત**ની યુક્તિ સાંભળિયે"—**વિદુરે** સૂચવ્યું.

"હા. હું તમારા મતને કેવળ મળતો છું."—**હરિદાસે** જવાબ દીધો.

"અને મારે તેમ કરવામાં જરાએ વાંધો નથી; માત્ર એટલુંજ કે તે જાણવામાટે તમારે એક અર્ધ કલાક ધૈર્ય રાખવું પડશે. હું હમણાં પાછો આવું છું."—એમ કહી **ચંદ્રકાંતે** પોતાના ઘર તરફનો રસ્તો લીધો.

"પણ પ્રથમ અમને વચન આપો કે અમને તમારી યુક્તિ દર્શાવ્યા અગાઉ તમે આ કાર્યમાં પગલું ભરશો નહિં"—**ચંદ્રકાંત** બે ત્રણ પગલાં વધ્યો નહિ ત્યાં તો **હરિદાસે** તેનો હાથ પકડી લીધો અને કહ્યું.

"તેમ અમારી સંમતિ વગર પણ તમારે કશું કરવું નહિ."—**વિદુરે** પ્રતિજ્ઞાના વિષયમાં ઉમેરો કર્યો.

"તમારા બેઉની વાત મારે અંગીકૃત છે. હું પ્રતિજ્ઞા લઈ કહું છું કે તમને પૂછ્યા વગર હું એ જોખમમાં ઉતરીશ નહિ."—**ચંદ્રકાંતે** પોતાના મિત્રોની કાળજી જોઈ આનંદ પામતાં ઉત્તર દીધો, અને બહુ ત્વરાથી પગલાં ભરતો પોતાને ઘરે આવી પહોંચ્યો.

ચંદ્રકાંતની યુક્તિ વિષે અનેક પ્રકારના તર્કવિતર્ક કરતા **હરિદાસ** અને **વિદુર** બેઠા હતા. લગભગ અર્ધ કલાકનો સમય વ્યતીત થઈ ગયો, પણ હજી **ચંદ્રકાંત** આવ્યો નહિ. તે શા કારણથી આટલો વખત ખોટી થયો હશે તે તેઓ સમજી શક્યા નહિ. અંતે **ચંદ્રકાંતને** ઘરે જઈ તેની તજવીજ કરવાનો તેઓએ વિચાર કર્યો. તેઓ પાંચ-સાત વારને છેટે ગયા નહિ, ત્યાંતો એક અજાણ્યો અને પુષ્ટ શરીરવાળો પુરૂષ તેઓની સમીપ આવ્યો, અને **ગૌતમ ગજાનંદનું** ઘર કયા રસ્તા ઉપર આવેલું છે, તે સવિવેક પૂછવા લાગ્યો.

તેનાં વસ્ત્રો તેના શ્રીમંતપણાનો વગર પૂછે ખુલાસો કરતાં હતાં. ડોકમાં ઊનની સુંદર ગુંથણીનો

એક પટો વીંટળાઈ રહ્યો હતો, ત્યારે ગજવા માંહેલો હીરનો રૂમાલ પોતામાંથી નિકળતા સુગંધી પમરાટથી જનસમૂહને કેટલોક આનંદ થાયછે તે જોવાને ઉત્સુક બન્યો હોય, તેમ થોડોક બહાર નિકળી પડ્યો હતો. એક તરફ ઘડિઆળની કડીમાંથી લટકી રહેલી ઉત્તમ બનાવટની સાંકળ જાણે પોતાના શેઠની છાતીઉપર ચઢી બેસવાનેલીધે હર્ષઘેલી થઈ હોય, તેમ હીંચકા ખાતી હતી, ત્યારે બીજી તરફ જમણા હાથની ટચલી આંગળીમાં પહેરેલી હીરાની વીંટી પોતાના તેજવડે બીજાં બધાં આભૂષણોને નિસ્તેજ કરવા ઇચ્છતી હોય, તેમ વારંવાર ચમકારા મારતી હતી. આ અજાણ્યો પુરૂષ વદને શ્યામ હતો. કપાળ, વિશાળ બુદ્ધિના સદ્ભાવે વિશાળ હતું, અને ચક્ષુઓ, વાદળાંથી ઢંકાયેલા સૂર્યનીપેઠે જોકે સુવર્ણની કમાનયુક્ત રંગીન કાચના ચસ્માથી આચ્છાદિત થયેલી હતી, તોપણ પોતાના જાતિપ્રકાશને છૂપાવી શકતી નહોતી. વળી તેને શ્લેશ્મની હરકત થઈ હોય એવું જણાતું હતું; કારણ કે તે વારંવાર રૂમાલ કાઢી નાસિકા સાફ

કરતો હતો, એટલુંજ નહિ, પણ તેનો સાદ બહુ જાડો અને ખોખરો લાગતો હતો. ઉપરાંત્ તેને વારંવાર છીંકો આવતી હતી."

"સદ્ગૃહસ્થો!"—આ સ્થૂળ શરીરવાળો પુરૂષ બેચાર છીંકો ખાઈ વિદુર તથા **હરિદાસ** પ્રત્યે બોલ્યો—"શ્રીમાન **ગૌતમ ગજાનંદ**નું ગૃહ કયા રસ્તા ઉપર આવ્યું છે તે મને કહેવાની કૃપા કરશો? હું મૂળ બીજા ગામનો રહીશ છું અને તેથી અહિંના રસ્તાઓથી કેવળ અજાણ્યો છું."

"તમે જે ઘર વિષે પૂછોછો તે ઘર આ સામેજ આવેલું છે."—વિદુરે તરત ઉત્તર દીધો—"શું તમારે ચંદ્રનગરવાળા **મહાબળ**ને મળવું છે?"

"હા, પણ તમે એ કેમ વર્ત્યું?"—તે અજાણ્યો પુરૂષ બહુ આશ્ચર્ય પામ્યો હોય તેવી મુખાકૃતિ કરી બોલ્યો—"શું તમે **ગૌતમ ગજાનંદ**ના સ્નેહીઓ છો? હા, એમજ, નહિ તો તમને એ વાતની કયાંથી ખબર પડે. વિશ્વભેદ મંડળીનો ત્રાસ આજકાલ બહુ વધ્યો છે. સંખ્યાબંધ માબાપોને તેઓએ દયાવગર નિર્વંશ કર્યા છે, કેટલાકના પુત્રોને

તેઓએ નબાપા કર્યા છે, અને ઘણીક યુવાન, સ્વરૂપવાન, અને ગુણુવાન્ અબળાઓને તેઓએ વિધવા કરી મૂકી છે."

"પણ તેમાં કાંઈ વિશ્વભેદનો વાંક નથી."—હરિદસ સહજ ક્રોધમાં બોલી ઉઠચો.—"દેહાંત દંડનાં અનેક દૃષ્ટાંતો વિદ્યમાન છતાં, તે દુષ્ટ પુરૂષો વિશ્વભેદના સ્થાનકમાં શું કામ છળથી પ્રવેશ કરેછે?"

"અરે!! શું તમે વિશ્વભેદવાળા છો! ઠીક, ત્યારે તો હું તમને એટલુંજ પૂછુંછું, કે સ્થાનકમાં માત્ર પ્રવેશ કર્યાથી વિશ્વભેદના બાપનું શું બગડી જાય છે?"—તે નવા આવનારે ટકોરમાં ઉચ્ચાર કર્યો.

"તમે તમારી વાચા ઉપર અંકુશ રાખવામાં બહુ નિર્બળ જણાઓ છો?"—વિદુર એક પગલું પાછળ ખસી બોલ્યો.

"મને લાગે છે કે તમારા શરીરની સ્થૂળતા જોઈ તમારી બુદ્ધિ પણ સ્થૂળ થઈ ગઈ છે."—હરિદાસે તાનું માર્યું.

"ના, ના. તેથી કેવળ વિપરીત થયું છે."—તે અજાણ્યા ગૃહસ્થે ક્રોધમાં આવવાને બદલે હસતાં

હસતાં ઉત્તર દીધો—"એ તો બુદ્ધિની વિચક્ષણતા અને સૂક્ષ્મતાને લીધે મારા શરીરે આ સ્થૂળપણું માત્ર ધારણ કર્યું છે, અને તે સ્થૂળપણું જોઈ **હરિદાસ** અને **વિદુર**ની બુદ્ધિ સ્થૂળ કેમ થઈ છે?"

એક અજાણ્યા પુરૂષને મોઢેથી આ બેઉ મિત્રો પોતાનાં નામ સાંભળી મહા આશ્ચર્યને પામતાં પરસ્પર દૃષ્ટિના સંચારથી વાતો કરતા હોય તેમ એકબીજાને નિહાળીને જોવા લાગ્યા, એટલામાં તો તે અજાણ્યા પુરૂષે વળી પૂછ્યું—"તમે શું તમારા મિત્ર **ચંદ્રકાંત**ની વાટ જોતા હતા?"

"હા"—તેઓએ ઉત્તર દીધો, અને અધિકાધિક વિસ્મય પામવા લાગ્યા.

"પણ **ચંદ્રકાંત** તો લગભગ પાંચ મિનિટ થઈ આ તરફ આવેલો છે. તમને શું તે નથી મળ્યો? ચાલો હું બતાવું."—એમ કહી તે અજાણ્યો પુરૂષ, તેઓ જે ઓટલા ઉપરથી ઉઠયા હતા ત્યાં તેમને પાછો લઈ આવી બોલ્યો—"**ચંદ્રકાંત** અર્ધ કલાકમાં શરીરે જાડો થઈ ગયો છે, અને તમારી સન્મુખ ઉભો છે."

"અરે! **ચંદ્રકાંત**!"-વિદુર સાનંદાશ્ચર્ય પામી બોલ્યો—"શું તમે છો?"

"ખરેખર! તમારો વેશ બહુ ચાતુર્યથી ધારણ કરેલો છે."—હરિદાસે વિસ્મયમાં વિલીન થતાં કહ્યું—"તમારા ખુલાસા પછી પણ તમે ઝટ ઓળખાતા નથી."

"હા, પણ પ્રિય **ચંદ્રકાંત**, તમારો સાદ શાથી બેસી ગયો છે?"—વિદુરે પૂછ્યું.

"ઔષધના બળવડે સાદ બેસી જવા ઉપરાંત ગલપટો ધારણ કરવાના બ્હાનારૂપ શ્લેશ્મ પણ થઈ આવ્યું છે."—**ચંદ્રકાંતે** ઉત્તર દીધો.

"અને વદનનો શ્યામ વર્ણ?"—હરિદાસે અધિરાઈથી પ્રશ્ન કર્યો.

"તે તો રસાયણી પદાર્થોના લેપનથી—

હજી **ચંદ્રકાંત** આગળ બોલેછે, ત્યાં તો વિદુર હસતાં હસતાં બોલી ઉઠયો—"પણ શરીર શાથી પ્રફુલ્લિત થઈ ગયું?"

"એ તો સર્વથી સુગમ છે."-**ચંદ્રકાંતે** કહ્યું—"સામટાં વસ્ત્રો પહેર્યાથી. વળી આ પ્રસંગમાટે હું

મારૂં ખરૂં નામ બદલી "**જગબંધુ**" એ નામ ધારણ કરીશ, અને તે નામથી, તેઓ સાથે વ્યવહાર કરીશ. મારા પ્રિય મિત્રો, હું ધારૂંછુ કે હવે તમારા મનમાંથી મારા સપડાઈ જવાનો સંભવ દૂર થયો હશે."

"હા, અમે એ ભયમાંથી કેવળ મુક્ત થયા છિયે. તમારી સાથે ઘાટા સ્નેહવાળા અને લાંબા પરિચય-વાળા અમે, જ્યારે તમને ઓળખવાને શક્તિમાન થયા નહિં, ત્યારે કેવળ અજાણ્યા અને એકાદ-બે વારના પરિચયવાળા પુરૂષો તમને ઓળખી કાઢે એ દુર્ઘટ છે; પણ પ્રિય **ચંદ્રકાંત**,"—**હરિદાસે** ધીમે સાદે પુછ્યું—"તમે તેઓને શી રીતે સપડાવશો? સપાડાયા પછી પણ તેઓ ન્યાયસમક્ષ ના પાડશે તો સત્ય વાત તમે શી રીતે સિદ્ધ કરશો?"

"**હરિદાસ**, જે શબ્દલેખક પેટીએ તમને બંધીખાનેથી છોડાવ્યા હતા, તેજ શબ્દલેખક પેટી આજે આ દુષ્ટ જનોના સમૂહને બંધીખાને મોકલશે."-**ચંદ્રકાંતે** સંતોષપૂર્વક ઉત્તર દેતાં ડગલાના આંતર પડમાંથી તે પેટી બહાર કાઢી બતાવી.

"અહા, હવે તમારી યુક્તિની સંપૂર્ણતા અને સફળતા મને સંશયરહિત લાગેછે."—**વિદુરે** હર્ષપૂર્વક કહ્યું.

પણ **હરિદાસ,** અમારા આવ્યા અગાઉ તમે બીજા કોઇને ઉપર જતાં જોયા હતા?"—**ચંદ્રકાંતે** વિચારપૂર્વક પૂછ્યું.

"અરે હા."—**હરિદાસે** ઉત્તર દીધો—"એ અગત્યની વાત તો હું કહેતાંજ ભૂલી ગયો. આસરે ચાર વાગતે બે ધનાઢ્ય દેખાવના પુરૂષો **કર્ણની** સાથે ઉપર ગયા હતા, અને ત્યાર પછી થોડી વારે એક વૃદ્ધ પણ ભપકાદાર પુરૂષ **વિરોચનની** સાથે ઉપર ગયો હતો. જો કે હું તેને ઓળખતો નથી તો પણ મને જોઈને તે કાંઈક ચોંકયો હોય એવું મને લાગ્યું."

"બસ."—**ચંદ્રકાંત** વચમાં બોલી ઉઠયો—"તેઓ આજે દુષ્ટ ધારણાથીજ ભેળા થયા છે, એનિર્વિવાદ છે. તેમાં સંશય આણવાનું હવે કશું કારણ નથી."

"**ચંદ્રકાંત,** તમને અમારા તરફથી કાંઈ સહાયતાની અગત્ય પડશે?"—**વિદુરે** પૂછ્યું,

"હા."—**ચંદ્રકાંતે** ઉત્તર દીધો—"તે પાપિષ્ટ પુરૂષોને દૂષિત ઠરાવવાને બસ થાય એટલી વાતચીત સાંભળી લીધા પછી, હું તેઓ આગળથી ઉઠી નાક સાફ કરવાના બ્હાનાથી બારીમાં આવીશ, એટલે તમારામાંથી એક જણ તરત પોલીસના વડા પાસે જજો, અને વિશ્વભેદ વિરૂદ્ધનું કાવતરૂં પકડવામાં આવ્યું છે, એવું કહી થોડાક સિપાઈઓને બોલાવી લાવજો."

"ઠીક, બીજું કાંઈ?"—**વિદુરે** વળી પૂછ્યું.

"ના, હવે બીજું કાંઈ નથી. મારે હવે સત્વર ઉપર જવું જોઈએ; કારણ કે **મહાબળ** અને **ગજેંદ્રને** ગયે લગભગ પોણો કલાક થયો છે, અને તેથી તેઓની અગત્યની વાતચીતોનો આરંભ થઈ ચુકયો હશે."

"હા સુખે જાઓ. ગુરૂદેવ તમારૂં રક્ષણ કરો."—**હરિદાસે** હર્ષપૂર્વક કહ્યું.

તરતજ **હરિદાસ** તથા **વિદુર** સાથે હસ્તમેલાપ કરી **ચંદ્રકાંત** ઉપર ગયો.

પ્રકરણ ૧૮ મું.

ગોતમ અને જમદગ્નિ.

જ્યારે વિશ્વભેદની બીજી ભુમિકાના અધિકારીઓ ઉપદેશામૃતનું પાન કરવાને વિશ્વભેદના સ્થાનકમાં હાજર થયા હતા, ત્યારે **ગોતમ**, **કર્ણ**, અને **કુબ્જા** કાંઈક ખાનગી વાત કરવાને ઘરના એકાંત ભાગમાં આવેલા એક ઓરડામાં ભેળાં થઈ બેઠાં હતાં.

" **કર્ણ**,"—**ગોતમે** કહ્યું—" **હરિદાસ** તો હવે બહુજ કનડે છે. હું જેટલી વાર નીચે ઉતરૂં છું તેટલી વાર તે **જયંતિ**ને માટે માગણી કરેછે."

" સહસ્ત્રવાર ધિરક્કારસહિત ના પાડ્યા છતાં પણ એક ભિક્ષુકની પેઠે યાચના કરતાં મુવાને લાજ થતી નથી !"—**કુબ્જા** નસ્કોરાં ચડાવી બોલી ઉઠી— " હવે તો બારીમાં ઉભાં રહેતાં મને શરમ થાય છે. એક પ્રેતની પેઠે તે આપણાં ઘરનો પીછો મૂકતો નથી. જ્યારે જોઈએ ત્યારે સામે લાંઘવાને બેઠોજ છે."

"અને હું તેને કેમ દૂર કરવો તેનાજ વિચારમાં છું."—**કર્ણે** જવાબ દીધો—"તેને સદાને માટે વેગળો—

"હા, હા. તેમ કરવું બહુ સુગમ છે."—**ગૌતમે** વચમાંજ બોલવા માંડ્યું—"પણ તેમાં મહાન જોખમ સમાયલો છે. એ ઘોર કૃત્ય આપણી ઉશ્કેરણીથી થયું છે, એવું જો સત્તાવાળાઓને જાણવામાં આવે તો આપણી શી દશા થાય?"

"પણ હું તેને મારી નાંખવા સંબંધે કહેતો નથી."—**કર્ણે** ખુલાસો કર્યો.

"ત્યારે?"

"પણ **હરિદાસ** આપણને કનડતો બંધ પડે તેમાટે મને એક સુગમ અને જોખમવગરનો માર્ગ સૂઝે છે."—**કુબ્જા,** કર્ણ બોલે તે અગાઉ બોલી ઉઠી—"**જયંતિનું** આપણે વેશવાળ કરી નાખીએ તો **હરિદાસ** નિરાશ થઈ પોતાની મેળે પાછો પડશે; પછી અહિં બેસવાનું કે તમને વારંવાર વિનતિઓ કરવાનું તેને પ્રયોજન નહિં રહે. વળી **જયંતિ** હવે ઉમ્મર લાયક પણ થઈ છે."

"**કુબ્જા,** તારૂં કહેવું સત્ય છે."—**ગૌતમે** જવાબ દીધો—"મને તારી વાત ગળે ઉતરે છે. ખરેખર! **હરિદાસ**ને દૂર કરવાનો એ એક ઉત્તમ ઉપાય છે."

"પણ પૂજ્ય માતુઃશ્રી! તમારી ધારણા પ્રમાણે **ધનંજય**ના પુત્ર **પ્રભાકર** જોડે લગ્ન થાય એ **જયંતિ**ને રૂચતું નથી તેનું કેમ?"—**કુંર્ણે** પ્રશ્ન કર્યો.

"**જયંતિ**ની પસંદગી ઉપર આપણે આધાર રાખવાનો નથી. તે સુખી થાય એટલુંજ આપણે વિચારવાનું છે."—**ગૌતમે** ઉત્તર દીધો—"**જયંતિ** જોકે પરણવાને યોગ્ય વયની થઈ છે, તોપણ હજી બુદ્ધિમાં બાળક છે, તેથી પોતાનું હિત સમજવામાં જોઈએ તેવી શક્તિમાન નથી. ઉપરાંત મારા વિચારપ્રમાણે વર શોધવાનું કામ કન્યાનું નહિ પણ તેનાં માત-પિતાનું છે.

"જેમ **હરિદાસ**ના મનમાં **જયંતિ** ભરાણી છે, તેમ **જયંતિ**ના મનમાં પણ કાંઈક **હરિદાસ**નું ભુત ભરાણું લાગેછે, અને—

કુબ્જા હજી આગળ બોલે ત્યાં તો **ગૌતમે**

આશ્ચર્ય પામી પૂછ્યું—"શું **જયંતિ** એ નિર્લજ્જ **હરિદાસ**ને ચહાય છે? એ તેં કેમ જાણ્યું?"

"હા, એ વાત તો હું તમને આજપર્યંત કહેતાંજ વિસરી ગઈ છું."—**કુબ્જા**એ ખુલાસો કરવા માંડ્યો—"અમારી વાતચીતોમાં **હરિદાસ** સંબંધે કાંઈ પણ હલકું બોલવામાં આવેછે, ત્યારે **જયંતિ** કચવાયેલી જણાય છે, અને "વગર કારણે એવા શબ્દો બોલવા છાજતા નથી, **હરિદાસ** તમે ધારો છો એવી નઠારી ચાલનો નથી," વગેરે ઉત્તરથી **હરિદાસ**ની તરફેણ કરેછે. કોઈકવાર તો સામું તોનું સુદ્ધાં મારી લેછે. વારંવાર **હરિદાસની** સનમુખ રસ્તાગમની બારીમાં ઉભી રહેછે, એટલુંજ નહિ, પણ થોડાક દિવસ પૂર્વે એકાદ બે વખત તો હાથના ચાળાથી **હરિદાસ** સાથે કાંઈક વાતો કરી હોય, એવો મને સંશય પડયો હતો."

"શું! શું! **જયંતિ**એ **હરિદાસ** સાથે હસ્તચેષ્ટાથી વાતો કરી!"—**કર્ણ** **જયંતિ**નું અયોગ્ય આચરણ સાંભાળી કાંઈક ક્રોધમાં બોલી ઉઠયો.

"જોકે હું નિશ્ચયાત્મકપણે કહી શકતી નથી, તોપણ મારો અનુમાન ખરો છે, એવું મને ભાસેછે."

" જો એમજ હોય તો હવે ગમે તેમ કરીને પણ **હરિદાસ**ને તત્કાળ દૂર કરવાની આવશ્યકતા છે. " **કર્ણે** વળી કહ્યું.

" અને તેમ કરવા અર્થે **જયંતિ**નું વેશવાળ સત્વર થવું જોઈએ. "—**ગૌતમે** પ્રત્યુત્તર વાળ્યો.

" હું ધારૂંછું તેમ **જયંતિ**ના હૃદયમાં **હરિદાસ**—પ્રત્યે પ્રીતિનાં અંકુરો ફૂટયાં હશે, તો તેનો આ સગાઇ થતાંજ ક્ષય થશે, અને વિલંબ કરીશું તો તે અંકુરો પ્રીતિના વૃક્ષરૂપે પ્રગટ થઈ અંતે **જયંતિ**નું જીંવતર દુઃખમય કરી મૂકશે. "–એક ક્રોડાધિપતીના વારસ સાથે **જયંતિ**નું વેશવાળ કરવાની પોતાની લાંબા કાળની ઈચ્છા ફળીભુત થતી જોઈ **કુબ્જા** હર્ષસહિત કહેવા લાગી—" માટે સ્વામીરાજ, એ સગાઈ આજ થઈ શકતી હોય, તો તેમાં કાલ કરવી ઉચિત નથી."

" મારો પણ એજ વિચાર છે. "—**ગૌતમે** **કુબ્જા**ની વાતને ટેકો આપ્યો, અને પછી **કર્ણ** પ્રત્યે પૂછ્યું—"કેમ તમે શું ધારોછે ? "

" પૂજ્ય પિતા, મારા વિચારો આપના વિચારથી કેવળ અભિન્ન છે."

" ઠીક ત્યારે."—**ગૌતમ** બોલ્યો—" એ માટે પ્રસંગ પણ ગોતવા જવો પડે તેમ નથી; કારણકે ગઈ કાલે આપણને પત્ર મળ્યો છે, તે અનુસાર **ચંદ્રનગરવાળા** **મહાબળ** અને **ગજેંદ્ર** આજ રાત્રે અહિં આવવાના છે, અને તેઓ અવશ્ય **પ્રભાકર** તરફથી **જયંતિ**ના હાથની માગણી કરશે, અને—

" અને આપણે તે સ્વીકારવી."—**કુબ્જા**એ અવશેષ રહેલું વાક્ય ઉતાવળે પૂરૂં કરી દીધું.

" **જયંતિ** પોતાના આચાર-વિચારમાં આટલી બધી ફેરવાઈ જશે, એવી જો આપણને અગાઉથી જાણ થાત, તો થોડા મહિના પૂર્વે જ્યારે **પ્રભાકર** તરફનું માગું આવ્યું હતું, ત્યારે લેશ પણ આનાકાની વગર તે સ્વીકારી લેત."—**કર્ણ** ગત બનાવનેમાટે સહજ ખેદ કરતો કહેવા લાગ્યો.—" તોપણ એક રીતે સારૂં છે કે તે પ્રસંગે આપણે નાપાડી નહોતી."

" હા, નહિ તો આપણે તે અવિચારી પગલાં

માટે આજે કાંઇક પસ્તાવું પડત."–**કુબ્જાએ** પોતાનું ડહાપણ ફર્શાવ્યું.

"પસ્તાવું શાને પડત?"—**કર્ણ** કાંઇક ઉંચે સાદે બોલ્યો—"શું પૃથ્વીપર વરની ખોટ પડી છે. રખેને **પ્રભાકર**વડેજ સૃષ્ટિ ચાલતી હોય!"

"ના, ના, ખોડ તો કાંઇએ નથી પડી,"—**કુબ્જા**એ ઉત્તર દીધો—"પણ એવો ક્રોડાધિપતીનો વારસ મળત તેને વાર છે!"

"હશે, **કુબ્જા,** એ વાદ-વિવાદનું હમણા પ્રયોજન નથી."—**ગૌતમ** તેઓની તકરારનો અંત આણવા બોલ્યો—"**કર્ણ,** ચંદ્રનગરવાળા શેઠીઆઓ આવનાર છે, તેઓને યોગ્ય સન્માન આપવાની આપણે ગોઠવણ કરવી જોઈએ. જા તું **વિરોચનને** બોલાવી લાવ, એટલે તે સંબંધે આપણે આગળ વિચાર કરિયે."

કર્ણ તરત ત્યાંથી ઉઠી, બહાર જવાનાં વસ્ત્રો ધારણ કરી, નીચે ઉતર્યો, અને **કુબ્જા,** પોતાની ધારણમાં અંતે સિદ્ધિ પામી તેથી મગ્ન થતી ગ્રહના આંતરભાગવિષે જતી રહી.

થોડી વારમાં તો **કર્ણ વિરોચન**ને લઈ આવ્યો.

"**કર્ણ,**"—**ગૌતમ,** સમીપમાં કોઈ બીજું ન હોય તેની ખાતરી કરવા દરવાજા ભણી દૃષ્ટિ કરી હળવેથી પૂછવા લાગ્યો—"આજે **મહાબળ** આદિકનું કેવા ગુહ્ય પ્રયોજન અર્થે આગમન થાયછે, તે વિષે તેં **વિરોચન**ને જાણીતો કર્યો **છે**?"

"હા, પિતા, મેં સર્વ કહ્યું છે."

"ઠીક, તો તે સંબંધે પુનરુક્તિ કરવાની જરૂર નથી. **વિરોચન,** મારા જ્યેષ્ઠ ભાઈ **જમદગ્નિ** આ અગત્યને પ્રસંગે હાજર થઈ શકે તે માટે તેને બોલાવવા તમે **માયાપુરી** જશો? હું પત્ર લખી બોલાવત, પણ હવે તેમ કરવાને અવકાશ નથી, એટલુંજ નહિં પણ આવી બાબત પત્રદ્વારા લખી જણાવવી એ બુદ્ધિમાનોની પદ્ધતિથી વિરુદ્ધ છે."

"ખરૂં છે. હું જવાને તૈયાર છું."—**વિરોચને** આવાં કાર્યોમાં ખુશીથી સહાયતા આપવાનો પોતાનો સ્વભાવ તરત પ્રદર્શિત કર્યો.

"અને કર્ણ, તું તારા સરસા **રત્નાકર**ને તેડવા

રામેશ્વર જા. કદાચ તારો સાળો **નિસુંદ** પણ સાથે આવશે."

"હા, તેઓ તો આવા પ્રસંગની ક્યારના વાટ જોય છે. વિશ્વભેદની દુષ્ટ સમાજથી તેમને પણ થોડું વેઠવું પડ્યું નથી."—**કર્ણે** ઉત્તર દીધો.

"હમણા નવ વાગવા આવ્યા છે."—**ગૌતમે** પોતાનું ઘડીઆળ જોઈ કહ્યું—"તમે જો ઉતાવળ કરી રેલવે–સ્ટેશને પહોંચશો તો સાડાનવ વાગ્યાની ગાડી તમારે હાથ લાગશે; માટે હવે વિના પ્રયોજન વિલંબ કરો નહિં. હું ધારૂં છું કે સંધ્યાકાળ થવા અગાઉ તો તમે પાછા આવી પહોંચશો? હું તેટલા વખતમાં સર્વ તૈયારી કરી રાખું છું."

કર્ણ અને **વિરોચને** તરતજ નીચે ઉતરી સ્ટેશન તરફનો માર્ગ લીધો, અને **ગૌતમે** નોકરચાકરોને બોલાવી ટેબલ, કુરસી, જાજમ વગેરેની યોગ્ય ગોઠવણ કરવા માંડી. ચાર વાગ્યા નહીં ત્યાં તો **કર્ણ, રત્નાકર** અને **નિસુંદ** હાજર થઈ ગયા.

રત્નાકરની વય લગભગ ચાળિસથી બેતાળીસ વર્ષની હતી. તે કદે મધ્યમ અને બાંધે સબળ

હતો. તેના મસ્તકના આકાર ઉપરથી તે બુદ્ધિમાં ચપળ અને પ્રપંચમાં પ્રવીણ જણાતો હતો. તેના નામ અનુસાર તેની પાસે દ્રવ્યસમૂહ જબરો હતો, અને તે તેના ઠાઠ-માઠ ઉપરથી પોતાની મેળે જણાઇ આવતું હતું. તેના બીડાઈ રહેલા હોઠ તેના દૃઢપણાની કથા કહેતા હતા.

નિસુંદ તેનો પુત્ર હોવાથી તેના કેટલા ગુણો જન્મથીજ સાથે લાવ્યો હતો, પણ ઓછી કેળવણી, ઓછા અનુભવ, ઓછા અંકુશ, અને ચોવીશ વર્ષની કેવળ તરૂણ વયને લીધે સ્વભાવે ઉતાવળો, ઉછાછળો અને ઉદ્ધત હતો. તેને પોતાના પિતાની પેઠે વિશ્વભેદ મંકળીપ્રત્યે ઘણો તિરસ્કાર હતો.

એકાદ કલાકમાં તો **વિરોચન જમદગ્નિને** લઇ આવ્યો. તેણે પોતાના વૃદ્ધ ભાઈ તથા **રત્નાકર** વિગેરે સાથે હસ્તમેળાપ કરી એક કુરસી ઉપર બેઠક લીધી.

"**ગૌતમ,** તમારા ઘરની સામે ઓટલા ઉપર બેઠેલો પેલો યુવાન કોણ છે?"—**જમદગ્નિએ** કાંઈક આતુરતાથી પુછ્યું.

" એ તો પેલા **જયધ્વજનો** નીચ પુત્ર **હરિદાસ** છે, કે જેના ઉપર આપણી **જયંતિ** સાથે અમર્યાદપણે વર્ત્તવાનું કામ ચાલ્યું હતું. "

" ઠીક, ઠીક, હવે ઓળખ્યો. "

થોડીક વાર રહી **ગૌતમે** વાતચીતનો આરંભ કરતાં કહ્યું—" તમારા જેવા ઇષ્ટ સ્નેહીઓની સંમતિ હોય તો **ધનંજય શંખમુખના** પુત્ર **પ્રભાકર** જોડે મારી પુત્રી **જયંતિનું** હું વેશવાળ કરવા ઇચ્છું છું. "

" ખરેખર, તમારો વિચાર બહુ સ્તુત્ય છે. "—**રત્નાકરે** પોતાના મતનો ઉચ્ચાર કર્યો—" **જયંતિ** એ સંબંધથી સુખને પામશે એવી મારી ખાતરી છે."

"મારો પણ એજ અભિપ્રાય છે. "—**જમદગ્નિ** બોલ્યો—" વિશ્વભેદનો વિનાશકારક વાયુ મગજમાં ભરી રાખનારા યુવાનો કરતાં સહસ્ત્ર ગણો વધારે સારો છે. વળી ઉચ્ચ કુળનો હોવા ઉપરાંત પૈસેટકે ભરપૂર, અને ભવિષ્યના ઉપયોગ માટે ધનસંગ્રહની ચિંતા થકી રહિત છે. ખરેખર, હું તમારી એ પસંદગીને માટે તમને ધન્યવાદ આપુંછું."

"**નિસુંદ**, ચાલો આપણે **ચંચળાને** મળી આવીએ. અનુમાન છ મહિના થયા આપણે મળ્યા નથી."—**રત્નાકર** બીજાઓ સાંભળે તેમ પોતાના પુત્રપ્રત્યે કહી કુરસી ઉપરથી ઉઠ્યો. **નિસુંદ** પણ તરતજ ઉભો થયો, અને **કર્ણ** તેમને ઘરના અંદરના ભાગમાં લઈ ચાલ્યો.

"**ગૌતમ**, **રત્નાકર** પોતાની પુત્રીને મળી આવે તેટલામાં મારે તમારી સાથે કાંઈક ખાનગી વાત કરવી છે."—**જમદગ્નિએ** કહ્યું, અને પછી **વિરોચન** તરફ ફરી બોલ્યો—"ભાઈ **વિરોચન**, તમને અહિં મૂકી અમે ચાર-પાંચ પળ બાજુના ઓરડામાં બેસિએ તો તે અવિવેક ગણશો નહિં."

"તેમાં અવિવેક જેવું કાંઈએ નથી."—**વિરોચને** સભ્યતાથી ઉત્તર દીધો.

બાજુના ઓરડામાં જઈ બેઠક લેતાંજ **જમદગ્નિએ** ધીમે સાદે પુછ્યું.—"સામે બેઠેલો યુવાન, **જયધ્વજનો** પુત્ર **હરિદાસ** છે એવી તમને ખાતરી છે?"

"હા, હા,"—**ગૌતમે** ઉત્તર દીધો—"એમાં

લેશ પણ સંશય નથી. પણ પ્રિયભાઈ, આ ખાસ પ્રશ્નનું શું પ્રયોજન છે."

"ના, ના, સહેજ."—**જમદગ્નિએ** ઉડાવનારા પ્રત્યુંત્તરથી પતાવવા માંડયું—"સમાનપણાની ભ્રાંતિથી મને કાંઈક ભય ઉત્પન્ન થયો હતો, પણ તે વિષે અધિક ચરચા આપણે વિશેષ અવકાશે કરીશું. મારે માથે આવી પડેલી મહાન્ વિપત્તિથી હું તમને જાણીતા કરવા માગુંછું. પણ **ગૌતમ,** સમીપમાં આપણી વાતચીતો કોઈને સંભળાવાનો તો સંભવ નથી?"

"ના તે વિષે નચિંત રહો."—**ગૌતમે** ઉત્તર વાળ્યો, અને પછી પોતાની કુરસી વધારે પાસે ખેંચી મંદ સાદે પૂછ્યું—" જયેષ્ઠ ભ્રાતા, એવું તે કયું સંકટ તમને સંતાપે છે?"

"**ગૌતમ,** તમે જાણો છો કે ઘણા વર્ષોની વાત ઉપર વિશ્વભેદનો ગુહ્યમર્મ જાણવા અર્થે **રઘુનાથ** નામના એક યુવાન પુરૂષની સાથે મેં મૈત્રી કરી હતી, અને જ્યારે તે મૈત્રીના દબાણવડે હું તેની આગળથી વિશ્વભેદની છૂપી વાતો કઢાવવાને શક્તિમાન થયો નહિં ત્યારે તેને અનેક પ્રાણઘાતક

દુ:ખો આપી તે વાત બળાત્કારે બોલાવવાનો મેં પ્રયત્ન કર્યો હતો.”

“હા **તે** સર્વ તમે મને કહ્યું હતું.”

“અને મારાં આ કાર્યોમાં મને **દુર્જયે** સહાયતા આપી હતી.”

“તે પણ હું જાણું છું.”—**ગૌતમ** વાતચીતના અગત્યના વિભાગ ઉપર આવવાની ઉત્સુકતાને લીધે ગતવર્ણન ટુંકેથી પતાવવા લાગ્યો.

“આ અભાગ્યાં કૃત્યો **દુર્જય** જાણતો હોવાથી તેણે કેટલેક અંશે મને પોતાના અંકુશતળે રાખ્યો હતો, અને મારી પાસેથી વારંવાર નાણાની મોટી રકમો કઢાવી હતી. છેવટે દ્રવ્ય આપવાની મેં ના પાડતાં સર્વ વાત પોલિસ આગળ પ્રકટ કરવાની તેણે મને ધમકી આપી.—

“પણ પોતાની વાત સિદ્ધ કરવાનું તેની આગળ સાધન ક્યાં છે?”—**ગૌતમે** વચમાંજ પ્રશ્ન કર્યો.

“અરે, સાધનતો ત્રણ છે!”—**જમદગ્નિ** ગ્લાનિયુક્ત સાદે બોલ્યો—“**એકતો** **રઘુનાથ** પોતે,—

"તે ક્યાં છે?"—**ગૌતમે** ચોંકીને પૂછ્યું—"હું એને પહોંચી વળીશ."

"પણ તે ક્યાં છે તે હું જાણતો નથી, તેમ તે જીવતો છે કે મરી ગયો તે પણ હું જાણતો નથી. તે દિવસના બનાવ પછી તેઓ **માયાપુરીનો** ત્યાગ કરી ગયા અને ત્યારના પાછા મારી દૃષ્ટિએ પડ્યા નથી; નહિં તો હું પણ સર્વ ઠીક કરત. બીજું સાધન એ કે મારી વતી એ ઘોર કૃત્ય કરનાર **કુંભ** હજી જીવતો છે, અને લક્ષ્મીની લાલચથી કરેલા એ કૃત્યને માટે હવે અત્યંત પસ્તાય છે."

"પણ **કુંભ** મરી ગયોછે, એવું થોડાં વર્ષો પૂર્વે તમે મને કહેતા હતા તે!"—**ગૌતમે** આશ્ચર્યદર્શક ચહેરે કહ્યું.

"તે હું **દુર્જયે** આપેલી ખબર ઉપરથી કહેતો હતો, અને **કુંભ** જીવતો છે, એ વાત પણ લગભગ બે મહિના પૂર્વે **દુર્જયેજ** મને કહી છે. **રઘુનાથ** કદાચ જીવતો હોય, અને **કુંભ** કદાચ જીવતો હોય, તો તેથી હું લેશ માત્ર પણ બ્હીતો નથી; કારણ કે મારો અપરાધ સિદ્ધ કરવા માટે તેઓ આગળ

એક અણુસરખો પણ પુરાવો વિદ્યમાન નથી. મને જે ભય છે, તે માત્ર એ દુષ્ટ **દુર્જય**નો છે. **રઘુનાથ** ઉપર પાડેલાં દુઃખોનું, અને મને અંતે મારી ધારણામાં મળેલી નિષ્ફળતાનું વિસ્તૃત વૃત્તાંત મેં જે પત્રમાં તમને લખ્યું હતું, અને જે પત્ર ટપાલમાં ગેરવલે ગયાનું આપણે આજ પર્યંત માનતા આવ્યા છિયે તે મારા હસ્તાક્ષરનો પત્ર કપટી **દુર્જયે** ટપાલમાં નહિં નાંખતાં પોતા પાસે સાચવી રાખ્યો છે. પ્રિય ભાઈ, મને **દુર્જય**ના સપાટામાંથી મુક્ત કરવા તમારે અવશ્ય કાંઈક કરવું જોઈએ."

આટલી વાત સાંભળી **ગૌતમ** કાંઈક ઊંડા વિચારમાં સ્થિત થયો, અને થોડી પળ સૂધી એક શબ્દ પણ બોલ્યો નહિં.

"**ગૌતમ,** મને એક યુક્તિ સૂઝી છે."—**ગૌતમ** બોલે તે અગાઉજ **જદમગ્નિ** કહેવા લાગ્યો—"તે એ કે તમે એકવાર તેને તમારા વિશ્વાસમાં લ્યો."

"જ્યેષ્ઠ ભાઈ, હું પણ એજ સંકલ્પ કરતો હતો. મારો વિચાર એવો છે કે તેનો વિશ્વાસ સંપાદન ક-

રવા અર્થે પ્રથમ સારા પગારથી હું તેને મારી ચાકરીમાં રાખું."

"અરે હા! એ વિચાર ખરેખર ઉત્તમ છે!"—**જમદગ્નિ** મગ્ન થઈ બોલ્યો—"એ વિનાશકારક પત્ર **દુર્જય** સદા પોતાના કમર પટામાં રાખેછે, અને તેથી જ્યારે તે ગાઢ નિદ્રાને આધીન હોય, ત્યારે સુખે—

"નહિં, નહિં, એ કેવળ અશક્ય અને હાનીકારક છે."—**ગૌતમે** પોતાનો અભિપ્રાય આપ્યો—"ટુંક વખતમાં સર્વ સમાધાન કરી દેવાનું હું પણ લઉં છું; માટે પ્રિય ભાઈ, તમે **દુર્જય** સંબંધે નિશ્ચિત થાઓ, અને ખાતરી રાખો કે એ **દુર્જયનો** પરાજય થઈજ ચુક્યો છે."

"પણ **ગૌતમ,** વિ. ભે. સંવત ૮૦૧૫ ના માર્ગશીર્શ શુદ્ધ ૧૩ દિને મેં તમને પત્ર લખ્યો હતો, તે તમે ભૂલમાં રાખી તો નથી મૂક્યો?"—**જમદગ્નિએ** પૂછ્યું.

"જે સહી વગરના પત્રમાં **દુ:શાસનનું** વૈર લેવામાટે, વિશ્વભેદનું સ્થાનક તેની તળે છાની રીતે

ભોંયરૂં ખોદાવી દારૂ ગોળાથી ઉડાડી મૂકવાની તમે સૂચના લખી હતી, અને જેના કવર ઉપરનું સરનામું તમે બીજાને હાથે કરાવ્યું હતું તે?"

"હા, એજ."—**જમદગ્નિએ** ઉત્તર દીધો—"જ્યારથી **રઘુનાથ** સંબંધી પત્ર ગેરવલે ગયો, ત્યારથી આવી બાબતો લખતી વખત હું બહુ સંભાળ રાખું છું."

"એવો નુકશાનકારક પત્ર હું રાખું!"—**ગૌતમે** ઉત્તર દીધો—"તેને તો તેજ પળે ફાડી, સૂક્ષ્મ કટકા કરી, સળગતી સગડીમાં મેં બાળી મૂકયો હતો."

આ પ્રમાણે લગભગ અર્ધ કલાક વાતો કરી તેઓ **વિરોચન** બેઠો હતો ત્યાં આવ્યા. **રત્નાકર, નિસુંદ,** અને **કર્ણ,** ગૃહના આંતર ભાગમાંથી પાછા આવીને બેઠા હતા. એકવાર ફરીથી વાતોના ગપાટા ચાલવા લાગ્યા, અને તેમાં કયા મુખ્ય કાર્ય-અર્થે આજે સર્વનું ભેળુ થવું થયું હતું, તે વિષે ગંભીર ચરચા કરવામાં આવી. અંધારૂં થવા આવેલું હોવા-થી ચિત્ર-વિચિત્ર રીતે ગોઠવેલા વિજળીના કેટલાક

દીવાઓ પ્રકટ કરવામાં આવ્યા. ઓરડાના મધ્યમાં ટાંગેલું વિજળીક ઝુમ્મર જાણે પોતામાં અનેક ચંદ્રોને ધારણ કરી બેઠું હોય તેવું લાગતું હતું. આરસપાણના ટેબલ ઉપર પડેલા એક સુંદર વાસણમાં નાના–પ્રકારના સુગંધી ફૂલોનો તૂરો ખોસેલો હતો, અને તે ફૂલો ઉપર કેટલાક ધાતુની બનાવટના પણ તદ્રૂપ દેખાતા ટીડો મહા ચાતુર્યથી ગોઠવેલા હતા. આ ટીડો વિજળીના પ્રવેશથી જાણે જીવતા પ્રાણીઓ હોય, તેમ ગતિમાન થવા ઉપરાંત આંખદ્વારા ચમકારા મારતા હોવાથી ચિત્તને રંજન કરતા હતા.

હાસ્યવિનોદમાં સમય સત્વર વ્યતીત થઈ ગયો, અને અંતે આઠ વાગ્યા. થોડી વારમાં તો સમીપ આવતી ગાડીનો શબ્દ તેમને કાને પડ્યો. ગાડી નીચે દરવાજા આગળ ઉભી રહી. અને કુર્ણે બારીમાંથી જોઈ કહ્યું—"પૂજ્ય પિતા, **મહાબળ, ગજેન્દ્ર** અને **ગર્વેશ્વર** આવે છે."

નિમેષ માત્રમાં તો તેઓ ઉપર આવી પહોંચ્યા. પરસ્પર કુશળ સમાચાર પૂછી, **રત્નાકર** વગેરે સાથે

તેઓની ઓળખાણ કરાવવામાં આવી, અને આ ધનાઢ્ય મંડળ એકવાર ફરીથી વાતચીતમાં નિમગ્ન થયું. પાંચેક મિનિટ રહી ભોજન પિરસવાની ચાકરોને આજ્ઞા કરવામાં આવી. ભોજન પિરસાઈ રહેતાં સર્વ ભોજન ગૃહમાં આવ્યા, અને સ્વાદેંદ્રિયની સાથે નેત્ર તથા નાસિકા ઇંદ્રિને પણ તૃપ્તિ આપે એવા સુંદરસ્વાદમય, સુંદરઆકારમય, સુંદરરંગમય, અને સુંદર સુગંધમય, ભોજનોનો અહાર કરવામાં મંડ્યા. અનેક પ્રકારની વનસ્પતિનાં શાકોથી, જાત જાતનાં મિષ્ટાન્નોથી, પ્રિય લાગતાં પકવાન્નોથી, દૂધની બનાવેલી વિવિધ વસ્તુઓથી, અને નાના પ્રકારનાં ચટણી તથા અથાણાં આદિકથી, જાણે પાકશાસ્ત્ર પોતેજ બહુરૂપી વેશ ધારણ કરીને જુદી જુદી થાળી-ઓમાં કેમ બેઠું હોય, તેવું લાગતું હતું. અર્ધ કલાકમાં સર્વ જમીને પાછા બેઠા હતા ત્યાં આવ્યા.

પ્રકરણ ૧૯ મું.

વિદુરની વલે.

થોડી વાર થઈ નહીં ત્યાં તો ચાકરે આવી ખબર આપ્યા કે, એક અજાણ્યો ગૃહસ્થ **મહાબળ** શેઠની પૂછા કરે છે.

"ક્યાં છે? તેનું નામ શુ?"—**ગૌતમે** પૂછ્યું.

"સાહેબ, તે તેણે મને કહ્યું નથી."—ચાકરે ખુલાસો કરવા માંડ્યો—"પણ તે દેખાવે ભભકાદાર, શરીરે જાડો, અને વદને શ્યામ છે. તેને ઉપર મોકલવો કે કેમ તે વિષે હું આપની આજ્ઞા લેવા આવ્યો છું."

પ્રિય વાંચનાર, આ નવો આવનાર ગૃહસ્થ બીજો કોઈજ નહિ પણ **ચંદ્રકાંત** હતો.

"ચાલ, હું નીચે આવુંછું."—એમ કહી **મહાબળ** પેલા નોકર સાથે નીચે આવ્યો.

મહાબળ આવી પહોંચતાં **ચંદ્રકાત** ઉભો થયો, અને જાણે **મહાબળને** ઓળખતોજ ન હોય તેવું

ડોળ કરી બોલ્યો—"શું તમારૂં નામ **મહાબળ** છે?"

"હા" **મહાબળે** ઉત્તર દીધો.

"ઠીક, ત્યારે તો મારી દીર્ઘ કાળની આશાઓ આજે ફળીભૂત થશે."—**ચંદ્રકાંતે** હર્ષપૂર્વક કહ્યું—"પણ સાહેબ, હું કાંઇપણ વિશેષ બોલું તે અગાઉ તમને આપેલા શ્રમ માટે મને ક્ષમા માંગવા દેશો."

"તેની કાંઈ ચિંતા નહિ."—**મહાબળે** પણ સામો વિવેક કર્યો—"જેમ તમે મને ઓળખતા નથી, તેમ હું પણ તમને ઓળખતો નથી; તેથી પ્રથમ તમારૂં નામ પૂછવાની મને રજા આપશો?"

"ઘણી ખુશી સાથે. મારૂં નામ **જગબંધુ શિવાન્ધ** છે. હું જે કાર્ય અર્થે આવ્યોછું તે અત્યંત અગત્યતા અને ગંભીરતાવાળું ન હોત તો આવે અયોગ્ય વખતે, અને એક પારકા ગૃહસ્થના ગૃહવિષે હું તમને કદી પણ શ્રમ આપત નહિં. પણ **મહાબળ** શેઠ, આપણી હવે પછીની વાતચીત બીજા અપાત્રોને કાને જવાનો લેશ પણ સંભવ નથી, એવી મને

પ્રથમ ખાતરી આપેશો ?"—**ચંદ્રકાંત** શાંત મુખમુદ્રા રાખી બોલ્યો.

"હા, તે કારણસર તમે યત્કિંચિત્ પણ સંકોચને પામશો નહિં."

"ઠીક, તો તમે તમારી કુરસી સહજ મારી સમીપમાં લ્યો."—એમ કહી **ચંદ્રકાંતે** પોતાની કુરસી પણ બે ડગલાં આગળ ખેંચી, અને ધીમે પણ ખોખરે સાદે કાંઇક વાતો કરવા માંડી.

વાતચીત દરમ્યાન પ્રસંગને અનુસરી ગંભીરતા, શોક, ક્રોધ, અને હાસ્ય આદિક મનોવિકારને **ચંદ્રકાંત** પોતાના મુખકમળ ઉપર પ્રદર્શિત કરતો હતો. આ સર્વેની **મહાબળ** ઉપર જબરી અને જોઇતી અસર થઈ, અને અંતે પાંચેક મિનિટ પછી વાત સમાપ્ત થતાં **મહાબળ ચંદ્રકાંત**નો હસ્ત પોતાના હસ્તમાં ગ્રહણ કરી આનંદ પામતાં બોલ્યો—"**જગબંધુ,** તમે ખરેખર યોગ્ય સમયે આવી પહોંચ્યા છો. જે કાર્ય અર્થે તમે આવ્યાછો તેજ કાર્ય અર્થે અમે પણ આવ્યા છિયે. જો બીજાઓનો ઉત્સાહ તમારા અને મારા ઉત્સાહ જેવો

પ્રબળ હશે, તો સફળતા સંશય રહિત છે. **ગૌતમ** આદિક મારી વાટ જોતા હશે; માટે ચાલો આપણે ઉપર જઈએ."

ઓરડામાં પગ મૂકતાંજ સર્વ જણની દૃષ્ટિ **ચંદ્રકાંત** ગમ ખેંચાઈ, **ચંદ્રકાંતને** ઓળખાઈ જવાનો ભય નહોતો, અને તેથી તેના મુખારવિંદમાં જરા પણ ફેરફાર થયો નહિં. **મહાબળે** તરતજ **ચંદ્રકાંતની** સર્વસાથે ઓળખાણ કરાવી, અને નીચે થયેલી વાતચીતનો સંક્ષિપ્ત સારાંશ કહી સંભળાવ્યો. **ગજેન્દ્ર, ગૌતમ, જમદગ્નિ, રત્નાકર, નિસુંદ,** કર્ણ તથા **વિરોચને** એક પછી એક **ચંદ્રકાંતની** સાંથે હર્ષપૂર્વક હસ્તમેળાપ કર્યા, અને **ચંદ્રકાંતે** તેઓના પ્રસંશાયુક્ત વચનોનો યોગ્ય શબ્દોમાં પ્રત્યુત્તર વાળ્યો.

"હું એક પંથને બે કાર્ય કરવા આવ્યો છું"—સર્વ શાંત થતાં **મહાબળે** ઉચ્ચાર કર્યો—"અને તેમાંનું બીજું કાર્ય નાનું હોવાથી પ્રથમ સમાપ્ત કરવા ઇચ્છું છું."

"તે શું છે?"—**ગૌતમે** પૂછયું?

" **ધનંજય**ના પુત્ર **પ્રભાકર** તરફથી હું તમારી પુત્રી **જયંતિ**ને માટે માગું લાવ્યો છું, અને મને પૂર્ણ આશા છે કે તે સ્વીકારવામાં તમે બાધ જોશો નહિં."—**મહાબળે** ખુલાસો કર્યો.

" **ગૌતમ** એ સગપણથી **જયંતિ** સુખી થશે એવી મારી ખાતરી છે."—**રત્નાકરે** સંમતિ આપી—" હું સ્વાનુભવથી કહી શકું છું કે જેમ **ધનંજય** અને **પ્રભાકર** સ્વાભાવે સરળ અને આનંદી છે, તેમ, **પ્રભાકર**ની માતા પણ માયાળુ અને ઉદાર છે."

" અને ક્રોડાધિપતિ હોવાથી તમારા જેવા શ્રીમાન કુટુંબ સાથે જોડાવાને ખરેખર યોગ્ય છે."—**વિરોચન** બોલી ઉઠયો—"એટલુંજ નહિં, પણ તેઓ આપણી પેઠે વિશ્વભેદના વૈરી છે."

" હું પણ તેમાં કાંઈ બાધ જોતો નથી."—હવે **જમદગ્નિ**એ કહ્યું—"મેં **પ્રભાકર**ને બે ત્રણવાર દીઠો છે. તે દેખાવે રૂપાળો, વાણીમાં સભ્ય, અને વર્ત્તનમાં વિવેકમાન છે."

"કેમ **જગબંધુ**, તમારો શો અભિપ્રાય છે?"—**નિસુંદે** પૂછ્યું.

"મેં **ધનંજય** વિષે અગાઉ કેટલુંક સાંભળ્યું છે,"—**ચંદ્રકાંતે** પોતાનો અભિપ્રાય આપ્યો—"અને જો કે મેં **પ્રભાકરને** કોઈ વખત જોયા નથી, તેમ હું તેઓની સાથે જાતે સંબંધમાં આવ્યો નથી, તોપણ એટલી તો ભલામણ કરી શકું છું કે, જ્યારે મિત્રમંડળ આ સગાઈ કરવાની તરફેણમાં મત આપેછે, ત્યારે **ગૌતમ** શેઠે તેઓથી ભિન્ન વિચાર ધરાવવો જોઇતો નથી."

"કેમ **કર્ણ**, તારો શો વિચાર છે?"—**ગૌતમે** પોતાના પુત્રને બોલાવી પૂછ્યું.

"પૂજ્યપિતા, હું એ સંબંધની વિરૂદ્ધ નથી."—**કર્ણે** ઉત્તર દીધો—"પછી પણ જેવી તમારી ઇચ્છા, યોગ્યાયોગ્યનો વિચાર કરવામાં તમે મારા કરતાં વધારે સમર્થ છો."

"ઠીક, તો હું **પ્રભાકરની** માગણી ખુશી સાથે સ્વીકારૂંછું."—**ગૌતમે** જાણે બીજાઓના દબાણને લીધે હા પાડી હોય એવું ડોળ કરી કહ્યું.

" ત્યારે હવે વર તરફથી **જયંતિને** વસ્ત્રાભૂષણો અર્પણ કરવાની ક્રિયા માટે કયો દિવસ નિર્માણ કરશો ?" **ગજેંદ્રે** આતુરતાથી પૂછ્યું.

અહિં **કર્ણ** અને **ગૌતમે** થોડી વાર પોતપોતામાં મસલત કરી, અને પરિણામે એ મંગળક્રિયા માટે આવતી કાલનો દિવસ ઠરાવવામાં આવ્યો.

" **રત્નાકર,** "—**ગૌતમ** બોલ્યો—જે કાર્ય અર્થે આજે આપણે એકઠા થયા છિયે, તેનો હવે આરંભ કરિયે. વિશ્વભેદની સત્તાનો વિનાશ થયેલો જોવાને હું કેવળ અધીરો બની રહ્યોછું. મારો વ્હાલો અને જ્યેષ્ઠ પુત્ર **દુઃશાસન** વિ. ભે. સંવત ૮૦૧૦ ના વર્ષમાં એ દુષ્ટ સમાજનો ભોગ થઇ મૃત્યુને પામ્યોછે, તે દિવસથી વિશ્વભેદનો લય કરવાની મેં પ્રતિજ્ઞા લીધી છે."

" અરે ! હું પણ એવાજ પ્રકારની પ્રતિજ્ઞાથી બંધાયેલોછું."—**રત્નાકરે** જુસ્સાસહિત ઉત્તર દીધો– "જેમ મયુર વરસાદનું ચિંતન કરે તેમ હું આવા પ્રસંગનું કયારનો ચિંતન કરતો હતો. વિશ્વને ભ્રષ્ટ કરનાર એ વિશ્વભેદ ભંડળી દ્વારા હું મારા બે

ભાઇઓ **ભાસ્કર** અને **મહોદર**ને ખોઈ બેઠો છું. **ભાસ્કર** તો વિશ્વભેદની ઉભય માર્ગની સાતે ભૂમિકા પૂર્ણ કર્યા પછી એકાએક અલોપ થઈ ગયો છે, તે ૧૧ વર્ષ થયાં પાછો મળ્યો નથી, ત્યારે **મહોદર** એ મંડળીના મહોત્સવમાં પકડાઇ જતાં, **ગજેંદ્ર** અને **મહાબળ**ના પુત્રોની પેઠે દુ:ખદાયક ગતિએ પહોંચ્યો છે."

"હું મારા પુત્રનું વૈર લીધા વિના રહેનાર નથી."—**ગજેંદ્ર** ઉશ્કેરાઈને બોલી ઉઠયો—"અહા, એ વિઘ્ન-સંતોષી મંડળીએ મને તો નિર્વંશ કર્યો છે."

"અને મને સહન કરવી પડેલી ચિંતા અને દુ:ખ કાંઈ નહાનાં નથી,"—**ચંદ્રકાંત** ખેદયુક્ત સાદ કરી બોલ્યો—"આવા મહાન અનર્થો ભવિષ્યમાં ન થાય, તે માટે મારે પ્રબળ પ્રયાસ કરવો ઘટે છે."

આટલી વાતચીત થઇ રહ્યા પછી પ્રત્યેકે વિ-શ્વભેદની સત્તાનો સંહાર કરવા પાછળ પોતાની સર્વ પૂંજીનો વ્યય કરવા પવિત્ર સોગંદ લીધા.

"માત્ર આપણા પાંચ છ જણના એકત્ર થવાથી ધારેલો હેતુ પાર પડવાનો નથી."—**જમદગ્નિ**એ કહ્યું.

"નહિંજ તો."—**મહાબળે** ઉત્તર દીધો—"બીજા અસંખ્યજનો જેઓ આપણી પેઠે એ મંડળીથી દુઃખ અને સંતાપ પામ્યા છે, તેઓ આ કાર્ય સિદ્ધ કરવામાં પોતાથી બનતી સહાયતા આપશે. એવા લગભગ ચાળીસ માણસોનાં નામ તો મેં મેળવી રાખ્યાં છે. અનુમાન પાંસઠ નામોનો સંગ્રહ **ગૌતમ** પાસે છે—

"અને એંશી ના બરાબર ચોર્યાસી ગૃહસ્થોએ એ કાર્યમાં અનુસ્યૂત થવાની **રત્નાકર** આગળ પોતાની ખુશી દર્શાવી છે."—**ગૌતમે** સંતોષથી ઉચ્ચાર કર્યો.

"ઉપરાંત બીજા અનેક મનુષ્યો એ વિષે તજવીજ કરતાં આ શુભ કાર્યમાં ભાગ લેશે."—**કર્ણે** કહ્યું.

"હવે આપણો આ મહાન મનોરથ પૂર્ણ કરવા માટે આરંભમાં શા પગલાં ભરવાં જોઇએ તેનો વિચાર કરીએ."—**નિસુંદે** ગંભીરતાથી સૂચના કરી.

"હા."—**વિરોચને** તે વાતને ટેકો આપતાં કહ્યું—"પ્રથમ તો **મણિપુર** અને આસપાસના ગામોમાંથી કોણ કોણ વિશ્વભેદની વિરૂદ્ધ છે તે શોધી કાઢી તેઓનાં નામની એક ટીપ કરવી, અને ત્યાર પછી પ્રત્યેક પોતાની શક્તિ અનુસાર સંહાર-

કારક શસ્ત્રોનો સંગ્રહ કરી, વખત આવે વિના-વિલંબ તે ધારણ કરે, એવા બળવાન અને શૂરા માણસોની ચોક્કસ સંખ્યા હમણાથીજ મેળવી રાખવી."

"બરાબર."—ગજેંદ્રએ પોતાનું મળતાપણું દર્શાવ્યું—"અને જ્યારે સર્વ યુદ્ધ-સામગ્રી તૈયાર થાય, ત્યારે ચોક્કસ દિવસ નિર્માણ કરી તે દિવસે વિશ્વ-ભેદની સત્તા સામે બળવો કરવો."

"પણ તે બળવો વિશ્વભેદની સત્તા સામે નહિં, પણ પ્રજાસત્તાક રાજ્યની સામે કરવો પડશે."—ચન્દ્રકાંતે કહ્યું—" કારણ કે વિશ્વભેદની સત્તાનું આપણા રાજ્યતરફથી પાલન કરવામાં આવેછે, અને તેથી વિશ્વભેદ સામે બળવો થતાંજ રાજ્યનું આખું સૈન્ય તેના રક્ષણ અર્થે સજ્જ થશે. તમે શું નથી જાણતા કે રાજ્યસભાનું પ્રમુખપદ સુદ્ધાં વિશ્વભેદના મહાગુરુજીજ ભોગવે છે ! ?"

" ખરેખર, જગબંધુનું કથન યથાસ્થિત છે."—રત્નાકર જરાકવાર વિચાર કરી બોલ્યો—"પણ

એટલેથી આપણે ભય પામવાની જરૂર નથી. જ્યાંસૂધી રાજ્યબંધારણ ફરે નહિં, ત્યાંસૂધી વિશ્વભેદની સત્તા ચળાયમાન થનાર નથી, એ નિર્વિવાદ છે; માટે રાજ્યવિરુદ્ધ બળવો કરાવી, તેના પુરાતન કાળથી ચાલતા આવેલા કેટલાક અયોગ્ય અને અસહ્ય કાયદાઓનો નિષેધ કરાવવો. મને નિઃશંક ખાતરી છે કે પ્રજાનો મોટો ભાગ આપણા વિચારને અનુસરનારો નિકળશે. "રાજ્યનું અસ્તિત્વ પ્રજાવડે અને પ્રજાના લાભઅર્થે છે, તેથી પ્રજાની ઇચ્છાનુસાર તે ચાલવું જોઈએ." એ બુદ્ધિમાનોનું સૂત્ર છે. તમે સર્વ જાણોછો કે રાજ્ય ગમે તેવું બળવાન હોય, તોપણ તે સમગ્ર પ્રજાના વિરુદ્ધપણા આગળ ટકી શકતું નથી."

"પણ રાજ્યને અષ્ટસિદ્ધિવાન્ મહાગુરુજીઓ સહાયતા આપેછે તેનું કેમ!"—**ચંદ્રકાંતે** વળી બીજી શંકા કરી.

"તેમ વિશ્વભેદની ચોટી માર્ગની સાતમી ભૂમિકા પૂર્ણ કરેલા કેટલાક સિદ્ધગુરુજીઓ, જેઓ વિશ્વભેદના ઘાતકીપણાથી કંટાળી ગયાછે, તેઓ આપણી

તરફ થવાને કેવળ તત્પર છે."—**ગૌતમે** ગર્વથી સમાધાન કર્યું—"તેઓનાં સગાં-સ્નેહીઓ પણ આપણાં સગાં-સ્નેહીઓની પેઠે વિશ્વભેદના ભોગ થઈ પરલોકમાં પહોંચ્યા છે."

"વળી દ્રવ્ય પ્રતાપે સમગ્ર રાજ્યસૈન્ય નહીં તો તેનો કેટલોક ભાગ આપણે રાજ્યનીજ વિરુદ્ધ કરી શકીશું."-**નિસુંદે** વાક્યપૂર્તી કરી.

"હા, તેમાં તો લેશમાત્ર પણ સંશય નથી,"—**ગજેંદ્ર** બોલ્યો.

હવે આ મલિન મંડળને શિક્ષાપાત્ર ઠરાવવાને બસ થાય એટલો રાજ્યદ્રોહી સંવાદનો સંગ્રહ તેની શબ્દ-ગ્રાહક પેટીમાં થઈ ગયો છે, એવું ધારી **ચંદ્રકાંત** પોતાની બેઠક ઉપરથી ઉઠયો, અને કરેલા સંકેત-અનુસાર રસ્તાગમની બારીમાં ડોકાઇ રૂમાલ વતી નાક સાફ કરવા લાગ્યો.

આ વખતે સાડાનવ વાગ્યા હતા. **હરિદાસ** અને **વિદુર, ચંદ્રકાંત** તરફથી થનાર નિશાનીની આતુરતાથી વાટ જોતા હતા, તેથી ઇશારત થતાંજ એક પળનો પણ વિલંબ કર્યાવગર **વિદુર** પોલિસ-

સ્થાને જવા ઉપડયો. થોડીક વારમાં તો તે કેટલાક હથિયારબંધ સિપાઈઓ અને પોલિસના મુખ્યાધિકારી સહિત પાછો આવ્યો, અને હરિદાસ સાથે વાત કર્યાવગરજ તેઓને ઉતાવળે ઉપર લઈ ચાલ્યો. નિમેષમાત્રમાં તો જે ઓરડામાં સર્વ બેઠાં હતાં, ત્યાં તેઓ આવી પહોંચ્યા. ઓરડામાં પગ મૂકતાંજ વિદુર સ્તબ્ધ થઈ ગયો. તેની છાતી જે માત્ર થોડીજ વાર અગાઉ હર્ષથી ઉભરાતી હતી, તે હવે ભય અને ચિંતાથી છલકાવા લાગી. કપાળ પરસેવાથી ભીંજાઈ ગયું, અને વાચા અસહ્ય ગભરાટને લીધે બંધ થઈ ગઈ. પ્રિય વાચકવૃંદ ! આમ થવાનું શું કારણ હતું ? માત્ર એટલુંજ કે જેની નિશાનીથી તે સિપાઈઓને લઈ આવ્યો હતો તે **ચંદ્રકાંત** ત્યાં દૃષ્ટિએ પડતો નહોતો.

"**ચંદ્રકાંત** ક્યાં ગયો ? તેનું શું થયું ? મારા આવ્યા અગાઉ તો તે જતો રહ્યો નહિં હોય ? અરે, ઉપર ચઢ્યા અગાઉ ઉતાવળના આવેશમાં મેં હરિદાસ સાથે પણ વાત ન કરી. હવે સિપાઈઓને હું શો ઉત્તર દઈશ ? શું કહીશ ?

શો આધાર દર્શાવીશ? તેઓ મારૂં કેમ માનશે? મારૂં શું થશે?”—વગેરે નદીના પૂરની પેઠે ધસારાબંધ આવતા વિચારોથી તે મુંઝાઈ ગયો.

“વિશ્વભેદ વિરૂદ્ધ કાવતરૂં કરવાના અપરાધસર તમે આ શ્રીમાન ગૃહસ્થોમાંથી કોને પકડાવવા ઇચ્છો છો?”—વિદુરને દિગ્મૂઢ બનેલો જોઈ પોલિસના વડાએ ક્રોધમાં પૂછયું.

“હું મારા મિત્ર જગબંધુના કહેવાથી તમને અત્ર લઇ આવ્યો છું; તે થોડીવાર અગાઉ આ ઓરડામાં હતો, પણ હમણા અહિં દેખાતો નથી. કોને પકડવા છે, અને કોને નહિં, એ સર્વ તે જાણે છે.”—વિદુરે મહામેહેનતે વાચા ઉઘાડી ખુલાસો કર્યો.

“જૂઠા! જગબંધુ કોણ ને વાત શી! અહિં એ નામનો કોઈ પુરુષ આવ્યોજ નથી.”—ગજેંદ્ર વિદુરપ્રત્યે ડોળા કાઢી બોલ્યો. પછી તરતજ પોલિસના અધિકારી તરફ ફરી કહ્યું—“હું આ લુચ્ચાને સારી પેઠે ઓળખુંછું. તેનું નામ વિદુર છે. ચંદ્રનગરમાં તે અમારી પાડોશમાં રહેછે, અને

એકવાર તેનું અગત્યનું કામ કરી દેવાની મેં ના પાડવાથી તેણે વૈરભાવથી આ યુક્તિ રચી છે."

"મને પણ કાંઇક એવુંજ ભાસેછે."—તે મુખ્યાધિકારીએ, મળેલા ખુલાસાથી સંતોષ પામી ઉત્તર દીધો—"સદ્‌ગૃહસ્થો, તમારે આ પુરૂષ ઉપર ખોટો આરોપ મૂકવા માટે કામ ચલાવવું છે?"

"નહિં, નહિં."—ગજેંદ્રએ કહ્યું—"તે પોતાની નીચ ધારણામાં નિષ્ફળ થયો, એટલીજ અમારા તરફની શિક્ષા તેને બસ છે."

"ઠીક; તો પોલિસને ખોટી ખબર આપી વિનાપ્રયોજન હેરાન કરવા માટે હું તેને શિક્ષા કરાવીશ."—એમ કહી તે અધિકારી પોતાના સિપાઈઓ ગમ ફરી બોલ્યો—"તમે આ દુષ્ટને પકડી પોલિસ-સ્થાનના બંધનગૃહમાં લઈ જાઓ."

તરતજ સિપાઇઓ વિદુરને પકડી નીચે ઉતર્યા. પોતાના મિત્રની આ અણધારેલી દુર્દશા જોઇ હરિદાસ સમીપ આવ્યો, અને તેણે વિસ્મય પામી પૂછ્યું—"વિદુર! આ શું!!?"

"પ્રિયમિત્ર, **જગબંધુ** ઉપર નથી, તેનું આ પરિણામ છે."

"શું! **જગબંધુ** ઉપર નથી!! ઉપર નથી તો ક્યાં ગયો!!?"—**હરિદાસ** પ્રશ્ન કરે છે, ત્યાં તો સિપાઇઓ **વિદુરને** ધક્કા મારતા આગળ લઈ ચાલ્યા.

પ્રકરણ ૨૦ મું.

નિર્મળા નદી.

જ્યાંસૂધી શંકાનું સમાધાન થયું ન હોય, ત્યાંસૂધી ચિત્ત ચપળ થાય, ચિંતાગ્નિ પ્રદિપ્ત થાય, સુખ સમી જાય, હિંમત હારી જાય, ઊંઘ ઊડી જાય, ક્ષુધા ક્ષીણ થાય, અને શાંતિ શિથિલ થાય, એ કેવળ સ્વાભાવિક છે. આવી દુઃખદાયક સ્થિતિમાં **હરિદાસે** આખી રાત્રિ **ગૌતમ**ના ઘરની સામે કાઢી.

"**વિદુર** કેમ છૂટશે? ઉપર શી શી વાતો થઈ? **જયંતિ**નું સગપણ તો નહિં થયું હોય? **ચંદ્રકાંત** ક્યાં ગયો? તેનું શું થયું? મારૂં લક્ષ ન હોય તે વખતે તે ઉતરી તો નહિં ગયો હોય? ના, ના, તે

મને મળ્યાવગર જાય કેમ? ત્યારે શું તે હજી ઉપરજ છે? ઉપર હશે તો હમણા આવશે, હમણા આવશે,"—એમ અધીરજથી વાટ જોતાં **હરિદાસે** આખી રાત ઉજાગરામાં કાઢી, પણ **ચંદ્રકાંત** આવ્યો નહિં.

અંતે સવાર પડી; સૂર્યભગવાનને આવતા દેખી પૂર્વદિશાએ પોતાના શ્યામ વસ્ત્રોને તજી સુવર્ણમય વસ્ત્રોને ધારણ કર્યાં, કમળપુષ્પો હર્ષના આવેશમાં, અત્યંતઆસક્તપણાના અપરાધ માટે પકડેલા ભ્રમરોને મુક્ત કરવા લાગ્યા, અંધકારને આશ્રે રહેનારાં ચોરી આદિક અનૃતો ઘૂવડની પેઠે અંધ થયાં, અને ઉદ્યોગી પુરુષો નિદ્રા-આળસ્યનો ત્યાગ કરી ઉદ્યમે વળગ્યા.

"**ચંદ્રકાંત** નીચે ઉતર્યો નથી, તેમ ઉપર હોવાનો સંભવ લાગતો નથી."—એમ વળી તર્કવિતર્કો ગોઠવતો **હરિદાસ** પોતાની જગ્યાએથી ઉઠયો, અને વિશ્વભેદની ધર્મશાળાતરફ ગયો. ત્યાં તેણે સ્નાન કરી નાસ્તો કરી લીધો, અને **ચંદ્રકાંતને** ક્યાં શોધવો, તે વિષે ફરી તર્ક દોડાવવા બેઠો.

"**ચંદ્રકાંત** નીચે તો ઉતર્યોજ નથી એ નિશ્ચિત છે. ઉપર હોત તો **વિદુરને** પકડાવા દેત નહિં એ પણ નિશ્ચિત છે. ત્યારે શું તે અલોપ થઈ ગયો? અરે! કદાચ **જયંતિ** રસ્તાગમની બારીએ આવે, અને હું પૂછું તો આ દુઃખદાયક સમસ્યાનું નિરાકરણ થઈ જાય. રાત્રિના બનાવ વિષે તેને અવશ્ય ખબર હશે."

આ વિચારથી **હરિદાસનું** ભમતું ચિત્ત કાંઈક સ્થિરતાને પામ્યું. તે ઉતાવળે **ગૌતમ**ના ઘરની સામે પાછો આવ્યો, અને દુષ્કાળમાં વૃષ્ટિની વાટ જોતા ખેડુતો આતુરતાથી આકાશ ભણી જોય, તેમ **હરિદાસ** સામેની બારીઓ તરફ જોવા લાગ્યો. થોડીક વાર પછી **મહાબળ** અને ગજેંદ્ર નીચે ઉતર્યા, અને ગાડીમાં બેસી ક્યાંક જતા રહ્યા. લગભગ એક કલાક વ્યતીત થઈ ગયો, પણ **જયંતિ** બારીએ દેખાણી નહિં. અધીરજને લીધે આ એક કલાક **હરિદાસને** એક વર્ષસમાન લાગ્યો. પળ–પળ કરતાં ઘડીઓ ચાલી ગઇ; અને ઘડી–ઘડી કરતાં પ્રહરો વ્યતીત થવા લાગ્યાં. આપ્રમાણે ચકોરસમાન ચિંતવન કરતાં સાડાત્રણ વાગ્યાનો વખત થયો, પણ **જયંતિ**

દૃષ્ટિગોચર થઈ નહિં. બીજો પણ અર્ધ કલાક જતો રહ્યો. ચાર વાગતાં અંતે બારીમાં કોઈક આવતું દેખાણું. **હરિદાસ**ની ચપળ ચક્ષુઓએ તે આવનારીને ઓળખી કાઢીઃ તે **ગંગાદાસી** હતી. "અરે ? હજી **જયંતિ** આવતી નથી." એમ **હરિદાસ** નિરાશ થઈ પોતાની દૃષ્ટિ બીજી ગમ ફેરવે છે, ત્યાં તો **કર્ણ** અને **વિરોચન** બહાર જવા નીચે ઉતર્યા. **ગંગાદાસી** તરતજ બારીમાંથી ખસી ગઈ, પણ થોડી વારે પાછી આવી, અને **હરિદાસ**ને ઈશારતથી બારી તળે આવવા કહ્યું. **હરિદાસ**ની નિરાશારૂપ અંધારી રાત્રિમાં આશાનો તારો પ્રગટયો ખરો. તે તરતજ સમીપ ગયો, અને 'શું કહોછો ?' એમ. પૂછવાને હોઠ ઉઘાડે છે, એટલે **ગંગાદાસી**એ પોતાના નાક ઉપર આંગળી મૂકી તેને ચૂપ રહેવા સૂચવ્યું, અને એક બંધ કરેલો કાગળ બારીએથી નીચે નાંખ્યો. મરનાર જેમ અમૃતને, અને નિર્ધન જેમ નિધિને હર્ષથી ઉપાડે, તેમ **હરિદાસે** મહાહર્ષથી તે પત્ર ઉપાડી લીધો. બીજી પળે તો પરબીડિયું ફાડી તેણે નીચે પ્રમાણે વાંચવા માંડયું:—

"પ્રિય દર્શન !

મને ભાસે છે કે વિધાત્રા દેવીએ તમારા અને મારા ભાગ્યમાં સુખ લખ્યું નથી. હું વારંવાર તમારી સન્મુખ બારીએ આવી ઉભી રહેતી, તે વાત મારી માતુઃશ્રીને જાણ થતાં હવે પછી તેમ ન કરવા મને આજ્ઞા થઈ છે. જે દૃષ્ટિએ જોવા ગમતો નથી, અને જેનું નામ સાંભળવું મને રૂચતું નથી, તે વિચારહીન, વિદ્યાહીન, અને વિવેકહીન **પ્રભાકર ધનંજય** જોડે ગઈ રાત્રે મારી સંમતિ લીધા વિના મારૂં વેશવાળ કરવામાં આવ્યું છે, અને મને વિષ સમાન લાગનાર વસ્ત્રાભૂષણો અર્પણ કરવાની ક્રિયા આજ રાત્રે દશ વાગતે થનાર છે. જોકે એ સંબંધ એક કહ્યાગિરી પુત્રીતરીકે હું અનઅંગીકાર કરી શકતી નથી, તોપણ 'મને તે અપ્રિય છે' એમ હું મારી શોકાતુર વર્ત્તણુક ઉપરથી દર્શાવી ચુકી છું. હું એક નાફરમાન પુત્રી ઠરૂં, તે કરતાં તેઓની આજ્ઞાને મારા સુખનો ભોગ આપું, એ હું વધારે પસંદ કરૂંછું. પ્રિય **હરિદાસ** ! મારા સુખને સળગાવનાર આજની ક્રિયાનો જો

તમે તમારા તરફથી કાંઇ વિઘ્ન નાખી ભંગ કરશો, તો તે તમને અને મને ઉભયને લાભદાયક થશે. હું કેવળ ઉપાય રહીતછું. મારે તમને કેટલોક ખુલાસો કરવો છે, તેમ કેટલીક બાબતમાં તમારી સમતિ લેવી છે, પણ પત્રમાં કેટલુંક લખું. હું કાંઈક બ્હાનું કરી અહિંથી પાંચ વાગતે નિર્મળા નદીને કિનારે આવેલ અમારે બંગલે જઈશ, ત્યાં છ વાગ્તે તમે અવશ્ય મને મળજો, એટલે પરસ્પર હૃદય ખોલી આપણે વાત કરીશું. પ્રાણવલ્લભ! શોકના ભાર તળે કચડાતી હું હવે વિશેષ લખવાને અશક્ત છું, તોપણ એટલું તો નિવેદન કરૂંછું કે હજી મેં સુખની સર્વ આશા છોડી નથી.

વિ. ભે. સંવત્ ૮૦૧૬ ફાલ્ગુન શુદ્ધ ૧૦ સોમવાર.

લી. દુઃખી **જયંતિ.**"

પત્ર વાંચતાંજ **હરિદાસ**ની આંખોમાંથી અશ્રુ-ધારા વહેવા લાગી. વંટોળિયા વાયુમાં જેમ ધુમાડો તરતજ અદૃશ્ય થાય, તેમ તેની સર્વ આશાઓ અદૃશ્ય થવા લાગી.

"અરે! હવે હું શું કરીશ!"—**હરિદાસ**

નિરાશ થઈ સ્વતઃ બોલવા લાગ્યો—"જયંતિ મને પોતાના પ્રાણસમાન ચાહે છે, એ સત્ય છે; પણ તેટલેથી શું વળ્યું! દિન-પ્રતિ-દિન જયંતિ પામવાની આશા વધારે ને વધારે દૂર જાય છે. મને માત્ર એટલોજ સંતોષ છે કે મારી નિષ્ફળતા મારા પ્રમાદનું પરિણામ નથી. મે પ્રયત્ન કરવામાં કાંઇપણ બાકી રાખ્યું નથી, અને હજી પણ જ્યાંસૂધી આ શરીરમાં શ્વાસોચ્છ્વાસ ચાલે છે, ત્યાંસુધી તે પ્રયત્ન ચાલુ રાખવામાં પછાત પડનાર નથી. આટલું છતાં છેવટે જયંતિને પ્રભાકર જોડેજ પરણાવવામાં આવશે તો મારો આત્મઘાત સિવાય બીજો ઉપાય નથી. પછી મારે જીવીને પણ શું કરવું છે? ખરે તે વખતે મૃત્યુ મહાપ્રિય અને આવકારયોગ્ય થઈ પડશે! મૃત્યુ ન હોત તો દુઃખી અને દીન પ્રાણીઓના શા હાલ થાત? હું આટલા દિવસ સૂધી માનતો નહોતો, પણ હવે મારી ખરેખર ખાતરી થાય છે, કે મૃત્યુ મહાદયાળુ અને કલ્યાણકારક છે. શાપરૂપ નહિં પણ આશીર્વાદરૂપ છે. અરે! આ નિરાશા શા ખાતે! જયંતિનું

બીજા જોડે સગપણ થયું તે જોકે મહાઅનિષ્ટ થયું છે, તોપણ જ્યાંસુધી **જયંતિ**ને સદંતર પરણાવી દીધી નથી ત્યાંસુધી મારે આશાનો પરિત્યાગ કરવો ઘટતો નથી. **જયંતિ** પણ સર્વ આશા મૂકતી નથી તો મારે અંતપર્યંત શામાટે મૂકવી જોઈએ. માયામાં કાંઈ પણ અસંભવિત્ નથી, એ સિદ્ધાંત શું હું સિદ્ધ નહિં કરી શકું? અવશ્ય સિદ્ધ કરીશ, અને **જયંતિ**ને પણ અવશ્ય મેળવીશ."

હરિદાસની હારી ગયેલી હિંમત એકવાર ફરીથી સજીવન થઈ. તેણે રૂમાલ કાઢી તરત પોતાના અશ્રુ લુછી નાંખ્યાં, અને **જયંતિ**નો પત્ર જે હજી તેણે પોતાના હાથમાંજ પકડી રાખ્યો હતો, તે પુનઃવાર વાંચવા માંડ્યો.

"**જયંતિ** પણ ઓછા સંકટમાં આવેલી જણાતી નથી."—**હરિદાસ** વળી પોતાના મન સાથે કહેવા લાગ્યો—"પત્રમાં સ્થળે સ્થળે થયેલી છેક-ભૂંસ ઉપરથી તેના મનની અસ્થિર અને ખેદયુક્ત સ્થિતિ સ્પષ્ટ જણાઈ આવેછે."

હરિદાસ હજી કાંઈક અધિક બોલવા જતો હતો,

ત્યાં એક પવનગાડી **ગૌતમના** ઘર આગળ આવી ઉભી રહી. **જયંતિ** નીચે ઉતરી ગાડીમાં બેઠી, અને ગાડી ચલાવવામાં આવી. **હરિદાસે** પોતાનું ઘડીયાળ કાઢી જોયું તો સવાપાંચ થયા હતા. તે તરત ગાડીની પાછળ જાત, પણ રસ્તામાં કર્ણ વગેરે કોઈ મળશે તો આ ધારેલો મેળાપ તેઓ ફળી જશે, એમ માની અધીરજપર અંકુશ રાખી તે બેસી રહ્યો. થોડીવારમાં તો ગાડી ઘણે દૂર નિકળી ગઈ, અને દેખાતી બંધ પડી. હવે **હરિદાસ** પોતાની જગ્યાએથી ઉભો થયો. **જયંતિ** શા ખુલાસા કરશે, તે વિષે સંકલ્પ-વિકલ્પ કરતો તે ઉતાવળે માર્ગે પડ્યો. તે કેટલેક દૂર પહોંચ્યો, એટલામાં એક યુવાન અને સુંદર દેખાવનો પુરુષ તેની સન્મુખ આવી બોલ્યો—"ભલા માણસ, મિત્રગમ દૃષ્ટિ પણ કરતા નથી. શું ટુંક સમયમાંજ મને વિસરી ગયાછો?"

"અહા **નૃસિંહ**! તમે ક્યાંથી!"—**હરિદાસ** પ્રીતિથી તેનો હસ્ત ગ્રહણ કરી બોલ્યો—"તમે તો પ્રદેશમાં બહુ રોકાયા!"

"હા, અનુમાન દોઢ વર્ષ થયું હશે."—તેણે ઉત્તર દીધો.

"અહિં ક્યારે આવ્યા?"—**હરિદાસે** પૂછ્યું.

"હું આજ સવારેંજ આવ્યોછું, અને હમણા તમનેજ મળવા આવતો હતો. પ્રથમ હું તમારે ઘરે ગયો, પણ ત્યાંથી મને ખબર મળ્યા કે તમે **ગૌતમ ગજાનંદના** ઘરની સામે મળશો; પણ **હરિદાસ** હું તમારે માટે બહુ વિચિત્ર પ્રકારની વાતો સાંભળું છું."

"તે વિષે હું ફરીવાર તમને મળીશ ત્યારે સવિસ્તર ખુલાસો કરીશ."—**હરિદાસે** કહ્યું—"હમણા મને વિશેષ વાત કરવાનો અવકાશ નથી તે ક્ષમા કરશો. નિર્મળા નદીને કિનારે **ગૌતમનો** બંગલો છે, ત્યાં મારે ઉતાવળે જવાની જરૂર છે."

"ઠીક ત્યારે હું તમને રોકી રાખવા ઇચ્છતો નથી. સુખે જાઓ. હું આવતી કાલે તમને મળીશ અથવા તમે મારે ઘરે પધારજો."—એમ કહી **નૃસિંહ** આગળ ચાલ્યો.

સૂર્યાસ્ત થયા પછી **હરિદાસ** નિર્મળા નદીને

તીરે આવી પહોંચ્યો. અહિં નદીની સહેલ કરવા જનારાઓ માટે તેમજ નદીને પેલેપાર જનારાઓ માટે કેટલીક ભાડે ફરનારી 'સ્ટીમબોટો' અને વિજળીથી ચાલનારી હોડીઓ ઉભી હતી. **ગૌતમનો** બંગલો નદીના કાંઠાઉપર, પણ આ સ્થળથી થોડેક દૂર આવેલો હતો. કાંઠાઉપર બીજા અનેક શ્રીમંતોના બંગલા દૃષ્ટિએ પડતા હતા, તેમાં **ગૌતમનો** બંગલો કયો તે વિષે ત્યાં ઉભેલા માણસોને પૂછી **હરિદાસ** જાણીતો થયો. નદીનો રમણિય દેખાવ નિહાળતો તે આગળ ચાલ્યો. વાયુની મંદ મંદ લહરીઓ જળમાં નાના નાના તરંગો ઉત્પન્ન કરતી હતી. સાધુ પુરુષનો ડોળ ઘાલી અંતરમાં કપટ રાખનારા દુર્જનોની પેઠે, સ્થિરપણે બેઠેલા બગલાઓ સ્થળે સ્થળે ઉડી લાગ ફાવતાં માછલીઓનું ગ્રહણ કરતા હતા, અને ફરવા આવેલાં સ્ત્રી-પુરૂષો હવે થોડું થોડું અંધારૂં થયેલું હોવાથી, પોતાના ઘર તરફ પાછાં ફરતાં હતાં. પા કલાકમાં તો **હરિદાસ ગૌતમના** બંગલાઆગળ જઈ પહોંચ્યો, અને બહાર ઉભેલા એક

મજબૂત દેખાવના પ્રતિહારને તેણે પૂછ્યું—"આ બંગલો ગૌતમ શેઠનો છે?

"હા, સાહેબ."—તે પ્રતિહારે સભ્યતાથી ઉત્તર દીધો—"હરિદાસ તમારૂં નામ?"

"હા."

"જયંતિબાઈ ક્યારનાં તમારી વાટ જુએ છે. ચાલો મારી સાથે અંદર આવો."—એમ કહી તે માણસ હરિદાસને બંગલામાં લઇ ગયો, અને સવિવેક એક કુરસી આપી બાજુના ઓરડામાં જતો રહ્યો.

"અહા, જયંતિની પ્રીતિ તો અગાધ છે. જો માત્ર તેનીજ 'હા'થી મારૂં કામ સરતું હોત—

આ પ્રમાણે હરિદાસ વિચાર કરેછે, ત્યાં તો કર્ણ, વિરોચન અને બીજા ચાર બળવાન બાંધાનાં માણસો બાજુના ઓરડામાંથી એકદમ બહાર ધસી આવ્યા, અને આપણી નવલનો નાયક એક શબ્દનો પણ ઉચ્ચાર કરે, તે અગાઉ તેના મોઢામાં ડુચો નાંખી, તેના વિઘ્ન કરતા હાથોને મજબૂત રીતે બાંધી લેવામાં સફળ થયા.

આ વેળાએ **હરિદાસ**ના વિસ્મય અને દુઃખની સીમા નહોતી. તેને શું કામ બાંધવામાં આવ્યોછે, તે વિષે તે પૂછત, પણ તેમ કરવાને તે અશક્ત હતો.

"કર્ણ, વિલંબ શા ખાતે કરોછો?"—**વિરોચને** કહ્યું—"હવે અંધારૂં ઠીક થયુંછે, તેમ કિનારા ઉપર પણ લોકોનું ગમનાગમન નથી."

"હું સહજ વધારે અંધારૂં થવાની વાટ જોતો હતો, પણ આટલું બસ છે."—એમ ઉત્તર દઇ, **હરિદાસ**ને લઈ જવાની કર્ણે પોતાના માણસોને આજ્ઞા આપી.

આજ્ઞા થતાંજ તેઓએ **હરિદાસ**ને ત્યાંથી ઉપાં-ડયો, અને સંકેત અનુસાર તૈયાર ઉભેલી **ગૌતમ**ની 'સ્ટીમબોટ'માં બેસાડ્યો. બીજી પળે તો બોટ કિનારા આગળથી હંકારી ગઈ.

કર્ણ અને **વિરોચન** આ વિજયથી હર્ષ પામતા પાછા ફર્યા, પણ તેઓ હજી બંગલામાં પ્રવેશ કરેછે, ત્યાં તો થોડેક દૂરથી તેઓએ એક માણસને મહા ઝડપમાં કિનારા ભણી દોડતો આવતો દીઠો.

॥ પ્રથમ પ્રકાશ સમાપ્ત. ॥ ૧ ॥

"સૉક્રેટિસનું જીવનચરિત્ર

અને

પ્લેટોના પ્રશ્નોત્તર."

દ્વિતીયાવૃત્તિ. રૂ ૦ા

ભાષાંતરકર્ત્તા

અલાદીન શરીફ સાલેમહુંમદ.

નિ. વેરાવળ (કાઠિયાવાડ.)

યુનાન દેશના મહાવિદ્વાન અને જ્ઞાની પુરૂષ સૉક્રેટિસનું ધડો લેવા યોગ્ય જીવન આખ્યાન, શહેરીનો સ્વધર્મ શો છે તેવિષે સૉક્રેટિસ અને તેના મિત્ર ક્રિટો વચ્ચે થયેલો સંપૂર્ણ નીતિસૂચક સંવાદ, અને માતાપિતાપ્રત્યે પુત્રનો મુખ્યધર્મ શો છે તેવિષે સૉક્રેટિસ અને તેના વડા પુત્રવચ્ચે થયેલો અસરકારક સંવાદ, એટલું આ લઘુ ગ્રંથમાં સમાવેલુંછે. સૉક્રેટિસને વિષ આપતી વેળાના દેખાવનું યથાસ્થિત ચિત્ર લન્ડનથી મંગાવી ગ્રંથમાં મૂકયું છે. "આ ગ્રંથ નીતિવિષે પ્રીતિવાનોને અવશ્ય અવલોકનીય છે, અને આબાળવૃદ્ધ સ્ત્રી-પુરૂષોને એકસરખો ઉપયોગી તથા બોધદાયક છે," એવો, રા. રા. મણિલાલ નભુભાઈ દ્વિવેદી, રા. રા. ગોપાલજી સુરભાઈ દેશાઈ, રા. રા. કરમઅલી રહીમનાનજીયાણી બી. એ, રા. રા. ગણપતરામ અનુપરામ ત્રવાડી, આદિક અનેક વિદ્વાન પુરૂષોનો અભિપ્રાય છે, એટલુંજ નહીં પણ અંગ્રેજ સરકારના કેળવણી ખાતાએ આ ગ્રંથ ઈનામ અને શાળાઓની લાઇબ્રેરીમાટે મંજૂર કર્યો છે.

शरीफ सालेमहंमद । वेरावल (काठियावाड)

अथवा

दाउद शरीफ । भावनगर.

श्रीपंचदशी सटीका सभाषा । द्वितीयावृत्ति रु. १० ॥ यह ग्रंथमैं संस्कृत मूल अन्वय तथा टीका औ तिनोकी संपूर्ण भाषा तथा विस्तृत टिप्पण दियेहैं ॥ प्रत्येक मूल अन्वय तथा टीकाके आरंभमैं संस्कृत तथा भाषाविषै अंक रखेहैं ॥ सर्व ५६७८ अंक भयेहैं ॥ भाषामैं मुख्य मध्य तथा लघुप्रसंगनकूं रखेहैं ॥ संस्कृतवाणी तथा वेदांतविद्याका सुखसैं ज्ञान होनैअर्थ अलौकिकरूढिकी कल्पना करीहै॰॥ बडेकदके अनुमान १००० पृष्ठनका यह ग्रंथहै ॥ तामैं महात्मा-पंडित श्रीपीतांबरजी महाराजकी तिनोंके हस्ताक्षरसहितकी यथार्थचित्रितमूर्त्ति रखीहै ॥ अंतविषै गजेंद्रमोक्ष भाषा-सहित रखाहै ॥ प्रसंगदर्शक । श्लोकनके अर्धपूर्वार्ध दर्शक औ विषयादिदर्शक । ऐसैं अकारादिअनुक्रमवाली तीन-बडीअनुक्रमणिका बी रखीहै ॥ ग्रंथकी जिल्द सुवर्णादि-षष्ठप्रकारके रंगयुक्त गजेंद्रमोक्षके प्रियंकरचित्रसैं औ अनेक-भ्रांतिचित्रनसैं देदिप्यमान करीहै ॥ इस आवृत्तिकी मुद्रणशै-लीविषै अनेकविद्वज्जनोंनै उत्तमअभिप्राय भेजेहैं ॥


श्रीपंचदशी मूलमात्र। द्वितीयावृत्ति। रु.१ इसमैं मुख्य तथा मध्यप्रसंग संस्कृतमैं रखेहैं ॥ सटीकपंचदशीमैंसैं अन्वयके अंक श्लोकनविषै योग्यठिकानैपर रखैहैं। उपनिषदोंके सारभूत पद्यात्मक अनुभूतिप्रकाशग्रंथमैंसैं अद्भुतरसवाले २२१ श्लोक रखेहैं तथा २० वेदांतग्रंथनमैंसैं आल्हादकारक श्लोकनकूं अंतमैं रखैहैं ॥ सुवर्णादिपंचरंग औ भ्रांतिचित्रयुक्त विलायतसैं मंगवायके सुंदरपूठे कियेहैं।



श्रीपंचदशीद्वितीयावृत्तिका मात्र नाटकदीप **रु. ०।**

श्रीविचारसागर औ वृत्तिरत्नावलि। चतुर्थावृत्ति (छपतीहै) **रु. ३॥** * इसमैं बडीअकारादि अनुक्रमणिका है ॥ श्रीपीतांबरजी महाराजकृत पुनः संशोधन कियेहुये ५५४ टिप्पण धरेहैं ॥ श्रीनिश्चलदासजीकृत इसग्रंथके समान मुमुक्षुकूं उपयोगी अन्य कोई बी स्वतंत्रभाषाग्रंथ अद्वैतमतविषै नहीं है ॥ वेदांतकी संपूर्णप्रक्रिया इस ग्रंथमैं हैं ॥ पेरेग्राफयुक्त नवीन रूढी इस आवृत्तिमैं प्रवेश करीहै। तिससैं ग्रंथके भिन्नभिन्नविषय। शंकासमाधान। उत्तरोत्तरक्रमआदिक श्रमविना जानैजावैहैं ॥ इसकी जिल्द बहुतसुंदर करीजावैगी ॥

श्रीविचारचंद्रोदय । चतुर्थावृत्ति रु. १



यह ग्रंथ प्रश्नोत्तररूप है ॥ प्रत्येककलाके आरंभमैं तिसका सारांश कवित्वमैं दियाहै ॥ आरंभमैं बडीअकारादिअनुक्रमणिका है॥ अंतविषै लघुवेदांतकोश है ॥ पूज्यमहाराजश्रीकी यथास्थितचित्रितमूर्त्ति विलायतसैं मंगवायके रखीहै॥भ्रांतिदर्शकचित्रआदिकसैं जिल्दअतिसुंदर करीहै ॥

श्रीअष्टावक्रगीता। द्वितीयावृत्ति मूलकी भाषासहित रु. १ आत्मानुभवोद्गारयुक्त स्पष्टवचन जैसै इस ग्रंथमैं हैं तैसै अन्य किसी ग्रंथमैं नहीं मिलतेहैं ॥

श्रीसुंदरविलास ज्ञानसमुद्र सुंदरकाव्य। चतुर्थावृत्ति रु. १॥ तिसमैं "विपर्यय अंग" नाम उलटे अभिप्रायवाला बीशवाअंग है। तिसपर ब्रह्मनिष्ठपंडित श्रीपीतांबरजी महाराजनै बडेचातुर्यवाली वेदांतअनुसारी टीका करीहै । सो बी इसमैं है ॥

गजेंद्रमोक्ष । षट्दर्शन सारदर्शकपत्रक सहित ।)-॥

दीवानेवतन उर्दूभाषा औ बालबोधलीपिमैं छपताहै ॥

श्रीवेदांतविनोदके अंक ७ । प्रत्येकका ·)-॥ यह सात अंक भिन्नभिन्न हैं ॥

वेदांतके मुख्य १० उपनिषद् । मूल । तथा मूलकी । श्रीशंकरभाष्यकी औ आनंदगिरिटीकाकी भाषासहित बडे-अक्षरोंमें छपैहैः—**ईशाद्यष्टोपनिषद् द्वितीयावृत्ति रु. ४ *छांदोग्योपनिषद् रु. ६ *बृहदारण्यकोपनिषद् तीनविभागमें रु. १०**

श्रीबालबोधसटीक । द्वितीयावृत्ति रु. १। अनेकलघुआख्यायिका औ मुमुक्षुनकूं आरंभमें उपयोगी होवै ऐसी प्रक्रियाओंके सद्भाववैं यह ग्रंथ बहुत प्रियकर औ उपयोगी होवैहै ॥

श्रीपदार्थमंजूषा रु. ३ मूलचंद्रज्ञानीकृत यह ग्रंथ वेदांतविषै उपयोगी पदार्थविवेचनका विशालकोश है ।

श्रीवेदस्तुति ·।- बालबोधलीपि औ गूर्जरभाषामें ।

मनोहरमाला औ **सर्वात्मभावप्रदीप** (पद्यात्मक) छपताहै ॥

॥ सर्व ग्रंथोंका टपालखर्च नहीं पडेगा ॥